

આખરે... આઝાદ!

સડબરી વેલી શાળાની અનોખી દાસ્તાન
જ્યાં બાળકો ખીલે છે સૌ બંધનોથી મુક્ત

અહીં એક એવી શાળાની વાત છે જ્યાં –

- કોઈ અભ્યાસક્રમ નથી
- કોઈ વર્ગો નથી
- કોઈ 'ગ્રેડ' પદ્ધતિ નથી
- કોઈ ગણવેશ નથી
- કોઈ ઘંટ નથી વાગતો અને
- ચીલાચાલુ શાળાની વ્યાખ્યામાં આવતા કોઈ દૈનિક કાર્યો નથી.

"એક આદર્શવાદી આચાર્ય કે શાળાઓના પદાધિકારીઓ
અને શિક્ષકોની જગ્યાએ ખુદને મૂકીને જોઉં છું તો
મને આ પુસ્તક એટલું મીઠું, એટલું પ્રેરણાજનક, એટલું લોભામણું લાગે છે!
જાણે તે આપણને લલકારે છે કે શાળા ચલાવો છો?
આદર્શ શાળાનું ઉદાહરણ ઊભું કરવા ઇચ્છો છો?
કોઈ સમાધાન વિના બાળકોને સાચી કેળવણી આપવા માગો છો?
તો જુઓ, આમ થઈ જ શકે છે! કરીને જુઓ."

- સંજીવ શાહ

ઓએસિસ પ્રકાશન

આખરે... આઝાદ!

સડબરી વેલી શાળાની અનોખી દાસ્તાન
જ્યાં બાળકો ખીલે છે સૌ બંધનોથી મુક્ત

ડેનિયલ ગ્રીનબર્ગ

અનુવાદ: ક્ષમા કટારિયા

AAKHARE... AAZAD!

Gujarati Translation of English Book
FREE AT LAST - The Sudbury Valley School by Daniel Greenberg

This Gujarati translation is published with permission from
Sudbury Valley School Press™

Gujarati Translation © Preeti Nair

All rights reserved.
No part of this publication may be used or reproduced, stored in a retrieval system, or transmitted in any form or by any means electronic, mechanical, photocopying or in any manner whatsoever without written permission of the copyright owner.

પ્રથમ આવૃત્તિ: ૫૦૦૦ પ્રત (સપ્ટેમ્બર ૨૦૧૪)
કિંમત: ₹ ૨૦૦

પ્રાપ્તિસ્થાન:
Oasis
"મૈત્રીઘર", 201, શાલીન એપાર્ટમેન્ટ, 52, હરિભક્તિ કોલોની,
રેસકોર્સ, વડોદરા - 390 007.
ટેલિફેક્સ નં.: +91-265-2321728, email: theoasisshop@yahoo.co.in

મુદ્રક:
યુનિક ઓફસેટ, અમદાવાદ. ફોન નં. +91 - 79 - 25623440.

પ્રકાશક:
ઓએસિસ સેલ્ફ-લીડરશિપ એજ્યુકેશન ફોર કમ્યૂનિટી ડેવલપમેન્ટ, વડોદરા
www.oasiswebsite.com

આખરે...
આઝાદ!

સડબરી વેલી શાળાની અનોખી દાસ્તાન
જ્યાં બાળકો ખીલે છે સૌ બંધનોથી મુક્ત



લેખક : ડેનિયલ ગ્રીનબર્ગ
અનુવાદ : ક્ષમા કટારિયા
મુખપૃષ્ઠ : જોલી માદ્રા
ફોટોગ્રાફ્સ : માઇકલ ગ્રીનબર્ગ, એન્ડ્રુ બ્રિલિયન્ટ, કેરલ પાલ્મર તથા અન્ય
અન્ય સહાય : અલ્કેશ રાવલ, ડૉ. માયા સોની
માર્ગદર્શન : સંજીવ શાહ

1862

"શાળાએ બાળકોની શીખવાની પ્રક્રિયામાં અવરોધ ઊભો ન કરવાનો અર્થ શું થયો?...

(એનો અર્થ થયો કે) વિદ્યાર્થીઓ તેમની જરૂરિયાતોને સંતોષતી અને તેમને મનગમતી બાબતો, તેમને જેટલી જરૂર અને ઇચ્છા હોય તેટલા પ્રમાણમાં જ, તેમની મેળે શીખી લઈ શકે એવી સ્વતંત્રતા તેમને આપવી. અને તેનો અર્થ એ થયો કે તેમને જે શીખવાની જરૂર કે ઇચ્છા ન હોય તે શીખવા માટે તેમને દબાણ ન કરવું..."

"મને શંકા છે કે (જે પ્રકારની શાળાની વાત હું કરી રહ્યો છું) તે હજુ વધારાની એક સદી સુધી હકીકત બની શકશે. એવું થઈ શકે તેમ લાગતું નથી કે વિદ્યાર્થીઓની પસંદગી અને સ્વતંત્રતા પર આધારિત શાળા હજુ સો વર્ષોમાં પણ સ્થાપિત થઈ શકશે."

કાઉન્ટ લીઓ ટોલ્સ્ટૉય

"Education and Culture"

1968

"આ કોર્પોરેશન બનાવવાનો હેતુ સમાજના સભ્યોના શિક્ષણ માટે એવી શાળાની સ્થાપના અને જાળવણી કરવાનો છે, જે એ સિદ્ધાંત પર આધારિત હોય કે શીખવાની પ્રક્રિયા સ્વ-પ્રેરણા, સ્વ-નિયમન અને સ્વ-વિવેચનથી જ શ્રેષ્ઠ રીતે વિકસી શકે..."

હુકમથી

સડબરી વેલી શાળા

મૂળ લેખકનો ગુજરાતી વાચકોને સ્નેહ-સંદેશ

વિશ્વનું ભવિષ્ય આવનારી પેઢીના હાથમાં

આ પુસ્તક વૈશ્વિક સંદેશ ધરાવે છે, એટલે તેનું ગુજરાતી ભાષામાં ભાષાંતર પ્રકાશિત થઈ રહ્યું છે તે સાંભળીને મને ખૂબ જ આનંદ થાય છે. વિશ્વનું ભવિષ્ય આજે અને આવનારાં વર્ષોમાં શાળાએ જઈ રહેલી આવનારી પેઢીના હાથમાં છે. વિશ્વને આજે શાંતિ અને ભાઈચારાના વાતાવરણની જેટલી તાતી આવશ્યકતા છે, તે જોતાં તેનો આનંદ માણવા માટે આપણે આ નવી પેઢીને સહકાર, આદર, આશા, આત્મવિશ્વાસ, સર્જનાત્મકતા અને સૌથી વિશેષ તો, જીવવાના નિર્ભેળ આનંદના વાતાવરણમાં મોટા થવાનો અવકાશ આપવો જરૂરી છે.

આ પુસ્તક એક એવી શાળાનું વર્ણન કરે છે જે આવું વાતાવરણ પૂરું પાડે છે. સડબરી વેલી આશરે પચાસ વર્ષોથી અસ્તિત્વ ધરાવે છે, અને આજે આ દૃષ્ટાંત પર આધારિત ઘણી બધી શાળાઓ સમગ્ર વિશ્વમાં છે. આ શાળાઓમાં બાળકો રોજેરોજ તેમના ઉત્કટ રસના વિષયોમાં

આગળ વધે છે, સંબંધો બાંધે છે, માહિતી શોધી કાઢે છે અને તેમની કમ્યૂનિટી ચલાવે છે. આ બાળકો રોજેરોજ તેમના પોતાના જીવનને ઘડવાની સ્વતંત્રતા પામે છે અને સાથે સાથે બીજા લોકોની એવી સ્વતંત્રતાને આદર આપે છે.

હું આશા રાખું છે કે ગુજરાતના સદ્‌ગુણી લોકો, અને મહાન ભારત દેશમાં ફેલાયેલા તેમના દેશવાસીઓ, ટૂંક સમયમાં આવી શાળાઓ સ્થાપવામાં અમારી સાથે જોડાશે અને તેમનાં બાળકોને "આખરે... આઝાદ!" બનવા માટેનું સ્થળ પૂરું પાડશે.

આપ સૌને આશીર્વાદ અને શુભેચ્છાઓ સહ અને અમારા પુસ્તકમાં તમારો રસ દાખવવા બદલ કૃતજ્ઞતા સહ,

ડેનિયલ ગ્રીનબર્ગ
સપ્ટેમ્બર ૧૯, ૨૦૧૪

અનુક્રમણિકા

પ્રસ્તાવના - ભારતની સાચી આઝાદીનું આંદોલન?		...૮
પૂર્વભૂમિકા - શાળાઓ આ રીતે કેમ ના ચલાવવી જોઈએ?		...૧૦
પ્રાક્કથન - કોઈએ અરજી કરવાની જરૂર નથી		...૧૭
ભાગ - ૧	શીખવું	...૨૧
૧.	અને અંકગણિત	...૨૨
૨.	વર્ગો	...૨૬
૩.	ખંત, દૃઢતા	...૩૦
૪.	જાદુગરનો ઉમેદવાર	...૩૫
૫.	અન્ય પાયાનાં કૌશલ્યો: વાંચન અને લેખન	...૩૯
૬.	માછલી પકડવી	...૪૫
૭.	નોઆનો આર્ક	...૫૦
૮.	રસાયણશાસ્ત્ર	...૫૪
૯.	રહીશું અમે હંમેશાં શોધમાં રચ્યાપચ્યા	...૫૮
૧૦.	વિશેષ કે ખાસ ખર્ચ	...૬૨
૧૧.	ઘેલછાઓ અને ફેશનો	...૬૬
૧૨.	સ્કૂલ કોર્પોરેશન	...૭૦
૧૩.	વિવેકાધીન ખાતાંઓ	...૭૫
૧૪.	રસોઈ	...૭૮
૧૫.	વય-મિશ્રણ	...૮૪
૧૬.	રમત	...૯૧
૧૭.	પુસ્તકાલય	...૯૬
૧૮.	પૂરતો સમય	...૧૦૦
૧૯.	શીખવું	...૧૦૫
૨૦.	મૂલ્યાંકન	...૧૧૦
૨૧.	પ્રકાશમાન માર્ગ	...૧૧૪
ભાગ - ૨	શાળાજીવન	...૧૧૯
૨૨.	શાળા-સભા (સ્કૂલ મીટિંગ)	...૧૨૦
૨૩.	જોખમો	...૧૨૫
૨૪.	ભરોસા પ્રણાલી	...૧૩૦
૨૫.	ખેલદિલીભર્યું દૃશ્ય	...૧૩૫
૨૬.	સાહસ પ્રવાસ (કૅમ્પિંગ)	...૧૪૦
૨૭.	કમિટીઓ અને ક્લાર્કો	...૧૪૫
૨૮.	સાફસફાઈ	...૧૪૯
૨૯.	ચમત્કારિક બજેટ	...૧૫૬
૩૦.	સ્ટાફ	...૧૬૧
૩૧.	નાનાં બાળકો	...૧૬૮
૩૨.	"સારાં બાળકો" અને "સમસ્યા પેદાં કરનારાં બાળકો"	...૧૭૪
૩૩.	માતાપિતા/વાલીઓ	...૧૮૦
૩૪.	મુલાકાતીઓ	...૧૮૩
૩૫.	સૌને માટે સ્વાતંત્ર્ય અને ન્યાય	...૧૮૯
૩૬.	સમગ્ર બાબતનું હાર્દ	...૧૯૮
પશ્ચાત્કથન - પુડિંગની સાબિતી		...૨૦૩

પ્રસ્તાવના

ભારતની સાચી આઝાદીનું આંદોલન?

'સમરહિલ'ના પ્રકાશન પછી કેળવણીના ક્ષેત્રનું બીજું ક્રાંતિકારી પુસ્તક 'આખરે...આઝાદ!' ગુજરાતી ભાષામાં પ્રાપ્ય કરાવવામાં નિમિત્ત બનવા માટે અમે અત્યંત આનંદ અને રોમાંચની લાગણી અનુભવીએ છીએ. મજાની વાત એ છે કે 'સમરહિલ'ના ગુજરાતી પ્રકાશનથી જ હર્ષ અનુભવી, પૂનાના શ્રી અરવિંદ ગુપ્તા દ્વારા 'Free at Last - The Sudbury Valley School' પુસ્તક ઓએસિસને ભેટ મળ્યું- એવા મીઠા આગ્રહ સાથે કે આનો અનુવાદ પણ ગુજરાતી વાચકોને, વિશેષ કરીને ગુજરાતની શૈક્ષણિક કમ્યૂનિટીને પ્રાપ્ય થાય. પરિણામ આપણા હાથમાં છે! આદરણીય શ્રી અરવિંદભાઈના ઋણનો હું સર્વ પ્રથમ હૃદયપૂર્વક સ્વીકાર કરું છું.

ઈ.સ. 1960ના પાછલા દાયકામાં ડેનિયલ ગ્રીનબર્ગ નામના અમેરિકન ભૌતિકશાસ્ત્રી તેમનાં પોતાનાં બાળકો માટે બોસ્ટનની નજીક બાળકોની જરૂરિયાતને કેન્દ્રમાં રાખીને ચાલતી હોય એવી શાળાની શોધમાં હતા. તેઓ તે શોધી ન શક્યા તેથી કેટલાક સમાન માનસિકતા ધરાવતા વાલીઓ ભેગા મળ્યા અને તેમણે મેસેચ્યુસેટ્સના ફ્રામિંગહામ ખાતે સડબરી વૅલી શાળાની સ્થાપના કરી.

આ પુસ્તક ખૂબ સાદી ભાષામાં લખાયેલું છે, જેમાં આજકાલના શિક્ષણક્ષેત્રના કોઈ ભારેખમ શબ્દોનો ઉપયોગ નથી. તે એક અસાધારણ શાળાની પ્રેરણાદાયી વાત રજૂ કરે છે જ્યાં બાળકો માત્ર જેવાં છે તેવાં બની રહી શકે છે. સડબરી વેલી સ્કૂલ એવી શાળા છે જ્યાં કોઈ અભ્યાસક્રમ નથી, કોઈ વર્ગો નથી, કોઈ 'ગ્રેડ' પદ્ધતિ નથી, કોઈ ગણવેશ નથી, કોઈ ઘંટ નથી વાગતો અને ચીલાચાલુ શાળાની વ્યાખ્યામાં આવતાં કોઈ જ દૈનિક કાર્યો નથી.

આ શાળામાં બાળકોને એક જવાબદાર નાગરિકો તરીકે જોવામાં આવે છે અને તેમના શિક્ષણની જવાબદારી તેમની પોતાની હોય છે. જ્યાં સુધી બાળકો ન ઇચ્છે ત્યાં સુધી શિક્ષકો તેમનાથી "દૂર" રહે છે. બાળકો તેમના પોતાના રસના વિષયો શોધી કાઢે છે અને તેમાં ધરખમ રીતે આગળ વધે છે. વિષયો તેમણે જાતે પસંદ કરેલ હોવાથી તેઓ તેને ખૂબ જ સારી રીતે શીખે છે. આથી, બાળકો તેમના પોતાના શિક્ષણના સાચા ઘડવૈયા બને છે.

સડબરી શાળાના પ્રયોગોની વાતો કેટલી રોમાંચક છે! જ્યારે જ્યારે સમાજના આવા પ્રયોગો જાણમાં આવે છે ત્યારે હૃદયમાં ઉલ્લાસ વ્યાપી જાય છે. બધાં રૂઢિવાદી વિચારો અને પ્રણાલિકાઓને બાજુ પર ફગાવી, કેળવણીના સાચા પ્રયોગો કરનારા આવા મરજીવાઓને જેટલા સલામ કરીએ તેટલા ઓછા છે. આ જ ટોલ્સ્ટૉયે કલ્પેલી સાચી કેળવણી આપતી શાળાનું ઉદાહરણ છે. સમરહિલના રસ્તે ચાલી પડેલી આ શાળા પણ સાબિત કરે છે કે જેને આદર્શોને જ અનુસરવા છે તેને રસ્તા મળી જ રહે છે.

એક આદર્શવાદી આચાર્ય કે શાળાઓના પદાધિકારીઓ અને શિક્ષકોની જગ્યાએ ખુદને મૂકીને જોઉં છું તો મને આ પુસ્તક એટલું મીઠું, એટલું પ્રેરણાજનક, એટલું લોભામણું લાગે છે! જાણે તે આપણને લલકારે છે કે શાળા ચલાવો છો? આદર્શ શાળાનું ઉદાહરણ ઊભું કરવા ઇચ્છો છો? કોઈ સમાધાન વિના બાળકોને સાચી કેળવણી આપવા માગો છો? તો જુઓ, આમ થઈ જ શકે છે! કરીને જુઓ.

હા, હિંમતનું કામ તો છે. સાચી રીતે ચાલતી, બાળકોને વરેલી શાળા બનાવવા ફક્ત બાળકોમાં જ નહીં, બાળકોના વાલીઓમાં પણ ઊંડી શ્રદ્ધા જોઈએ. આપણે પૂરી મક્કમતા અને ધીરજથી પુરુષાર્થ કરીએ તો સાચને સમજનારા અને સાથ આપનારા છેવટે મળવાના જ છે.

આપણાં સૌનું એ સ્વપ્ન હોવું જોઈએ કે સડબરી શાળાનો પ્રાણ આપણા પ્રદેશની શાળાઓમાં પણ આપણે ફૂંકી શકીએ. ગીજુભાઈનું પણ આ જ "દિવાસ્વપ્ન" હતું ને?

- સંજીવ શાહ, ઓએસિસ

Email: sanjivoasis@yahoo.co.in

પૂર્વભૂમિકા

શાળાઓ આ રીતે કેમ ના ચલાવવી જોઈએ?

દરેક વિચારશીલ કેળવણીકાર જૂના જમાનાથી શિક્ષણ વ્યવસાયની પાછળ રહેલા પાયાના પ્રશ્નોનો સામનો કરતો હોય છે: શીખવવા માટેનો કે શીખવા માટેનો શ્રેષ્ઠ માર્ગ કયો છે? બાળકોએ કયા વિષયો શીખવા જોઈએ? બાળકો કેટલાં જવાબદાર છે? તેઓ જે કાંઈ કરે છે તેમાં કેટલું વજૂદ છે? એક લોકશાહી સમાજમાં શાળાઓ કેવી રીતે ચાલવી જોઈએ? આપણામાંથી મોટા ભાગના લોકો માટે આ પ્રશ્નો સૈદ્ધાંતિક રહી ગયા છે. આપણને એક શિક્ષણ પદ્ધતિ વારસામાં મળેલી છે અને આપણે વાસ્તવિક વિશ્વમાં આપણી કલ્પનાઓ મુજબ ચંચુપાત ના કરી શકીએ. આપણે આપણી પાસેની શ્રેષ્ઠ બાબતો સાચવી રાખવી જોઈએ અને વર્તમાન પરંપરા સાથે નાહક ચેડાં ન કરવા જોઈએ.

ક્યારેક પરંપરાઓથી વિપરીત વિચારી શકનારા લોકો આવા પ્રશ્નો પૂછતા હોય છે અને આપણા સૌના માટે અત્યંત ઉત્તેજક નવા ક્રાંતિકારી ઉત્તરો રજૂ કરતા હોય છે. આવા પ્રયોગો આપણે સ્વીકારેલ માન્યતાઓને સાવ નવી દષ્ટિએ જોવામાં ખાસ મૂલ્યવાન છે અને નવા પ્રયોગો અજમાવવામાં મદદ કરતા હોય છે.

ઈ.સ. 1968માં ફ્રામિંગહામ, મેસેચ્યુસેટ્સમાં 4થી 19 વર્ષના વિદ્યાર્થીઓ માટેની એક અનન્ય પ્રયોગાત્મક શાળા સ્થાપવામાં આવી. સડબરી વેલી શાળાએ ઘણી બધી તદ્દન નવીન પદ્ધતિઓની પહેલ કરી છે અને સંપૂર્ણપણે આ પ્રકારની પ્રથમ શાળા બનવાનું શ્રેય તેને જાય છે.

સડબરી વેલીનાં સૌથી રસપ્રદ પાસાંઓમાંનું એક છે તેનો શીખવા તરફનો અભિગમ. 200 વર્ષ અગાઉ એરિસ્ટોટલ દ્વારા મેટાફિઝિક્સ માટેની તેમની પ્રખ્યાત ઉક્તિમાં કહેવામાં આવ્યું હતું તેના પર આ શાળા શરૂ કરવામાં આવી છે, કે, "મનુષ્યો મૂળભૂત રીતે જિજ્ઞાસુ હોય છે." આનો અર્થ એ થયો કે જીવનના પ્રાકૃતિક, સહજ ભાગરૂપે લોકો સતત શીખતા રહેતા હોય છે. તેનો અર્થ એ પણ થયો કે બાળકો પણ તેમના કુદરતી ઝોકને અનુસરીને, તેમના સમયનો તેઓ ઇચ્છે તે મુજબ ઉપયોગ કરીને, હંમેશાં રોજેરોજ શીખતાં હોય છે. જ્યારથી વિદ્યાર્થીઓ શાળામાં પ્રવેશે તે ક્ષણથી, ભલે તેમની ઉંમર ગમે તેટલી હોય, તેઓ તેમના પોતાના પર નિર્ભર હોય છે, તેમણે તેમની પોતાની જવાબદારી લેવાની હોય છે અને તેમના જીવનની નિયતિ નક્કી કરતા બધા જ અઘરા નિર્ણયો લેવાના હોય છે. શાળા તેના સ્ટાફ, મકાન, સાધન-સામગ્રી અને પુસ્તકાલય સહિત સ્રોતની જ્યારે જરૂર પડે ત્યારે મોજૂદ હોય છે અને જ્યારે જરૂર નથી ત્યારે નિષ્ક્રિય હોય છે. સિદ્ધાન્ત એકદમ સરળ છે. બાળકો તેમની આજુબાજુના વિશ્વને શોધવા અને હાંસલ કરવા માનવીય સ્વભાવની પ્રકૃતિ મુજબ સાહજિક જિજ્ઞાસાથી પ્રેરાઈને અગણિત પ્રયાસો કરશે.

હકીકતમાં કેવું બનતું હોય છે? દરેક વ્યક્તિ પાયાની બાબતો શીખતી હોય છે, પરંતુ તેની પોતાની ઝડપે, તેના પોતાના સમયમાં અને તેની પોતાની રીતે. કેટલાંક બાળકો પાંચ વર્ષે વાંચતાં શીખતાં હોય છે તો કેટલાંક દસ વર્ષે. કેટલાંક શિક્ષકો પાસેથી કે અન્ય વિદ્યાર્થીઓ પાસેથી સારામાં સારું શીખતાં હોય છે તો કેટલાંક પોતાની મેળે સારામાં સારું શીખતાં હોય છે. કોઈ પણ દિવસ હોય, દરેક ઉંમરના વિદ્યાર્થીઓ એકસાથે શીખતાં, વાતો કરતાં, રમતાં- વિકસતાં જોવા મળે. જેમ જેમ તેઓ મોટા થતાં જાય તેમ તેમ તેઓ તેમની પોતાની આગવી ઓળખની એક તીવ્ર ભાવના વિકસાવે છે અને ભવિષ્ય માટેનાં ધ્યેયો નક્કી કરે છે. જ્યારે તેઓ શાળામાંથી બહાર જાય છે ત્યારે તેઓ ઘણી બધી વિવિધ પ્રવૃત્તિઓમાં આગળ વધે છે – વ્યવસાયમાં, વેપારમાં, ધંધામાં, કૉલેજોમાં અને સમગ્ર દેશમાં. આ બધું એક એવી શૈક્ષણિક વ્યવસ્થામાં થતું હોય છે જ્યાં વિદ્યાર્થીઓ તેમણે શું કરવું જોઈએ તે અને તેમણે કેવી રીતે આગળ વધવું જોઈએ તેનું મૂલ્યાંકન જાતે નક્કી કરે છે.

મંત્રમુગ્ધ કરનારાં ઘણાં બધાં પાસાંઓમાંનું બીજું એક છે ત્યાંનું સંગઠન માળખું. શાળા-સભા દ્વારા, શાળા તદ્દન લોકશાહી ઢબે ચલાવવામાં આવે છે, જેમાં દરેક વિદ્યાર્થી અને સ્ટાફ મેમ્બર એક મત આપી શકે. શાળાનું દરેક પાસું કોઈ પણ અપવાદ વગર આ જ રીતે કામ કરે છે: નિયમો, બજેટ, સંચાલન, નિમણૂક તથા પદભ્રષ્ટ કરવાનું અને શિસ્ત. એનું પરિણામ એ છે કે

સંસ્થા સરસ રીતે ચાલે છે જેમાં દરેક વ્યક્તિને નિસબત છે, સંસ્થાનું મકાન જંગલીપણાથી અને ભીંત પરના લીટાથી એક રીતે મુક્ત છે અને ખુલ્લાપણા અને વિશ્વાસનું એક વાતાવરણ છે જે આજકાલ નાની-મોટી કોઈ પણ શાળામાં જોવા મળતું નથી. આ સઘળાની સાથે, શાળા કોઈ પણ સરકારી કે ફાઉન્ડેશનની સહાય વિના, સામાન્ય સરકારી શાળાઓમાં થતા ખર્ચાની અડધી ફીમાં અને સ્વતંત્ર ખાનગી શાળાઓ કરતાં તો ઘણી જ ઓછી ફીમાં જ ચાલે છે.

કદાચ આ શાળા વિશે સમજાવવાનો સહેલો રસ્તો એ સમજાવવાનો છે કે અમે શૈક્ષણિક સંસ્થામાં કેવું હોવું જોઈએ તેમ ઇચ્છતા હતા અને એ અમે કેવી રીતે પ્રાપ્ત કરવાની કોશિશ કરી. હકીકતમાં, અમે થોડી ઘણી બાબતોની પાછળ પડ્યા હતા પરંતુ અમે અનુભવ્યું કે તેમાંની બધી જ બાબતોનો માત્ર એક બાબતમાં સમાવેશ થઈ જાય છે.

શીખવા અને શીખવવાની વાતના સંબંધે, વ્યક્તિ જે શીખવા માટે આતુર હોય તે શીખવા માટે સક્ષમ બને તેમ અમે ઇચ્છતા હતા. અમે ઇચ્છતા હતા કે તેઓ તેમની પોતાની જાતે શીખવા માટે આગળ આવે, જે તેઓને શીખવું છે અને જેના માટે તેઓ સખત મહેનત કરવા તૈયાર છે. અમે તેઓ તેમની પોતાની સાધનસામગ્રી, પુસ્તકો અને શિક્ષકો પસંદ કરવા સંપૂર્ણ મુક્ત બને તેમ ઇચ્છતા હતા. જ્યારે શીખનાર વ્યક્તિ કોઈ પણ જાતની બળજબરી, લાલચ કે દબાણ વિના પોતાની જાતને વિષયની અંદર નાખે છે ત્યારે જે શીખાય છે તે જ જીવનમાં ઉપયોગી છે તેવું અમે અનુભવ્યું. અને અમને ખાતરી હતી કે જિજ્ઞાસા ધરાવનાર, દૃઢનિશ્ચયી અને ખંતીલા વિદ્યાર્થીઓ સાથે શિક્ષકો કામ કરે તો તે અસાધારણ સંતોષ આપે છે. ખરેખર તો અમે માનતા હતા કે આવું વાતાવરણ વિદ્યાર્થીઓ અને શિક્ષકો બન્ને માટે સ્વર્ગ સમાન છે.

અમારી જાત સાથે વફાદાર રહેવા માટે અભ્યાસક્રમનાં કોઈ પણ માળખાં કે શાળાપ્રેરિત કાર્યક્રમોથી દૂર રહેવાનું હતું. અમારે વિદ્યાર્થીઓ તરફથી પહેલ થાય તેમ કરવાનું હતું, શાળાની ભૂમિકા માત્ર તેમના પ્રયત્નોને પ્રતિભાવ આપવા પૂરતી જ હોય. દરેક વ્યક્તિની પ્રવૃત્તિઓની સંપૂર્ણ જવાબદારી જે-તે વ્યક્તિની રહેતી, સત્તાના સ્થાન પર રહેલી બીજી કોઈ વ્યક્તિની નહીં. તેના કારણે જ અમારે ત્યાં ક્યારેય પણ, કોઈ પણ સ્તર માટે, કોઈ નિશ્ચિત અભ્યાસક્રમ નહોતો. અમે એમ સમજતા હતા કે શાળામાં પ્રાપ્ય મદદથી દરેક વિદ્યાર્થી તેને જીવનમાં જ્યાં જવું છે ત્યાં જવા માટે, તેમને માટે શું જાણવું જરૂરી છે અને શું જરૂરી નથી તે શોધી જ કાઢશે.

આને કારણે અમે જે ચારિત્ર્યનાં લક્ષણોનું દૃઢીકરણ કરવા માગતા હતા, તે હેતુ સારી રીતે સિદ્ધ થવા લાગ્યો. સૌથી વિશેષ, અમે લોકોને જવાબદારીનો પૂરેપૂરો અર્થ અનુભવાય તેમ ઇચ્છતા હતા. એક જવાબદાર વ્યક્તિ એટલે શું તેવું તેઓ દરરોજના અનુભવથી સમજે તેમ અમે ઇચ્છતા હતા- માત્ર પુસ્તક, ભાષણ કે ઉપદેશથી નહીં.

અમે એવું સમજતા હતા કે, જવાબદારીનો એટલે તમારે તમારો દડો જાતે જ રમવાનો છે. તમારે અને માત્ર તમારે જ, તમારા નિર્ણયો લેવાના છે અને તમારે તેની સાથે જ જીવવાનું છે. તમારા માટે બીજું કોઈ વિચારવાનું નથી અને તમારાં કાર્યોનાં પરિણામોમાંથી તમને કોઈ બચાવવાનું નથી. અમે અનુભવ્યું કે જો તમે સ્વતંત્ર, સ્વ-પ્રેરિત અને તમારી નિયતિના સર્જક બનવા માગતા હો તો આ આવશ્યક છે.

વ્યક્તિગત જવાબદારી બધા જ લોકો વચ્ચેની એક પાયાની સમાનતા પણ સૂચવતી હતી. જે પણ સત્તા અસ્તિત્વ ધરાવતી તે બધા જ પક્ષકારોની મુક્ત સંમતિથી જ મળતી. અલબત્ત આ કાંઈ નવું નથી. આપણો દેશ પણ આ સિદ્ધાન્તના પાયા પર જ રચાયો છે. અમારા માટે આ સિદ્ધાન્ત રોજેરોજની ક્રિયાઓ માટે એક માર્ગદર્શિકા હતો.

જવાબદાર વ્યક્તિના ખ્યાલમાં ઘણી બધી વિભાવનાઓનો સમાવેશ થઈ જાય છે, અને એ બધી એક મુક્ત અને સ્વતંત્ર વ્યક્તિ બનવાની કળા શીખવા સાથે જોડાયેલી છે. અમારા મનમાં રહેલી શાળા આ વિચારના પાયા પર આધારિત હોઈ શકતી હતી. ગમે તે ઉંમર, જ્ઞાન કે ઉપલબ્ધિ હોય, દરેક વ્યક્તિ માટે સંપૂર્ણ વ્યક્તિગત જવાબદારી અને ઉત્તરદાયિત્વથી ઓછું અમને કાંઈ પણ ખપતું નહોતું. અમે જાણતા હતા કે આ રીતે લોકો ભૂલો કરશે- પરંતુ તેઓ જાણશે કે તે ભૂલો તેમણે જાતે કરેલી છે અને તેથી તેઓ તેમાંથી શીખે તેવી શક્યતાઓ વધારે છે. અમને લાગતું હતું કે સ્વસ્થ વ્યક્તિઓ તેમની નિષ્ફળતાઓ અને તેમની સફળતાઓ બન્નેમાંથી લાભ મેળવવા માટેના રસ્તાઓ શોધી કાઢે છે. અમે માનતા હતા કે લોકોને તેઓ જે ઇચ્છે તે કરવા દેવું જ યોગ્ય છે. ભલે તેઓ સફળ થશે તે બાબતે ચોક્કસ હોય કે ન હોય, જેથી તેઓ અનપેક્ષિત પડકારોનો સામનો કરવા માટે કે અનપેક્ષિત તકો ઝડપી લેવા માટે માનસિક રીતે તૈયાર હોય.

અમે જે ચારિત્ર્યની લાક્ષણિકતાઓનું સંવર્ધન કરવા ઇચ્છતા હતા તે શાળામાં પ્રસરી ગયેલા એક સામાન્ય વાતાવરણનો ભાગ હોય એવી અમારી ઇચ્છા હતી. વિશેષ કરીને અમે એવું વાતાવરણ સર્જવા ઇચ્છતા હતા જે ખુલ્લું, પ્રામાણિક, વિશ્વાસપાત્ર અને ભયમુક્ત હોય. અમારું ધ્યેય એવી શાળા બનાવવાનો હતો જ્યાં કમ સે કમ અમે કાંઈ કર્યું હોય તેના કારણે તો કોઈને ડર ન જ લાગતો હોય.

શક્તિ અને સત્તાનો ભય અમે શાળામાંથી નાબૂદ કરવા માગતા હતા. લોકોને અપાયેલી સત્તા અંગે અમને પરવા નહોતી. સત્તા હોવી કે ન હોવી એ સારું પણ હોઈ શકે કે ખરાબ પણ હોઈ શકે, તેનો આધાર તો ઘણી બધી બાબતો પર પણ છે. કેટલીક પરિસ્થિતિઓમાં સત્તાધારી

વ્યક્તિઓની જરૂર પડે પણ ખરી. દા.ત. કોઈ નવોદિત તાલીમાર્થીને શીખવવાની પરિસ્થિતિ કે કોઈ વ્યાપારની પરિસ્થિતિ.

મુખ્ય પ્રશ્ન એ છે કે લોકોને તેમની સત્તા કેવી રીતે પ્રાપ્ત થાય છે અને તેમને તે પ્રાપ્ત થયા બાદ તેને કેવી રીતે કાબૂમાં રખાય છે. જો તમે સમજતા હો કે કેટલાક લોકો કેમ સત્તામાં છે, જો તેઓને ત્યાં પહોંચાડવામાં તમારો હાથ હોય અને જો તેઓ જે કાંઈ પણ કરે તે દરેક બાબત પર તમારી નજર હોય તો તમને સત્તાના સ્થાન પર રહેલ વ્યક્તિનો ડર લાગતો નથી. તમને એવા આપખુદ સત્તાધારીઓથી જ ડર લાગે, જેઓ તમને સહભાગી થવામાંથી બાકાત રાખે, જેમના પર તમારું કોઈ નિયંત્રણ ના હોય. અમે મક્કમ હતા કે શાળાની કોઈ પણ વ્યક્તિને- ભલે તે વિદ્યાર્થી હોય, સ્ટાફ, વાલી કે મહેમાન- કોઈને પણ શાળા સાથે કોઈ પણ વ્યક્તિની સત્તાથી ડરવાનું કોઈ કારણ જ ન હોય. આ કારણે ઉંમર, જાતિ, સ્થાન, જ્ઞાન કે સામાજિક પરિસ્થિતિ ગમે તે હોય, કોઈ પણ વ્યક્તિ બીજી વ્યક્તિની આંખ સાથે આંખ મિલાવી શકે.

અમારા માટે લોકો પોતાની બાબતોનો વહીવટ કરી શકે તે માટે લોકશાહી જ શ્રેષ્ઠ માર્ગ છે. એના કારણે દરેક વ્યક્તિને સ્વતંત્ર બની શકવાનો વધુમાં વધુ અવકાશ મળે છે અને સાથે સાથે, જે બાબતોમાં સંયુક્ત કાર્યની જરૂર હોય ત્યાં નિર્ણય લેવામાં દરેક વ્યક્તિને પોતાનો પૂરેપૂરો ફાળો આપવાની છૂટ હોય. છેલ્લાં ત્રણસો વર્ષોથી ન્યૂ ઇંગ્લૅન્ડ ટાઉનની સભાઓમાં જે પ્રચલિત લોકશાહી અનુસરવામાં આવતી તે શાસનતંત્રનું સારું સ્વરૂપ હતું, જેની બરોબરી થઈ શકે નહીં. અમારા મનમાં જે શાળા હતી તે સંપૂર્ણપણે ટાઉન-સભાના દૃષ્ટાંત પર આયોજિત હતી. કોઈ જ બાકાત ન રહેવું જોઈએ.

અમે વિચાર્યું કે જે દેશમાં શાસનતંત્રનાં બધાં જ સ્વરૂપો લોકતાંત્રિક હોય, ત્યાં શાળા લોકશાહી પદ્ધતિથી ચલાવવામાં જ શ્રેય છે. એક નાના પરગણાથી લઈને રાષ્ટ્રીય સ્તર સુધી આપણી બધી જ સંસ્થાઓ એક કે બીજી રીતે લોકશાહી પદ્ધતિથી કામ કરે તે રીતે તૈયાર કરવામાં આવેલી છે. અમે ખુદને પૂછ્યું કે શાળાઓ આ રીતે કેમ ના ચલાવવી જોઈએ અને જેટલો અમે વધુ વિચાર કર્યો તેટલું અમને લાગ્યું કે એ આ રીતે જ ચલાવવી જોઈએ. એક લોકશાહી ઢબે ચાલતી શાળામાં, સમાજના પુખ્ત સભ્યો, બહારના વિશ્વમાં નાગરિક તરીકેનાં જે ધારાધોરણો લાગુ પડે છે, તે તેઓ શાળાને પણ લાગુ પાડી જ શકે છે. અને શાળામાં રહેલાં બાળકોને જીવનની લોકતાંત્રિક પદ્ધતિનાં સિદ્ધાન્તો અને પદ્ધતિઓના વાતાવરણમાં ઉછેરી શકાય છે. જ્યારે તેઓ પુખ્ત મનુષ્યો બને ત્યાં સુધીમાં તેઓ માટે સમાજના જવાબદાર નાગરિક બનવું એકદમ સહજ બની જશે કારણ કે તેઓ એવા જ વાતાવરણમાં ખૂબ લાંબો સમય જીવ્યા છે.

જ્યારે અમે શાળામાં સામેલ કરવાની બધી જ અલગ અલગ બાબતોની યાદી બનાવી ત્યારે અમને સમજાયું કે તે બધી જ એક કેન્દ્રીય વિચારમાં સમાયેલી છે, જેમાંથી બીજું બધું સહજતાથી જ બહાર આવે છે.

તો ખ્યાલ એક એવી શાળાનો હતો કે જ્યાં લોકો કોઈ બાહ્ય ખલેલ વિના તેમનાં પોતાનાં કામકાજ પાર પાડી શકે અને જ્યાં તેમનાં સંયુક્ત કાર્યો (શાળાના કામકાજ) શહેરી-સભા જેવી કોઈક બાબતથી ચલાવી શકાય.

બસ, વાત આટલી સરળ હતી અને તેમાં અમે જેમાં માનતા હતા તેવો શીખવાનો ખ્યાલ પણ સમાવિષ્ટ હતો; તેનાથી અમે બહાર લાવવા ઇચ્છતાં હતાં તે ચારિત્ર્યનાં લક્ષણો પણ વિકસતાં હતાં; અમે ઇચ્છતા હતા તેવા વાતાવરણનો સમાવેશ થતો હતો અને તેમાં અમે ઇચ્છતા હતા તેવું માળખું પણ હતું.

1968માં જ્યારે ખરેખર શાળા શરૂ થઈ ત્યારે ઘણા લોકો કહેતા હતા કે અમે સ્વપ્નશીલ છીએ, શાળાની અમારી દૃષ્ટિ વધુ પડતી આદર્શવાદી, અવ્યવહારુ છે. પરંતુ હવે તે ઘણાં વર્ષોથી અસ્તિત્વ ધરાવે છે અને બધા જોઈ શકે છે.

સડબરી વેલીની મુલાકાત લઈએ તો કેવું લાગે? મુખ્ય મકાન સ્થાનિક ખાણિયા પથ્થરમાંથી એકસો વર્ષ પહેલાં બાંધકામ કરેલ પથ્થરની મોટી હવેલી જેવું છે. તેની આજુબાજુ દસ એકરમાં હરિયાળી, વૃક્ષો, ઝાડીઓ અને ફૂલોવાળાં ઝાડવાંઓ ફેલાયેલાં છે. કેમ્પસના એક છેડે વિશાળ ગમાણ અને તબેલાનો વિસ્તાર છે જે શાળાના ઉપયોગ માટે ફેરવી નાખવામાં આવેલ છે. બીજા છેડે જળચક્કીના તળાવની સામે, પથ્થરનું જળચક્કી માટેનું કારખાનું (મિલહાઉસ) છે, જે માટી-પથ્થરના ડૅમથી લઈને લાકડાના જૂના પુલને આવરી લે તેટલે સુધી વિસ્તરેલ છે. કેમ્પસથી આજુબાજુ જ્યાં સુધી નજર જાય ત્યાં સુધી સરકારી જગ્યાઓ અને સંરક્ષિત જમીનો છે, ખેતરો અને જંગલો, ભેજવાળી જમીનો અને ઢાળવાળી ટેકરીઓ છે, જે વર્ષની વિવિધ ઋતુઓમાં તેમનાં બદલાતાં રંગો અને સ્વરૂપો દર્શાવે છે.

આ સ્થળ એક શાળા જેવું સહેજ પણ ના દેખાય કે ના અનુભવાય. પરંપરાગત "શાળાકીય સૂચનાઓ"નો સદંતર અભાવ. એ એક ઘર જેવી વધારે લાગે, જેમાં ઘણી બધી વ્યક્તિઓ નિર્ધારિત ઢબે છતાં હળવીફૂલ થઈને તેમની વિવિધ પ્રવૃત્તિઓ કરતી હોય. રાચરચીલું, લોકો અને વાતાવરણ કોઈ જેવી અપેક્ષા રાખતું હોય તેવું નથી. મુલાકાતીઓ ઘણી બધી વાર ગૂંચવાઈ જાય; તેઓ શાળાઓમાં જે જોતા હોય તે જોવાની કોશિશ કરે અને તેમને એવું કાંઈ જ અહીં જોવા ન મળે.

દરેક વ્યક્તિ સડબરી વેલીને સમજી શકે તેમાં મદદ થાય તે આ પુસ્તકનો પ્રયાસ છે. તે શાળાના જીવનનાં પહેલાં વીસ વર્ષોના અંગત અને સમૃદ્ધ અનુભવનું ભાથું રજૂ કરે છે. તે શૈક્ષણિક ફિલસૂફી કે પદ્ધતિનો ગ્રંથ નથી કે નથી શાળાનો વિધિવત્ ઇતિહાસ. ઊલટાનું, તે શિક્ષણની તવારીખમાં કરાયેલ સાવ અનોખા પ્રયોગની માનવીય વાત છે.

સડબરી વેલી શાળા પ્રેસ

પ્રાક્કથન

કોઈએ અરજી કરવાની જરૂર નથી

કોઈ મુલાકાત પ્રાપ્ય નહોતી.

ડિસેમ્બર સુધીમાં જેઓને કનેક્ટીકટ મિડલ ટાઉનમાં આવેલ વેસ્લેયાન યુનિવર્સિટીમાં અભ્યાસની આશા હતી તે બધાએ તેમની અરજીઓ ઘણા સમય પહેલાં દાખલ કરી દીધી હતી અને પ્રવેશના ઇન્ટર્વ્યૂ માટે ગોઠવણ કરી રાખી હતી. અરજી કરવા માટે પણ ડિસેમ્બરમાં તો ખૂબ મોડું થઈ ગયું કહેવાય; ઇન્ટર્વ્યૂ માટે તો શક્યતા જ નહોતી.

પરંતુ આ બાબત લીસાને અટકાવી શકી નહીં. રોજ સવારે ૯:૦૦ વાગ્યા પછી તરત જ તે ફોન પર લાગી જતી અને વેસ્લેયાનના પ્રવેશ વિભાગનો નંબર લગાવતી. રોજ સવારે એક સેક્રેટરી તેનો ફોન ઉપાડતી અને કહેતી, "કોઈ બેઠક ખાલી નથી." થોડા દિવસોમાં તેનો અવાજ અને તેનો દૃઢ નિશ્ચય પ્રવેશ વિભાગના બધા જ લોકોમાં જાણીતા થઈ ગયા. તે તેમની સાથે વાતો કરતી, ખુશામત કરીને મનાવતી, આજીજી કરતી. એક પછી એક દર અઠવાડિયે આમ ચાલ્યા જ કર્યું.

તેઓ પૂછતા કે તેણે કેમ સમયસર અરજી ના કરી. તે જવાબ આપતી કે તેણે સમયસર અરજી કરી હતી પરંતુ વેસ્લેયાનમાં નહોતી કરી. બીજી અરજીઓ તેણે ઘણી અગાઉ કરી દીધી હતી. પરંતુ હમણાં જ તેની મિત્ર અને શિક્ષકે કહ્યું હતું કે તેણે વેસ્લેયાન માટે વિચાર કરવો જોઈએ, એ તેના માટે યોગ્ય શાળા છે. તેણે કેમ્પસની મુલાકાત લીધી હતી, ત્યાંના લોકો સાથે વાત કરી હતી અને તેને સમજાયું હતું કે તેની મિત્ર સાચું કહી રહી હતી. વેસ્લેયાન તેના માટે જ છે. તે આ જાણતી હતી અને ભલે ગમે તેટલું મોડું થયું હોય, તે વેસ્લેયાનના લોકોને પણ આ સમજાવવા માટે દઢ નિશ્ચયી હતી.

પણ આ માટે ઇન્ટર્વ્યૂ જરૂરી હતો. તેને પ્રવેશ આપવા માટે તેઓએ તેનું સીધું જ મૂલ્યાંકન કરવું જરૂરી હતું; તેની આંખોમાં જોવું જરૂરી હતું, એ જોવું જરૂરી હતું કે તે ખરેખર કેવી છે અને શું છે. તેણે સામાન્યતઃ લખાતા નિબંધો અને જવાબો તો છાપેલા ફોર્મમાં લખેલા જ હતા. પરંતુ એક રીતે તેની અરજી ચોંકી જવાય એટલી અલગ હતી.

તેની અરજીમાં તેની શાળાનાં વર્ષોનાં એક પણ ગ્રેડ, લેખિત મૂલ્યાંકન કે બીજું કાંઈ લખાણ-કશું જ નહોતું.

લીસા સડબરી વેલી શાળામાં ભણેલી હતી. તેણે ઘણી બધી બાબતો શીખેલી હતી, પરંતુ મુખ્ય વાત તે એ શીખી હતી કે તેણે જે કરવાનું છે તે જાતે જ કરવાનું છે.

8 જાન્યુઆરી, "અમારે એક પ્રવેશ રદ થયો છે. તું આવતા મંગળવારે સવારે 9:00 કલાકે આવી શકે? પ્રવેશ વિભાગના ડીન જાતે તને મળશે." છેવટે! તે આવતા મંગળવારે, કોઈ પણ સમયે આવી શકે.

તે વેસ્લેયાનની ઑફિસમાં આવી પહોંચે છે. દરેક વ્યક્તિ તેને જોવા માંગે છે. તો આ એ છોકરી છે જેણે ફોન કરવાનું કદી બંધ ના કર્યું, પોતાના પ્રયત્નો કદાપિ ન છોડ્યા. તેઓએ તેની સામે સ્મિત કર્યું, તેને હૂંફાળો આવકાર આપ્યો. પ્રવેશ વિભાગના ડીન પણ તેને જાણતા હતા.

તે તેની પંદર મિનિટની મુલાકાત માટે ડીનની ઑફિસમાં પ્રવેશે છે. બીજા અરજદારો તેમના વારા અને તેમના મુલાકાતના સમય માટે રાહ જોઈને બેઠા છે. પા કલાક પસાર થઈ ગયો, લીસા બહાર ન નીકળી. અડધો કલાક. પોણો કલાક. ત્યાં શું બની રહ્યું છે? છેવટે એક કલાક બાદ, પ્રવેશ વિભાગના ડીન તેની સાથે બહાર આવે છે, બંને ખડખડાટ હસી રહ્યાં છે. તેઓ તેની રાહ જોતી માતા પાસે પહોંચે છે; જ્યાં ડીન માત્ર એટલું કહે છે, "હું આશા રાખું છું કે લીસા અહીં આવવાનું નક્કી કરશે. હું માનું છું કે આ તેના માટે યોગ્ય સ્થાન છે."

એ અરજી, એ ઇન્ટર્વ્યૂ કામ કરી ગયાં. શાળાનાં એ બાર વર્ષો અને તેમાંથી નીતરેલ શક્તિશાળી સાર, તે જે કરવા માટે સર્જાયાં હતાં તે પ્રાપ્ત કરીને જ રહે છે. તેને પ્રવેશ માટે આમંત્રણ આપવામાં આવે છે અને તે એ સ્વીકારે છે.

કૉલેજમાં જોડાવા ઇચ્છતા સડબરી વેલીના દરેક સ્નાતક પાસે આવી જ કોઈ વાત કહેવા માટે છે. બધાને મોટે ભાગે તેમની પ્રથમ પસંદગીની કૉલેજમાં પ્રવેશ મળે છે. ઘણા બધાને આમંત્રણ આપવામાં આવે છે. કોઈની પણ પાસે કોઈ લેખ કે એ પ્રકારનાં કોઈ પ્રમાણિત મૂલ્યાંકન કે ભલામણ પત્ર નહોતાં.

તેમની પાસે તેનાથી પણ કાંઈક વધુ હતું- તેમની પાસે આંતરિક શક્તિ, આત્મજ્ઞાન અને દઢ મનોબળ હતાં. અને દરેક વખતે જ્યાં તેમણે અરજી કરી હોય તેવી દરેક કોલેજના પ્રવેશ વિભાગની ઑફિસમાં લોકો આશ્ચર્ય પામતા, "આ તે કેવી શાળા હશે કે જે આવા લોકો તૈયાર કરે છે? સડબરી વેલી શું છે?

આ પુસ્તક એક એવી શાળાની વાત છે, જેવી બીજી કોઈ શાળા ક્યારેય ના હોઈ શકે. આ શાળાએ બીજી જગ્યાઓની ઘણી શ્રેષ્ઠ બાબતો લીધી છે, પરંતુ તેનું છેવટનું પરિણામ કાંઈક અલગ જ છે- તે પ્રાચીન અને આધુનિક બંનેનું મિશ્રણ છે અને તે અત્યંત રસપ્રદ છે.

આ પુસ્તક જડ વ્યક્તિત્વવાદ, અંગત સ્વતંત્રતા અને રાજકીય લોકશાહી જેવાં અમેરિકન મૂલ્યોની ઝાંખી છે, જે ન્યૂ ઇંગ્લેન્ડ ટાઉનના જૂના પરગણામાં વિકસી રહ્યાં છે.

ભાગ – ૧

શીખવું

૧

અને અંકગણિત

મારી સામે નવથી બાર વર્ષની વચ્ચેનાં ડઝનેક છોકરા-છોકરીઓ બેઠાં હતાં. એકાદ અઠવાડિયા પહેલાં તેમણે મને અંકગણિત શીખવવા માટે પૂછ્યું હતું. તેમને સરવાળો, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર અને બાકીનું બધું જ શીખવું હતું.

તેમણે મને પહેલીવાર પૂછ્યું ત્યારે મેં કહ્યું હતું, "તમારે ખરેખર કંઈ એ શીખવું નથી."

તેમનો જવાબ હતો, "અમારે શીખવું છે, અમે ચોક્કસ જ શીખવા માગીએ છીએ."

મેં પકડી રાખ્યું, "ખરેખર નહીં. કદાચ તમારા પાડોશી મિત્રો, તમારાં મમ્મી-પપ્પા, તમારા સગાસંબંધીઓ ઇચ્છતાં હશે કે તમે એ શીખો, પરંતુ તમને પોતાને તો રમવાનું કે કંઈક બીજું જ કરવાનું વધુ ગમે."

"અમને ખબર છે કે અમારે શું જોઈએ છે અને અમે અંકગણિત શીખવા માગીએ છીએ. અમને શીખવો અને અમે તમને તે સાબિત કરી બતાવીશું. અમે બધું જ લેસન કરીશું અને અમે કરી શકીએ એટલી બધી જ મહેનત કરીશું."

મારે માનવું પડ્યું, ભલે સંશય સાથે પણ મારે માનવું પડ્યું. સામાન્ય શાળાઓમાં અંકગણિત શીખવતાં છ વર્ષ લાગે છે એ હું જાણતો હતો, અને થોડા જ મહિનાઓમાં તેમનો રસ હવા થઈ જશે તેની મને ખાતરી હતી, પણ મારી પાસે કોઈ પસંદગી નહોતી. તેમણે મજબૂતાઈથી પોતાની માગણી મૂકી હતી અને હું ભીંસમાં આવી ગયો હતો.

અલબત્ત, મારી સંમતિ મને આશ્ચર્યકારક અનુભવ આપવાની હતી.

મારી સમક્ષ સૌથી મોટી સમસ્યા માર્ગદર્શક તરીકે કામ આપી શકે તેવું કોઈ પાઠ્યપુસ્તક શોધવાની હતી. "નવું ગણિત" વિકસાવવાની પ્રક્રિયામાં કોઈક તબક્કે હું સંડોવાયેલો રહ્યો હતો અને છેવટે તેને ધિક્કારવા લાગ્યો હતો. ત્યારે અમે પુતનિક-પછીના કેનેડી યુગના તરવરતા યુવાન અભ્યાસશાસ્ત્રીઓ હતા. નવા ગણિત પર કામ કરતી વખતે અમને થોડીક શંકાઓ હતી. પણ અમૂર્ત તર્ક, જૂથ સિદ્ધાન્ત, અંક સિદ્ધાન્ત અને સહસ્રાબ્દિઓથી ગણિતશાસ્ત્રીઓ અન્ય જે વિશિષ્ટ શોધ-રમતો રમતા હતા તેના સૌંદર્ય પર અમે મુગ્ધ હતા. જો અમારે શ્રમ કરતા ખેડૂતો માટે કોઈ ખેતી-વિષયક અભ્યાસક્રમ તૈયાર કરવાનો હોત તો મને લાગે છે કે અમે સજીવ રસાયણશાસ્ત્ર, જનીનશાસ્ત્ર અને સૂક્ષ્મ જીવવિજ્ઞાનથી શરૂઆત કરી હોત. એ તો વિશ્વના ભૂખ્યા લોકો એટલા નસીબદાર હતા કે અમને એ કામ સોંપવામાં આવ્યું નહીં!

"નવા ગણિત"ના બનાવટીપણા અને આંટીઘૂંટીથી મને નફરત થઈ ગઈ હતી. સોમાંથી એક શિક્ષકને, હજારમાંથી એકાદ વિદ્યાર્થીને એની ઉપયોગિતા વિશે ખબર પડતી નહોતી. લોકોને ગણતરી કરવા માટે અંકગણિતની જરૂર હતી, તેના માટે આ સાધનો-ઉપકરણો કેવી રીતે વાપરવા તે તેઓ જાણવા માગતા હતા. અને હવે મારા વિદ્યાર્થીઓ પણ એ જ જાણવા ઇચ્છતા હતા.

આ હેતુ માટે એકદમ યોગ્ય ઠરે તેવું એક પુસ્તક મને અમારા પુસ્તકાલયમાંથી મળ્યું. તે હતું 1898માં લખાયેલું પ્રારંભિક ગણિતનું પુસ્તક. નાનું અને જાડું એવું તે પુસ્તક હજારો સ્વાધ્યાયોથી છલોછલ હતું, જે નાનકાં મગજોને પાયાની વસ્તુઓ ચોકસાઈપૂર્વક અને ત્વરાથી કરવા માટેની તાલીમ આપી શકે.

વર્ગ શરૂ થયો – એકદમ સમયસર. સમય સાચવવો તે સોદાનો એક હિસ્સો હતો. મેં તેમને પડકારજનક રીતે પૂછ્યું, "તમે કહો છો કે તમે શીખવા બાબતે ગંભીર છો? તો પછી હું તમને ખંડમાં હંમેશાં બરાબર સમયસર હાજર જોવા ઇચ્છું છું – દર મંગળવાર અને ગુરુવારે, સવારના બરાબર અગિયારના ટકોરે. જો તમે પાંચ મિનિટ મોડા પડશો તો ક્લાસ રદ. જો તમે બે વખત આમ કરશો – તો શીખવવાની બાબત પર પૂર્ણવિરામ." તેમણે ખુશીથી ચમકતી આંખો સાથે કહ્યું હતું, "સારું, પાક્કું"

સાદા સરવાળા પાછળ બે વર્ગો ગયા. તેમણે બધું જ ઉમેરતાં શીખી લીધું – લાંબા પાતળા સ્તંભો, ટૂંકા જાડા સ્તંભો, લાંબા જાડા સ્તંભો. તેમણે ઢગલો સ્વાધ્યાય-કવાયતો કરી. બાદબાકીએ બીજા બે વર્ગો લીધા. એ કદાચ એક વર્ગમાં પૂરી થઈ શકી હોત, પણ "ઉધાર લેવાના" ખ્યાલને થોડી વધુ સ્પષ્ટતા-સમજાવટની જરૂર પડી.

એ પછી વારો આવ્યો ગુણાકાર અને ઘડિયા(આંક/પાડા)નો. દરેક જણે ઘડિયા મોઢે કરવાના હતા. વર્ગમાં વારંવાર દરેક જણને ગમે ત્યારે આંક પૂછવામાં આવ્યા. એ પછી આવ્યા નિયમો. અને પછી અભ્યાસ-મહાવરો.

તેઓ એકદમ તાનમાં હતાં – બધાં જ. સરસ રીતે આગળ વધતાં, તમામ મુશ્કેલીઓ અને લોગેરિધમ પર પ્રભુત્વ મેળવતાં એ સહુ, બધી વિષયવસ્તુ પોતાના હાડમાં ઊતરતી અનુભવી શકતાં હતાં. સેંકડોની સેંકડો સ્વાધ્યાય-કવાયતો, વર્ગ-ક્વિઝ, મૌખિક કસોટીઓ થકી આ માહિતી તેમના મસ્તિષ્કમાં બરાબર બેસી ગઈ હતી.

છતાં તેમણે વર્ગમાં આવવું ચાલુ રાખ્યું, દરેકેદરેક જણે. જ્યારે જરૂર લાગી ત્યારે વર્ગ ચાલુ રહે તે માટે તેમણે અંદરોઅંદર એકબીજાને મદદ કરી. બાર વર્ષનાં અને નવ વર્ષનાં, સિંહ અને ઘેટાં, તમામ સંવાદિતાપૂર્ણ સહકારથી એકબીજા સાથે શાંતિથી બેઠા – કોઈ મસ્તી નહીં, કોઈ શરમ નહીં.

ભાગકાર, લાંબા ભાગાકાર, અપૂર્ણાંક, દશાંશ, ટકાવારી, વર્ગમૂળ.

તેઓ બરાબર અગિયાર વાગ્યે આવતાં, અડધો કલાક રોકાતાં અને ઘરકામ લઈને જતાં રહેતાં. બીજીવાર આવે ત્યારે પોતાનું બધું જ ઘરકામ પૂરું કરીને લાવતાં. એકેએક જણ.

વીસ અઠવાડિયાંઓમાં, કરારના વીસ કલાકોમાં તેમણે બધું જ આવરી લીધું. છ વર્ષ જેટલું. હવે તેમાંના દરેક જણને ગણિતની સારી એવી પાયાની જાણકારી હતી.

એક જોશીલી પાર્ટી સાથે અમે આ વર્ગોની પૂર્ણાહુતિ ઉજવી. હું અમારા પોતાના સિદ્ધાન્તોની સફળતા જોઈને દંગ રહી ગયો હોઉં એ પહેલી વખત નહોતું બન્યો અને છેલ્લી વખત પણ નીવડવાનું નહોતું. અમારા સિદ્ધાન્તો અહીં કારગત રહ્યા હતા – જોરદાર રીતે કારગત રહ્યા હતા.

જે બન્યું – જે મને ચમત્કાર સમું લાગતું હતું તેના માટે કદાચ મારે તૈયાર રહેવું જોઈતું હતું કે આમ જ બનશે. આ બધું પૂરું થયું તેના એકાદ અઠવાડિયા પછી મારી ઍલન વ્હાઈટ સાથે વાત થઈ. ઍલન વર્ષોથી લોકશાળાઓમાં પ્રારંભિક ગણિતનો તજજ્ઞ હતો અને નવીનતમ અને શ્રેષ્ઠ એવી તમામ બાળ પદ્ધતિઓથી માહિતગાર હતો.

મેં તેને મારા વર્ગની વાર્તા કહી.

તેને આશ્ચર્ય ન થયું.

તેના પ્રતિભાવથી અચંબિત થઈને મેં પૂછ્યું, "કેમ તને આશ્ચર્ય ન થયું?" મારા 'ડર્ટીડઝનો'એ જે ગતિથી અને સમગ્રરૂપે વિષય પર પકડ જમાવી હતી અને શીખ્યા હતા, તેના પર હું હજી પણ ફિદા હતો.

તેણે પ્રત્યુત્તર આપ્યો, "કારણ કે બધા જાણે છે કે – મૂળ વિષયવસ્તુ ખરેખર એટલી અઘરી હોતી નથી. પણ તેના દરેક પગલાને ધિક્કારતાં ટાબરિયાંઓનાં માથામાં તેને મારવી, ઘુસાડવી અઘરી છે વાસ્તવિક રીતે અશક્ય છે.. વર્ષો સુધી દરરોજ ટુકડે ટુકડે આ વિષયવસ્તુને બાળકના માથા પર મારતા રહેવામાં આપણને આમ કરવાની આછીપાતળી તક દેખાય છે. જો કે તે પછી પણ તે કારગત નીવડતી નથી. મોટા ભાગનાં છઠ્ઠા ધોરણનાં બાળકો ગણિતમાં અભણ હોય છે. જેને શીખવું છે તેવું એક બાળક મને આપો – તો, વીસ કલાક કે લગભગ એટલો સમય શીખવાડવા માટે પૂરતો છે."

મને લાગે છે કે હા, એ થઈ શકે છે. ત્યારથી લઈને કદી પણ આમાં એથી વધુ સમય લાગ્યો નથી.

૨

વર્ગો

આપણે કાળજીપૂર્વક શબ્દો વાપરવા જોઈએ. કોઈ બે વ્યક્તિઓ માટે તેમનો અર્થ ક્યારેય સમાન થાય તો તે ચમત્કાર છે. મોટા ભાગે, એવું બનતું નથી. "પ્રેમ", "શાંતિ", "લોકશાહી" – દરેક જણ આ શબ્દો સાથે પોતાના જીવનભરના અનુભવોને, પોતાની વિશ્વને જોવા-સમજવાની દૃષ્ટિને જોડે છે અને બીજું કોઈ પણ એવા જ અનુભવો-દૃષ્ટિ ધરાવતું હોય એવું કેટલું જવલ્લે બને છે તે આપણે સહુ જાણીએ છીએ.

આ શબ્દની વાત કરીએ – "વર્ગ (ક્લાસ)". જે સમાજ કે સંસ્કૃતિમાં શાળાઓ નથી તેમના માટે તેનો શો અર્થ થતો હશે તેની મને ખબર નથી. કદાચ ત્યાં એ શબ્દ જ નહીં હોય. આ વાંચનારા મોટા ભાગના લોકો માટે, આ શબ્દ અનેક છબિઓ રજૂ કરે છે: એક એવો ખંડ જેમાં એક "શિક્ષક" અને "વિદ્યાર્થીઓ" હોય, વિદ્યાર્થીઓ પાટલી પર બેઠા હોય અને તેમની સામે

બેસીને કે ઊભા રહીને શિક્ષક "સૂચનાઓ" આપતા હોય. તે આથી પણ ઘણું વધુ કહી જાય છે: "વર્ગનો તાસ (ક્લાસ પિરીયડ)", એવો નિયત સમય કે જ્યારે વર્ગ લેવામાં આવે; ઘરકામ-લેસન; પાઠ્યપુસ્તક – જે તમામ વિદ્યાર્થીઓ માટે સ્પષ્ટરૂપે નક્કી કરવામાં આવેલી વિષયવસ્તુ છે.

અને આ શબ્દ હજુ પણ વધુ કહી જાય છે: કંટાળો, હતાશા, અપમાન, સિદ્ધિ, નિષ્ફળતા, સ્પર્ધા.

સડબરી વૅલી ખાતે આ શબ્દનો ઘણો જ જુદો અર્થ થાય છે.

સડબરી વૅલી ખાતે, વર્ગ એટલે બે પક્ષો વચ્ચેની એક વ્યવસ્થા. તે કોઈ એક અથવા થોડાક જણ સાથે શરૂ થાય છે, જેમણે તેઓ કશુંક ચોક્કસ શીખવા માગે છે એમ નક્કી કર્યું હોય. તે બીજગણિત, અથવા ફ્રેન્ચ, અથવા ભૌતિકશાસ્ત્ર, અથવા જોડણી, અથવા કુંભારકામ હોઈ શકે છે. ઘણી બધી વખત તે કેવી રીતે શીખવું તે તેઓ તેમની મેળે શોધી લે છે. તેઓ કોઈક પુસ્તક અથવા કમ્પ્યૂટર પ્રોગ્રામ શોધી કાઢે છે, અથવા તેઓ કોઈક બીજાને તે કરતાં જુએ છે (અને શીખે છે). જ્યારે એવું બને છે, ત્યારે વર્ગ આકાર લેતો નથી. એમાં માત્ર સીધેસીધું શીખવાનું બને છે.

અને ક્યારેક તેઓ એકલા રસ્તો શોધી શકતાં નથી. ત્યારે તેઓ તેમને મદદ કરી શકે તેવા કોઈકને શોધે છે, એવું કોઈક જે શીખવા માટે તેઓ જે ઇચ્છતા હોય તે જ તેમને આપવા માટે સહમત થાય. જ્યારે તેમને એવું કોઈક મળી જાય, ત્યારે તેઓ સોદો કરે છે: "અમે આ અને પેલું કરીશું, અને તમે આ અને પેલું કરશો – બરાબર?" જો બધા જ પક્ષો માટે તે બરાબર હોય, તો તેમણે ત્યારે વર્ગ બનાવ્યો કહેવાય.

જેમણે સોદા માટે પહેલ કરી હોય તેમને "વિદ્યાર્થીઓ" કહેવાય. જો તેઓ શરૂઆત કે પહેલ ન કરે તો કોઈ વર્ગ થતો નથી. મોટા ભાગનો સમય, શાળાનાં બાળકો તેમણે શું શીખવું છે અને તે કેવી રીતે શીખવું છે તે પોતાની મેળે શોધી કાઢતાં હોય છે. તેઓ વર્ગોનો ઉપયોગ ખાસ એટલો બધો કરતાં નથી.

જે આ વિદ્યાર્થીઓ સાથે સોદો પાર પાડે તેને "શિક્ષક" કહેવામાં આવે છે. શાળા ખાતેના અન્ય વિદ્યાર્થીઓ પણ શિક્ષકો હોઈ શકે છે. સામાન્ય રીતે, તે આ કામ કરવા માટે લેવાયેલા લોકો જ હોય છે.

સડબરી વૅલી ખાતે શિક્ષકોએ સોદો કરવા કે કરારમાં ઊતરવા તૈયાર રહેવું પડે છે, એવા સોદાઓ જે વિદ્યાર્થીઓની જરૂરિયાતને સંતોષે. શિક્ષક તરીકે નોકરીએ રાખવા માટે અમને ઘણા બધા લોકો પત્રો લખે છે. તેમનામાંથી ઘણા તેમની પાસે બાળકોને "આપવા" માટે કેટલું બધું છે તે અમને લંબાણપૂર્વક લખે છે. આ પ્રકારના લોકો શાળામાં બહુ સારી કામગીરી બજાવી શકતા નથી.

વિદ્યાર્થીઓ શું લેવા માગે છે તે અમારા માટે અગત્યનું છે, નહીં કે શિક્ષકો તેમને જે આપવા માગે છે તે. ઘણા બધા વ્યાવસાયિક શિક્ષકો માટે આ બાબત સમજવી-પચાવવી અઘરી છે.

વર્ગ માટેના સોદામાં તમામ પ્રકારની શરતો સામેલ હોઈ શકે છેઃ વિષયવસ્તુ, સમય, દરેક પક્ષની જવાબદારી. ઉદાહરણ તરીકે, સોદો પાક્કો કરવા માટે, શિક્ષકે અમુક નિયત સમયે વિદ્યાર્થીઓને મળવા માટે ઉપલબ્ધ રહેવા સહમત થવું પડે છે. આ સમય નિશ્ચિત હોઈ શકેઃ દર મંગળવારે સવારે 11:00 વાગ્યે અડધા કલાક માટે. અથવા તે અનિશ્ચિત હોઈ શકેઃ "જ્યારે પણ અમને પ્રશ્નો હશે ત્યારે આપણે સોમવારની સવારે 10 વાગ્યે ભેગાં થઈશું અને તેના પર કામ કરીશું. જો અમને કોઈ પ્રશ્નો નહીં હોય, તો આપણે બીજા અઠવાડિયા સુધી મળવાનું સ્થગિત રાખીશું." ક્યારેક સંદર્ભ બિંદુ તરીકે કોઈ પુસ્તકની પસંદગી કરવામાં આવે છે. વિદ્યાર્થીઓએ તેમના ભાગે આવતી સોદાની બાબતો પાળવાની હોય છે. દાખલા તરીકે, વર્ગ માટે સમયસર પહોંચવા સહમત થવું.



જ્યારે બંનેમાંથી કોઈ પણ પક્ષને જે-તે સોદાનો પૂરતો અર્થ સરી ગયો છે તેમ લાગે ત્યારે વર્ગો પૂરા થાય છે. જો શિક્ષકોને લાગે કે તેઓ યોગ્ય ન્યાય આપી શકે તેમ નથી, તો તેઓ પાછા હટી શકે છે – અને જો વિદ્યાર્થીઓ હજી પણ વર્ગ ઇચ્છતા હોય તો તેમણે નવા શિક્ષક શોધવા રહે છે. જો વિદ્યાર્થીઓને લાગે કે તેઓ આગળ વધવા ઇચ્છતા નથી, તો શિક્ષકોએ એ નિયત કલાકમાં પોતાની જાતને પરોવાયેલી રાખવા કોઈ બીજો રસ્તો શોધી કાઢવો રહે છે.

શાળામાં વખતોવખત એક બીજા પ્રકારનો વર્ગ પણ લેવાતો રહે છે. આ વર્ગ ત્યારે લેવાય છે જ્યારે લોકોને લાગે કે તેમની પાસે કહેવા માટે કશુંક નવું અને અનન્ય છે, જે પુસ્તકોમાં મળી શકે તેમ નથી, અને તેમને લાગે છે કે અન્યોને પણ તેમાં રસ પડશે. ત્યારે તેઓ એક નોટિસ લગાડે છેઃ "ફલાણામાં રસ ધરાવનાર મને દર ગુરુવારે સવારે 10:30 વાગ્યે સેમિનાર રૂમમાં મળી શકે છે." પછી રાહ જુએ છે. જો લોકો આવે, તો તેઓ આગળ વધે છે. જો ન આવે, તો એ જીવનનો એક ભાગ છે એમ માનીને આગળ ચાલવાનું. પહેલીવાર લોકો આવે એમ બને, અને જો આગળ બીજીવાર પણ મળવાનું હોય તો, લોકો પાછા ન આવવાનું નક્કી કરી શકે છે.

મેં કેટલીકવાર આવું કરી જોયું છે. પહેલા સત્રમાં, સામાન્ય રીતે મને સારા એવા પ્રેક્ષકો મળતાઃ "ચાલો જોઈએ, એ શેની પાછળ પડ્યો છે." બીજા સત્રમાં થોડાક જ લોકો આવતા. અંત સુધીમાં, મારે પાસે એવું એક નાનકડું જૂથ બચતું જે જે-તે વિષય પર મારે શું કહેવાનું છે તે જાણવા-સમજવા માટે ખરેખર ઉત્સુક હોય. તેમના માટે તે મનોરંજનનો એક પ્રકાર છે, અને મારા માટે (અને અન્યો માટે) તે અમે કેવી રીતે વિચારીએ છીએ તે લોકોને જણાવવાનો એક રસ્તો છે.

૩

ખંત, દૃઢતા

ફરીથી શબ્દોની સમસ્યા છે. મેં હમણાં જ જે રીતે વર્ણન કર્યું, તેના પરથી શીખવું એ આકસ્મિક બનતી, અનિયમિત, ઢીલીઢાલી, ગૌણ બાબત લાગી શકે. સરળતાથી આવે, સરળતાથી જાય. ક્રમવિહીન. અસ્તવ્યસ્ત. શિસ્તવિહીન.

ઘણીવાર હું ઇચ્છું છું કે એ સાચું હોત.

જ્યારે પહેલી વખત શાળા ખૂલી ત્યારે તેર વર્ષના રિચાર્ડે તેમાં પ્રવેશ લીધો અને બહુ ઝડપથી તે શાસ્ત્રીય સંગીત અને તુરાઈવાદનમાં ખૂંપી ગયો. થોડા જ વખતમાં તેને પોતાના જીવનનો રસ મળી ગયો છે તેની ખાતરી થઈ ગઈ. સ્ટાફમાં તેને મદદરૂપ થઈ શકે તેવા એક તુરાઈવાદક નામે જૅન હતા. એટલે રિચાર્ડ તેના અભ્યાસમાં ગરકાવ થઈ ગયો.

રિચાર્ડ દરરોજ ચાર કલાક તુરાઈનો રિયાઝ કરતો હતો. આપણે એ ભાગ્યે જ માની શકીએ. અમે તેને બીજી પ્રવૃત્તિઓ સૂચવી, પણ નિરર્થક. રિચાર્ડ જે કંઈ પણ કરતો– અને તે શાળામાં ઘણું બધું કરતો હતો – પરંતુ તે વગાડવા માટેના ચાર કલાક હંમેશાં કાઢી જ લેતો.

તે બોસ્ટનથી આવતો. દરરોજની કલાક-સવા કલાકની મુસાફરી, ફ્રામિંગહામ બસ સ્ટેશનથી ચાલીને આવતા ઘણી વખત બીજો અડધો કલાક કે તેથી વધુ સમય લાગતો. કહેવતના ટપાલીની જેમ, "વરસાદ હોય કે તડકો, તોફાન હોય કે હિમવર્ષા" રિચાર્ડ શાળાએ પહોંચી જ જતો – અને અમારા કર્ણપટલ સુધી પણ.

હજી બહુ વખત નહોતો થયો ત્યાં અમને તળાવ પાસેના જૂના મિલહાઉસની ઉપયોગિતા વિશે ચમકારો થયો. પરિસરના એક દૂરના ખૂણામાં ઊભેલું, ગ્રેનાઇટનું બાંધકામ અને સ્લેટનું છાપરું ધરાવતા આ જૂના મકાનનું સૌંદર્ય અચાનક જ અમારી આંખોમાં વસી ગયું –અને રિચાર્ડની આંખોમાં પણ. આંખના પલકારામાં તો તેને સંગીત સ્ટુડિયોમાં ફેરવી દેવામાં આવ્યું, જેથી ત્યાં રિચાર્ડ મન ભરીને, હૃદય ખોલીને પોતાનો રિયાઝ કરી શકે.

તેણે રિયાઝ કર્યો.

દરરોજ દિવસના ચાર કે તેથી વધુ કલાક, સતત ચાર વર્ષ સુધી.

શાળામાંથી સ્નાતક થઈને અને કલામંદિરમાંથી આગળનો અભ્યાસ પૂરો કરીને, થોડા જ વખતમાં રિચાર્ડ એક મોટી સિમ્ફની ઑરકેસ્ટ્રામાં પ્રથમ હરોળનો તુરાઈવાદક બન્યો.

થોડા વખતમાં ફ્રેડ પણ રિચાર્ડના પગલે પગલે ચાલ્યો. તેનો પ્રેમ હતા ડ્રમ. સવારના પહોરમાં ડ્રમ, બપોરના ડ્રમ, રાતના ડ્રમ. કંઈક ગોઠવણ કરવાની તાતી જરૂરિયાત હતી. અમે તેના માટે ભોંયરામાં એક ડ્રમ-રૂમ ઊભો કર્યો, અને તેને શાળાની ચાવી આપી દીધી, જેથી તે સવારે વહેલા, રાત્રે મોડે સુધી અને રજાના દિવસોમાં પોતાનો રિયાઝ કરી શકે.

જો કે ધ્વનિની દૃષ્ટિએ ભોંયરું આખા મકાનથી એટલું કપાયેલું કે અલાયદું નથી તે અમને ઝડપથી સમજાઈ ગયું. મોટા ભાગનો સમય અમને એવું લાગતું હતું જાણે અમે પાછળથી સતત નગારાંના તાલનો અવાજ આવતો હોય તેવા કોઈ આદિવાસી ગામની નજીક રહેતાં હોઈએ.

બે વર્ષ પછી, અઢાર વર્ષની ઉંમરે ફ્રેડ અહીંથી ગયો. અમે તેને ચાહતા હતા, પરંતુ અમારામાંથી ઘણા તેને પવનપાવડી મળે તેમ ઇચ્છતા હતા.

માત્ર સંગીત જ આપણા સહુમાં રહેલી જક્કી ખંતને બહાર લાવે છે એવું નથી. દરેક બાળક થોડા જ સમયમાં એક અથવા બે કે તેથી વધુ એવાં ક્ષેત્રો શોધી જ લે છે અને પછી થાક્યા વિના તેની પાછળ મચી પડે છે.

ક્યારેક તે તેમને કરવાની મજા આવતી હોય તેવી બાબત પણ હોતી નથી. દર વર્ષે, એક ધારી રીતે મોટા વિદ્યાર્થીઓ જાતે જ તેમના હૃદયને એસ.એ.ટી. થકી કૉલેજમાં પ્રવેશ મેળવવા પર એકાગ્ર કરે છે. એસ.એ.ટી. એ કુખ્યાત "અભિરુચિ" કસોટીઓ છે જે બાળકની એસ.એ.ટી. કસોટીઓ પાર કરવાની ક્ષમતાને માપે છે – અને જેના આધારે ચારેબાજુની તમામ કૉલેજો પ્રવેશ માટેના નિર્ણયો લે છે. સામાન્ય રીતે, બાળકો મુશ્કેલ બાબતોમાં મદદ મેળવવા માટે સ્ટાફના કોઈ સદસ્યને શોધી લે છે. પરંતુ મહેનત તો તેમની પોતાની જ હોય છે. સમીક્ષાનાં જાડાં પુસ્તકો-થોથાં એક રૂમમાંથી બીજા રૂમમાં ફરે છે, તેનું એક એક પાનું પલટાવીને સમજવામાં આવે છે. શરૂઆતથી અંત સુધી પહોંચતા ભાગ્યે જ ચાર કે પાંચ કરતાં વધુ મહિનાઓ થાય છે, પછી ભલે ઘણાં બાળકોએ આ વિષયવસ્તુ પહેલી વાર હાથમાં કેમ ન લીધી હોય.

અહીં એવા લેખકો છે જે દરરોજ બેસીને કલાકો સુધી લખે છે. એવા ચિત્રકારો છે જે દોરે છે કે રંગપૂરણી કરે છે, કુંભારકામ કરનારા છે જે માટલાં-ઘડા બનાવ્યા જ કરે છે, રસોઇયાઓ છે જે રાંધે છે અને રમતવીરો છે જે રમે છે.

અહીં સામાન્ય બાબતોમાં રસ ધરાવનારા લોકો છે તો બીજા કેટલાક વિચિત્ર, વિલક્ષણ બાબતોમાં રસ ધરાવનારા પણ છે.

લ્યૂક દફનવિધિની વ્યવસ્થા સંભાળનાર (મૉર્ટિશન) બનવા માગતો હતો. એક પંદર વર્ષના છોકરા માટે આ કંઈ બહુ સામાન્ય મહત્ત્વાકાંક્ષા નહોતી. પણ તેની પાસે પોતાનાં કારણો હતાં. પોતાના મનની આંખોથી, તે પોતાના દફનવિધિ ઘરને સમાજની જરૂરિયાતો પૂરી કરતું અને પોતાની જાતને શોકગ્રસ્ત સગાસંબંધીઓને આશ્વસ્ત કરતો સ્પષ્ટરૂપે જોઈ શકતો હતો.

લ્યૂક અત્યંત ઉત્કટતાથી અભ્યાસમાં ગરકાવ થઈ ગયો: વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, પ્રાણીશાસ્ત્ર. સોળ વર્ષની ઉંમરે, તે ગંભીર કામ ઉપાડવા તૈયાર હતો. અમે તેને વાસ્તવિક દુનિયામાં લઈ ગયા. પ્રાદેશિક હૉસ્પિટલોમાંથી એકના મુખ્ય પૅથોલૉજિસ્ટે આ ઉત્સુક, મહેનતુ વિદ્યાર્થીને પોતાની પ્રયોગશાળામાં આવકાર આપ્યો. તેના બૉસના સાનંદાશ્ચર્ય વચ્ચે, દિવસે દિવસે લ્યૂક વધુ ને વધુ કાર્યવિધિઓ શીખતો ગયો, તેના પર પ્રભુત્વ મેળવતો ગયો. એક જ વર્ષમાં, તે હૉસ્પિટલ ખાતે પોતાના માર્ગદર્શક-સલાહકારની દેખરેખ હેઠળ, અન્ય કોઈની પણ સહાયતા વિના શબ-પરીક્ષણ કરતો થઈ ગયો. એ હૉસ્પિટલ માટે આ પહેલો અનુભવ હતો.

પાંચ વર્ષની અંદર, લ્યૂક મૉર્ટિશન બની ગયો. હવે વર્ષો પછી, તેનું દફનવિધિ ઘર વાસ્તવિકતા બની ચૂક્યું છે.

એ પછી બીજો એક બૉબ નામનો છોકરો હતો.

એક દિવસ બૉબ મારી પાસે આવ્યો અને પૂછ્યું, "તમે મને ભૌતિકશાસ્ત્ર શીખવાડશો?" મારી પાસે સંશય ધરવાનું કોઈ કારણ નહોતું. અત્યાર સુધીમાં બૉબ એટલી બધી વસ્તુઓ કરી ચૂક્યો હતો કે તે કોઈ વસ્તુ હાથમાં લે તો પૂરી કર્યા વિના મૂકતો નથી તેની અમને સૌને ખબર પડી ચૂકી હતી. તેણે શાળાની પ્રેસ ચલાવી હતી. શાળાની ન્યાયિક વ્યવસ્થા પર સમગ્રતયા સંશોધન કરીને તેના પર એક પુસ્તક લખ્યું (પ્રકાશિત) કર્યું હતું. તેણે પિયાનોનો અભ્યાસ કરવા પાછળ અગણિત કલાકો ફાળવ્યા હતા.

એટલે મેં તરત તૈયારી દર્શાવી. અમારી વચ્ચેનો સોદો એકદમ સાદો હતો.

મેં તેને પ્રારંભિક ભૌતિકશાસ્ત્ર પરનું કૉલેજનું એક જાડું અને ભારે એવું પાઠ્યપુસ્તક આપ્યું. ભૂતકાળમાં મેં ઘણી વખત તેમાંથી શીખવ્યું હતું, અને મારા પ્રારંભિક કાળમાં મેં આ જ પુસ્તકના અગાઉના સંસ્કરણનો ઉપયોગ પણ કર્યો હતો. એટલે તેનાં ભયસ્થાનો હું સારી પેઠે જાણતો હતો. મેં બૉબને કહ્યું, "એક એક પાનું ફેરવીને, એકે એક સ્વાધ્યાય સહિત આખું પુસ્તક જોઈ જા. અને તને જ્યારે જરાક પણ મુશ્કેલી અનુભવાય કે તરત જ મારી પાસે આવજે. નાની મુશ્કેલી મોટામસ અવરોધોમાં પલટાઈ જાય તે પહેલાં, શરૂઆતમાં જ તેના પર ધ્યાન આપવું સારું." બૉબ સૌથી પહેલાં ક્યાં અટવાશે તેની મને બરાબર ચોક્કસ ખબર છે તેમ હું માનતો હતો.

અઠવાડિયાંઓ વીત્યાં. મહિનાઓ વીત્યા.

બૉબનું ક્યાંય નામોનિશાન નહોતું.

કોઈ વસ્તુ શરૂ કર્યા વગર જ- અથવા તો શરૂ કર્યા બાદ તેને પડતી મૂકવી તે તેના સ્વભાવમાં નહોતું. ક્યાંક તેનો રસ ઓછો કે ખતમ તો નથી થઈ ગયો ને – એમ હું વિચારતો રહેતો. પણ મેં મારું મોં બંધ રાખ્યું અને રાહ જોઈ.

શરૂઆત કર્યા પછી બરાબર પાંચ મહિને બૉબે મને મળવાની ઇચ્છા દર્શાવી. તેણે કહ્યું, "પાન નં. 252 પર મને એક મુશ્કેલી છે." મેં આશ્ચર્યમૂઢ નહીં દેખાવાનો પ્રયાસ કર્યો. નાની લાગતી એ મુશ્કેલીને દૂર કરવામાં પાંચ મિનિટ લાગી.

એ પછી ભૌતિકશાસ્ત્ર માટે બૉબ ક્યારેય મારી પાસે આવ્યો નહીં. તેણે જાતે જ આખા પુસ્તકનો અભ્યાસ પૂર્ણ કર્યો. હું તેને મદદ કરીશ કે નહીં તે પૂછવાની દરકાર સુદ્ધાં રાખ્યા વિના તેણે બીજગણિત અને કલન (કૅલ્ક્યુલસ) પૂરું કર્યું. હું તેને મદદ કરીશ જ એવું તે જાણતો હશે એવું મારું ધારવું છે.

બૉબ આજે એક ગણિતજ્ઞ છે.

૪

જાદુગરનો ઉમેદવાર

લ્યૂક હૉસ્પિટલના પૅથોલૉજિસ્ટ સાથે કામ કરવા માટે ગયો તે સડબરી વેલીની પહેલી બાહ્ય ઔપચારિક ઉમેદવારી (ઍપ્રિન્ટિસ) હતી.

શાળા પરિસરમાં લ્યૂક શબ-પરીક્ષણ કરી શકે એવું તો અમે કોઈ પણ રીતે ગોઠવી શકીએ તેમ નહોતા. સંકુલમાંની પ્રયોગશાળાની સવલતો ભલે ગમે તેટલી વિસ્તીર્ણ હોય, તેમાં માનવ શબ લાવી શકાય તેવો કોઈ અવકાશ નહોતો.

ત્યારે પંદર વર્ષની વયે, લ્યૂક બેમાંથી એક પસંદગી કરી શક્યો હોત. કાં તો એ બીજાં છ કે સાત વર્ષ રાહ જુએ, જ્યાં સુધી તે પૂરતો મોટો ન થઈ જાય અને કૉલેજ-શિક્ષણથી સજ્જ ન થઈ જાય, અને ત્યારબાદ તે પોતાના પસંદગીના ક્ષેત્ર તરફ વળે; અથવા જેવો તે તૈયાર થાય તે સાથે, તરત તે તરફ પ્રયાણ કરે. તે ત્યારે તૈયાર હતો.

તેણે શા માટે રાહ જોવી જોઈએ તેનું અમને કોઈ કારણ ન દેખાયું. અમે સ્થાનિક ડૉકટરો પાસે ગયા અને અમારા કિસ્સાની રજૂઆત કરી, છેવટે અમારી દૃષ્ટિએ બાબતોને જોનાર એક વ્યક્તિ અમને મળી ગઈ. અમે તેમની સાથે એક કરાર કર્યો, શાળામાં શીખવા-શીખવવાના સોદા થાય છે તેમ સ્તોઃ તમને લ્યૂક સહાયક તરીકે મળશે, કોઈ મહેનતાણા વિના, કારણ કે એ તેના શિક્ષણનો એક ભાગ છે; બદલામાં, તમે લ્યૂકને આ અને તે ચોક્કસ તાલીમ આપશો. તાલીમની બાબતને વિગતવાર લખવામાં આવી. કરારમાં સામેલ તમામ જણે તેની શરતોને માન્ય રાખી, અને આ રીતે શરૂ થયો શાળાનો પહેલો ઉમેદવારી (ઍપ્રિન્ટિસશિપ) કાર્યક્રમ.

આ ખ્યાલ પકડાઈ ગયો. જિલને રંગભૂમિમાં રસ જાગ્યો, અને થોડા જ વખતમાં તે શાળાથી આગળ જવા માટે તૈયાર હતી. તેનો વિષય હતો પ્રૉડક્શન – સાજસજ્જા, પહેરવેશ, દૃશ્યો, પ્રકાશ વ્યવસ્થા. તેણે કેમ્બ્રિજના લૉએબ થિએટરમાં ઍપ્રન્ટિસશિપ કરી અને બહુ ઓછા સમયમાં તેને દેશભરમાં આવેલા વ્યાવસાયિક થિએટરોમાં સહાયક તરીકે સવેતન નોકરી મળી ગઈ. તેની આ નવી શોધે તેનો કૉલેજનો માર્ગ સરળ કરવામાં મદદ કરી. ત્યાંથી તેણે થિએટરમાં ડિગ્રી મેળવી અને પોતાની કારકિર્દીમાં વધુ સજ્જતાથી આગળ વધી.

ક્યાં સુધી શાળામાં રહેવું અને ક્યારે બહાર જવું? તે નક્કી કરવું ઘણી વખત અઘરું રહે છે. ચૌદ વર્ષની વયે, સૉલ તસવીરકળામાં તન્મય થઈ ગયો. થોડા જ વખતમાં તે શાળાના ડાર્કરૂમનો ઉપયોગ કરવા માંડ્યો અને ફોટોલૅબના ક-ખ-ગ પર નિપુણતા મેળવવા મથવા લાગ્યો. ફરી થોડા જ સમયમાં, શાળાની સુવિધાઓ તેને અપૂરતી-અસંતોષકારક લાગવા માંડી, પરંતુ બીજે ક્યાંય શોધવાને બદલે, તેણે અહીં જે હતું તેને સુધારવાનું નક્કી કર્યું. ધીમે ધીમે, શ્રમ લઈને તે કાર્યશાળામાં જઈને સુથારીકામ શીખ્યો. તેણે ફોટોગ્રાફીની તકનિકી માર્ગદર્શિકાઓનો અભ્યાસ કર્યો. વર્ષભરમાં ધીમે ધીમે કરીને, તેણે આખી ફોટોલૅબ ફરીથી ઊભી કરી, અને જરૂર પડે તેમ તેમ વપરાયેલાં ઉપકરણો વસાવતો ગયો. ફોટોગ્રાફીના પ્રેમમાં પડનાર અને ડાર્કરૂમને ફરીથી ઊભો કરનાર તે આ શાળાનો ચોથો વિદ્યાર્થી હતો, એટલે તેણે કામ પૂરું કર્યું ત્યાં સુધીમાં તો તે જગ્યા ખૂબ સરસ બની ગઈ હતી.

પરંતુ તે સોળ વર્ષનો થયો ત્યાં સુધીમાં તો એ સુવિધા પણ અપૂરતી થઈ રહી. હવે તેને કોઈ પ્રવીણ વ્યક્તિ પાસેથી પ્રત્યક્ષ તાલીમ મેળવવાની જરૂર હતી. અઠવાડિયાંઓ સુધી સૉલ તેને શિખાઉ-સહાયક તરીકે કામે રાખે એવા કોઈ વ્યાવસાયિક ફોટોગ્રાફરની તલાશમાં બોસ્ટનમાં પગ ઘસતો ફરતો રહ્યો. તેને મળતો પ્રતિભાવ પ્રોત્સાહક નહોતો. એક જણે કહ્યું, "કૉલેજમાં ભણવા જા." બીજાએ કહ્યું, "કોઈ મોટા પાયે કામ કરતી પ્રોસેસિંગ લૅબમાં કામ કર."

તે જો સુધી પહોંચ્યો ત્યાં સુધીમાં તેને પોતાની વાત કેવી રીતે મજબૂતાઈથી રજૂ કરવી તે આવડી ગયું હતું. એક એક કરીને, તમામ વાંધા દૂર થઈ ગયા. પરંતુ જો એક કિશોર વયના છોકરાને તાલીમ આપવાનું જોખમ ઉઠાવવા ઇચ્છતા નહોતા. તેમણે કહ્યું, "મેં પહેલાં કિશોરો સાથે કામ કર્યું છે... એ બધા જ તદ્દન બેજવાબદાર હોય છે." સૉલે હાર માની નહીં, તેણે આગ્રહ કરવો ચાલુ રાખ્યો. શાળાએ તેને પીઠબળ આપ્યું અને તેના તરફથી પાક્કું વચન આપ્યું. અઠવાડિયામાં બે દિવસ સૉલ બસમાં બેસીને બોસ્ટન જતો અને જો માટે કામ કરતો.

તેણે એકદમ પાયાની બાબતોથી શરૂઆત કરી. વર્ષ પૂરું થયું ત્યાં સુધીમાં- તેની ઍપ્રન્ટિસશિપ પૂરી થાય તે પહેલાં તેને ત્યાં જ રોકાઈ જવાનું અને જોની લૅબ સંભાળવાનું કહેવામાં આવ્યું.

આજે, સૉલ એક આર્ટ ફોટોગ્રાફર છે અને આ ક્ષેત્રે વેપારી દૃષ્ટિકોણથી નીવડેલો તકનિકી પ્રૅક્ટિશનર છે.

અત્યાર સુધીમાં માત્ર એક ઉમેદવારી નિષ્ફળ નીવડી છે. જ્યારે પોતાના ભાગે આવતા સોદાના હિસ્સાને પાળવામાં ગુરુ અત્યંત બેજવાબદાર રહ્યા એ કિસ્સામાં તેમ બન્યું હતું. થોડાક વખત પછી, વિદ્યાર્થીએ છોડી દીધું અને બીજો વિકલ્પ શોધવા લાગ્યો.

આટલાં વર્ષોમાં એક માણસ એવો છે જેણે બીજા કોઈ પણ કરતાં વધુ સંખ્યામાં અમારા વિદ્યાર્થીઓને આવી -વાસ્તવિક તાલીમ આપી છે.

ઍલન વ્હાઈટ એક સામાન્ય ઠેકેદાર છે. જ્યારે આ શાળા પહેલવહેલી વખત ખૂલી, ત્યારે તેઓ વહીવટી-કામકાજમાંથી બઢતી પામીને એક સાર્વજનિક શાળાના આચાર્ય પદે પહોંચ્યા હતા.એક સફળ વહીવટકર્તા બનવા માટેની તમામ આદર્શ પ્રતિભાઓ ઍલન પાસે હતી. તેઓ અત્યંત બુદ્ધિશાળી હતા, પણ તે ક્યારેય તેનો દેખાડો કરતા નહોતા. તેઓ શાંત મિજાજના હતા અને ક્યારેય પોતાનો પિત્તો ગુમાવતા નહોતા. તે ન્યાયપ્રિય, મીઠડા, વાજબી, સુવ્યવસ્થિત હતા.

અમે જ્યારે પહેલવહેલી વખત શાળા ખોલી, ત્યારે અમે શું કરી રહ્યા છીએ તે જોવા આવવા માટેના અમારા સીધા આમંત્રણનો જવાબ પાઠવનાર આખા બોસ્ટનના મહાનગરીય વિસ્તારમાંથી તે એકમાત્ર હતા. ત્યારે તેઓ એક સાર્વજનિક શાળાના વ્યવસ્થાપક હતા. તેમને જિજ્ઞાસા હતી. તેમની આ જિજ્ઞાસાએ જ તેમને લગભગ અમારામાંના એક જેવા બનાવી દીધા.

થોડા જ સમયમાં એલન શાળામાં બદલાવ-સુધારાઓને લઈને ખૂબ ઊંડાણપૂર્વક કાર્યરત થઈ ગયા, ત્યારે એલન એક નગરમાં શાળાઓના સુપરિન્ટેન્ડન્ટ બની ચૂક્યા હતા. સડબરી વૅલી તેમની શોખની મનપસંદ પ્રવૃત્તિ બની ગઈ હતી. તે જેટલું વધુ અમારી શાળા તરફ જોતા, તેટલું વધુ તેઓ સાર્વજનિક શાળાઓમાં બદલાવો લાવવા દોરાતા – ભલેને બહુ જૂજ ફેરફારો લાવી શકાય.

થોડા જ વખતમાં તેમનું નગર સળગતા વિવાદોથી વિભાજિત થવા માંડ્યું. પંદર વર્ષ પછી, તેમણે આપેલી આદર્શ વૈકલ્પિક સાર્વજનિક શાળાને, ત્યાં ભણી ચૂકેલા અને ત્યાં કામ કરી ચૂકેલા લોકો આનંદપૂર્વક યાદ કરે છે અને ચાહે છે – પણ એ વખતે તો તે શાળાને બળપૂર્વક ફરીથી ચીલાચાલુ ઘરેડમાં ધકેલી દેવાઈ હતી.

એલને સાર્વજનિક શિક્ષણનું ક્ષેત્ર છોડી દીધું. તેમણે પોતાનો કાર્યકાળ, તેમના વધતા જતા નિવૃત્તિના લાભો, તેમને મળતા અન્ય ફાયદાઓ – બધું જ જતું કર્યું. તેઓ પોતાના જૂના પ્રેમ - સુથારીકામ તરફ પાછા વળ્યા અને થોડા જ વખતમાં સામાન્ય ઠેકેદાર બની ગયા.

આ તમામ વર્ષોમાં, ઍલને ક્યારેય અમારો સાથ છોડ્યો નહીં. તે હંમેશાં અમને મદદ કરવા, સલાહ આપવા અને અમને આશ્વસ્ત કરવા મોજૂદ રહ્યા. પહેલા વર્ષથી જ, દર વર્ષે તેઓ શાળા કોર્પોરેશનના પ્રમુખ તરીકે ફરી ને ફરી ચૂંટાતા આવ્યા છે.

અને જ્યારે શાળામાં કોઈકને સુથારીકામ અથવા બાંધકામમાં રસ જાગે છે, ત્યારે થોડા જ સમયમાં તે ઍલનને ત્યાં શીખાઉ-કારીગર તરીકે કામ કરતા થઈ જાય છે. ઍલનના હાથ નીચે ચાર વિદ્યાર્થીઓ તૈયાર થયા છે, કારીગરી શીખ્યા છે અને પછી તેને વ્યાવસાયિક ઢબે કરતા થયા છે.

આ ઉમેદવારી(ઍપ્રિન્ટિસશિપ)ના કારણે ઍલન શિક્ષણ સાથે જોડાયેલા – શબ્દશઃ જોડાયેલા રહી શક્યા છે. અને આ કાર્યક્રમે બીજા કેટલાયને પણ ઉત્સુક, જોશીલા યુવાન શિષ્યો સાથે ગુરુની રૂએ કામ કરવાનો રોમાંચક અનુભવ આપ્યો છે.

૫

અન્ય પાયાનાં કૌશલ્યો: વાંચન અને લેખન

લગભગ બે દાયકા જેટલા સમય દરમ્યાન, સડબરી વૅલીમાં ક્યારેય વાંચન-અક્ષમતા(ડિસ્લેક્સિયા)નો એકેય કિસ્સો જોવા મળ્યો નથી. ચોક્કસપણે કોઈને ખબર નથી કે શા માટે આમ બન્યું. એક કાર્યાત્મક વિકાર તરીકે, ડિસ્લેક્સિયા થવાનું કારણ, ડિસ્લેક્સિયાનો પ્રકાર અને ડિસ્લેક્સિયા ખરેખર અસ્તિત્વ ધરાવે છે કે કેમ તે સુદ્ધાં બહુ મોટા વિવાદની બાબત રહી છે. કુલ વસતિમાંથી ખાસ્સા 20% જેટલા લોકો આ કથિત વિકારથી પીડાય છે એવું કેટલાક સત્તાધિકારીઓનું કહેવું છે.

હકીકત એ છે કે અમે ક્યારેય અમારી શાળામાં તેનો કિસ્સો જોયો નથી. કદાચ એટલા માટે કે અમે ક્યારેય કોઈને પણ વાંચતા કરવાનો કે કેવી રીતે વાંચવું તે શીખવવાનો કોઈ પ્રયાસ કર્યો નથી.



વાંચવાની બાબત અમારી સખત કસોટી કરે છે. બીજી તમામ બાબતોની જેમ, અમે આમાં પણ બાળકને પહેલ કરવા દઈએ છીએ. અમારા તરફથી તેને કોઈ જ ઉત્તેજન આપવામાં આવતું નથી કે ઘોંચપરોણો કરવામાં આવતો નથી. કોઈ તેને કહેતું નથી, "હવે વાંચતા શીખ!" કોઈ પૂછતું નથી, "હવે તું વાંચતાં શીખવાનું પસંદ નહીં કરે?" કોઈ સૂચવતું નથી, "તને નથી લાગતું, હવે વાંચતાં શીખી લેવું એ એક સારો વિચાર છે?" અને કોઈ જ ખોટેખોટા ઉત્સાહથી તેને વાંચવા માટે કશુંક ધરીને કહેતું નથી, "વાંચવાની તો કેવી મજા આવે, નહીં?" અમારો મુદ્રાલેખ છેઃ વિદ્યાર્થી પહેલું ડગ ભરે તે માટે રાહ જુઓ.

સૌ ઇચ્છતા હોય તે રીતે જ બાબતો ઘટતી જાય ત્યારે તમારી માન્યતાઓ અનુસાર જીવવું સહેલું છે. મારા પરિવારની જ વાત કરીએ. અમારા સૌથી મોટા બાળકને પાંચ વર્ષની ઉંમરે વાંચવામાં રસ પડ્યો. પોતાની મેળે જ, છ વર્ષની વયે તે સડસડાટ વાંચવા લાગ્યો. સરસ. કોઈ વાંધો નહોતો. બધું એકદમ બરાબર "થયું" હતું.

પછી વાત આવી અમારી દીકરીની, જે તેનાથી અઢી વર્ષ નાની હતી. શાળામાં જેમ દરેક જણ સાથે કરીએ છીએ તેમ, અમે રાહ જોઈ કે તે અમને વાંચવાનું શીખવવા માટે કહે – અથવા જાતે શીખે. અમે રાહ જોતાં રહ્યાં. જોતાં રહ્યાં અને જોતાં જ રહ્યાં.

દુનિયાને લાગેવળગે છે ત્યાં સુધી, છ વર્ષે તે વાંચતી નહોતી તેમાં કશું ખાસ વાંધાજનક નહોતું.

સાત વર્ષે તે વાંચતી નહોતી તે લોકોની નજરોમાં કંઈક એટલું ઠીક નહોતું. દાદા-દાદી, પરિચિતો આકુળવ્યાકુળ થવા લાગ્યા અને અમને સૂચક બાબતો પહોંચાડવા માંડ્યા.

આઠ વર્ષે તે વાંચતી નહોતી તે તો પરિવાર અને મિત્રોમાં એક કૂથલીનો વિષય બની ગયો. અમને દુરાચારી માતાપિતા તરીકે જોવામાં આવતાં હતાં. અને શાળા? હં... જે શાળા આઠ વર્ષના બાળકને નિરક્ષર રહેવા દે ને કોઈ સુધારા માટે, ઉપાયનાં પગલાં ન લે તો એ ભાગ્યે જ સારી શાળા કહેવાય.

શાળામાં કોઈએ આ બાબતને સહેજે ધ્યાન પર લીધી હોય એવું લાગતું નહોતું. તેના મોટા ભાગના આઠ વર્ષના મિત્રો વાંચી શકતા હતા. કેટલાકને નહોતું આવડતું. તેને પોતાને હજી કંઈ પડી નહોતી. શાળામાંના તેના દિવસો વ્યસ્ત અને ખુશહાલ હતા.

નવ વર્ષની ઉંમરે, તેણે નક્કી કર્યું કે તેને વાંચવું છે. એ નિર્ણય તેણે છેક ત્યારે જ કેમ લીધો એની મને ખબર નથી, અને તેને પોતાને પણ યાદ નથી. સાડા નવ વર્ષે તે એકદમ સજ્જ વાચક

હતી. તે કશું પણ વાંચી શકતી. હવે એ કોઈના માટે "સમસ્યારૂપ" નથી. અલબત્ત, એ ક્યારેય સમસ્યારૂપ નહોતી.

અમારા આ અંગત અનુભવમાં કશું વિશિષ્ટ નથી. શાળામાં પણ, કેટલાંક બાળકો જલદી વાંચતાં થાય છે, કેટલાંક મોડાં. જ્યારે તેઓ જાતે તૈયાર થાય ત્યારે તેઓ બધાં જ વાંચે છે, એકાદ મિનિટ પણ વહેલું નહીં. બધાં જ છેવટે વાંચતાં થાય છે, બસ એટલું પૂરતું છે.

વાંચવાનું મોડું શીખનારા કેટલાંક બાળકો પુસ્તકીયા કીડાં બને છે તો વહેલાં વાંચતાં થયેલાં કેટલાંક વાંચવાની કળા પર પ્રભુત્વ તો મેળવી લે છે પણ પછી ભાગ્યે જ હાથમાં પુસ્તક પકડે છે.

શાળામાં, અમારી પાસે વાંચતાં શીખવા માટેનું એકેય પ્રારંભિક પાઠ્યપુસ્તક નથી. કોઈ જ પહેલા ધોરણની, બીજા ધોરણની અને ત્રીજા ધોરણની પ્રારંભિક વાચનપોથી નથી. વ્યાવસાયિક શિક્ષકોને બાદ કરતાં, બીજા કેટલા વયસ્કો ક્યારેક પણ પ્રાથમિક વાચનપોથીને હાથ લગાડતા હશે કે કેમ તે વિચારવાનો વિષય છે. આ વાચનપોથીઓ બેવકૂફીની હદે સરળ-મગજની, કંટાળાજનક અને અપ્રસ્તુત હોય છે. એક આધુનિક બાળકને, ગલીડાહ્યા અને ટી.વી.થી પોષાયેલા બાળકને આ પોથીઓ માત્ર મૂર્ખાઈભરી લાગી શકે. બેશક, મેં ક્યારેય કોઈ બાળકને મજા ખાતર આ પોથી ઉપાડતાં જોયું નથી.

હકીકતમાં, અમારી શાળામાં વાંચવાની કોઈને ખાસ કંઈ પડી જ હોતી નથી. જ્યારે તેઓ શીખવાનું નક્કી કરે ત્યારે માત્ર જૂજ બાળકો જ કોઈ પ્રકારની મદદ માગે છે. કેટલાંક બાળકો તેમને વાંચી સંભળાવવામાં આવતી વાર્તાઓ ગોખી કાઢીને અને પછી છેવટે તેમને વાંચીને વાંચતાં શીખે છે. કેટલાંક નાસ્તાના પૅકેટ પરથી, અન્ય રમત માટેની સૂચનાઓ પરથી, અને બીજાં કેટલાંક રસ્તામાં દર્શાવેલાં પાટિયાં પરથી વાંચતાં શીખે છે. કેટલાંક અક્ષરોના ઉચ્ચારથી, તો બીજાં કેટલાંક અક્ષર પરથી અને કેટલાંક આખા શબ્દોથી પોતાની જાતને વાંચતાં શીખવે છે. પ્રામાણિકતાથી વાત કરું તો, અમને ભાગ્યે જ ખબર હોય છે કે તે કેવી રીતે વાંચતાં શીખ્યાં અને તેઓ પણ ભાગ્યે જ અમને તેનો જવાબ આપી શકે છે. હમણાં હમણાં જ વાંચતાં શીખેલા એક બાળકને મેં એક વખત પૂછ્યું, "તું વાંચતાં કેવી રીતે શીખ્યો?" તેનો જવાબ હતો, "એ સહેલું હતું. હું "અંદર" શીખ્યો. હું "બહાર" શીખ્યો. અને પછી મને ખબર પડી ગઈ કેવી રીતે વાંચવું તે."

બાળકો માટે વાંચવું એ ઘણું ખરું બોલવા જેવું જ છે એવું સમજાય છે. સમાજ બાળકોને બોલતાં શીખવાના વર્ગોમાં મોકલતો નથી. (સંભવતઃ તેનું કારણ માત્ર એટલું જ છે કે શાળા બાળકોને પોતાના સકંજામાં લે તે પહેલાં જ બાળકો હંમેશાં બોલતાં શીખી ગયાં હોય છે. મારું

ધારવું છે કે જો એક વર્ષનાં બાળકો શાળાએ જતાં હોય, તો તેમાં બોલવાના વર્ગો પણ હોત, અને તેની સાથે આવત તાજેતરમાં-શોધાયેલા ઘણા બધા "બોલવા સંબંધિત વિકારો".) સારવારની જરૂર હોય તેવી બોલવા સંબંધિત ખામીઓ ધરાવનારા બહુ જૂજ કમનસીબ બાળકો હોય છે. બાકીની જબરજસ્ત બહુમતી કોઈક રીતે તેમની જાતને બોલતાં-વાત કરતાં શીખવી લે છે – અને કોઈને ખબર નથી કે તેઓ કેવી રીતે તેમ કરી લે છે.

બાળકો બોલતાં કેમ શીખે છે? હકીકતમાં, શિશુઓ બોલીને એકબીજા સાથે વાતચીત-વ્યવહાર કરતાં મનુષ્યોની આખી દુનિયાથી ઘેરાયેલાં હોય છે. બાળકો એ દુનિયાને સર કરવા માગે છે – તેના જેટલી તીવ્રતાથી ભાગ્યે જ બીજું કંઈ તેઓ ઝંખતાં હોય છે. તેમને તેમ કરતાં રોકવાની કોશિશ કરી જુઓ! બોલતાં કેવી રીતે શીખવું તે માટેનો એક બાળકનો સંઘર્ષ એ દૃઢ નિશ્ચય અને ખંતનું મહાકાવ્ય હોય છે.

સડબરી વેલીમાં વાચનની બાબતે પણ આ જ બને છે. જ્યારે બાળકોને તેમના પોતાના સ્રોતો પર છોડી દેવામાં આવે છે, ત્યારે છેવટે તેઓ જાતે જુએ છે કે આપણા વિશ્વમાં, લેખિત શબ્દ એ જ્ઞાનના ભંડારની જાદુઈ કૂંચી છે. જ્યારે તેમની જિજ્ઞાસા છેવટે તેમને એ કૂંચી મેળવવા તરફ દોરી જાય છે, ત્યારે તેઓ તેની પાછળ એ જ તાન-ઉત્સાહથી લાગી જાય છે, જે ઉત્સાહથી તેઓ પોતાની બીજી લગનીઓ પાછળ લાગ્યાં હોય છે.

અને તેમના માટે બોલતાં શીખવા કરતાં વાંચતાં શીખવું ઘણું વધુ સહેલું હોય છે. તે મોટાં હોય છે અને નવી વસ્તુઓ શીખવામાં વધુ અનુભવી હોય છે. તેમને ભાષા એટલે શું, તે કેવી રીતે કામ કરે છે, શબ્દો શું છે – વગેરે ખબર હોય છે. વાંચતાં શીખવા માટે બોલતાં શીખવામાં લાગેલા સમય અને પ્રયાસના એક નાનકડા ભાગની જ જરૂર પડે છે.

લખવાની બાબત વળી જરા જુદી છે.

ઘણાં બધાં બાળકો ખાલી લખવાનું જ શીખવા નથી ઇચ્છતાં, પરંતુ સુંદર રીતે લખતાં શીખવા માગે છે. એ સૌંદર્યદૃષ્ટિની બાબત છે. એટલે તેઓ સરસ રીતે લખવાની કળા શીખવા માટે કોઈકની પાસે જાય છે. એ તેમને મન ચિત્ર દોરવા અથવા ભરતકામ જેવું છે.

લખવાની બાબતને સૌંદર્યદૃષ્ટિ સાથે જોડાયેલા કૌશલ્ય તરીકે જોવાથી કેટલીક વખત ખરેખરી વિચિત્રતાઓ સર્જાય છે. સુંદર અક્ષરોમાં લખતાં શીખવામાં કલાકોના કલાકો ગાળતાં નાનાં બાળકોનું દૃશ્ય અહીં અસામાન્ય નથી. પણ વિચિત્ર એ છે કે તેમાંનાં અડધાને વાંચતાં આવડતું હોતું નથી!

હું ઘણીવાર પૂછું છું, "તને વાંચતા આવડતું નથી તો તું કેલિગ્રાફી શા માટે શીખે છે?"

જવાબ મળે છે, "કારણ કે એ સુંદર છે."

કેટલાંક બાળકો એક કળા તરીકે લખતાં શીખે છે. પછી આગળ વધતાં કોઈક બીજી વસ્તુમાં પરોવાય છે અને તેને ભૂલી જાય છે. થોડાં વર્ષો પછી તે વાંચતાં શીખે છે અને ફરી એકડે એકથી લખતાં શીખે છે!

જો કે મને લાગે છે કે આ પુનરાવર્તન ઇચ્છવા-જોગ છે. સડબરી વેલીમાં, ક્યારેય એક પણ બાળકને વાંચતાં શીખવા માટે દબાણ કરવામાં આવતું નથી, તે તરફ તેને ધકેલવામાં આવતું નથી, તેને આજીજી કરવામાં આવતી નથી, તેને પટાવવામાં આવતું નથી અથવા તેને તેમ કરવા માટે લાલચ આપવામાં આવતી નથી. અમારે ત્યાં વાંચન-અક્ષમતા(ડિસ્લેક્સિયા)નો એક પણ કિસ્સો થયો નથી. ન તો અમારા કોઈ સ્નાતકો વાસ્તવિક રીતે અથવા કાર્યાત્મક રીતે નિરક્ષર છે. તમને અહીં કેટલાંક આઠ વર્ષનાં બાળકો, કેટલાંક દસ વર્ષનાં બાળકો, અને ક્યારેક બાર વર્ષનું બાળક નિરક્ષર મળી શકે. પણ તેઓ અહીંથી પ્રયાણ કરે ત્યાં સુધીમાં, તે ભેદ પાડી શકાય તેવાં રહેતાં નથી. અમારા મોટા વિદ્યાર્થીઓને મળતી કોઈ પણ વ્યક્તિ ક્યારેય અંદાજો લગાવી શકતી નથી કે તેઓ કઈ ઉંમરે સૌ પ્રથમ વાંચતાં-લખતાં શીખ્યા હશે.

૬

માછલી પકડવી

દર વર્ષે જૂનની શરૂઆતમાં જ્હોન પોતાના દીકરા વિશે મારી સાથે વાતચીત કરવા માટે શાળાએ આવતો. જ્હોન એક સૌમ્ય, બુદ્ધિશાળી માણસ હતો, અને શાળામાં આવતા તેના દીકરા ડૅનનો હૃદયથી સમર્થક હતો.

પણ જ્હોનને ચિંતા પણ થતી. માત્ર થોડીક ચિંતા. વર્ષમાં એકવાર પુનઃઆશ્વાસિત થવા આવવું પડે એટલી ચિંતા.

મુલાકાત વખતની અમારી વાતચીત નીચે પ્રમાણે રહેતી-

જ્હોનઃ "હું આ શાળાની ફિલસૂફી જાણું છું અને તેને સમજું છું. પણ મારે તમારી સાથે વાત કરવી જ પડે તેમ છે. હું ચિંતામાં છું."



હું: "શું સમસ્યા છે?" (અલબત્ત, હું જાણતો હતો, અમે બંને જાણતા હતા. પણ અમારી વાતચીતની આ એક વિધિ હતી, કારણ કે અમે બંને દર વર્ષે આ જ વસ્તુ કહીએ છીએ, લાગલગાટ પાંચ વર્ષ સુધી.)

જ્હોન: "ડૅન શાળામાં બધો વખત બસ માછલી પકડતો રહે છે."

હું: "સમસ્યા શું છે?"

જ્હોન: "આખો દિવસ, દરરોજ, પાનખર, શરદ, વસંત. તમામ વખત એ માત્ર માછલી પકડવામાં રત રહે છે."

હું તેની સામે જોઉં છું અને તેના આગળના વાક્યની રાહ જોઉં છું. એ જ મને મારો સંકેત આપશે.

જ્હોન: "એ કશું જ શીખશે નહીં એની મને ચિંતા છે. એ મોટો થઈ જશે ત્યારે એક દિવસ તેની આંખ ઊઘડશે ને તેને એકેય વસ્તુ આવડતી નહીં હોય."

આ તબક્કે આવે છે મારું નાનકડું વકતવ્ય, જે સાંભળવા માટે જ એ આવ્યો હોય છે. હું શરૂઆત કરું છું: "તેમાં કશો વાંધો નથી. ડૅન ઘણું બધું શીખ્યો છે. સૌથી પહેલાં તો, તે માછલી પકડવામાં નિષ્ણાત બની ગયો છે. હું જાણતો હોઉં તેવી બીજી કોઈ પણ- અલબત્ત તેની ઉંમરની બીજી કોઈ પણ વ્યક્તિ કરતાં તે માછલી વિશે ઘણું વધુ જાણે છે – માછલીની જાતિઓ, તેમની વસાહતો, તેમની વર્તણૂક, તેમનું જીવવિજ્ઞાન, તેમના ગમા-અણગમા વગેરે. કદાચ એ એક મોટો માછીમાર બને. કદાચ એ મોટો થઈને આવતું "કૉમ્પલીટ ઍંગલર" લખે."

મારા વકતવ્યના આ ભાગ સુધી હું પહોંચું, ત્યારે જ્હોન સહેજ વ્યાકુળ જણાય. તે વર્ગ-દંભી નહોતો. પરંતુ માછલી પકડવાના ક્ષેત્રે પોતાનો દીકરો એક આગળ પડતો જાણકાર હોય તેવું ચિત્ર તેને કોણ જાણે કેમ માનવા જેવું નહોતું લાગતું. મારા મૂળ વિષય પર આવવા માટે, હું આગળ બોલવાનું ચાલુ રાખું છું.

"મોટા ભાગે, મારા મતે ડૅન બીજી વસ્તુઓ પણ શીખ્યો છે. કઈ રીતે એક વિષય પર પકડ બનાવી રાખવી અને તેને હાથમાંથી ન જવા દેવો તે તે શીખ્યો છે. ભલે પોતાની રસરુચિ ગમે તેટલી ઉત્કટ કેમ ન હોય અને તે એને જ્યાં પણ દોરી જવાની હોય, પોતાની ખરેખરી રસરુચિને અનુસરવા માટે મળતી સ્વતંત્રતાનું મૂલ્ય કરતાં શીખ્યો છે. અને તે કેવી રીતે ખુશ રહેવું તે શીખ્યો છે."

હકીકતમાં, ડૅન શાળાનો સૌથી ખુશહાલ બાળક હતો. તેનો ચહેરો હંમેશાં હસતો રહેતો અને તેવી જ રીતે તેનું હૃદય પણ. દરેક જણ, નાનું અને મોટું, છોકરો કે છોકરી – બધા જે ડૅનને ચાહતાં હતાં.

હવે મારું વકતવ્ય તેના અંત ભાગ તરફ આવ્યું હતું. "આ બાબતો કોઈ તેની પાસેથી છીનવી શકશે નહીં," મેં કહ્યું, "ક્યારેક, કોઈક વર્ષે, જો તે માછલી પકડવામાંથી રસ ગુમાવી દેશે, તો તે આ જ કક્ષાનો પ્રયાસ કોઈક બીજા ક્ષેત્રને સર કરવા માટે કરશે. માટે ચિંતા ન કર."

જ્હોન ઊભો થાય છે, હૃદયપૂર્વક મારો આભાર માને છે અને જતો રહે છે. આવતા વર્ષ સુધી. તેની પત્ની ડૉન, ક્યારેય તેની સાથે આવતી નથી. તે સડબરી વૅલીથી ખુશ છે, કારણ કે તેનું બાળક આનંદથી ઝગમગતું રહે છે.

પછી એક વર્ષે જ્હોન અમારા સંવાદ માટે આવ્યો નહીં.

ડૅને માછલી પકડવાનું છોડી દીધું હતું.

પંદર વર્ષની વયે, તે કમ્પ્યૂટરના પ્રેમમાં પડ્યો. તે સોળ વર્ષનો થયો ત્યાં સુધીમાં તે એક સ્થાનિક પેઢી માટે સેવા-નિષ્ણાત તરીકે કામ કરવા લાગ્યો હતો. સત્તર વર્ષનો થયો ત્યારે, તેણે પોતાના બે મિત્રો સાથે મળીને કમ્પ્યૂટર વેચાણ અને સર્વિસ ક્ષેત્રે તેમની પોતાની એક સફળ કંપની ઊભી કરી દીધી હતી. અઢાર વર્ષ સુધીમાં, તેણે પોતાનો શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યો અને કૉલેજમાં કમ્પ્યૂટર્સ ભણવા ઊપડી ગયો. તેણે પોતાના ટ્યૂશન અને બીજા ખર્ચાઓ માટે પૂરતા પૈસા બચાવ્યા હતા. કૉલેજના તમામ વર્ષ દરમ્યાન, તે હનીવૅલમાં બહુમૂલ્ય નિષ્ણાત તરીકે રોજગાર પર હતો.

માછલી પકડવાનાં પોતાનાં આટલાં બધાં વર્ષો દરમ્યાન ડૅન જે શીખ્યો તે તે ક્યારેય ભૂલ્યો નહીં.

માછલી પકડવાનાં વિસ્મયો અને સૌંદર્ય વિશે ઘણા લોકોએ થોથાંઓનાં થોથાં લખ્યાં છે. અમે શાળામાં એ અમારી નજર સામે જોયાં છે. બાળકોને માછલી પકડવાની પ્રવૃત્તિ ગમે છે. તે હળવાશ પ્રેરતી અને પડકારજનક પ્રવૃત્તિ છે. વરસાદ હોય કે તાપ – તે બહાર કરવાની પ્રવૃત્તિ છે. શાળાના બંધ-સરોવરના કાંઠે ઊભા હો, ત્યારે તમે વૃક્ષોનાં પાંદડાંઓના હળવા અવાજ, હળવા રાખોડી ગ્રેનાઇટ મકાનો, અને બંધ નીચેથી નીકળતાં ધસમસતાં પાણીના પ્રવાહથી ઘેરાયેલા હો છો. માછલી પકડવા આવતાં મોટા ભાગનાં બાળકો આ સૌંદર્યને જુએ છે. અને તે સઘળાં તેને અનુભવે છે.

માછલી પકડવાની પ્રવૃત્તિ સામાજિક છે. બાળકો મિત્રો સાથે માછલી પકડે છે, અથવા તેમના મોટેરાઓ પાસેથી શીખે છે. દર વર્ષે અમે માછલી પકડવાનાં દોરી-કાંટો પકડવાનું શીખવા મથતાં પાંચ અને છ વર્ષનાં બાળકોની નવી પેઢી જોઈએ છીએ.

માછલી પકડવાનું અસામાજિક (એટલે કે જૂથરહિત) પણ હોઈ શકે છે. તમે ઇચ્છતા હો, તો તમે એકલા પણ રહી શકો. કોઈ તમને હેરાન કરશે નહીં. એ એક વણલખ્યો નિયમ છે. ઘણી વખત કોઈ એક સળિયો અને ફરકડી લઈને આખા દિવસ માટે નીકળી પડે છે – માત્ર એકલા રહેવા માટે, વિચારવા માટે, મનન કરવા માટે.

માછલી પકડવાની પ્રવૃત્તિ ઘણી બધી રીતે, શાળા જીવનનો એક મહત્ત્વનો હિસ્સો છે. મને ઘણી વખત વિસ્મય થાય છે કે એક સરોવર ધરાવતું સંકુલ શાળા માટે મેળવવામાં અમે કેટલા નસીબદાર છીએ.

ડૅન અને જ્હોન સાથેનો મારો આ અનુભવ શાળાના શરૂઆતના દિવસોમાં થયો હતો. આ અનુભવે મને શાળા વિશે અને તેના અર્થ વિશે વિચારતો કરી મૂક્યો. એટલે જ્યારે મારા સૌથી નાના દીકરાએ દિવસભર માછલી પકડવાનું શરૂ કર્યું ત્યારે હું તદ્દન સ્વસ્થ રહ્યો. તે શું છે તે હું જાણતો હતો.

અને મને ખબર હતી કે તેને ખબર છે કે તે શું કરી રહ્યો છે.

૭

નોઆનો આર્ક

શાળા માટે અમે જે મકાનો અમે ખરીદ્યાં તેમાં તબેલા અને એક ગાડી-ઘરવાળું ગભાણ સામેલ હતાં તે અમને મળેલો વધારાનો લાભ છે તેવું અમે વિચારતા હતા. એ સુંદર હતાં અને પશુપાલન માટે ઉપયોગમાં લઈ શકાય તેમ હતાં.

આખી વાતની શરૂઆત અલબત્ત પૂરતી નિર્દોષતાથી થઈ હતી. આ વિસ્તારમાં નામના ધરાવતાં, મૉલી નામનાં એક ઘોડેસવાર બહેને પૂછ્યું કે શું તે અમારા તબેલાનો ઉપયોગ કરી ઘોડેસવારી શીખવી શકે? અમને આ બાબતે સહેજે ખચકાટ નહોતો. જો કે કલાકોની ચર્ચા પછી અમે સમજદારીભરી શરતો પર સહમત થઈ શક્યાં હતાં. જ્યારે જુલાઈ 1, 1968ના શાળા ખૂલી, ત્યારે સહેજ વધારાની ફી લઈને અમે ઘોડેસવારીના પાઠ આપવાનો પ્રસ્તાવ રાખ્યો હતો.

બીજી જુલાઈના અમને ખબર પડી કે મૉલી પોતે જ ગાડીઘરમાં રહેવા આવી ગયાં છે – પોતાના તમામ સરસામાન સાથે. તેમની પાસે રહેવા માટે બીજી કોઈ જગ્યા જ નહોતી! ત્યાં ન તો બાથરૂમ હતું અને ન તો રસોડું હતું, એટલે અમારા મનમાં શંકાઓ ઊભરવા લાગી.

ઘોડાઓને તબેલામાં રાખવામાં આવ્યા. અહીં તેમને સ્વચ્છ રાખવા માટે કોઈ દેખીતી જોગવાઈ કરવામાં આવી નહોતી. દિવસો વીતતા ગયા તેમ, ઘોડારની દીવાલો પર ઘોડાની લાદનો પહાડ ઊંચો જતો ગયો. વાંધો આ પહાડનો નહોતો, પરંતુ તે સ્વાસ્થ્ય અને અગ્નિ સંબંધિત નિયમો સાપેક્ષે વાંધાજનક હતો.

પ્રારંભના દિવસોમાં, અમારા માટે આ ઓછામાં ઓછી ચિંતાનો વિષય હતો. અમારા મોટા ભાગના વિદ્યાર્થીઓ ઘોડા અને હિપો (જળઘોડા) વચ્ચે ભેદ પારખી શકતા નહોતા તે દયાજનક સ્થિતિ હતી. મૉલી માટે બે છેડા ભેગા કરવાનું અઘરું બનતાં, થોડા જ વખતમાં તે અહીંથી વિદાય થઈ ગયાં હતાં.

પરંતુ તેમણે આપેલો વારસો આગળ વધ્યો.

વિલ્સન ટાબરિયાંઓએ કહ્યું, "તબેલા અને ગભાણમાં અમે ઘેટાં ઉછેરવાં માગીએ છીએ." જ્યાં નિર્ણયો લેવાય છે તે શાળા-સભા સમક્ષ તેઓ પોતાની વાત જુસ્સાપૂર્વક મૂકી રહ્યાં હતાં. અમે વિચારી શકાય તેટલા તમામ વાંધાઓ વિચારવાની કોશિશ કરી.

અમે કહ્યું, "તમારે શનિ-રવિની અને અન્ય રજાઓમાં તેમની સારસંભાળ રાખવી પડશે."

જવાબ મળ્યો, "કંઈ વાંધો નહીં." ત્રણ છોકરાઓ અને એક છોકરી એમ તેઓ કુલ ચાર જણ હતાં. તેઓ કામને વહેંચી લેવા તૈયાર હતાં.

અમે દલીલ કરી, "તમે ઘેટાં ઉછેરવા વિશે કંઈ જાણતા નથી."

"આ સાચું નથી. અમે તેના વિશે વાંચ્યું છે અને અમે કોઈક બીજાને તેનાં ઘેટાં ઉછેરવામાં મદદ પણ કરી છે. હવે અમે અમારાં પોતાનાં ઘેટાં ઉછેરવા માગીએ છીએ. અમારાં મધર અમને મદદ કરશે." મધર શાળાનાં એક શિક્ષિકા હતાં.

અમે વિચાર્યું – ઓહ, ઠીક છે. આ એક વાજબી શૈક્ષણિક વિનંતી છે.

શીખવાનું તો ઘણું બન્યું એમાં કોઈ શંકાને સ્થાન નથી. સાથે સાથે બીજું પણ ઘણું બધું બન્યું. શાળામાં નવો પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે અમારાં સુંદર મેદાનોનો ઉપયોગ કરવો ઓછો આનંદદાયક અનુભવ બન્યો, કારણ કે જ્યાં જુઓ ત્યાં ચારેબાજુ ઘેટાંની લીંડીઓ વેરાયેલી જોવા મળતી. વિલ્સન ટાબરિયાંમાંથી કોઈ એક - અથવા તો તેમણે મેળવેલા ઘણા બધા ઉત્સાહી

મદદનીશોમાંથી કોઈ એક, ઘેટાંને ફરવા માટે લઈ જતાં, ત્યારે ત્યારે એ વહાલુડાં પ્રાણીઓ પોતાની આ નિશાનીઓ છોડી જતાં હતાં. કોઈ દુર્ગંધ નહોતી. પરંતુ ત્યાં બેસીને મિત્રો સાથે વાત કરવાનું તમને ગમે એવું તો નહોતું જ.

વળી એમાં ઉમેરાયા ઘેટાં છૂટી જવાના બનાવો. ઘેટાં એકદમ જીવંત, સ્ફૂર્તિલાં અને ધારે તે કરવા મક્કમ હોય છે. કોઈક રીતે, અઠવાડિયામાં એકાદ વખત તો તેઓ છટકવા માટે છીંડું શોધી જ કાઢતાં. જો કે હવે જ્યારે હું પાછો વળીને એ બનાવો યાદ કરું છું ત્યારે તે હંમેશાં સંયોગવશાત્ જ હતા તેવું હું પૂરેપૂરી ખાતરી સાથે કહી શકતો નથી. ઘેટાં છટકવાના આ બનાવો શાળામાં આહ્લાદક ભાગદોડનું કારણ બનતા. દરેક જણ તેમને પાછા પકડી લાવવા માટે દોડી પડતું અથવા તો કોઈક બીજાને તેમ કરતાં જોઈ રહેતું. ઘણી બધી બૂમાબૂમ, દોડાદોડી અને હોંકારા-પડકારા પછી કામ પૂરું થતું. ક્યારેક તેમાં પાડોશની મિલકતમાં પણ ખલેલ પહોંચતી. અમારી જાહેર છબિ સુધારવામાં આ બનાવોએ ભાગ્યે જ કંઈક (સારો!) ફાળો આપ્યો હશે.

વખત જતાં, વિલ્સન ટાબરિયાં ઘેટાંથી કંટાળી ગયાં. અલબત્ત અમે બધા કંટાળી ગયા તેના ઘણા લાંબા સમય પછી.

પછી વારો આવ્યો સસલાંઓનો.

તેમણે કહ્યું, "અમે ધંધાદારી રીતે સસલાં-ઉછેર કેવી રીતે કરાય તે શીખવા માગીએ છીએ." આ વખતે આ માગણી ત્રણ વિલ્સન છોકરાઓ અને તેમના મિત્ર ઍન્ડીએ કરી હતી. તેઓ વિલ્સન ટોળકી તરીકે ઓળખાયા.

હારીથાકીને, અમે અમારા તમામ જૂના વાંધાવચકાઓને પાછા ખેંચ્યા. તેમનો કોઈ અર્થ નહોતો. અમને ખબર હતી કે અમે હારી ગયા છીએ.

તેઓ પશુઓની સંભાળ રાખી શકે છે તેમ તેમણે સાબિત કરી આપ્યું હતું. સસલાંઓને પાંજરામાં રાખવામાં આવશે – એટલે છૂટી જવાનો પ્રશ્ન નહોતો. જો કે અમને ખબર હતી કે આ વખતે પશુઓ છટકવાના બનાવો નહીં બને, કારણ કે છટકી ગયેલું સસલું ભાગ્યે જ પાછું પકડી શકાય છે.

ગભાણને સસલાં-ઘરમાં ફેરવી નાખવામાં આવી. વિલ્સન ટોળકી સસલાંથી થાકી ત્યાં સુધી આ સાહસ ચાલ્યું.

અમુક પ્રસંગોએ, પોતાના પશુઓ પ્રત્યેનું વિદ્યાર્થીઓનું સમર્પણ તેમને વીરરસ મઢ્યાં સાહસો કરવા તરફ દોરે છે. દાખલા તરીકે, '75ના સખત બરફીલા વાવાઝોડાનો દિવસ. સડકો પરથી પસાર થઈ શકાય તેમ નહોતું, શાળાઓ અને ઉદ્યોગ-ધંધા બંધ હતાં. માર્ગી એ દિવસે ક્રિસ અને ઍમીને તેમના પશુઓની સંભાળ લેવા માટે લઈ જઈ શકે તેવો સવાલ જ ઉદ્‌ભવતો નહોતો.

તેમણે આજીજી કરી, "પ્લીઝ મમ્મી, ઘેટાંઓને ચારોપાણી નાખવા જરૂરી છે."

માર્ગીએ જવાબ આપ્યો, "હું તમને લઈ જઈ શકું તેમ જ નથી. ગાડી સડક પર બહાર કાઢવી જ ન ઘટે."

વધુ ખટપટમાં પડ્યા વિના, તેમાંના બે જણ ભરતોફાનમાં સાત માઈલનો રસ્તો કાપીને શાળાએ પહોંચવા નીકળી પડ્યાં. ઘેટાંઓને પ્રેમથી ખવડાવ્યું-પીવડાવ્યું અને છ કલાક પછી ક્રિસ અને ઍમી પોતાની ચિંતાતુર માતા પાસે પાછાં ફર્યાં.

ત્યારબાદ ગભાણમાં નવેસરથી સુધારાવધારા કરવામાં આવ્યા છે અને પશુઓ રાખવા માટેના ખૂંટા/આડાશો દૂર કરવામાં આવી છે. છતાં હજી તબેલો છે. હજી પણ શાળામાં ઘોડાઓ ઉછેરવાનું શક્ય છે અને વખતોવખત ચોક્કસ જ કોઈક વિદ્યાર્થીઓ તેની પર પોતાનો હાથ અજમાવશે. બાળકોને મન પશુઓનું આકર્ષણ સંપૂર્ણપણે ઓસરી જાય ત્યાં સુધી તો આમ બનતું જ રહેશે.

૮

રસાયણશાસ્ત્ર

વખત જતાં છેવટે તો હંમેશાં જે-તે વસ્તુઓની ફૅશન જતી જ રહેતી હોય છે.

હું યુવાન હતો ત્યારે, મારી આડોશપાડોશની દરેક પ્રતિભાવાન વ્યક્તિ હંમેશાં કોઈ રસાયણશાસ્ત્રી જ નીકળતી. તેમના ભોંયરામાં પ્રયોગશાળાઓ હોય અને પોતાનો મોટા ભાગનો સમય તેઓ ત્યાં જ વ્યતીત કરતા હોય. વખતોવખત અમને કોઈ યુવાન ગાંડા વિજ્ઞાનીએ ખોટા દ્રાવણોની ભેળસેળ કરી દીધી હોવાથી આગ લાગ્યાની અથવા તો વિસ્ફોટ થયાની વાત સાંભળવા મળતી હતી.

સાઠના દાયકાના ઉત્તરાર્ધ સુધીમાં, આ પ્રકારની વાતોને કેન્દ્રસ્થાન મળવું બંધ થયું. શાળામાં શિક્ષક તરીકે અમારી પાસે એક અનુભવી રસાયણશાસ્ત્રી, હેના હતાં, છતાંય રસાયણશાસ્ત્રની એવી માંગ અહીં ક્યારેય જોવા મળી નહોતી.

શાળાની શરૂઆત અમે રસાયણશાસ્ત્રની પ્રયોગશાળા વિના જ કરી હતી. અને વર્ષો સુધી એમ જ રહ્યું હતું.

પછી એક દિવસ, કેટલાક વિદ્યાર્થીઓને રસાયણશાસ્ત્રનું ઘેલું લાગ્યું. હવે કંઈક તો કરવું જ પડે તેમ હતું.

એ ગાળામાં કોઈ પણ વસ્તુ પાછળ પૈસાનું રોકાણ કરવા માટે અમારી પાસે ભાગ્યે જ કોઈ જોગવાઈ હતી. 70ના દાયકાની શરૂઆતનો એ ગાળો હતો અને અમે પૂરી તાકાતથી સંઘર્ષ કરી રહ્યા હતા. પ્રયોગશાળાનાં સાધનો-ઉપકરણોની કિંમત જોતાં તેના વિશે વિચારવાનો કોઈ પ્રશ્ન જ નહોતો. દરેક બીજી શાળા જે કરતી હોય છે તે કરવા જઈએ તો શાળા ખોલી તે દિવસથી લઈને અમે બીજી તમામ વસ્તુઓ પાછળ જેટલો ખર્ચો કર્યો હતો તેના કરતાં આ પ્રયોગશાળાનો ખર્ચ વધી જાય તેમ હતો.



આ શાળા સાથે જોડાતાં પહેલાં હેનાએ એમ.આઈ.ટી. ખાતે એક જીવ-રસાયણશાસ્ત્રી તરીકે કામ કર્યું હતું. તેઓ ત્યાં અને અન્ય વિશ્વ વિદ્યાલયોમાં મિત્રો ધરાવતાં હતાં. તેમનાં આ જૂનાં કાર્યસ્થળોમાં કઈ રીતે કામ થતું તે તેમને યાદ આવ્યું. દર વર્ષે, લોકો નવા પ્રોજેક્ટ હાથ ધરતા – હંમેશાં ઢગલાબંધ ચકચકતાં નવાં સાધનો સાથે. દર વર્ષે, ટનબંધ જૂનાં સાધનો અને રાચરચીલું કબાડીખાને મોકલવામાં આવતું.

તેમણે આ "ભંગાર" પાછળ પડવાનું નક્કી કર્યું, જેમાંનાં મોટા ભાગનાં સાધનો એકદમ નવાનક્કોર સાધનો જેટલાં સારાં હોય છે. ધીરજપૂર્વક એક હાથમાં પોતાની આવશ્યકતાઓની યાદી લઈને, હેનાએ વિવિધ રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન વિભાગોમાં સંપર્ક કર્યો. થોડાં જ અઠવાડિયાંમાં, તેમની પાસે તેમને જોઈતી એકેએક વસ્તુ હાજર હતી.

શાળાના બજારને ધ્યાનમાં રાખીને બનાવાયેલી આ શૈક્ષણિક પ્રતિકૃતિઓ નહોતી. દરેક વસ્તુ વ્યાવસાયિક ગુણવત્તા ધરાવતી હતી: પ્રયોગશાળાનાં ટેબલો, સિન્ક, કબાટો, કાચનાં સાધનો, માઈક્રોસ્કોપ, ખુરશી વગેરે. અમે માત્ર એક અગ્નિશમન ઉપકરણ, આગથી બચવાનો ધાબળો અને છત્ર બાંધવા માટે થોડુંક લાકડું, એક પંખો અને તોફાનથી બચવા માટેની બારી – આટલું ખરીદ્યું હતું. એવું નહોતું કે અમને તૈયાર છત્ર મળી શકે તેમ નહોતું, વાત માત્ર એટલી હતી કે જેટલાં છત્ર મળી શકે તેમ હતાં તે તમામ અમારા કમરા માટે વધુ પડતાં મોટાં હતાં.

બધા સાજસામાન સાથેની પ્રયોગશાળા ઊભી કરતાં થોડાક મહિનાઓ લાગ્યા. અહીંના સ્થાનિક ઇન્સ્પેક્ટરે (તપાસનીશે) તેને પોતાના આશીર્વાદથી નવાજી, તે પછી તે વપરાશ માટે તૈયાર હતી.

હજી પણ, આ દિવસોમાં રસોયણશાસ્ત્ર એટલું લોકપ્રિય નથી. દર વર્ષે, તેમાં માત્ર થોડુંક જ કામ થાય છે, પણ જે થાય છે તે અદ્દાથી થાય છે.

તમામ રાસાયણિક પ્રયોગો કંઈ હંમેશાં પ્રયોગશાળામાં જ કરવામાં આવતા એવું નહોતું.

એક દિવસ હું શાળામાં પ્રવેશ્યો અને મને કંઈક વિચિત્ર ગંધ આવી. એ શું છે એ હું બહુ સમજી ન શક્યો, કારણ કે એ ચોક્કસ ગંધ આ અગાઉ મેં ક્યારેય અનુભવી નહોતી. એ આછીપાતળી ગંધ હતી અને એ ભોંયરામાંથી આવી રહી છે તેમ મને લાગ્યું.

મેં આસપાસમાં તેના વિશે પૂછ્યું. મારા સિવાય કોઈ બીજાને પણ કંઈક વિચિત્ર ગંધ આવે છે? ના, કોઈને નથી આવતી. થોડાક લોકો બેચેન હતા. હું પ્રવેશ્યો ત્યારે આસપાસ ભમ્યા કરતી વિલ્સન ટોળકીએ છત તરફ જોયું અને પોતાનો મલકાટ છુપાવવાનો યત્ન કર્યો.

મારા માટે આટલો ઈશારો પૂરતો હતો. મેં વિચાર્યું, કંઈક નવું રંધાઈ રહ્યું હોય એમ લાગે છે. અને ખરે જ જે રંધાઈ રહ્યું હતું તે બહાર આવ્યું.

ભોંયરાના પાછળના ભાગે, નજરમાં ન આવે એટલે દૂર તેમણે એક મિથેન પ્લાન્ટ ઊભો કર્યો હતો!

સિત્તેરના દાયકાનો મધ્યભાગ ચાલી રહ્યો હતો. આખો દેશ અને વિશ્વ ઊર્જાની મહા-કટોકટીમાંથી પસાર થઈ રહ્યાં હતાં. જ્યાં જુઓ ત્યાં, લોકો વૈકલ્પિક ઊર્જા સ્રોતો વિશે વાત કરતા હતા: જળ શક્તિ, સૌર શક્તિ, મોજાંની શક્તિ – અને કચરાની શક્તિ. અને જ્વલનશીલ વાયુ પેદા કરવા માટે પ્રાણીઓની હગાર કરતાં વધુ અસરકારક માત્ર ગણતરીની વસ્તુઓ જ હતી.

હું હંમેશાં વિચારતો રહેતો કે તેમના સસલાં-સાહસમાંથી નીકળતા કચરાનું આ વિલ્સન ટોળકી શું કરતી હશે. હવે મને જવાબ મળી ગયો. અત્યંત ધીરજપૂર્વક, એક એક ટુકડો ભેગો કરીને તેમણે થોડાં અઠવાડિયાંની મહેનતે એક ગૅસ જનરેટર બાંધ્યું હતું. આથો લાવવાની ટાંકીમાં સસલાંઓની હગારને રાંધવામાં આવતી, અને તેમાંથી છૂટો પડતો મિથેન વાયુ ટાંકીઓમાં એકત્ર થતો. બધું જ એકદમ સીધુંસરળ હતું. સસલાંઓનાં લીંડાંની હળવી ગંધ જો શાળામાં પ્રસરવી શરૂ ન થઈ હોત, તો આ સાહસ કદાચ મહિનાઓ સુધી ચાલ્યું હોત.

વિલ્સન ટોળકીએ પોતે જે કરી રહ્યા હતા તે કોઈનાથી છુપાવ્યું હતું એવું નહોતું. સ્થાનિક તપાસકર્તાઓ સાથે શાળાના સંબંધો સાચવવાનું જેમને હસ્તક હતું તે ડૅવિડ પાસેથી તેમણે પરવાનગી માગી હતી. ડૅવિડ રસાયણશાસ્ત્રી નહોતા. વિલ્સન ટોળકીએ તેમને કહેવું હતું તે બધું જ કાળજીપૂર્વક વિગતવાર કહ્યું હતું. અમે ડૅવિડને દોષ દઈ શકીએ તેમ નહોતા. શું એ માત્ર જોગાનુજોગ હતું કે વિજ્ઞાની તાલીમ પામેલ સ્ટાફના એકેય સદસ્યની આમાં સલાહ લેવામાં આવી નહોતી?

મિથેન પ્લાન્ટ ઊર્જાનો કેટલો શક્તિશાળી સ્રોત બની શકે છે તે જાણવાની અમને તક મળે તે પહેલાં જ એ મિથેન પ્લાન્ટને દૂર કરવામાં આવ્યો હતો.

૯

રહીશું અમે હંમેશાં શોધમાં રચ્યાપચ્યા

આ મિથેન પ્લાન્ટ માટેની સાધનસામગ્રી સડબરી ટાઉન ડમ્પ(સડબરી નગર કબાડીખાના)માંથી મેળવવામાં આવી હતી. એ જ રીતે વર્ષો સુધી ઉપયોગમાં આવેલાં વીજળીથી ચાલતાં ઘાસ કાપવાનાં ચાર મશીનો માટેની સામગ્રી પણ ત્યાંથી જ એકઠી કરવામાં આવી હતી. એ જ રીતે સાઇકલો, ગાડીઓ, ગોલ્ફ કાર્ટ અને બીજો કેટલોક મિશ્ર સાજસરંજામ – જેને ઉદ્યમી છોકરાઓએ એકસાથે બેસાડ્યો હતો. દર અઠવાડિયે, વિલ્સન ટોળકી અને તેના મિત્રો કબાડીખાનામાં આવેલાં નવીનતમ સંપાદનોને જોવા માટે પોતાને સાથે લઈ જવા હેનાને ખૂબ આગ્રહ કરતા.

તે આત્યંતિક પગલું હતું, પરંતુ આ ખ્યાલ મૂળે સડબરી વેલીની ચાલી આવતી પરંપરામાંથી જ પાંગર્યો છે. જ્યારે વાપરી શકાય તેવો આટલો બધો સારો માલસામાન ઉપલબ્ધ હોય, અને તે પણ

મફતમાં, ત્યારે શાળાઓએ હંમેશાં નવાં રાચરચીલાં પાછળ આટલો બધો ખર્ચો શા માટે કરવો પડે છે એ અમે કદી સમજી શક્યા નથી.

શાળા ખોલતાં પહેલાં, અમારે આ મકાનમાં જરૂરી સરસામાન, ફર્નિચર લાવવાનું હતું. મહદ્ અંશે, અમારે ઘરનું ફર્નિચર જોઈતું હતું: ટેબલો, ખુરશીઓ, સોફા, લેમ્પ, જાજમો. એટલે અમે અમારા મર્યાદિત નાણાંભંડોળને ધ્યાનમાં રાખીને આ વિસ્તારની વપરાયેલા ફર્નિચરની દુકાનો ફંફોસવામાં લાગી ગયા.

એકધારી નિરાશાઓ પછી, એક દિવસ અમે સાઉથ ફ્રામિંગહામના લોઉસમાં પહોંચ્યા. અમે કોણ છીએ અને અમારે શું જોઈએ છીએ તે અમે તેમને જણાવ્યું.

તેમણે કહ્યું, "મારા માનવામાં નથી આવતું, તમે તમારું મકાન ખરીદ્યું એના બસ છ જ મહિના પહેલાં, તેના જૂના માલિકો મારી પાસે આવ્યા હતા અને તેમણે મને લગભગ આખો વાડો ભરાઈ જાય તેટલા વિશાળ જથ્થામાં પોતાના સુંદર, જૂનાં ફર્નિચરને ખરીદવા કહ્યું હતું. તે બહુ સસ્તામાં ગયું... જો તે મળ્યું હોત તો તમારે બીજાં દસ વર્ષ કશું જોવું ન પડ્યું હોત." લૉવને અમારા માટે દુ:ખ થયું. અમે માયૂસ થયા. એ દિવસથી તે અમારા મુખ્ય સપ્લાયરોમાંના એક બન્યા અને જેમ જેમ તેમની વખારમાં વર્ષ દર વર્ષ માલસામાન આવતો ગયો તેમ તેમ તે અમને ટુકડે ટુકડે વેચતા ગયા.

અમને જે કંઈ મળ્યું તેમાંથી મોટા ભાગનું મફત મળ્યું. પોતાનું ઘર નવેસરથી બનાવતાં માતાપિતાઓએ તેમનાં વપરાયેલાં સોફા અને જાજમ આપ્યાં. એક દિવસ, એલન વ્હાઈટ પોતાના બાંધકામના પ્રોજેક્ટ પરથી પાછો ફર્યો – ત્યાં તે એક ઍપાર્ટમેન્ટ-હાઉસની પરસાળને ફરીથી ગોઠવી-સજાવી રહ્યો હતો. આ સ્થળ પરથી હમણાં જ કાઢવામાં આવેલી એક જાજમ લઈને તે આવ્યો હતો – તે એકદમ ઉત્તમ સ્થિતિમાં હતી. થોડા જ સમયમાં અમારા સૌથી મોટા ખંડમાં દીવાલથી દીવાલ સુધીની જાજમ લાગી ગઈ.

રંગોની ગોઠવણી હંમેશાં મળતી આવે તેવું નહોતું બનતું, પણ અમે સુંદરતાને ધ્યાનમાં રાખીને ચીજો આમથી તેમ ફેરવીને અમારાથી બનતું શ્રેષ્ઠ કરતા. હકીકતમાં, આટલાં વર્ષોમાં સૌથી વધુ દલીલબાજીઓ હંમેશાં સજાવટના મુદ્દે જ થઈ હતી. આ કે તે રંગ મેળવણી અથવા ફર્નિચરની ગોઠવણીનાં સારાં કે નરસાં પાસાંઓને લઈને વિદ્યાર્થીઓ અને સ્ટાફ કલાકોના કલાકો સુધી આસાનીથી રકઝક કરી શકે છે. આ આપ-લે ગરમાગરમી સુધી પહોંચી જઈ શકે છે અને ત્યારે ચોક્કસ જ સૌંદર્યદષ્ટિના સિદ્ધાન્તોની વાત જ કેન્દ્રમાં હોય છે.

આખી પ્રક્રિયામાં વચ્ચે ક્યાંક, આ શોરબકોરને વિકેન્દ્રિત કરવા માટે અમે આ બાબતોની ચર્ચા માટે એક સમિતિ બનાવી. તેમાં કોઈ પણ જોડાઈ શકે. શરૂઆતમાં તેને નામ આપવામાં આવ્યું – "પેઇન્ટિંગ અને હૅંગિંગ કમિટી (રંગકામ અને ટાંગવાની સમિતિ)". એવું ધારીને આ નામ પાડવામાં આવ્યું કે આ જ પ્રવૃત્તિઓ આ ક્ષેત્રને આવરી લે છે! પાછળથી તેને પ્રમાણમાં વધુ તટસ્થ નામ આપવામાં આવ્યું – "એસ્થેટિક્સ (સૌંદર્યલક્ષી) કમિટી." આ સમિતિની એક માત્ર બાબત જે નિર્વિવાદપણે સૌંદર્યપૂર્ણ નહોતી, તે હતી તેના વાદવિવાદોમાં પેદા થતી ગરમાગરમી અને ઘોંઘાટ.

ઘણું બધું અમને નિઃશુલ્ક મળ્યું હતું. ઉદાહરણ તરીકે, રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા. એક પરિવારે પિતાના અવસાન પછી અમને સુંદર એવો લપસણી અને ઝૂલાનો સેટ દાનમાં આપ્યો હતો. અવસાન પામનાર પિતા ઇજનેર હતા અને આ સેટ તેમણે પોતાનાં બાળકો માટે જાતે બનાવ્યો હતો, જે હવે મોટાં થઈ ગયાં હતાં. ડાર્કરૂમનો ઘણો બધો ભાગ દાનથી મળ્યો છે, તેમ જ મોટા ભાગનું પુસ્તકાલય પણ. તે એક સારું પુસ્તકાલય છે. અમારે ક્યારેય રેફ્રિજરેટર ખરીદવું પડ્યું નથી. અમારા સાહસ-પ્રવાસો માટે થોડાક સારા તંબુ અમને સામેથી મળ્યા છે.

એક ક્રિસમસની સાંજે શાળામાં ધાડ પડી અને અમારાં બે ઇલેક્ટ્રિક આઇ.બી.એમ. ટાઇપ-રાઇટરો ચોરાઈ ગયાં – ખરેખર મૂલ્યવાન હોય તેવી બે વસ્તુઓ ગઈ. થોડાંક બાળકોની સાઇકલો અને ગિટારો પણ ગુમ હતી. અને સ્ટિરિઓ સિસ્ટમ ગુમ હતી. શાળા માટે તે એક નિસ્તેજ-નીરસ રજા રહી.

જાન્યુઆરીની શરૂઆતમાં તો એક વાલીએ તેમનું જૂનું ઇલેક્ટ્રિક રેમિંગ્ટન અમને આપી દીધું, જે હજી પણ કામ આપે છે. વપરાયેલી ઇલેક્ટ્રિક ચીજવસ્તુઓ વિશે પૂછતાછ કરવા માટે હું એક ટાઇપ-રાઇટરની સ્થાનિક દુકાનમાં ગયો હતો, અમારી વચ્ચે વાતચીત થઈ. અમે દુકાનમાંથી બહાર નીકળીએ તે પહેલાં, દુકાનદારે સહાનુભૂતિપૂર્વક અમને એક બીજું રેમિંગ્ટન દાનમાં આપી દીધું! મહિનાઓના મહિનાઓ સુધી ધરખમ વપરાશના કારણે આ જૂનાં રેમિંગ્ટનોનું પ્રાણપંખેરું ઊડી જાય તે પહેલાં, એક વર્ષની અંદરોઅંદર તો તેમની જગ્યા લેવા માટે એક બીજું આઈ.બી.એમ. સિલેક્ટ્રિક અને એક વધુ મોટું રેમિંગ્ટન અમને દાનમાં મળ્યાં.

ઘણી વખત, અમારી સ્વીકારવાની તૈયારી હોય તે કરતાં અમને ઘણું વધારે મળતું. સૌ પ્રથમ વખત જ્યારે અમે દાનમાં પુસ્તકો સ્વીકારવાનું શરૂ કર્યું, ત્યારે અમે તમામ પુસ્તકો સ્વીકારતાં હતાં. થોડા જ સમયમાં, એક આઈ.વી. લીગ શાળાને છાજે એવાં વિશિષ્ટ-વિવિધ પ્રકારનાં પુસ્તકોથી અમારું ભોંયરું અને માળિયું ભરાઈ ગયાં. અલબત્ત એ બધાંને ભરીને બહાર કાઢવા માટે સદ્નસીબે અમારે કશું ચૂકવવું ન પડ્યું: દુર્લભ પુસ્તકોના એક વિક્રેતાએ અમારા માટે એ કામ કરી આપ્યું અને પાછળ થોડા પૈસા સુદ્ધાં મૂકતા ગયા.

વળી એક વખત એવો હતો જ્યારે અમે એક વપરાયેલાં ઉપકરણોની દુકાન જેવા દેખાતા હતા – અમારે ત્યાં વધારાનાં રેફ્રિજરેટરોની લાઇન થઈ ગઈ હતી.

અથવા તો જ્યારે એક દિવસ અમને છ વિશાળ ધંધાર્થી વણાટ મશીનો આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. તે ચાલુ સ્થિતિમાં હતાં, પરંતુ હવે અપ્રચલિત થઈ ચૂક્યાં હતાં. આ દાતા એક ટ્રસ્ટી હતાં અને એક વિશાળ વણાટ મિલના માલિક હતા. વણાટકામ શીખવવા માટે અમે આ મશીનોને ઉપયોગમાં લઈ શકીશું અને શાળાને ટકી રહેવામાં મદદ મળે તે માટે તેના દ્વારા સ્વેટરો પણ બનાવી શકીશું તેની તેમને ખાતરી હતી. આ મશીનો અડધોઅડધ માળ રોકી લે તેવડાં મોટાં હતાં! થોડીક મુશ્કેલી સાથે, અમે આ પ્રસ્તાવનો અસ્વીકાર તો કર્યો, પરંતુ મને ખાતરી નથી કે અમે અઘરા અને બગડેલા માણસો છીએ તેવી તેમની લાગણીમાંથી તેઓ કદી ઉપર ઊઠી શકશે કે કેમ.

વસંતની એક સુંદર મજાની સવારે જૉઆન હાંફતાં હાંફતાં અંદર આવ્યાં. ઉતાવળભર્યા અવાજે તેમણે કહ્યું, "મારે માર્ગાને લઈને આ જ સેકન્ડે બહાર જવું પડશે." દસ મિનિટ પછી તેઓ યશસ્વી મુદ્રામાં પાછાં ફર્યાં. શાળાએ આવતી વખતે રસ્તામાં જૉઆને કચરાના ઢગલાની ઉપર પડેલી નેતરની ચાર ખુરશીઓ જોઈ હતી, જેને કોઈક ઘરમાલિકે ત્યાં ફેંકી દીધી હતી, જેથી સવારે કચરા ભેગી ઉપાડાઈ જાય. હવે ગમે તે મિનિટે સફાઈ ગાડી આવી પહોંચી શકે તેમ હતી અને જૉઆન એની પહેલાં ત્યાં પહોંચવા માગતાં હતાં. મને મારી આંખો પર વિશ્વાસ ન પડ્યો.

મેં કહ્યું, "આ તો ભંગાર જેવી લાગે છે, આપણાં ધોરણો અનુસાર સુદ્ધાં."

જૉઆન અને માર્ગાએ પ્રત્યુત્તર આપ્યો, "જરા થોભો અને પછી જુઓ."

મેં રાહ જોઈ અને પછી જોયું. એક તજજ્ઞની આંખે, તેમણે ચાર સુંદર મજાની ખુરશીઓ જોઈ હતી, જેને થોડી સફાઈ અને નાના અમથા સમારકામની જરૂર હતી. બે કલાક પછી, શાળા બિલકુલ નવા જેવી ખુરશીઓના સેટથી શોભતી હતી – આ ખુરશીઓને અમારા તાજેતરમાં પુનઃ સજાવાયેલા સંગીત કક્ષમાં મૂકવામાં આવી હતી.

આ બધું જ એક દિવસમાં થઈ ગયું હતું.

૧૦

વિશેષ કે ખાસ ખર્ચ

બધું જ કંઈ મફતમાં મળેલું નહોતું. અથવા વપરાયેલું અને સસ્તું પણ નહોતું.

શાળાના આ મકાનમાં પહેલેથી કોઈ પ્રાચીન ધરોહર જેવો દેખાતો એક ચૂલો હતો. અમે તેને જેમનો તેમ રહેવા દીધો, જેથી જો કોઈ ચાહે તો તેનો રસોઈ-શિક્ષણ માટે ઉપયોગ કરી શકે.

પરંતુ વિધિની અનેક વિચિત્રતાઓમાંની એક કે વર્ષોવર્ષ ઘણાં બધાં બાળકોને રસોઈમાં – રાંધવામાં રસ પડતો રહ્યો; અને અમારા સ્ટાફમાં અમારી પાસે એક રાંધણકળામાં પારંગત વ્યક્તિ અને બીજા કેટલાક ખૂબ-સરસ-નહીં-પણ-સારા કહી શકાય એવા રસોઈના જાણકાર હતા તે હતી. બીજા શબ્દોમાં, સડબરી વૅલીમાં રાંધતું હંમેશાં માનીતું રહ્યું હતું. હકીકતમાં, અમારાં નિવાસી મુખ્ય રસોઇયા- માર્ગારિટ પારાએ શાળામાં થોડાં વર્ષો વીતાવ્યાં પછી રસોઈ પર એક પુસ્તિકા પ્રકાશિત કરી હતી, જેનાથી હજારો વપરાશકર્તાઓને આનંદ આનંદ થઈ ગયો હતો. અમારા

થોડાક સ્નાતકો રાંધવાના વિષયમાં જ ઍપ્રેન્ટિસશિપ માટે અથવા આગળ ભણવા માટે ગયા છે અને પછી પારંગત રસોઇયાઓ (માસ્ટર શૅફ) બન્યા છે.

આ બધી જ વાતો મને પાછો ચૂલા પાસે લાવે છે. આ ચૂલો અમને કામ નહીં લાગે એ સમજવામાં અમને બહુ વાર ન લાગી. એ જૂનો હતો એટલું જ નહીં, તેની કામગીરી પણ અસંતોષકારક હતી. અને વપરાયેલો ચૂલો લાવવાનો વિચાર કોઈને કંઈ ખાસ આવ્યો નહીં. એવો એક તો અમારી પાસે હતો સ્તો.

એટલે તેના માટે સ્પષ્ટપણે "ખાસ ખર્ચ"ની માગણી કરવામાં આવી, એક રીતે મૂડીરોકાણની આવશ્યકતા દર્શાવવામાં આવી. એક જ ઑવન શ્રેણીના ચાર-બર્નરવાળા બે મોટા ચૂલા ખરીદવા પૂરતા મૂડીરોકાણની માંગ થઈ. સમસ્યા માત્ર એટલી જ હતી કે રોજિંદા બજેટમાં આ પૈસા પૂરા પાડવામાં આવ્યા નહોતા અને તેને નિચોવીને કાઢી શકાય તેવો કોઈ રસ્તો નહોતો.

આ ખાસ ખર્ચની માગણી ખાસ પગલાંઓ તરફ દોરી ગઈ. રાંધવામાં રસ ધરાવતાં તમામ બાળકો અને સ્ટાફ ભેગાં થયાં અને નવો ચૂલો ખરીદવા માટેના પૈસા એકઠા કરવા માટે તેમણે શેકેલી વાનીઓના વેચાણની એક આખી શ્રેણી આયોજિત કરી.

શરૂઆત કરવા માટે, થેન્કસગિવિંગ નિમિત્તે શેકેલી વાનીઓનું વેચાણ રાખવામાં આવ્યું હતું. વાનગીઓની કિંમત સાથેની યાદી અને ઑર્ડર નોંધાવવા માટેનાં પત્રકો સાથેનાં ચોપાનિયાં તમામ માતાપિતાઓને મોકલવામાં આવ્યાં. પ્રતિભાવ સારો મળ્યો અને તેમાં સામેલ દરેક જણને મોટા પાયે ઉત્પાદન કેવી રીતે કરવું તે શીખવા મળ્યું.

એ પછી આવ્યું ક્રિસમસની રજાઓમાં મોટા પાયે શેકેલી વાનીઓનું વેચાણ, જેને એક સ્થાનિક સુપરમાર્કેટમાં રાખવામાં આવ્યું હતું. આ માટે અમને જગ્યા પૂરી પાડવા પૂરતાં તેઓ દયાળુ હતા. આ વેચાણ માટે વિદ્યાર્થીઓના એક જૂથે આખી રાત મારે ત્યાં વાની બનાવવામાં ગુજારી હતી – બ્રેડ, કેક, કૂકીઝ, રોલ, ટાર્ટ, મફિન, બિસ્કિટ – વાનીઓનો એક મોટો પહાડ જ જોઈ લ્યો જાણે. સવાર પડી ત્યારે અમારામાંથી કેટલાક માંડ માંડ માર્કેટ પહોંચ્યા અને ત્યાં બધું ગોઠવ્યું. બપોરના 1:00 વાગ્યા સુધીમાં બધું જ વેચાઈ ગયું.

વર્ષ ભર, વિદ્યાર્થીઓ અને સ્ટાફને લક્ષમાં રાખીને શેકેલી વાનીઓના આવા નાનાં નાનાં વેચાણ ચાલતાં રહ્યાં, પરિણામે અમને નાનો પરંતુ સ્થાયી આવકનો પ્રવાહનો મળ્યો. પ્રસંગોપાત્ત, સેન્ડવિચ વેચાણ, અથવા કચુંબર કે ગરમાગરમ ભોજનનું વેચાણ પણ ગોઠવવામાં આવતું.

ઇસ્ટર નિમિત્તેનું વેચાણ અમારા માટે આખરી રહ્યું, જે ફરીથી વાલીઓને લક્ષમાં રાખીને કરવામાં આવ્યું હતું. એ પૂરું થયા પછી, અમારી પાસે ચૂલો ખરીદવા પૂરતા પૈસા આવી ગયા

હતા. અને તે સાથે હવે ખાસ ખર્ચને પહોંચી વળવા માટે અમે ખાસ સડબરી વૅલીની પરંપરા પણ શરૂ કરી દીધી એમ કહી શકાય.

ત્યારથી હંમેશાં એવું જ રહ્યું છે. સામાન્ય રીતે, જ્યારે કોઈક ખાસ નાણાભંડોળ માટે શાળા-સભા સમક્ષ માગણી કરે છે, ત્યારે પ્રતિભાવ હોય છેઃ “જો તમે ખરેખર તેને એટલી તત્પરતાથી ઇચ્છતા હો, તો તેનું મૂલ્ય ચૂકવવામાં મદદરૂપ થવાની તમારી તૈયારી હોવી જોઈએ.” શાળા-સભા ક્યારેક એવો આગ્રહ રાખે છે કે અરજદારો જ બધા પૈસા એકઠા કરે; ક્યારેક માત્ર પ્રતીક રકમ માગવામાં આવે છે; પરંતુ મોટા ભાગે શાળા 50-50 હિસ્સેદારી નક્કી કરે છે.

આ પ્રકારની વ્યવસ્થાને કારણે શાળાની આજુબાજુના લોકોને વર્ષોવર્ષ દરમ્યાન ઘણી સારી ખાદ્યવાનીઓનો લાભ મળ્યો છે, કારણ કે જો વાનીઓ સ્વાદિષ્ટ હોય તો તે હંમેશાં સફળ રહે છે. રમતગમતની પ્રવૃત્તિ, ડાર્કરૂમ, ચર્મ કાર્યશાળા સજ્જ કરવા માટે અને સ્ટિરિઓ સિસ્ટમ જેવી અન્ય કેટલીક વસ્તુઓ ખરીદવા માટે આ રીતે પૈસા એકઠા કરવામાં આવ્યા હતા. પૈસા ભેગા કરવા માટે ક્યારેક બીજી પ્રવૃત્તિઓનો પણ ઉપયોગ કરવામાં આવે છે, જેમ કે ચાર વિદ્યાર્થીઓએ કાષ્ઠશાળાને સજ્જ કરવા મદદરૂપ થવા માટે શાળાનાં મેદાનોમાંથી ઘાસ કાપી આપ્યું હતું.

આ પ્રકારે કેન્દ્રિત થઈને નાણા એકઠા કરવાનું એટલું તો સફળ રહ્યું છે કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પણ તેમાં જોડાવાનું નક્કી કર્યું. દર વર્ષે, તેઓ પૂછે છે કે સામાન્ય બજેટમાં ન હોય તેવી એવી કઈ વસ્તુની આવશ્યકતા શાળાને છે? આવી પહેલી જરૂરિયાત હતી કમ્પ્યૂટર. પછી તેમાં પ્રિન્ટર, પુસ્તકાલયની અભરાઈઓ/કબાટો, મોટી જાજમ, ફર્નિચર, ગભાણની પુનઃસજાવટ વગેરે જોડાયા.

આ વસ્તુઓ માટે પૈસા ભેગા કરવા મદદરૂપ થવા માટે, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ અમુક કાર્યક્રમો યોજ્યા, જેમ કે ફ્રામિંગહામની વચ્ચોવચ યાર્ડ-વેચાણ. પરંતુ સૌથી મોટો, મજેદાર કાર્યક્રમ તો શાળા દ્વારા યોજાતી હરાજી છે, જેમાં ગલ્લાની બંને તરફ વિદ્યાર્થીઓ, માતાપિતાઓ અને પૂર્વ-વિદ્યાર્થીઓને ભાગ લેવા માટે બોલાવવામાં આવે છે. તેઓ જે-તે વસ્તુઓ અને સેવાઓ હરાજીમાં રજૂ કરે છે, અને તેઓ તેના માટે બોલી પણ લગાવે છે. એકંદરે, આ કાર્યક્રમ હંમેશાં એક ખૂબ સરસ સામાજિક પ્રસંગ બની રહે છે.

હરાજી માટે મુકાતી સેવાઓ સૌથી વધુ અસામાન્ય હોય છે, જે સ્થાનિક પ્રતિભાનો આડો છેદ પ્રસ્તુત કરે છે. કોઈ વકીલ વસિયતનામું બનાવવા માટે પોતાનો પરામર્શ દાનમાં આપે છે; કોઈ બિલ્ડર નવું ઘર અથવા નવીનીકરણ કરવા માટે આયોજન-સહાય દાનમાં આપે છે; કોઈ નાવ-

માલિક કોઈ પરિવાર માટે સાગરની સફર આપવાનું કહે છે. વિદ્યાર્થીઓ આખા દિવસનું ગભાણનું કામકાજ અથવા બાળકો-સંભાળવાનું કામકાજ હરાજીમાં મૂકે છે.

અને આમ શાળાના ખાસ ખર્ચને ચૂકવવામાં આવે છે.

આ પદ્ધતિ ઉદ્યોગ-સાહસિક છે – અને ચેપી છે. એક દિવસ માછલી પકડવાની પ્રવૃત્તિને સમર્પિત એવાં દસ વર્ષનાં ત્રણ બાળકો નક્કી કરે છે કે તેમને એક હોડી જોઈએ છે. તેના માટે મોટા નાણાં-ભંડોળની જરૂર પડે. અલબત્ત શેકેલી વાનીઓનું વેચાણ એ પૈસા એકઠા કરવા માટેની સચોટ- પુરવાર થયેલી- પદ્ધતિ હતી.

અહીં એક માત્ર સમસ્યા એ હતી કે આ કંઈ શાળાનો ખર્ચો નહોતો, આ તો અંગત ખર્ચ હતો.

આ ત્રણે જણાએ તેની પર ખૂબ વિચાર કર્યો, અને છેવટે એક પ્રસ્તાવ શાળા-સભા સમક્ષ મૂક્યોઃ “ચોક્કસ ઠેરવેલી શરતો હેઠળ, તમે અમને અંગત ધોરણે વાની-વેચાણ કરવા દો, અને અમે શાળાને નફાના 10 ટકા આપીશું.”

આમ શાળા ખાતે જન્મ થયો અંગત સાહસોનો. અમારા માટે તે કંઈ બહુ મોટી વાત નહોતી, પણ અમારા ઉદ્યોગ-સાહસિકોના હૃદયની તે ચોક્કસ જ બહુ નજીકની અને પ્રિય બાબત હતી.

તેમણે નાવ માટે પૈસા ભેગા કર્યા. ટ્રેલર માટે પણ. અને મોટર માટે પણ.

અને શાળાની પરંપરાઓના ગુચ્છમાં ઉમેરાઈ એક વધુ રંગબેરંગી પરંપરા.

૧૧

ઘેલછાઓ અને ફેશનો

સડબરી વૅલી એક "ફ્રૂલ" શાળા છે.

અહીં કોઈ નિશ્ચિત પાઠ્યક્રમો અથવા વિભાગો નથી. બધી જ વસ્તુઓ વિદ્યાર્થીઓના રસ સાથે ઉદય અને અસ્ત પામે છે. તેનો અર્થ એમ થયો કે અમે ખરેખર સમય સાથે તાલ મિલાવી શકીએ છીએ. હરહંમેશ – દરેક બાબતમાં.

સિત્તેરના દાયકાની મધ્યમાં, આ કિનારાથી પેલા કિનારા સુધી લોકો ચામડાના કામ પાછળ ઘેલા બન્યા હતા. અમારા કિશોરવયના વિદ્યાર્થીઓને તેમાં કૂદી પડતા વાર ન લાગી. તેમની શરૂઆતને સ્ટાફના કાષ્ઠકામના તજજ્ઞ, જિમ નાશનો જોરદાર ટેકો મળ્યો. યોગાનુયોગે જિમ ચામડાની વસ્તુઓ બનાવવામાં પણ એક માહેર કારીગર હતા.

આંખના પલકારામાં, શાળાના સામાન્ય હેતુઓ માટેના ઓરડાઓમાંથી એકને ચર્મશાળા તરીકે વાપરવા માટેની પરવાનગી લેવા માટે બાળકો અને જિમ શાળા-સભા સમક્ષ પહોંચી ગયા. તેમણે જુસ્સાપૂર્વક પોતાની વાત મૂકી અને પરવાનગી મેળવી લીધી. ચર્મશાળાને વ્યાવહારિક રૂપે ચલાવવા માટે ચર્મકામમાં રસ ધરાવનારાઓનું એક અધિકૃત જૂથ ઊભું કરવામાં આવ્યું.

ચર્મશાળામાં આખી વ્યવસ્થા કેવી રીતે ગોઠવવી અને શ્રેષ્ઠ કિંમતે પુરવઠો ક્યાંથી મેળવવો તેના માટે ઘણું બધું સંશોધન કરવામાં આવ્યું. થોડા જ વખતમાં, શાળા-સભાની અને કેટલાક નાણાં ભેગા કરી આપનારાઓની મદદથી એક સુંદર, સંપૂર્ણ સજ્જ એવી ચર્મશાળા ઊભી થઈ ગઈ અને ધમધમવા માંડી.

રોજિંદા ખર્ચાઓ માટે અમે એક નવો કીમિયો વિકસાવ્યો, જે પાછળથી અમને વારંવાર કામમાં આવ્યો. વર્તમાન સંચાલનને પહોંચી વળવા માટે, ચર્મશાળા એક લઘુ-ઉદ્યોગની જેમ ચાલતી હતી. તેનું પહેલું મૂડીરોકાણ શાળા-સભા પાસેથી લોન રૂપે મેળવવામાં આવ્યું. આનાથી સામગ્રીઓ માટે - મુખ્યત્વે વિવિધ પ્રકારનાં ચામડાં માટે, અને બકલ, બટન અને બીજા એવા છૂટક સાજસરંજામ માટે ચાલુ મૂડી મળી. આ સામગ્રીઓ જથ્થાબંધ વેપારી પાસેથી જથ્થામાં ખરીદવામાં આવતી, અને સહેજ કિંમત ઉમેરીને ચર્મશાળામાં તેનો ઉપયોગ કરનારને વેચવામાં આવતી હતી. આ આખી જ વસ્તુ માનદ વેતનની વ્યવસ્થા પર ચાલતી હતી. વિદ્યાર્થીઓએ પટ્ટા, પાકીટ, પગરખાં, કમરબંધ, બ્રેસલેટ, સાંકળા, પેન્ટ વગેરેને નોંધપાત્ર જથ્થામાં બનાવવું શરૂ કર્યું તેની બહુ પહેલાં, આ લઘુ ચર્મ-ઉદ્યોગે પોતાની લોન પાછી વાળી દીધી હતી, જેથી પછી કોઈ બીજી પ્રવૃત્તિ માટેના પ્રારંભિક મૂડીરોકાણ તરીકે તેનો ફેર-ઉપયોગ થઈ શકે. વખતોવખત કોઈ વિશિષ્ટ નવું ઉપકરણ ખરીદવા પૂરતા પૈસા સુદ્ધાં તેમાંથી બચ્યા હતા.

ચર્મકામ જ્યારે ચરમસીમા પર હતું, ત્યારે ચર્મશાળા શાળાનાં મુખ્ય ધમધમતાં કેન્દ્રોમાંથી એક હતી. દરરોજ ત્યાં એક સાથે બાર કે તેથી વધુ વિદ્યાર્થીઓ કલાકોના કલાકો સુધી કામ કરતા હોય તેવું બનતું. ક્રિસમસ પહેલાં, ત્યાં માત્ર ઊભા ઊભા જ કામ થઈ શકે એવી સ્થિતિ થઈ ગઈ – પોતાના મિત્રો અને સંબંધીજનો માટે ભેટો બનાવવા માટે વિદ્યાર્થીઓ જાણે તૂટી પડ્યા હતા.

પછી, લગભગ જેટલી ઝડપથી આ જુવાળ આવ્યો હતો તેટલી જ ઝડપથી ઓસરી ગયો. દેશમાં અને શાળામાં, આ ઘેલછા તેના સર્વોચ્ચ શિખરે પહોંચી અને પછી મૃતઃપ્રાય થઈ ગઈ. અમુક વર્ષોની ધમધમતી પ્રવૃત્તિ પછી, આ કાર્યશાળા શાંત પડી ગઈ. એ ઓરડાનો વાસ્તવમાં કોઈ જ ઉપયોગ થતો ન હતો.

થોડા વખતમાં, તેનાં સાધનોને બૉક્સમાં મૂકી દેવામાં આવ્યાં અને સામગ્રીને વેચી નાખવામાં આવી. ચર્મશાળા ફરી પાછી સામાન્ય હેતુ માટેના ઓરડામાં પલટાઈ ગઈ. આ પ્રક્રિયામાં કોઈ હો-

હા ન થઈ. મનુષ્યની રસરુચિના ચકાકાર સ્વભાવ સાથે કઈ રીતે ગબડવું તે દરેક જણ સમજી ચૂક્યું હતું.

ચર્મશાળાની આ વાર્તા તમામ પ્રકારની પ્રવૃત્તિઓમાં પુનરાવર્તિત થતી જોવા મળી. કેટલીક વખત, તેમાં આખા દેશમાં લોકપ્રિય થઈ હોય તેવી ઘેલછાઓ જોવા મળતી. બીજા બધાની જેમ, અમારે ત્યાં પણ વિડિયો રમતો, કોથળા-દોડ, આઇસ-સ્કેટિંગ, પૂર્વીય ધર્મો અને જિમનાસ્ટિક્સની ભરતીઓ આવી. ક્યારેક, કોઈ ઘેલછા આવે છે, છવાય છે, રોકાય છે અને ઊંડા-રસ રૂપે વિકસિત થાય છે. જ્યારે વિશ્વભરમાં કમ્પ્યૂટર અગ્ર અને કેન્દ્ર સ્થાને છવાવા લાગ્યું, ત્યારે હરાજીમાંથી ભેગું થયેલું ભંડોળ વાપરીને અમે એક કમ્પ્યૂટર ખરીદ્યું. વર્ષો સુધી, કમ્પ્યૂટરમાં રસ ધરાવનારા તેજ યુવાનોને આ કમ્પ્યૂટર વડે આ માધ્યમની તમામ બાબતો શીખવવામાં આવી. ઍપલ ટુ પાંચ વર્ષ વાપર્યા પછી, અમે વધુ વિકસિત મશીન લીધું. અમારા ઑફિસના કામકાજ પણ તેના પર થાય છે અને પારંગત લોકો માટે તે એક રમતના સાધનની પણ ગરજ સારે છે.

ક્યારેક સાંપ્રત બનાવો-ઘટનાઓ વાસ્તવમાં આખા શાળા-સમુદાયનું ધ્યાન પોતાના તરફ ખેંચી લે છે. રાષ્ટ્રપ્રમુખ નિક્સનને છેવટે રાજીનામું આપવા તરફ દોરી જનાર વૉટરગેટ ચુકાદાઓ જ્યારે દિવસે અને રાત્રે ટી.વી. પર પ્રસારિત થવા શરૂ થયા, ત્યારે તમામ જગ્યાએથી લોકો આ આખી વાતને ખુલતી જોવા- પ્રગટ થતી જોવા કલાકો ગાળતા હતા. આ જકડી રાખતા ચુકાદાઓની તોલે કોઈ સોપ ઑપેરા કે સામાજિક ધારાવાહિકનું નાટક ન આવે. મોટા વિદ્યાર્થીઓએ 19"ના એક જૂના બ્લેક-ઍન્ડ-વ્હાઈટ ટી.વી.નો મેળ પાડ્યો, તેને ત્યારે પ્રાપ્ય એવા સૌથી મોટા ઓરડામાં ગોઠવ્યો અને જોવા લાગ્યા. થોડા જ વખતમાં નાના વિદ્યાર્થીઓ પણ જોડાયા અને ક્યારેક ક્યારેક સ્ટાફના કેટલાક સદસ્યો પણ જોતા. અઠવાડિયાંઓ વીતતાં ગયાં તેમ, આ ચુકાદાઓ રાજ્યશાસ્ત્ર, અમેરિકન ઇતિહાસ અને સાંપ્રત ઘટનાઓમાં ઉચ્ચ સ્તરના પાઠ્યક્રમની ગરજ સારવા લાગ્યા. વિદ્યાર્થીઓના ભાગે, રસરુચિનું આથી વધુ ઊંચું સ્તર અથવા આનાથી વધુ ગ્રહણશીલતાનો દર કોઈ ઝંખી શકે નહીં.

એ સમયે મને જે વિચાર આવતા હતા તે મને યાદ છેઃ બીજી કઈ જગ્યાએ આવું થઈ શક્યું હોત? દેશભરની શાળાઓ અને કૉલેજોના વિદ્યાર્થીઓ-શિક્ષકો તેમનાં પાઠ્યપુસ્તકો અને પહેલેથી નિશ્ચિત એવી અભ્યાસક્રમ સામગ્રી સાથે બંધાયેલાં હતાં- ત્યારે અમે આસાનીથી અમારી જાતને ઇતિહાસમાં ઝબકોળી શકતા હતા, કારણ કે ઇતિહાસ તો ત્યારે ઘટી રહ્યો હતો. આ સામગ્રી પાઠ્યપુસ્તકમાં સ્થાન પામે અને ત્યાં સુધીમાં તે વિદ્યાર્થીઓની રસરુચિમાંથી ભુંસાઈ ચૂકી હોય તેટલી, ત્રણ-ચાર વર્ષની, રાહ જોવાની સડબરી વેલીમાં કોઈને જરૂર નહોતી.

જ્યારે આ ચુકાદાઓ સમાપ્ત થઈ ગયા, ત્યારે જીવન પાછું સામાન્ય બની ગયું. આ ટી.વી. સેટનું હવે શું કરવું તેની કોઈને પડી હોય એવું લાગતું નહોતું. એક કે બે વર્ષ સુધી, તે ત્યાં જ વપરાયા વિનાનો પડી રહ્યો. પછી એક દિવસ તે બંધ પડી ગયો. ઇરાની અપહૃત/બંધક કટોકટીના વખત સુધી અમે બીજા ટી.વી.ને ઈજાદ કર્યો નહીં.

૧૨

સ્કૂલ કોર્પોરેશન

જ્યારે સમાન રસ ધરાવનારા લોકો ભેગા થાય છે, ત્યારે તેઓ પોતાની જાતને કાર્યક્ષમ બનાવવા માટે મોટા ભાગે કોઈક ને કોઈક રસ્તો શોધે છે. તેમની રોજિંદી પ્રવૃત્તિઓ ચલાવવા, તેનું વ્યવસ્થાપન કરવા માટે સાતત્ય અને સ્થિરતાભર્યું કોઈ માળખું જોઈતું હોય છે. આ જરૂરિયાતને પહોંચી વળવા માટે અમે એક સીધોસાદો રસ્તો અપનાવ્યો.

અન્ય શાળાઓ વિભાગો અથવા ક્લબો હેઠળ જે-તે રસરુચિ આવરે છે. અમારે તે નથી જોઈતું તેની અમને ખબર હતી. કોણ જાણે કેમ, ઈર્ષાથી રક્ષાયેલાં ક્ષેત્રો ધરાવતા અને વાસ્તવિક રૂપે કાયમી એવા વિભાગોની છબિ અમને આકર્ષતી નહોતી. સડબરી વૅલીના શીખવા અને શીખવવાના મુક્ત પ્રવાહ સાથે તે બંધબેસતી નથી. સાઠના દાયકાના પૂર્વાર્ધમાં, મેં 'સેવન સિસ્ટર કૉલેજિસ'માંની એક કૉલેજના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં ભણાવ્યું હતું. પચાસ વર્ષ પહેલાં, એ

વિભાગ ત્યારે એ કૉલેજનો ચોક્કસ જ એક મહત્ત્વનો હિસ્સો હશે. ચાર માળની ઇમારતમાં, ભૌતિકશાસ્ત્રનો વિભાગ અડધોઅડધ માળ જેટલી જગ્યા લેતો હતો! હું ત્યાં પહોંચ્યો ત્યાં સુધીમાં, 1000 કરતાં વધુ વિદ્યાર્થીઓમાંથી માત્ર પાંચ જણે ભૌતિકશાસ્ત્રને મુખ્ય વિષય તરીકે લીધો હતો – અને વાસ્તવમાં પોતાનો સમગ્ર અભ્યાસક્રમ તેમણે ગલીની સામે છેડે આવેલી અસોસિએટ મેન્સ કૉલેજમાં પૂરો કર્યો હતો. તે છતાં આ વિભાગ હજી પણ મૂળે ખાલી એવા ઓરડાઓની હારબદ્ધ શ્રેણી ધરાવતો હતો – તે પણ એવા વખતે કે જ્યારે જગ્યાની એટલી જરૂર હતી કે નવી ઇમારતો બંધાઈ રહી હતી. બીજી અનેક જગ્યાઓએ પણ હું ઘણી વખત આવી સમાન વિલક્ષણતાઓ જોઉં છું.



માટે જ, આભાર, અમને વિભાગો નથી જોઈતા. તો પછી? અમને એક નવું માળખું – સ્કૂલ કોર્પોરેશન રચવાનો વિચાર આવ્યો. કોઈ નિયત હેતુઓ માટે શાળા-સભા દ્વારા તેની રચના થાય અને તે પોતાના ધ્યેય જાતે જ પાર પાડી શકે તે માટે તેને મંજૂરી આપવામાં આવે, માત્ર પૈસા અથવા સવલતોની જરૂર પડે ત્યારે જ તેણે શાળા-સભા પાસે આવવું પડે તેટલી તે સ્વાયત્ત હોય. આપમેળે ચાલતી અને વહીવટ-સંચાલન માટે ચુંટાયેલા એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર નીમતી આ કોર્પોરેશનમાં રસ ધરાવતી કોઈ પણ વ્યક્તિ જોડાઈ શકે.

કેટલીક નવી લાક્ષણિકતાઓ ધરાવતી આ સ્કૂલ કોર્પોરેશન 'વિભાગીય કામકાજ' પતાવવા માટેનું એક ઔપચારિક માધ્યમ બની; તે ઉમદા નવીનતાઓ ધરાવતી હતી – તે દરેક જણ માટે ખુલ્લી હતી; તે લોકશાહી ઢબે ચાલતી હતી, અને જ્યારે તેના કામ/ધ્યેયની કોઈ આવશ્યકતા ન રહે, ત્યારે તે ગરિમાપૂર્વક વિલીન કે વિસર્જિત થઈ જઈ શકતી હતી.

જ્યારે શાળા-સભામાં સ્કૂલ કોર્પોરેશનનો ખ્યાલ સૌથી પહેલવહેલી વખત ઉદ્ભવ્યો અને મંજૂર થયો ત્યારે પોતપોતાનાં રસરુચિનાં ક્ષેત્રો સંભાળતાં તમામ પ્રકારનાં જૂથોએ પોતાના માટે સત્તાવાર હોદ્દો મેળવવાનું નક્કી કર્યું હોવાથી અચાનક પ્રવૃત્તિઓનું પૂર આવ્યું. ગણતરીના મહિનાઓમાં જ, કળા અને કળા સામગ્રી માટે, સ્થાપત્ય અને કુંભારકામ માટે, સંગીત માટે, ચર્મકામ માટે, કેમ્પ માટે, હાઇકિંગ માટે, રસાયણશાસ્ત્ર માટે, રમતગમતની પ્રવૃત્તિઓ માટે, કાષ્ઠકામ માટે, દશ્ય-શ્રાવ્ય હેતુઓ માટે, ફોટોગ્રાફી માટે.... એમ દરેક માટે એક એક કોર્પોરેશન ઊભી થઈ ગઈ. અમે અમારા રસ્તે પ્રયાણ આરંભી દીધું હતું!

શરૂઆતમાં, પોતાના માનીતા પ્રોજેક્ટ માટે ભંડોળ મેળવવાનું કામ કોર્પોરેશન થકી આસાન બનશે એમ લોકોને લાગતું હતું. વ્યક્તિગત ધોરણે આવતી પૈસાની માગણીઓ હંમેશાં શાળા-સભામાં કઠોર પૂછતાછ/તપાસને આધીન રહેતી અને મોટા ભાગે ગેરવાજબી હોવાથી નકારી કાઢવામાં આવતી હતી. ઘણા લોકોએ વિચાર્યું કે સ્કૂલ કોર્પોરેશન જેવા પ્રભાવશાળી ભાસતા તંત્ર તરફથી મુકાતી માગણીનું વજન વધુ પડશે. આ ભ્રમણા બહુ ઝડપથી ભાંગી ગઈ. પૈસા માટેની શરૂઆતની થોડી માગણીઓને એ જ કઠોરતાનો સામનો કરવો પડ્યો અને તેમાંની મોટા ભાગની તપાસમાંથી ખરી ઊતરી શકી નહીં.

થોડા વખતમાં, ચીજો આપમેળે ગોઠવાતી ચાલી અને લોકો કોર્પોરેશનો થકી કામ કરવામાં ટેવાતા ગયા. વર્ષો વીતતાં ગયાં તેમ, કેટલીક કોર્પોરેશનોએ ધૂની રસ્તે પ્રયાણ કર્યું. ઑડિયો-વિઝ્યુઅલ કોર્પોરેશન પહેલવહેલી બની ત્યારે તેણે ઘણી બધી હલચલ પેદા કરી હતી; ચલચિત્રો, શ્રાવ્ય ઉપકરણો અને ખાસ તો શાળાને દાનમાં મળેલા પોર્ટેબલ ટી.વી. કૅમેરામાં ઢગલાબંધ બાળકોને રસ હતો. વખત જતાં, આ રસ ઊડી ગયો. વર્ષો સુધી, આ કોર્પોરેશન માત્ર એક વ્યક્તિની બનેલી રહી, જે પોતે જ પોતાની જાતને ઍક્ઝિક્યુટીવ ડાયરેક્ટર તરીકે ચૂંટતી હતી. એમાં કોઈ વાંધો નહોતો, કારણ કે કોર્પોરેશન માટે લઘુત્તમ આટલી વ્યક્તિઓ જોઈએ જ એવું કંઈ

ઠરાવવામાં આવ્યું નહોતું. પણ જ્યારે પણ આ કોર્પોરેશન શાળા-સભા સમક્ષ કોઈ માગણી મૂકે, ત્યારે અમે હસવાનું ખાળી રાખતા એટલું જ. છેવટે તો એક એકલો સદસ્ય પોતાની જાતને એક વ્યક્તિ કરતાં વધુ વ્યક્તિ ઠેરવી શકતો નથી જ. ઘણા લાંબા કોરાધાકોર કાળ પછી, વિદ્યાર્થીઓને સ્ટિરિયો સાધનોમાં રસ પડવા લાગ્યો, અને ફરીથી એ કોર્પોરેશન પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની ગઈ.

કેટલીક કોર્પોરેશનોમાં ઘણા બધા જોશીલા સદસ્યો હોય છે, જ્યારે કેટલીકમાં માત્ર એક. ચર્મકામ કોર્પોરેશન જ્યારે તેની ચરમસીમા પર હતી, ત્યારે તેમાં લગભગ પંદર સદસ્યો હતા; કાષ્ઠકામમાં સામાન્ય રીતે છ કે તેથી વધુ સદસ્યો રહેતા. ફોટોગ્રાફી કોર્પોરેશનમાં ભરતી-ઓટ આવ્યા કરતી, ક્યારેક તેમાં રસની ભરતી આવતી અને ક્યારેક તેમાં ઉપેક્ષાની ઓટ આવતી. કૂકિંગ (રસોઈ) કોર્પોરેશનમાં હરહંમેશ મોટું સક્રિય જૂથ જળવાતું.

કેટલીક કોર્પોરેશનો વહીવટી કામકાજ સંભાળતી. સોર્સ(સ્રોત) કોર્પોરેશન જ્યારે પણ જરૂર જણાય ત્યારે ભણાવનારા શિક્ષકોની ખાલી જગ્યા ભરવા માટે બહારથી તાલીમકારોને શોધતી-બોલાવતી. પ્રસંગોપાત્ત, આ રીતે શાળામાં બોલાવાયેલી વ્યક્તિઓમાંથી કોઈક રોકાઈ જાય છે અને શાળાના રોજિંદા સ્ટાફ સદસ્ય બને છે. લાઇબ્રેરી કોર્પોરેશન શાળાના પુસ્તકાલયને સંભાળે છે, પ્રેસ કોર્પોરેશન શાળાનાં પ્રકાશનો છાપે અને વિતરિત કરે છે.

ઘણી કોર્પોરેશન તેમનો મતવિસ્તાર પડતો મુકાયો હોવાથી મરણને શરણ થઈ છે અને તેમની અંતિમવિધિ કરવામાં આવી છે. તેમાં ચર્મકામ કોર્પોરેશન પહેલી હતી. રમતખંડ કોર્પોરેશન ગણતરીનાં વર્ષો સુધી ટકી અને પછી વિખરાઈ ગઈ. કાળકોટડી અને ડ્રેગન કોર્પોરેશન પોતાના કાળમાં શાળાના સૌથી મોટા ઘેલછાના મોજા પર સવાર થઈ હતી અને પછી મૃતઃપ્રાય થઈ ગઈ હતી. કળા-સંબંધિત વિવિધ કોર્પોરેશનો આર્ટ્સ અને ક્રાફ્ટ્સ નામે એક કોર્પોરેશનમાં વિલીન થઈ ગઈ હતી.

અને પછી વાત આવે છે સ્પોર્ટ્સ કોર્પોરેશનની, જે વખતોવખત અનેકવાર મૃત્યુ પામતી રહી છે –ફરીથી રાખમાંથી બેઠા થવા માટે જ. આતુર-ઉત્સાહી રમતવીરોના એક મોટા જૂથે તેની શરૂઆત કરી હતી. તેમને થોડા જ વખતમાં સમજાઈ ગયું કે સાધનોને સાચવવા, ખરીદી કરવી, ઇન્વેન્ટરી લેવી અને એવું બધું કામકાજ કરવા કરતાં રમત રમવી ઘણી વધુ આસાન છે. સ્પોર્ટ કોર્પોરેશનનો અંત. તે પછી બીજી એક નવી પેઢી આવી, જેણે શાળા-સભાને બધું જ બરાબર કરી આપવાનું વચન આપ્યું. કોર્પોરેશનનો આ પુનઃ અવતાર એકાદ વર્ષ ટક્યો. ફરીથી બીજી સ્પોર્ટ કોર્પોરેશનનો અંત. થોડાંક વર્ષો પછી, એક નવું જૂથ આગળ આવ્યું. જે નિશ્ચિત રૂપે, સંપૂર્ણપણે અને હકારાત્મક રીતે સાથે મળીને કામ કરવાના હતા અને રમતગમતનાં સાધનો માટે સંપૂર્ણરીતે

જવાબદાર રહેવાના હતા. શાળા-સભાએ તેમને નવા પુરવઠા માટે થોડા નાણા ધીર્યાં અને રાહ જોઈ. એક વર્ષ પછી, તેમણે પોતાના પૂર્વજોનો રસ્તો લઈ લીધો હતો. હવે અમારે ત્યાં પાંચમી સ્પોર્ટ કોર્પોરેશન ચાલી રહી છે. આશા અમર છે. કદાચ પેલાં ખુલ્લાં મેદાનોમાં વ્યવસ્થા અને સંગઠનની ખિલ્લી ઉડાવતું કોઈ અજાયબ તત્ત્વ રહેલું છે.

૧૩

વિવેકાધીન ખાતાંઓ

બધા જ ખર્ચાઓ જૂથ માટેના હોતા નથી. ઘણી વખત લોકોને તેમના પોતાના માટે, વ્યક્તિગત ધોરણે ચીજવસ્તુઓ ખરીદવાની જરૂર પડતી. જ્યારે કોઈ રસોઈનું કામ ઉપાડે છે કે ચામડાની વસ્તુઓ બનાવે છે, અથવા ફિલ્મ ડેવલપ કરે છે, કે ચાકડા પર ઘડા બનાવે છે, ત્યારે તેમણે તેમાં વપરાતી સામગ્રી માટે પોતાની રીતે પૈસા ચૂકવવાના હોય છે.

તેની શરૂઆત રસોડાથી થઈ હતી. પહેલાં, દરેક વ્યક્તિએ રાંધવા માટે પોતાને જોઈતી ચીજ-વસ્તુઓ જાતે લાવવાની રહેતી. આ મૂર્ખાઈભર્યું હતું એમ સમજાતાં વાર ન લાગી. એમાં ઘણું બધું કામ રહેતું અને લોકો ચીજવસ્તુઓ લાવવાનું ભૂલી જતા. એટલે દરેક વખતે બધા માટે કોઈ એક વ્યક્તિ ખરીદી કરી લાવે તેવું આયોજન શરૂ થયું.

જ્યાં સુધી ખાદ્ય-ઘટકો લાવવાની વાત હતી ત્યાં સુધી આ વ્યવસ્થા બરાબર કામમાં લાગી. પણ પછી પૈસાની બાબત સમસ્યારૂપ બની. ઘટક-સામગ્રી લાવવાનું ભૂલી જતાં બાળકો હવે પૈસા લાવવાનું ભૂલી જતાં. અને જ્યારે તે લાવતાં, ત્યારે તેઓ ભૂલી ગયા હોત તો સારું હતું એમ અમને ઘણીવાર લાગતું- કારણ કે તેમાં અમારે બિલ અને છુટ્ટા પૈસા તથા ઘણી મોટી રોકડ રકમ સાચવવાની જફા કરવાની આવતી.

કોઈક નવા વિચારની જરૂર હતી.

દરેક વિદ્યાર્થી અને શિક્ષક માટે "અંગત વિવેકાધીન ખાતાંઓ"ના રૂપમાં આ વિચાર આવ્યો. અમે એક લઘુ-બેન્ક બનવાનું નક્કી કર્યું. દરેક વ્યક્તિને તેનું પોતાનું ખાતું મળે, જેમાં તે પૈસા મૂકી શકે – કહો કે એક વખતે 10 ડૉલર જેટલા.

પછી અમે સસ્તી પહોંચ બુકો વેચતો એક સપ્લાયર શોધી કાઢ્યો. આ પહોંચ બુકો એકદમ ચેક જેવી જ લાગતી હતી. આહા! અમારાં અંગત ખાતાંઓ ચેક ધરાવતાં ખાતાંઓ બની ગયાં. ચેક રજૂ કરીને તેમાંથી ઉપાડ કરી શકાય. અઠવાડિયામાં એકાદ વખત, કોઈ એક વ્યક્તિ આ તમામ આંતરિક ચેક સરભર કરે, ખાતાંની બાકી સિલક ગોઠવે અને આમ શાળામાં હવે રોકડા પૈસાની કોઈ જરૂરિયાત રહી નહીં.

હકીકતમાં, આ માટેનો અમારો પહેલો પ્રયાસ સહેજ જુદો હતો. અમે દર વર્ષે દરેક જણના ખાતામાં 10 ડૉલર મૂકવાથી વ્યવસ્થાની શરૂઆત કરી હતી. અમે કહ્યું, "તમે શાળામાં જે શૈક્ષણિક સામગ્રીઓ ખરીદો છો તેના માટેના આ પૈસા છે. કારણ કે અમે બહુ બધી મફત સામગ્રી આપતા નથી, એટલે દરેક વિદ્યાર્થીના અંગત ખાતામાં અમે 10 ડૉલર ટ્યુશન રકમ તરીકે મૂકીશું, જેને વર્ષ દરમ્યાન જોઈતી કોઈ પણ વસ્તુઓ માટે વાપરવાના રહેશે. જો તેમને વધુ પૈસાની જરૂર પડે, તો તેમણે બાકીની રકમ તેમની જાતે મૂકવાની રહેશે."

આ તર્કબદ્ધ ભાસતું હતું. એક માત્ર મુશ્કેલી એ હતી કે તે કામ લાગ્યું નહીં. બહુ ઝડપથી અમને "મફત ભોજન"ની માનસિકતાનો પાઠ મળી ગયો.

જેવી દરેક જણને ખબર પડી કે તેમની પાસે ખરેખર કશું ચૂકવ્યા વિના ખર્ચી શકાય તેવા 10 ડૉલર છે કે તરત તેમણે તેને ખર્ચવા માટેના રસ્તા શોધવા માંડ્યા. જે બાળકોએ ક્યારેય 10 સેન્ટ પણ ખર્ચ્યા નહોતા તેમને અચાનક પૈસા જોઈએ તેવી તમામ પ્રકારની ચીજોમાં રસ જાગવા

માંડ્યો. પૈસા ક્યાં ખર્ચવા તે વિચારી ન શકવા માત્રથી પૈસાને વણવપરાયેલા પડ્યા રહેવા દેવા એ મૂર્ખાઈભરેલું ગણાવા લાગ્યું.

અમારી ફિલસૂફીને વફાદાર રહીને, શાળાએ આ ખર્ચાઓ મંજૂર કરવા માટે કોઈ વ્યવસ્થા ઊભી કરી નહોતી. અમે કહ્યું, "જો તે વિવેકાધીન છે, તો પછી તે એમ જ છે અને લોકોએ પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ. તેનું શું કરવું તે તેમણે એકલાએ જ નક્કી કરવાનું છે." અલબત્ત વિદ્યાર્થીઓ શું ખરીદી રહ્યા હતા તે નહીં જોવાનું અમારાથી ન બન્યું. શાળાના ચોપડાઓ અને ફાઈલો બધા માટે ખુલ્લાં છે.

જ્યારે રૉક(સંગીત)ની રેકર્ડો ખરીદવા માટે આ પૈસા ખર્ચાવા માંડ્યા ત્યારે ઘણા બધા લોકો ચિંતાતુર બન્યા હતા એમ હું ધારું છું. જો કે અમારામાંથી ઘણાને મન તે માત્ર શૈક્ષણિક આવશ્યકતાઓના ખ્યાલને સહેજ વિસ્તારવા પૂરતી જ બાબત હતી. હજી થોડો જ સમય થયો હતો ત્યાં, શાળા પુરવઠા માટેની ખરીદીની યાદીમાં એક નવી બાબત નિયમિત રીતે અમારા ધ્યાનમાં આવવી શરૂ થઈ. તે વસ્તુ હતી – પિઝા. મને લાગે છે કે આ જ વાતથી આખી બાબત પર પૂર્ણવિરામ આવ્યું. શાળા-સભામાં સદસ્યોની ઘણી મોટી એવી બહુમતીએ નક્કી કર્યું કે શાળાએ વ્યક્તિગત ધોરણે ભેટો આપવાના વ્યવહારથી દૂર રહેવું જોઈએ. 10 ડૉલરની વિપુલ સંપત્તિને રદ કરવામાં આવી.

વિવેકાધીન ખાતાંઓ સરળતાપૂર્વક ચાલ્યાં. બહુધા, પોતાના સદસ્યોના અંગત ઉપયોગ માટે શાળા કોર્પોરેશન જથ્થાબંધ ધોરણે સામગ્રીઓ ખરીદતી, જેની ચૂકવણી આંતરિક ચેક દ્વારા કરવાની રહેતી. આ રીતે, અમને ભાવમાં તો ફાયદો થતો જ, સાથે સાથે તમામ પુરવઠો આવી ગયો છે તેની ખાતરી પણ મળતી.

અને હા, અમારે ત્યાં પણ વધુ પડતાં ઉધરાયેલાં ખાતાં છે! અહીં વારંવાર ચેક પાછો ફરવાની ઘટના બને છે. અદ્દલોઅદ્દલ બહારના વિશ્વની જેમ જ.

૧૪

રસોઈ

તાજી શેકેલી બ્રેડની સુગંધ આખી શાળામાં તરવા માંડી હતી. ધીમે ધીમે લોકોએ રસોડા તરફ પગ માંડ્યા. અને ઑવનમાંથી બ્રેડ બહાર નીકળે તેની રાહ જોવા લાગ્યા. થોડીક મિનિટો પછી, માર્ગરિટ પારા બ્રેડની જાડી, હૂંફાળી પરતો કાપી રહ્યાં હતાં અને તમામ ખૂણામાં તેમને વેચી રહ્યાં હતાં. તેનો વકરો કૂકિંગ કોર્પોરેશનના ખાતે જમા થવાનો હતો. કિંમતમાં માખણને સમાવી લેવામાં આવ્યું હતું.

વરસોવરસ ઘણી વખત આ દૃશ્ય પુનરાવર્તિત થતું રહ્યું. માર્ગરિટના અક્ષયપાત્રમાંથી બ્રેડ, પિઝા, કેક, પાઈ, કૂકી, બિસ્કિટ અને બીજી ઘણી જુદી જુદી વાનગીઓ નીકળતી રહેતી અને કદરદાન હોજરીઓમાં પહોંચતી રહેતી.

હંમેશાં દરેક જણ ખાવાવાળા જ નહોતા. આ કામ કરવા માટે મદદનીશોની એક નાનકડી ફોજ ત્યાં હંમેશાં હાજર રહેતી. ક્યારેક, તેઓ માર્ગારેટને પોતાની સાથે કશુંક બનાવવા માટે કહેતા, તો અમુક વખતે માર્ગારેટ એવું કંઈક કહેતી નોટિસ મૂકતાં કે તેઓ મંગળવારે આ-અને-તે બનાવવાનાં છે અને બાકીના લોકોને પોતાની સાથે જોડાવા દેતાં.

શું દશ્યો હતાં એ! એક દિવસ ત્યાં સાત, આઠ અથવા નવ વર્ષની ઉંમરનાં, નાનાં બાળકોનું ટોળું હોય, તો બીજા દિવસે, કિશોરોનું ટોળું. મોટા ભાગનો સમય, ત્યાં તમામ વયનાં બાળકો હોય અને હળીમળીને કામ કરતા હોય. ત્યાં "ચતુર" બાળકો હોય અને "બેવકૂફો" પણ, હસ્તપટુ બાળકો હોય અને અણઘડ પણ, જાણકાર બાળકો પણ હોય અને નવા નિશાળિયા-શીખાઉ બાળકો પણ. તમામનો મુખ્ય હેતુ માર્ગારેટ સાથે કામ કરવાનો, રાંધતા શીખવાનો અને ખાસ તો મજા માણવાનો હોય. જો તેમણે વાનગીના ઘટકો માટે પૈસા ચૂકવ્યા હોય, તો તેઓ તૈયાર થયેલી વાનગી ઘરે લઈ જઈ શકે છે – ઉદાહરણ તરીકે, પારિવારિક રાત્રિભોજન માટે લઝાનિયા, અથવા કોઈ સુંદર મજાની મીઠી વાની. નહીં તો, બાકીની શાળા એ વાનગી આરોગે છે અને કૂકિંગ કોર્પોરેશનનાં ખિસ્સાં થોડાં વધુ તગડાં થાય છે.

શાળાનાં પહેલાં સોળ વર્ષો સુધી- જ્યાં સુધી માર્ગારેટ પોતાની સક્રિય સેવામાંથી નિવૃત્ત ન થયાં ત્યાં સુધી- તેઓ શાળામાં એક અજોડ સંસ્થારૂપ હતાં. ઉત્તમ પાકશાસ્ત્રી અને ઉમદા, પ્રભાવશાળી શિક્ષિકા. પરંતુ તેમની ખરી વિશેષતા તો તેમનું શાણપણ હતી. મિડવેસ્ટર્ન ખેતરમાં જન્મેલાં અને ઉછરેલાં માર્ગારેટે, યુ.એસ. નૌસેના અધિકારીનાં પત્ની તરીકે, '30 અને '40ના દાયકામાં વિશ્વભરમાં ભ્રમણ કર્યું હતું, સામાન્ય રીતે તેમના પોતાના જહાજ પર, કારણ કે એ દિવસોમાં નૌસેના સ્થળાંતર માટે એટલી મદદરૂપ થતી નહોતી. આ ગાળામાં નૌસેનાની વિદ્વતાની સમૃદ્ધિ તથા નૌસેનાની ખાસ ભાષા પરના તેમનાં પ્રભુત્વ ઉપરાંત, તેમણે લોકો અંગે ઊંડી સમજણ પ્રાપ્ત કરી હતી.

બાળકો કદી તેમનાંથી ધરાતાં નહીં. દરેક જણ માર્ગારેટને ચાહતું. સૌથી મુશ્કેલ કિશોર વયનાં બાળકો તેમને એક મિત્ર તરીકે પોતાનાં હૃદયમાં વહાલપૂર્વક સાચવતાં. માર્ગારેટ કલાકો સુધી તેમના સમોવડિયાં બનીને સિગારેટ ફૂંકી શકતા અને ગપ્પાં મારી શકતાં. જ્યારે માર્ગારેટને લાગે કે બાળકો ખૂબ ઉખડેલાં છે કે રસ્તો ભૂલ્યાં છે ત્યારે તેઓ ક્યારેય તેમને પોતાનું મંતવ્ય જણાવતાં કે સ્પષ્ટપણે જે છે તે કહેતાં અચકાતાં નહીં; અને છતાં તેઓ હંમેશાં બાળકો સાથે આદરપૂર્વક વ્યવહાર કરતાં અને તેમના મતભેદોને માન આપતાં. છ વર્ષના બાળકને, લગભગ નાનકા વયસ્કની જેમ જ ગણવામાં આવતું. જો બાળકોમાંથી કોઈક સાફસફાઈના કામમાં આળસ દાખવે, તો તેમના કાને થોડા જ વખતમાં માર્ગારેટનો અવાજ અથડાય છે – કોઈક કડવી કહેવત સંભળાવતો અવાજ – જે તેમને તત્કાળ ભાનમાં લાવી દે છે.

માર્ગારેટ માટે, પુડિંગ ખાઈએ ત્યારે જ તે કેવું બન્યું છે તેની સાબિતી મળે, પછી એ જીવનની વાત હોય કે રાંધવાની વાત હોય. અને શું વાનીઓ હતી! તેમણે સર્જેલી ઉત્તમ વાનીઓનો કોઈ આરો નહોતો. દર ઋતુમાં, દર વર્ષે રાંધવાની પ્રવૃત્તિ શાળાની મુખ્ય પ્રવૃત્તિઓમાંની એક બની રહે છે, ખાસ કરીને તેમના માર્ગદર્શન હેઠળ ઉત્કૃષ્ટતાની, સખત મહેનતની અને સરખેસરખા – બિરાદર હોવાપણાની જે એક પરંપરા ઊભી થઈ હતી તેના કારણે.

માર્ગારેટ કામ દરમ્યાન બિલકુલ ઢીલ સાંખતાં નહીં. દરેક જણે તેમની વય ભલે ગમે તે હોય, તેમના હિસ્સે આવતું કામ કરવું પડતું. દરેક જણ સક્કરજન છીલી શકે છે, ચીજવસ્તુઓ માપસર કાઢી શકે છે, ભેળવી શકે છે, ઑવનનું ધ્યાન રાખી શકે છે અને વાસણો તથા ટેબલ સાફ કરી શકે છે. દરેક જણ ચીજો બહાર લઈ જવામાં અને પાછી લઈ આવવામાં મદદ કરી શકે છે. ચોખ્ખા ચણાક રસોડામાં કામ શરૂ થાય છે અને તેમની દેખરેખ નીચે એ જ સ્થિતિ સાથે પૂરું થાય છે.

માર્ગારિટને ઉદાહરણરૂપ રાખીને, અન્યોએ પણ રાંધવાનું શીખવ્યું છે અને સાથે મળીને રાંધવાનું પણ ગોઠવ્યું છે. કૂકિંગ કોર્પોરેશને જે વિદ્યાર્થીઓને એકલા કામ કરવા માટે પ્રમાણિત ઠેરવ્યા હોય તે ઘણી વખત એકલા અથવા જૂથમાં પોતાનું કામ કરે છે. રસોઈકળામાં નિપુણ એવા સ્ટાફના અન્ય સદસ્યો મોટા ભાગે પચરંગી ટોળું ભેગું કરે છે. ક્યારેક, વર્ષભર રાંધણકળા સંબંધિત વર્ગોની હાર ચાલે છે: બ્રેડ બનાવવાના, ચાઇનીઝ પાકશાસ્ત્ર, સામાન્ય રસોઈ જેવાં થોડાંક નામ ગણાવી શકાય.

પ્રસંગોપાત્ત, વિચિત્ર સ્વાદ-રુચિ ધરાવનારા સ્ટાફના સદસ્યો પણ પોતાનો હાથ અજમાવે છે. ક્યારેક અત્યંત વિચિત્ર રસ-રુચિ ધરાવનારા સુદ્ધાં ઝંપલાવે છે. ઉદાહરણ તરીકે, બાર્બરાની વાત કરીએ. તેઓ કુદરતી – અત્યંત, એકદમ "કુદરતી" – આહાર માટેનો ઝોક ધરાવનારાં એક સર્વાંગી પોષણવિદ્ હતાં. તેમને બગીચાના વિવિધતાભર્યા આરોગ્યપ્રદ આહારનું ઘેલું નહોતું. મારો કહેવાનો મતલબ છે કે ક્યારેક એકાદ વાટકી ઘઉંનો લોટ અથવા એકાદ ચમચી મધ વાપરીને તેને "આરોગ્યપ્રદ" કહેવાની આ વાત નહોતી. બાર્બરા કોઈ પણ પ્રકારની બહારથી ઉમેરવામાં આવતી મીઠાશમાં માનતાં નહોતાં (અથવા, શ્રેષ્ઠ રીતે કહેવાની કોશિશ કરીએ તો, તેઓ માત્ર એક દુર્લભ મીઠાશમાં જ માનતાં) તથા આખા અનાજ, તાજાં ઉત્પાદનો અને શક્ય એટલી ઓછામાં ઓછી ઉષ્ણતા વાપરીને રાંધવામાં માનતાં હતાં. હું ક્યારેય એવા બીજા કોઈને મળ્યો નથી, જે સંપૂર્ણપણે આખા રાયના લોટમાંથી બનેલી મીઠાશ ઉમેર્યા વગરની ગાજરની કેક બનાવવાનું સપનું પણ જોઈ શકે.

બાર્બરા તમામ વયના લોકો સાથે ખૂબ સરસ રીતે ભળતાં. એટલે જ્યારે બાર્બરા એવી કોઈ નોટિસ લગાડે કે તેઓ અમુક દિવસે રાંધવાનાં છે, તો બાળકો હંમેશાં જોડાવા માટે નામ નોંધાવતાં. તેમને બાર્બરા સાથે રહેવું ગમતું. ક્યારેક, તેમને સમજાતું કે તેમની સાથે રાંધવાની બાબત ખરેખર પડકારરૂપ છે. જેમ કે એક દિવસ તેમના જૂથે ચૉકલેટચિપ કૂકી લાગે એવું કંઈક બનાવ્યું હતું તે- પણ પછી ખબર પડી કે તે તો રાય/ઓટ/સૂર્યમુખીનાં બીજ/સોયાના લોટમાંથી બનાવેલી કારોબ-ચિપ કૂકીઝ હતી, જેમાં બેકિંગ પાઉડર અથવા ખાંડ કે મધનો છાંટોય ઉપયોગમાં લેવામાં આવ્યો નહોતો. અને હા, તે સ્વાદમાં બિલકુલ ચૉકલેટ ચિપ કૂકીઝ જેવી લાગતી નહોતી!

દર વર્ષે જૂન મહિનામાં અમારે ત્યાં જૂના જમાનાના હાથથી ફેરવવાના સંચામાં આઇસક્રીમ બનાવવા માટેનો એક વિશેષ દિવસ હોય છે. આ પરંપરા, અલબત્ત માર્ગારિટે જ શરૂ કરી હતી. પોતે નાનાં હતાં ત્યારથી તેઓ ખેતર પર આઇસક્રીમ બનાવતાં હતાં. આ ખાસ દિવસ માટેનો

કાચો માલસામાન આવી પહોંચે – ચોખ્ખી મલાઈ, બરફ અને સિંધાલૂણ – એ સાથે જ ઝડપભેર ઉત્તેજના પ્રસરવા માંડે છે. કલાકોના કલાકો સુધી બાળકો સંચો ફેરવવા વારો લે છે, છેલ્લે જ્યારે મશીન ફેરવવું કઠણ બને ત્યારે મોટાં બાળકો આગળ આવે છે. પછી જ્યારે આઇસક્રીમ તૈયાર થઈ જાય ત્યારે 2:30 સુધીમાં આખા મકાનમાંથી રસોડા સુધી જતી લાંબી સર્પાકાર લાઈન બની જતી. ઉનાળાની ગરમીમાં, તમામ મહેનત પછી, તાજા આઇસક્રીમના સ્વાદની તોલે બહુ ઓછી વસ્તુઓ આવી શકે. અરે, પછી રસોડાની સાફસફાઈ કરવાની છે એ બાબત પણ આ મજામાં કંઈ ઓછપ લાવી શકતી નહીં.

૧૫

વય-મિશ્રણ

વય મિશ્રણ એ સડબરી વૅલીનું છૂપું શસ્ત્ર છે.

વય મુજબના વિભાગીકરણને હું ક્યારેય સમજી શક્યો નથી. વાસ્તવિક દુનિયામાં લોકો વર્ષ દર વર્ષ વય મુજબ વિભાજિત થઈને તેમનું જીવન જીવતાં નથી. કોઈક ચોક્કસ ઉંમરે તમામ બાળકોમાં એકસરખા રસ અથવા ક્ષમતાઓ હોતી નથી.

ગમે તેમ પણ, બાળકોને જ્યારે તેમના પોતાના પર છોડી દેવામાં આવે છે ત્યારે તેઓ કેવી રીતે ભળે છે તે અમને થોડા જ વખતમાં સમજાઈ ગયું. બાળકો હળીભળી જાય છે. વાસ્તવિક દુનિયામાં લોકો ભળે છે તેમ જ.

જ્યારે મેં મારો સેન્ડવિચ-બનાવવા અંગેનો સેમિનાર લીધો, ત્યારે મારી સમક્ષ બાર વર્ષનાં બાળકો, અઢાર વર્ષનાં બાળકો અને આ બંનેની વચ્ચેની ઉંમરનાં બાળકો બેઠાં હતાં. રાંધવાની બાબત તમામ પ્રકારની સરહદો આસાનીથી વટાવી જાય છે. વર્ષો પછી, જ્યારે હું આધુનિક ઇતિહાસ ભણાવી રહ્યો હતો ત્યારે મારી પાસે સત્તર વર્ષનાં છોકરા-છોકરીઓ સાથે દસ વર્ષનો અડ્રિઆન બેઠો હતો.

સિદ્ધાન્ત હંમેશાં સરખો જ રહે છેઃ જો કોઈકને કશુંક કરવું છે, તો તેઓ કરે છે. રસરુચિ જ માત્ર મહત્ત્વનાં છે. જો કોઈ પ્રવૃત્તિ કે કામ, વધુ ઉચ્ચ કક્ષાનું હોય તો, કુશળતા મહત્ત્વની બને છે. અલબત્ત, ઘણી બધી બાબતોમાં નાનકડાં બાળકો મોટાં બાળકો કરતાં ઘણી વધુ કુશળતા ધરાવતાં હોય છે.

જ્યારે કુશળતાઓ અને શીખવાનો દર તમામ બાળકોમાં એક સ્તરે ન હોય, ત્યારે જ તો ખરેખર મજા શરૂ થાય છે. બાળકો એકબીજાને મદદ કરે છે. તેમણે કરવી જ પડે છે, નહીં તો આખા જૂથ તરીકે તેઓ પાછળ રહી જાય. તેઓ એકબીજાને મદદ કરવા માગે છે, કારણ કે અહીં તેઓ ગ્રેડ અથવા સોનેરી સ્ટાર મેળવવા માટે સ્પર્ધામાં નથી. તેમને મદદ કરવી ગમે છે, કારણ કે કોઈકને મદદ કરવી અને તેમાં સફળ થવું એ અત્યંત સંતોષ આપતી બાબત છે.

અને તેમને એકબીજાને મદદ કરતાં જોવું એ અત્યંત આહ્લાદક દૃશ્ય હોય છે. અહીં શાળામાં તમે જ્યાં જુઓ ત્યાં, તમને વય-મિશ્રણ જોવા મળે છે.

તેની એક ભાવનાત્મક બાજુ પણ છે. તે એક સોળ વર્ષના બાળકની, મોડી બપોરે સોફા પર બેઠાં બેઠાં છ વર્ષના બાળકને વહાલથી પોતાના પડખામાં લઈને શાંતિપૂર્વક વાંચી સંભળાવવા જેવી, માતૃત્વની અથવા ભ્રાતૃત્વની ખરેખરી જરૂરિયાતને પૂરી કરે છે. અને તે આ છ વર્ષના બાળકને તે જ્યાં સતત તમામ સમય તેનાથી ઘણા વધુ મોટા લોકોથી ઘેરાયેલું રહેતું હોય તેવા વિશ્વમાં અત્યંત ઊંડી રાહત અને સલામતીનો અનુભવ આપે છે. જ્યારે એક બાર વર્ષનું બાળક, એક સોળ વર્ષના નવ-સીખીયાને કમ્પ્યૂટર કેવી રીતે કામ કરે છે તે ધીરજપૂર્વક સમજાવે છે ત્યારે તેને સ્વ-મૂલ્યનો અનુભવ મળે છે.

તેની સામાજિક બાજુ પણ છે. જ્યારે બાળકોએ શાળામાં પહેલવહેલો ડાન્સ કાર્યક્રમ આયોજિત કર્યો ત્યારે ભયાવહ ભીંત-ચિત્રો સાથે ગાજતા ખંડનાં દૃશ્યો મારી સામે તરવરવાં માંડ્યાં હતાં. તેને પ્રોજેક્શન કહે છે. મારો પહેલો સ્કૂલ ડાન્સ હું જુનિયર માધ્યમિક શાળામાં હતો ત્યારે થયો હતો, દરેક સાથે એવું જ બન્યું હશે ને? અમારા શિક્ષકોએ ખંડમાં એક તરફ બધા છોકરાઓને રાખ્યા અને બીજી તરફ છોકરીઓને, અને બસ ત્યાંથી જ પડતીની શરૂઆત થઈ.

અમારાં બાળકોએ અમને સહુને દંગ કરી દીધાં. દરેક જણ આવ્યું, દરેક જણે સાથે ડાન્સ કર્યો. ડાન્સ કરવામાં એક વર્ષનો ફેર હોય તેવાં યુગલો જેટલાં જ સામાન્ય દસ વર્ષનો ફેર ધરાવતાં યુગલો હતાં. પંદર વર્ષની એક છોકરી સાથે નાચતા સાત વર્ષના છોકરાએ પ્રથમ ઈનામ મેળવ્યું. દરેક જણ માટે એ ખૂબ સરસ સમય રહ્યો. વર્ષો વીતતાં ગયાં તેમ, સૌથી નાનું બાળક, શાળાનું સૌથી મોટું બાળક બન્યું, પણ આ રીત ચાલતી રહી.

નાનાં બાળકો માટે મોટાં બાળકો રોલ મૉડેલ, આદર્શ, ક્યારેક તો ભગવાનની ભૂમિકામાં રહેતાં. તેવી જ રીતે ઘણીવાર, તે આદર્શ-વિરોધી રૂપમાં પણ જોવામાં આવતા. અઢાર વર્ષની ઉંમરે, અમારા દીકરા માઇકલે એકવાર અમને કહ્યું હતું, "હું સાત વર્ષનો હતો ત્યારે હું કિશોરોની આસપાસ ભમ્યા કરતો હતો તેનો મને આનંદ છે. તેમને જોઈને હું શું નથી કરવા માગતો તે હું શીખ્યો, એટલે તેઓ જે કરતા હતા તે જાતે કરી જોઈને મારા સ્વાસ્થ્ય અને મારી જિંદગીનાં વર્ષો બગાડવાં જરૂરી ન રહ્યાં."

મોટાં બાળકો માટે નાનાં બાળકો પારિવારિક મૉડેલનું સ્થાન લે છે – નાનાં ભાઈબહેનની અથવા બાળકની ભૂમિકામાં. જ્યારે ચાર વર્ષની શારોન પહેલી વખત અમારી શાળામાં આવી, ત્યારે તેણે હજી તાજેતરમાં જ મા-બાપ ગુમાવ્યાં હતાં. તેના પહેલા વર્ષ દરમ્યાન તે દરેક જણનું "બાળક" હતી; સહુ તેને વાંચી સંભળાવતાં, તેની સાથે રમતાં, વાતો કરતાં, તેને વહાલથી પડખાંમાં લેતાં. જ્યારે પૂર્વ-વિદ્યાર્થીઓ પોતાનાં શિશુઓ કે નાનાં બાળકો સાથે એકાદ દિવસ માટે શાળાની મુલાકાતે આવે છે ત્યારે કિશોરો કલાકોના કલાકો સુધી આ નાનકડાં બાળકો સાથે રમતા જોવા મળે છે.

અને અહીં શીખવા સાથે જોડાયેલી બાજુ પણ છે. બાળકોને અન્ય બાળકો પાસેથી શીખવું ગમે છે. સૌથી પહેલાં તો, એ ઘણી વખત વધુ આસાન હોય છે. એક વયસ્ક કરતાં, બાળ-શિક્ષક વિદ્યાર્થીની મુશ્કેલીઓને વધુ નજીકથી જાણે છે, કારણ કે તે તેમાંથી પ્રમાણમાં વધુ તાજેતરમાં પસાર થયું હોય છે. તેમની સમજાવટો સામાન્ય રીતે વધુ સાદી, વધુ સારી હોય છે. ત્યાં ઓછું દબાણ/ભાર, ઓછી મૂલવણી હોય છે. અને તેમાં ઝડપથી અને સારી રીતે શીખીને, પોતાના માર્ગદર્શકને પહોંચી વળવાનું મોટું પ્રલોભન રહેલું હોય છે.

બાળકોને શીખવવું ગમે પણ છે. એ તેમને મૂલ્યવાન હોવાની, કંઈક સિદ્ધ કર્યાની અનુભૂતિ આપે છે. વધુ અગત્યનું એ છે કે, તેઓ શીખવતાં જાય તેમ તેમની વિષયવસ્તુ પરની પકડ વધુ સારી બને છે; તેમણે બરાબર સમજવું પડે છે, એકદમ સોંસરવું સમજવું પડે છે. એટલે જ્યાં સુધી પોતાના મગજમાં એકદમ સ્પષ્ટ ન થઈ જાય ત્યાં સુધી તે આ વિષયવસ્તુને સમજવાનો સંઘર્ષ કરે છે, તેમના વિદ્યાર્થીઓ સમજી શકે એટલું સ્પષ્ટ થાય ત્યાં સુધી તો ખરો જ.

એક છૂપા શસ્ત્ર તરીકે, વયમિશ્રણ બ્રહ્માસ્ત્ર છે, એટલે કે અત્યંત સફળ છે. તે શાળામાં વ્યાપક રૂપે શીખવાની અને શીખવવાની શક્તિ વધારે છે. તે ચેતનવંતુ અને વાસ્તવિક એવું માનવતાભર્યું વાતાવરણ ઊભું કરે છે. અમારી શાળાને ઘણી વખત ગામડા સાથે સરખાવવામાં આવે છે, જ્યાં દરેક જણ એકબીજા સાથે ભળે છે, દરેક જણ શીખે છે અને શીખવે છે, આદર્શરૂપ બને છે, મદદ કરે છે અને ધમકાવે છે – અને એકબીજા સાથે જીવન વહેંચે છે. મને લાગે છે કે આ એક સારી છબિ છે.

વયસ્કોએ પણ બાળકો પાસેથી ઘણું બધું શીખવાનું હોય છે. આ બાબતને હેના ગ્રીનબર્ગે લખેલા પ્રસંગ "બીચનું વૃક્ષ" કરતાં વધુ સારી રીતે કહેવાયેલી જોયાનું મને યાદ નથી. આ રહ્યો એ પ્રસંગ:

બીચનું વૃક્ષ

આ પાનખરની એક ભવ્ય સવારે મેં પહેલવહેલી વખત બીચના વૃક્ષને "જોયું". સડબરી વૅલી સ્કૂલમાં અઢાર વર્ષથી હોય તેવી કોઈ વ્યક્તિ પાસેથી આવું નિવેદન ચકિત કરી નાખનારું કહેવાય – ચકિત કરતું, પરંતુ તે સાચું છે. બીજા દરેક જણની જેમ, મેં આ વૃક્ષને પાનખરમાં જોયું છે, ત્યારે તેનાં બધાં જ પાંદડાં લાલ થઈ જાય છે અને પછી ખરી પડે છે, ને આખો શિયાળો તેની ડાળો પોતાની ભવ્યતા છતી કરતી રહે છે. મેં વસંતમાં તેને નવેસરથી વિકસતું પણ જોયું છે, જ્યારે તેની નવી ફૂટતી કુંપળો વૃક્ષને ગુલાબી આભા આપે છે અને પછી ધીમે ધીમે પોતાનો ઘેરો લીલો રંગ ધારણ કરે છે. હું પેઢીએ પેઢીએ આ વિશાળ વૃક્ષ પર ચઢતાં શીખતાં, ઊંચે ને ઊંચે જતાં, ક્યારેક તેની સૌથી ઊંચી ડાળીએ પહોંચીને પછી કલાકો સુધી ત્યાં બેસી રહેતાં નાનાં બાળકોની પણ સાક્ષી છું. પણ આ અઠવાડિયે જ મેં ખરેખર આ વૃક્ષને "જોયું", ખરેખર તેને સમજી. જ્યાં સુધી એક નાનકડી છોકરીએ મને શીખવ્યું નહીં ત્યાં સુધી, એક વયસ્ક તરીકે મેં ખરા અર્થમાં આ વૃક્ષને અનુભવ્યું નહોતું.

એક દિવસ શારૉને પોતાના ખુશીથી ચમકતા ચહેરા સાથે મારી સમક્ષ જાહેરાત કરી (તેની અગાઉ આવી જાહેરાતો બીજાં અનેક નાનાં ભૂલકાંઓ કરી ચૂક્યાં હતાં) કે છેવટે તે કોઈની પણ મદદ વિના, પોતાની મેળે બીચના વૃક્ષ પર ચઢતાં શીખી ગઈ છે. તેણે કહ્યું કે જૉયસે તેને આમ કેવી રીતે કરવું તે શીખવ્યું હતું, અને હવે તે મને કરી બતાવશે. હું તેના આનંદમાં સહભાગી થવા માગતી હતી એટલે અને એ સવાર એટલા વિવિધ રંગોથી ઝળહળા હતી – ચકચકતો સૂર્યપ્રકાશ તેનાં લાલ અને પીળાં

પાંદડાં પરનાં ઝાકળમાં ઝબૂકતો હતો તેનાથી ખેંચાઈને હું તેની સાથે થઈ. શારોંને મને તે પોતે કેવી રીતે ચઢી તે પ્રત્યક્ષ ચઢીને બતાવ્યું અને નીચે ઊતરી, અને પછી મને એ જ કરી બતાવવાનું કહ્યું. હવે, મેં અત્યાર સુધી અનેકાનેક બાળકોને ચઢવામાં મદદ કરી હતી અને જ્યારે તેમને તેઓ ફસાઈ ગયાં છે તેવું લાગે ત્યારે અનેકાનેક બાળકોને ઊતરવામાં મદદ કરી હતી, પણ મેં ક્યારેય જાતે આ વૃક્ષ પર ચઢવાની કોશિશ કરી નહોતી.

શારોંન ઝડપથી "ના" સ્વીકારતી નથી, અને હું જાણતી હતી કે જો મારે તેનો મારા તરફનો આદર જાળવી રાખવો હોય તો મારે તેને કરી જ બતાવવું રહ્યું! તેણે બહુ ધીરજપૂર્વક અને સ્પષ્ટ રીતે, એક એક પગલું મને બતાવ્યું કે કેવી રીતે ચઢવું અને કેવી રીતે ઊતરવું અને મેં પહેલીવાર એ કર્યું.

જ્યારે હું પહેલી મોટી ડાળ સુધી પહોંચી, ત્યારે તેના સૌંદર્યથી હું ચકિત થઈ ગઈ. હું એ દળદાર ડાળીઓનું વર્ણન કરી શકતી નથી, એ બખોલ જેવી હૂંફાળી જગ્યાએ અથવા તો એ આશ્ચર્યના ભાવે મારી પર કબજો જમાવી લીધો હતો. એટલું કહેવું પૂરતું છે કે મને સમજાયું કે હું આ વૃક્ષને પહેલીવાર "જોઈ" રહી છું. આપણે વયસ્કો આપણી જાતને જાણકાર અને આપણાં બાળકોને શીખવાની અને શીખવવાની જરૂરિયાતવાળાં માનતાં હોઈએ છીએ. પરંતુ આ કિસ્સામાં હું શરત મારવા તૈયાર છું કે સડબરી વૅલી પરનું કોઈ પણ બાળક આપણી સામે જ હતી તે આ ભવ્યતા ન જોવા માટે અને તેની ઉપેક્ષા કરવાની આપણી અજ્ઞાનતા અને અસંવેદનશીલતા જાણીને દંગ રહી જશે. શારોંન એક સારી શિક્ષિકા હતી અને તેણે મને જે શીખવ્યું તે માટે હું હરહંમેશ તેની આભારી રહીશ.

૧૬

રમત

દિવસો, મહિનાઓ વીતતા જતા હતા તેમ ધીમે ધીમે અમારી આંખો સમક્ષ એક નાનકડું ગામ ખડું થઈ રહ્યું હતું. કળા ખંડમાંથી શોધીને લાવવામાં આવેલા એક વિશાળ ટેબલ પર ફેલાયેલું આ પ્લાસ્ટિસીનનું મૉડલ લગભગ અદ્દલોઅદ્દલ સાચું લાગતું હતું.

ઘણી વખત, આ ટેબલ પર એકી સાથે ઠસોઠસ ઝૂકેલા છ કે તેથી વધુ બાળકો કલાકો સુધી મથતાં – ગણગણાટ કરતાં હોય તેવું બનતું, કારણ કે તેઓ પોતે જે કંઈ વિચારી શકે તે તમામની એકદમ આબેહૂબ લઘુ-પ્રતિકૃતિઓ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા હોય છે. ઘોડાં, વૃક્ષો, ગાડીઓ, ટ્રક, પ્રાણીઓ, વાડ, લોકો – તમામે તમામની. કશાક જૂનાની નકલ નહીં, પરંતુ ભૂલરહિત પુનઃઉત્પાદન. ઉદાહરણ તરીકે, ત્યાં દરેક ઓટોમોબાઈલના હૂડ નીચે (એ પણ પાછું અલગ કરી શકાય એવું હોય) એક સંપૂર્ણ "મોટર" હોય છે – વળી, આ આખો નમૂનો આસાનીથી મારી

હથેળીમાં સમાઈ જાય એટલો નાનો હોય છે. આંગળીના કદના માણસો વેશભૂષા અને હાવભાવ ધરાવે છે. છાપરામાં નળિયાં હોય છે, દીવાલોમાં દરવાજા અને ઓરડાઓમાં અંદર ટેબલ અને ખુરશીઓ હોય છે.

આ બધું જ પ્લાસ્ટિસીનમાંથી બનેલું છે – પ્લાસ્ટિસીનને ગુંદીને, વણીને, બીબાંમાં ઢાળીને બનાવાયું છે. આ રમત લગભગ બે વર્ષથી વધુ સમય સુધી ટકી રહી હતી.

કોઈએ આ આઠથી ચૌદ વર્ષનાં બાળકોને (મોટા ભાગે છોકરાઓને) તેઓ કંઈ કળા-કારીગરીનું "કામ" કરી રહ્યા છે તેવું સહેજ પણ સૂચવ્યું નહોતું, દૂર દૂર સુધી એવો કોઈ અંદેશો પણ આવવા દીધો નહોતો. એવું કહેવામાં આવ્યું હોત તો એ વિચારથી તેઓ દુભાયા હોત. તેમને મન આ એક રમત હતી. ગંભીર, એકાગ્રતાપૂર્ણ, રમત, કોઈ મર્યાદાઓ વિનાની અબાધિત મજા.

શાળામાં દરેક પેઢી પોતાની ગંભીર સ્વરૂપની "ક્લબો" ધરાવે છે. સામાન્ય રીતે આ પ્રવૃત્તિ નવ અથવા દસ વર્ષની ઉંમરની આસપાસ શરૂ થાય છે, ક્યારેક તેમાં પોતાનાથી નાના આશ્રિતોને ચલાવી લેવામાં આવે છે, અને દરેક નવા જૂથ માટે તે એકાદ-બે વર્ષ ટકે છે. એક ક્લબ ઊભી થાય છે અને તેની સાથોસાથ ક્લબ હાઉસ પણ. સૌથી પહેલાં તેનું થાણું રહ્યું વગડામાં આવેલી ખખડધજ ઝૂંપડીમાં – તે પડી ગઈ ત્યાં સુધી તે તેમાં ચાલી. તે પછી તબેલાની એક પાંખમાં તેનું થાણું રહ્યું. એ પછી મુખ્ય બિલ્ડિંગના એક વિશાળ કબાટમાં તેનો વારો આવ્યો. જ્યારે અગ્નિ-સંબંધિત કાયદાઓના કારણે તે અયોગ્ય ઠર્યું, ત્યારે ક્લબ-હાઉસ કોઈ પણ "છૂપા" બંધ વિસ્તારમાં આકાર લેતું થયું, જરૂર પડે ભલે તેની દીવાલો અને છાપરું માત્ર કલ્પનાના જ હોય. તેમાં ગમે તે રીતે રાચરચીલું લાવી દેવું આવશ્યક ગણાતું – કદાચ કોઈ જૂનું પાથરણું/જાજમ, એકાદ ખુરશી, એકાદ ટેબલ. તેની રીતરસમો નવેસરથી શોધવામાં-નક્કી કરવામાં આવતી. યોજનાઓ અને કાવતરાં ઘડવામાં આવતાં, જાસૂસો મોકલવામાં આવતા અને ચોકીદારો નીમવામાં આવતા. જટિલતા-સૂક્ષ્મતાથી ભર્યું એક આખું છાનું વિશ્વ તેમાં ઊભું કરવામાં આવતું. તેમાં સામેલ બાળકો હંમેશાં વ્યસ્ત રહેતાં, હંમેશાં કશાકમાં અત્યંત ધ્યાનપૂર્વક મચેલાં રહેતાં.

અહીં શાળામાં રમતને એક ગંભીર બાબત લેખવામાં આવે છે. મારું માનવું છે કે બાળકો માટે તેમ જ કેવી રીતે રમવું તે ભૂલી ન ગયા હોય તેવા વયસ્કો માટે રમત હંમેશાં એક ગંભીર બાબત હોય છે.

શિક્ષણ સાથે સંકળાયેલા વ્યાવસાયિકોને ઘણી વખત રમત સમસ્યારૂપ કે બાધાજનક લાગતી હોય છે. તેનું કારણ મોટા ભાગે બાળકો શાળાના કામમાં આપે છે તેનાથી કેટલાયગણી શક્તિ અને બુદ્ધિ તેઓ રમત પાછળ ખર્ચે છે તે હોય છે. પ્રસંગોપાત્ત, શીખવાની બાબતને વધુ રોચક બનાવવા માટે, શૈક્ષણિક મનોવિજ્ઞાનીઓ "શીખવામાં" રમતના મૂલ્ય અંગે લખે છે – ઉદાહરણ તરીકે, હલનચલનમાં કુશળતા મેળવવામાં કે રચનાત્મક રીતે સમસ્યાનો ઉકેલ શોધવામાં રમતનું મહત્ત્વ અથવા તો નિયમસરનાં લાગે એવાં કોઈ પણ બીજાં લેબલ મારીને રમતના મહત્ત્વ અંગે લખાય છે.

હકીકત એ છે કે સડબરી વેલી ખાતે રમત એ જીવનનો એક મોટો ભાગ છે. અને તે શીખવાના મુખ્ય પરિબળોમાંની એક છે. પણ તમે વિચારો છો તેના કરતાં કંઈક જુદું અહીં શીખાય છે. અહીં બાળકો શીખે છે હાથ પર લીધેલા કામને એકાગ્રતાપૂર્વક કરવાનું અને ઉદાર રીતે, મર્યાદાઓનો વિચાર કર્યા વિના ધ્યાન કેન્દ્રિત કરવાનું – થાક્યા વિના, ઉતાવળ કર્યા વિના કે પછી કશુંક બીજું કરવા માટે અધવચ્ચેથી પોતાના ગરમાગરમ વિચારને પડતો મૂકવાની ચિંતા વિના. આ "પાઠ" જીવનભર તેમનામાં જળવાઈ રહે છે.

શાળામાં મોટા ભાગનાં બાળકો, ખાસ કરીને નાનાં બાળકો આખો દિવસ રમવામાં અત્યંત વ્યસ્ત હોય છે. ખાવા કે આરામ કરવાની તેમને ફુરસદ હોતી નથી. મોડી બપોર સુધીમાં, તેઓ બરાબર જમવા માટે અને સરસ મજાનું સૂવા માટે તૈયાર હોય છે. તેમણે દિવસ આખો સખત કામ કર્યું હોય છે એટલે સ્તો.

રમત જેટલી જટિલ, ઝીણવટભરી બાબત છે, તેની સરખામણીમાં તેમાં જોઈતાં સાધનો અને સામાન, સંયમિત ભાષામાં કહીએ તો, તદ્દન સસ્તાં છે.

જ્યારે અમે પહેલવહેલી વખત શાળા ખોલવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે તમામ પ્રકારનાં "આવશ્યક" રમતગમતનાં સાધનો લાવવા માટે, ખાસ કરીને નાનાં બાળકોને ધ્યાનમાં રાખીને, અમારા નાનકડા બજેટને કેમ ફાળવવું તેની મથામણમાં અમે કલાકો ગુજાર્યા હતા. તમને

બાલવાડીઓ, ઘોડિયાઘરો અને બાળકો માટેનાં કેન્દ્રો પર જોવા મળે છે તેવાં સામાન્ય સાધનો સાથે અમે શરૂઆત કરી.

જેમ જેમ શરૂઆતનાં વર્ષો વીતતાં ગયાં, તેમ તેમ અમને વિશ્વાસ ન પડે તેવું બનતું ગયું. એ સાધનો લગભગ સંપૂર્ણપણે વણવપરાયેલાં પડી રહ્યાં. જેટલાં વપરાયાં તે પણ તે જેના માટે હતાં તેના કરતાં એકદમ જુદા જ પ્રકારના હેતુ માટે વાપરવામાં આવ્યાં.

બાળકોને જે મુખ્ય સાધનોનો ખપ હોય છે તે છે ખુરશીઓ, ટેબલો, ઓરડાઓ, કબાટો અને બહાર મેદાનમાં વૃક્ષો અને ઝાડીઝાંખરાઓ, ખડકો અને છૂપા/ગુપ્ત ખૂણાઓ. સૌથી મોટામાં મોટું સાધન તો તેમની કલ્પનાશીલતા છે.

બાર વર્ષ સુધી આમતેમ પડી રહ્યા પછી અને વખતોવખત દાનથી તેમાં થયેલા ઉમેરા પછી, રમતગમતની પોણા ભાગની વસ્તુઓને બોક્સમાં ભરીને માળિયા પર ચઢાવી દેવામાં આવી. ત્યાં એ પડી છે. માળિયું કોરું છે, એટલે ત્યાં કદાચ એ વધુ લાંબો સમય નરવી રહી શકશે.

થોડાક અપવાદો પણ છે. મોટાં બાળકો પોતાના ઘરેથી લાવેલી પૂઠાં પરની રમતો રમે છે: એક વખત હતો જ્યારે તેઓ દિવસો સુધી "મોનોપોલી" નામની રમત રમતાં રહેતાં, પછી ચાર વર્ષો સુધી "રિસ્ક" નામની રમતનું ઘેલું રહ્યું અને તેમાં રમનારા ખેલાડીઓ ભૂગોળ-વિદ્ અને લશ્કરી વ્યૂહ-નિષ્ણાતોમાં પલટાઈ ગયા. "અંધાર કોટડી અને ડ્રેગન" નામની રમતમાં દરેક ખેલાડી પાસે પોતે કાળજીપૂર્વક ભેગો કરેલો અને અંગત માલિકીનો સાજસજ્જા-સાધનોનો એક વિસ્તૃત સંગ્રહ રહેતો. મારું ધારવું છે કે બહારની વ્યક્તિઓ માટે અન્ય રમતો કરતાં આ રમત વધુ સ્વીકાર્ય હતી, કારણ કે તેમાં લોકો કંઈક "શીખે" છે – ઉદાહરણ તરીકે, મધ્યકાલીન જીવન વિશે.

અહીં અમે રમતને ગંભીરતાપૂર્વક લઈએ છીએ. અમે તેમાં દખલગીરી કરવાનું સ્વપ્નેય વિચારતાં નથી. અને એટલે એ તમામ ઉંમરનાં બાળકોમાં ખીલે છે. શાળા છોડીને બહારના વિશ્વમાં પગ મૂકતાં અમારા સ્નાતકો કઈ રીતે પોતે જે પણ કંઈ કરતા હોય તેમાં પોતાનું સઘળું રેડી દેવું તે જાણે છે અને છતાં સાથેસાથે જીવનમાં હસવાનું અને જીવનને માણવાનું યાદ રાખે છે.

૧૭

પુસ્તકાલય

પીળી પટ્ટીના મુદ્દે હમણાં અમારી વચ્ચે વિખવાદ ફાટી નીકળશે એવું મને લાગતું હતું.

શાળાની લાઇબ્રેરી ગોઠવવા માટે શરૂ થયેલી અમારી લાંબી બેઠકોની શૃંખલામાંની તે એક હતી. પૌલા, જે અમારાં લાઇબ્રેરિયન બનવાનાં હતાં, તે જુસ્સાપૂર્વક પોતાની બાજુ રજૂ કરી રહ્યાં હતા.

નાનાં બાળકો માટેનાં પુસ્તકો પર નિશાની હોવી જ જોઈએ. આસાનીથી ઓળખી શકાય તે માટે તેની પીઠ પર પીળી પટ્ટી હોવી જોઈએ. પૌલા સાર્વજનિક શાળાના એક અનુભવી લાઇબ્રેરિયન હતાં અને તેમણે વિચાર્યું હતું કે તેમને અમારી સાથે રહીને સહેજ કંઈક જુદું કરવાનો પ્રયાસ કરવો ગમશે. પરંતુ જૂની આદતોને ખંખેરી નાખવી અઘરી હોય છે.

મેં પૂછવાનું ચાલુ રાખ્યું – આપણને એની જરૂર શા માટે છે? બાળકો ભૂલથી વયસ્કો માટેનાં પુસ્તકો ઉપાડી લેશે તેનો આપણને ડર છે?

દલીલોથી વાતાવરણ ગરમ બનવા માંડ્યું. પૌલાને એવો ડર હતો કે બાળકો અકસ્માતે કોઈ એવું પુસ્તક લઈ બેસશે, જે તેમને બહુ અઘરું લાગશે, તો તેઓ વાંચવા માટે નિરુત્સાહી થઈ જશે. તે જે રીતે જોતાં હતાં તેનો અર્થ એમ હતો કે આ વયસ્કોનું વિશ્વ બાળકો-કિશોરો માટે એક ડરભરી જગ્યા હતી, અને શાળાએ તેમને આ વિશ્વ સાથેના હતાશાભર્યા અથવા પીડાકારક અનુભવમાંથી બચાવવાના હતા.

અમારામાંથી મોટા ભાગનાને મન, આ પીળી પટ્ટી એ કઈ રીતે મોટા લોકો બાળકોને ઉત્તેજન આપવાનો ડોળ કરે છે તેનું એક બીજું પ્રતીક માત્ર હતી. કઈ રીતે વયસ્કો દરેક બાળકમાં રહેલી આ વાસ્તવિક વિશ્વ પર પ્રભુત્વ મેળવવાની અને તેને જીતવાની ભયાનક નિશ્ચયાત્મકતાને ખોટી રીતે સમજે છે તેનું એક બીજું ઉદાહરણ માત્ર.

મહિનાઓની ભારેખમ, સચોટ-જડબાતોડ દલીલબાજી પછી, છેવટે મત લેવામાં આવ્યો. પીળી પટ્ટીને હાર મળી. તેના થોડા વખત પછી, હજી શાળા ખૂલે તેની પણ પહેલાં પૌલાએ રાજીનામું આપ્યું. તેમણે કદી સક્રિય પુસ્તકાલય જોયું જ નહીં.

આમ તો ખરેખર અક્રિય પુસ્તકાલય કહેવું જોઈએ. અમારા માટે પુસ્તકાલયનો મૂળ વિચાર એકદમ સીધોસાદો છે: એ એક વિશાળ સુષુપ્ત સ્રોત છે, શાણપણનો જળભંડાર છે, જે દરેક જણ માટે તેમને જ્યારે પણ જ્ઞાનની તરસ લાગે ત્યારે ડૂબકી મારવા માટે પ્રાપ્ય છે. (આ કિસ્સામાં લાગુ પડતી સામાન્ય ઉપમા.)

અત્યાર સુધી જોયેલાં શાળાનાં તમામ પુસ્તકાલયો વિશે જે બાબતથી અમને દુ:ખ થાય છે તે છે તેમની ઉપયોગ-રહિતતા. સૌથી પહેલાં તો, બધાં જ પુસ્તકો પુસ્તકાલય નામે ઓળખાતા કોઈ એક અલગ ઓરડામાં અથવા પાંખમાં રહે તેવું અમે ઇચ્છતા નહોતા. એવી જગ્યા જે શબઘર જેવી હોય: જ્યાં બધાએ સ્થિર રહેવાનું હોય, ગુસપુસ કરીને વાત કરવાની હોય, જ્યાં લોકો સાવચેતીપૂર્વક અને સહેજ ડર સાથે, મોટા ભાગે લાઇબ્રેરિયનની ભાવશૂન્ય આંખો હેઠળથી પસાર થતા હોય. અમે ઇચ્છતા હતા કે પુસ્તકો બધી જ જગ્યાએ હોય, માત્ર "લઈ જવા" માટે નહીં પરંતુ મન થાય ત્યારે મોકળાશથી પાનાં ફેરવવા માટે આરામદાયક, હૂંફાળી અને પહોંચી શકાય તેવી જગ્યાઓએ હોય.

બાળકો અભરાઈ પરથી પુસ્તકોને કાઢે તેમ અમે ઇચ્છતા હતા. વધુમાં વધુ પુસ્તકો કાઢે. અમને પુસ્તકાલય વિંખાઈ જવાનો ડર નહોતો.

અલબત્ત, મોટા ભાગે અમે ઘણાં બધાં સારાં પુસ્તકો ઇચ્છતાં હતાં. લોકોને ગમ્યાં હોય અને જેને લોકોએ સાચવ્યાં હોય તેવાં પુસ્તકો.

તેના માટે, અમારે એક નવા પ્રકારની સંપાદન નીતિ અખત્યાર કરવી પડી. સામાન્ય પદ્ધતિ અહીં બિલકુલ યોગ્ય લાગતી નહોતી. જે વ્યક્તિનો એકમાત્ર રસ ફક્ત પુસ્તકો અને પુસ્તકો જ હોય, તે જ્ઞાનના દરેક અને તમામ ક્ષેત્રમાંના ખરેખર રસપ્રદ હોય તેવાં પુસ્તકો કેવી રીતે શોધવા તે જાણતી હોય એ બાબત અમને ક્યારેય બહુ વિશ્વાસજનક લાગી નથી. અમને જે-તે ક્ષેત્રમાંના રત્નો શોધવા માટે તે દરેક ક્ષેત્રને ચાહતા હોય તેવા લોકોની જરૂર હતી.

આખી બાબત આ રીતે બની. એ ખરેખર એકદમ સાદી અને બિન-ખર્ચાળ પદ્ધતિ હતી. અમે લોકોને તેમની અંગત લાઇબ્રેરીનો અમુક ભાગ આપવા માટે કહ્યું. આ એવાં પુસ્તકો હતાં જેને વ્યક્તિએ વર્ષોના ગાળા દરમ્યાન પસંદ કર્યાં હતાં – તેમને તે ગમતાં હતાં માટે, તે રસપ્રદ હતાં માટે અને તે ઉપયોગી અને વિશિષ્ટ હતાં માટે. સડબરી વૅલીનું પુસ્તકાલય નિષ્ણાતોની સેના દ્વારા ઊભું થયું હતું અને હજી પણ તેમના થકી સમૃદ્ધ થતું રહે છે.

અલબત્ત, આ બધાં જ પુસ્તકો સારાં હોય છે એવું નથી. પણ શું કોઈ લાઇબ્રેરીનાં હોય છે ખરાં? એક પુસ્તક ઉપાડો, કોઈ પણ પુસ્તક. બહુ થોડા વખતમાં તમે તેના ગુણદોષ વિશે અમારી પીળી પટ્ટીના મુદ્દાની જેમ ઊકળતી દલીલો પેદા કરી શકો છો. પરંતુ અમારી પાસેનાં પુસ્તકો કમ-સે-કમ તેને જેમણે પસંદ કર્યાં હતાં તે લોકોએ વાંચેલાં અને કાળજીપૂર્વક સાચવેલાં હતાં.

બહુ થોડા વખતમાં, શાળાનું મકાન પુસ્તકોથી ભરાઈ ગયું. દર વર્ષે, નવાં સંપાદનોને સમાવવા માટે એક પછી એક ઓરડામાં નવી અભરાઈઓ લાગતી જાય છે.

ખરેખર તો, અમુક વખતે અમે પુસ્તકોના દરિયામાં લગભગ ડૂબી જ જઈએ છીએ. ત્યારે પછી અમે વેચાણ માટે પુસ્તક-મેળો ગોઠવીએ છીએ.

ક્યારેક અમને સહેજ વધારે પડતાં કહેવાય એવાં પુસ્તકો દાનમાં મળે છે, એવા સંગ્રહો/ગ્રંથો જે કોઈ વિશેષ વિષયને સહેજ વધુ પડતાં સમર્પિત હોય. જેમ કે વિસ્તૃત વિવરણ (ટિપ્પણી) ધરાવતા મેસ્સ્યૂસેટ્સ જનરલ સ્ટેચ્યૂઝનો આખો સંપુટ. અમારા માટે પીળી પટ્ટી સાથે કે તેના વગર, આ ભાગ્યે જ પાનાં ફેરવી શકાય (અથવા ઊંડાણપૂર્વક વાંચી શકાય) એવી સામગ્રી હતી. અથવા તો પછી કેટલીક સુંદર તકનીકી-વિજ્ઞાન જર્નલોના અંકો. આવી વસ્તુઓને કાઢવા માટેનો રસ્તો અમારે વિચારવો રહે છે, સામાન્ય રીતે તેમને વેચી કાઢીને અથવા તો આપી દઈને અમે તેમનો નિકાલ લાવીએ છીએ. જો કે, અમને દાનમાં મળતાં મોટા ભાગનાં પુસ્તકો અમે રાખીએ છીએ. અને બાળકો તેમને હાથમાં લે છે – પાનાં પલટાવે છે.

ચોક્કસ જ, અમે અમુક વખતે પુસ્તકો ખરીદીએ પણ છીએ. જ્યારે કોઈકને જોઈતાં પુસ્તકો અમારી પાસે ન હોય ત્યારે. પછી તે વિશેષ ખર્ચ હેઠળ આવરી લેવામાં આવે છે.

70ના દાયકાના મધ્યભાગમાં, એક દિવસ અમને સ્ટેટ ઍજ્યુકેશન ડિપાર્ટમેન્ટ તરફથી ટપાલમાં એક પત્ર મળે છે. વાત એમ હતી કે શિક્ષણને સહાયરૂપ થવાના પોતાના અનેક પરોપકારી પ્રયાસોના ભાગ રૂપે, અંકલ સામે (અમેરિકા દેશે) દેશભરની શાળાઓને પુસ્તકો ખરીદવા માટે પૈસા આપવાનું નક્કી કર્યું હતું. હું ધારું છું કે કૉંગ્રેસે એવું વિચાર્યું હશે કે પુસ્તકો સારી વસ્તુ છે અને જો અભરાઈઓ પર વધુ પુસ્તકો હોય તો શાળાઓ વધુ સારી બનશે. મને ખાતરી છે, પ્રકાશકોએ આ વિચારનો વિરોધ નહીં જ કર્યો હોય.

ગમે તે ગણો, અહીં હતો સ્વર્ગમાંથી પરમેશ્વરે અમારા માટે મોકલેલો આહાર, ભલે પછી અમને તેની જરૂર હોય કે ન હોય. અમારો પ્રથમ ઝોક તેને પાછો મોકલી દેવાનો હતો. પરંતુ તે કંઈ બુદ્ધિગમ્ય વાત જણાતી નહોતી. ભેટમાં મળ્યું હોય તેની કિંમત ન અંકાય... એટલે અમે વિશેષ ખર્ચ હેઠળ કરવામાં આવતી પુસ્તકો માટેની વિનંતીઓ માટે તેનો ઉપયોગ કરવાનું ઠેરવ્યું.

પીળી પટ્ટીનું શું થયું?

હં... અમે છેવટે આ મુદ્દે જૂજ છૂટછાટો કરી. જે પુસ્તકો સ્પષ્ટરૂપે ઘોષણા કરતાં હતાં કે તે નાનાં બાળકો માટેનાં છે, તેને સૌથી દૂરના ખંડમાં સૌથી ઊંચી અભરાઈ પર મૂકવામાં આવ્યાં નહીં. તેમને લેવા માટે સીડીની જરૂર ન પડે તેમ, નાનાં બાળકો સરળતાથી લઈ શકે તેમ રાખવામાં આવ્યાં.

પરંતુ કોઈ પટ્ટી વિના. કોઈ વ્યક્તિ નાના બાળકને પટ્ટી વિનાનું પુસ્તક વાંચતાં પકડે અને કરડા અવાજે પૂછે, "તું આ પુસ્તક લઈને શું કરી રહ્યો છે, જુવાન!" એવી કોઈ શક્યતા જ રાખવામાં ન આવી.

અને એવી પણ કોઈ શક્યતા રાખવામાં ન આવી કે જ્યારે કોઈ મોટો વિદ્યાર્થી છુપાઈને બાળકોના કોઈ સુંદર પુસ્તક પર નજર ફેરવી રહ્યો હોય અને પુસ્તક પરની ચુગલખોર પટ્ટી તેને કોઈકની સામે ક્ષોભિત કરી દે.

૧૮

પૂરતો સમય

સડબરી વૅલીમાં કદી ઘંટ વાગતો જ નથી. અહીં "તાસ કે પીરિયડ" છે જ નહીં.

કોઈ પણ પ્રવૃત્તિ પાછળ કેટલો સમય ગાળવો તે દરેક સહભાગીની અંદરથી ઊગે છે. તે હંમેશાં એટલો સમય હોય છે જેટલો તે વ્યક્તિ ઇચ્છતી હોય અને જેટલી તેની જરૂરિયાત હોય. તે હંમેશાં યોગ્ય પ્રમાણમાં હોય છે.

શાળા સવારે 8:30 વાગ્યે ખૂલે છે અને સાંજે 5:00 વાગ્યે બંધ થાય છે. સવારે 9:00 વાગ્યે કોઈ વિદ્યાર્થી ડાર્કરૂમમાં જાય અને પછી તેને સમયનું ભાન ન રહે અને તે સીધો, જ્યારે તેનું કામ પૂરું થાય ત્યારે 4 વાગ્યે બહાર આવતો દેખાય તે દશ્ય અહીં અસામાન્ય નથી.

જેકબ ચાકડા પર બરાબર ગોઠવાઈને બેઠો. તે તેર વર્ષનો છે. સવારના 10:30 વાગ્યા છે. તે તૈયાર થાય છે અને ચાકડા પર ઘડા બનાવવા માંડે છે. કલાક પસાર થઈ ગયો. તેની આજુબાજુ

બીજી અનેક પ્રવૃત્તિઓ થઈ રહી છે. તેના મિત્રો, તેના વિના જ, સૉકરની રમત શરૂ કરી દે છે. ત્રણ કલાક વીત્યા. બપોરે 2:15 વાગ્યે તે ચાકડા પરથી ઊઠે છે. આજે તે પોતાના પ્રયાસો બતાવી શકે તેવું કંઈ જ તેના હાથમાં આવ્યું નથી. તેને સંતોષ થાય તેવો એક પણ ઘડો બન્યો નથી.

બીજા દિવસે, તે ફરીથી પ્રયત્ન આદરે છે. આ વખતે તે બપોરે 1:00 વાગ્યે ચાકડા પરથી ઊઠે છે અને તેના હાથમાં તેને પોતાને ગમ્યા હોય તેવા ત્રણ નમૂના છે.

અગિયાર વર્ષના થોમસ અને નાથન 9:00 વાગ્યે અંધાર કોટડી અને ડ્રેગન રમત શરૂ કરે છે. 5:00 વાગ્યે તે પૂરી થઈ નથી. બીજા દિવસે 5:00 વાગ્યે પણ તે પૂરી થતી નથી. ત્રીજા દિવસે, બપોરે 2:00 વાગ્યે તેઓ તેને વીંટી લે છે.

નવ વર્ષની શર્લી, એક ખુરશીમાં ટૂંટિયું વળીને બેસે છે અને એક પુસ્તક વાંચવું શરૂ કરે છે. તે આ પુસ્તક ઘરે પણ સાથે લઈ જાય છે અને સતત ત્રણ દિવસ સુધી, એ પુસ્તક પૂરું ન થયું ત્યાં સુધી વાંચતી રહે છે.

છ વર્ષનાં સિન્ડી અને શારોન વગડામાં ચાલવા ઊપડે છે. એ સરસ મજાનો વસંતનો દિવસ છે. તેઓ ચાર કલાક સુધી બહાર રહે છે.

પાનખરની એક વહેલી સવારે ડેન પોતાનો માછલી પકડવાનો ગાળિયો તળાવમાં નાખે છે. ત્રણ વર્ષ પછી, તે હજી પણ માછલી પકડી રહ્યો છે.

સડબરી વૅલીમાં સમય એ કોઈ વસ્તુ નથી. તેને ખરાબ કે સારી રીતે "વાપરવામાં" આવતો નથી. તેને "બગાડવામાં" અથવા "બચાવવામાં" આવતો નથી.

અહીં સમય એ જીવનના આંતરિક લય-તાલમેલનું માપ છે. તેની તમામ જટિલતાઓ સહિત. ઘટનાઓનો તાર જેમ જેમ ખૂલતો જાય, તેમ તેમ એ તારને યોગ્ય સમય પસાર થતો જાય છે.

અહીં ભોજનનો કોઈ નિશ્ચિત સમય નથી. અથવા કહો કે જો તમને જમવા પૂરતી ભૂખ લાગી હોય તો દરેક સમય ભોજનનો સમય છે. સાડા દસ, બાર, અઢી, પાંચ. વિન્ની ધ પૂહ પાસે એક દીવાલ ઘડિયાળ હતી – જે બહુ વખત પહેલાં 11:00 વાગ્યે બંધ પડી ગઈ હતી. સદાયના ભૂખ્યા એવા તેના માટે, અગિયાર એટલે હંમેશાં "કશુંક ખાવાનો સમય" હતો, અને કોઈ પણ સમયે અગિયાર જ વાગેલા રહેતા.

શાળામાં વર્ષો વીતતાં ગયાં તેમ મેં દરેક બાળકને તેના પોતાના સમય અંગેના ભાન અનુસાર વિકસતું જોયું છે. મેં બાળકોને હરણફાળ ભરતાં અને પછી અનંત સમય ભાસે ત્યાં સુધી એક સ્થાને અટકી રહેતાં જોયાં છે. મેં લોકોને સ્વપ્નો જોતાં અને પછી ક્યારેય ન હોય એટલી ધીમી ગતિએ જમીન પર પાછા ફરતા જોયા છે.

જો વિદ્યાર્થીઓને વધુ સમયની જરૂર હોય તો અમે તેમને આપીએ છીએ, તેમને શાળાની ચાવી આપવામાં આવે છે. થોડાક વિદ્યાર્થીઓ વહેલા આવે છે, થોડાક મોડે સુધી રોકાય છે, થોડાક રજાના દિવસે અને શનિ-રવિના આવે છે.

અંગત લય-તાલમેલ પ્રત્યે શાળા જે આદર દર્શાવે છે તે અખંડિત, સંપૂર્ણ છે. દરેક જણ, "વહેલા અથવા મોડા" તેમની પોતાની જાત સાથે લયમાં આવશે જ તેની તે ખાતરી આપે છે. અંગત સમય માટેના આ આદર અંગે વિદ્યાર્થીઓ સારી પેઠે સભાન છે. તેઓ તેની પર આધાર રાખીને, તેને માણવા માટે આવે છે. મેં કોણ જાણે કેટલીયવાર મોટા કિશોરોને એમ કહેતા સાંભળ્યા છે, "બીજી કોઈ પણ બાબત કરતાં વધુ, આ સ્કૂલે મને મારી જાતને શોધવા માટે સમય આપ્યો છે."

તીવ્ર એકાગ્રતા વ્યક્તિને સમયનું ભાન સંપૂર્ણપણે ભૂલાવી દે છે. મેં સૌથી પહેલી વખત, આકસ્મિક રીતે, રહસ્યમય રીતે આરપાર પસાર થતાં કિરણોની- જેને 'ક્ષ-કિરણો (એક્સ રે)' નામ મળવાનું હતું -તેની શોધ કરનાર રોએંટજેનના એ વખતના વર્તન વિશે વાંચ્યું ત્યારે એ બાબત અચાનક મારા ધ્યાનમાં આવી હતી. સામાન્ય સંજોગોમાં મંદ અને દુન્યવી ગણાતા આ ભૌતિકશાસ્ત્રીએ એ વખતે પોતાની જાતને પોતાની પ્રયોગશાળામાં પૂરી દીધી હતી. ઉત્તેજના અને ઉત્કટ કુતૂહલથી તે ત્યારે ઘેલા થઈ ગયા હતા. તેમની જમવાની થાળી પણ પ્રયોગશાળાની બહાર દરવાજા પર મૂકી દેવાની સૂચના હતી. આવું સાત દિવસ સુધી ચાલ્યું. એ પછી પોતાના ધરા ધ્રુજાવનારા અહેવાલ સાથે તેઓ બહાર આવ્યા.

આપણી વાર્તાઓ અને દંતકથાઓમાં સર્જનાત્મક પ્રતિભાઓની છબિ હંમેશાં સંપૂર્ણ એકાગ્રતા ધરાવતી અને સમય પ્રત્યે તદ્દન બેપરવાહ દર્શાવતી ચિતરવામાં આવી છે. આપણે પ્રશંસા કરતાં કહેતાં હોઈએ છીએ, "એ જ તો જિનિયસ કહેવાય." અલબત્ત આપણે સહુ આપણી પોતાની રીતે

સર્જનાત્મક પ્રતિભાઓ છીએ. આપણે સહુ આપણી અંદર ઉત્કટ રીતે કામમાં ડૂબી જવાની, તન્મય થઈ જવાની એ જ સંભાવના, બાહ્ય વિશ્વની ઘડિયાળો ભૂલી જવાની અને આપણી અંદરની ઘડિયાળ તરફ લક્ષ આપવાની એ જ જરૂરિયાત ધરાવીએ છીએ.



શાળામાં અંગત સમય માટે જેટલી મોકળાશ છે તેટલી જ જાહેર કે સામુદાયિક સમય માટે ચોકસાઈ છે. આ આખી બાબત આદર સાથે સંબંધિત છે. જ્યારે અમુક લોકો નિયત જગ્યા અને નિયત સમયે અમુક વસ્તુ ભેગા મળીને કરવાનું નક્કી કરે છે, ત્યારે તેઓ તેમનો સમય પાળે તે શિષ્ટાચાર છે. તેમણે સહુએ જૂથ માટે એક સામાન્ય સમય ઊભો કરવા તેમનો સમય એક કરવો રહે છે.

દર ગુરુવારે બરાબર 1:00ના ટકોરે શાળા-સભા શરૂ થાય છે. જો તમે તેમાં ભાગ ન લેવા ઇચ્છતા હો તો ન આવો, પરંતુ જો ભાગ લેવા ઇચ્છતા હો તો બરાબર સમયે પહોંચી જાવ. અહીં વર્ગો માટે સહુ નક્કી કરેલા સમયે બરાબર મળે છે, અથવા મળતા જ નથી. પ્રવાસ અથવા મુલાકાતો માટે બરાબર નિશ્ચિત સમયે શાળામાં નીકળવામાં આવે છે અથવા તો તેઓ શાળા પર જ રહે છે. જો કોઈ વ્યક્તિ મોડી પડે, તો તે વ્યક્તિને પાછળ છોડી દેવામાં આવે છે. જ્યારે અન્યો સાથે કોઈ બાબત નક્કી કરવામાં આવી હોય, ત્યારે અંગત લય માટેના અવકાશને કોઈ સ્થાન હોતું નથી.

જુદી જુદી વયનાં બાળકો અહીં સારી રીતે ભળે છે તે પાછળ શાળામાં સમય-રહિતતાનો જે ભાવ છે તે એક મુખ્ય કારણ છે. વ્યક્તિ જન્મી ત્યારથી કેટલા દિવસો અથવા વર્ષો પસાર થઈ ગયા તેની ચિંતા કરવાનું અમને એટલું તો અસંગત લાગે છે. છ વર્ષનાં બાળકો, કિશોરો, સ્નાતકો, શિક્ષકો અને માતાપિતા એકબીજાના સત્ત્વ સાથે, જેને વય સાથે કોઈ લેવાદેવા નથી, મુક્તપણે અને મોકળાશથી સંબંધિત થાય છે. તેઓ દસ વર્ષ જુદા રહ્યા પછી પોતાના સહકાર્યકરને મળતા અને પોતે સાથે હતા ત્યારે જ્યાંથી વાત અટકી હતી ત્યાંથી જ વાત શરૂ કરતા સુપ્રસિદ્ધ વિજ્ઞાની નીલ્સ બોહરની વાત કરે છે. સડબરી વૅલી પર, આ દંતકથા એ રોજિંદી વાસ્તવિકતા છે.

સડબરી વૅલી પર, સહુની પાસે સમય છે.

૧૯

શીખવું

સડબરી વૅલી અમને સૌને બીજી કોઈ પણ બાબત કરતાં એક વસ્તુ સૌથી વધુ શીખવે છેઃ નમ્રતા. દરરોજ અમારો સામનો અમારા અજ્ઞાન સાથે થાય છે, અમે તેને લડત આપીએ છીએ અને તેના માટે આદર અનુભવીએ છીએ.

આ સમગ્ર બાબતની શરૂઆત શીખવા વિશે શીખવાથી થઈ હતી. ઘણાં વર્ષો પહેલાં જ્યારે અમે પહેલવહેલી વખત શિક્ષણના ક્ષેત્રમાં પગ મૂક્યો ત્યારે અમને હતું કે લોકો કઈ રીતે શીખે છે તે અંગે અમે થોડીઘણી જાણકારી ધરાવીએ છીએ.

મને કૉલેજમાં ભણાવવાનો મારો પ્રારંભનો અનુભવ સ્પષ્ટપણે યાદ છે. મને મારા વિષય અંગે જાણકારી હતી, અને મેં શિક્ષણ-વિજ્ઞાન, મનોશાસ્ત્ર અને વિકાસ અંગેનાં પુસ્તકો વાંચ્યાં હતાં. હું

જાણે મારા વિશ્વના શિખરે બિરાજમાન હતો – એટલો "જાણકાર". મારા વિદ્યાર્થીઓને કેટલું બધું આપી શકવા સક્ષમ...

વાસ્તવિકતાનું ભાન ટુકડે ટુકડે થાય છે. સૌથી પહેલાં, મને ખબર પડી કે મારી સમક્ષ બેઠેલા પેલા ઉત્સુક, ખુશનુમા ભાસતા ચહેરાઓ ભારે કંટાળાને અને ઉદાસીનતાને ઢાંકી-છુપાવીને બેઠા હતા. પછી મને ખબર પડી કે હું જે કહું છું તેમાંથી મોટા ભાગનું તેમને સમજાતું નથી. હું અત્યંત ભારપૂર્વક તેમને કહેતો હતો, "અહીં છે એક અગત્યનો મુદ્દો, અને તે એવી સમજણ આપે છે જે આ પાઠ્યપુસ્તકોમાં મળશે નહીં." ખેર, તે કોઈ કામનું નહોતું. જ્યારે પરીક્ષાનાં પેપરો લખાઈને આવ્યાં ત્યારે મેં હંમેશાં તેમાં પાઠ્યપુસ્તકમાં લખેલી બાબતોને જ કાળજીપૂર્વક ગોખીને લખાયેલી જોઈ હતી.

મેં વધુ સખત પ્રયત્નો આદર્યા, વધુ વાંચવું શરૂ કર્યું; પણ મારા નસીબમાં કોઈ સુધારો થયો નહીં. મારા સમવ્યવસાયીઓ પણ, તેમને પડી હતી તેટલા પૂરતા, આ જ સમસ્યા સાથે ઝઝૂમી રહ્યા હતા તેવું મને સમજાયું. ધીમે ધીમે મને એ સમજાયું કે વિદ્યાર્થીઓએ જે નથી શીખવું હોતું, તે તેઓ નથી જ શીખતા. પછી ભલે ને હું તેમની સમક્ષ નાચું, તેમને મનાવું-પટાવું અથવા તો તેમને ડરાવું. પછી મારી સમક્ષ એ ભયાનક સત્ય આવ્યું – કે વાસ્તવમાં લોકો કેવી રીતે શીખે છે તે અંગે ખરેખર અમે કશું જ જાણતા નથી, પછી ભલે તે જે શીખી રહ્યા હોય તેમાં તેમને રસ પડતો હોય કે ન પડતો હોય.

ક્યારેક મને લાગે છે – આપણી આસપાસની શાળાઓ 'રાજાના નવાં કપડાં' દંતકથાનું વિશ્વનું સૌથી મોટામાં મોટું મૂર્તિમંત સ્વરૂપ છે. એક પછી એક વર્ષ, તે ચાલતી રહે છે. પોતાની જાતને જ્ઞાનનો ભંડાર, શિક્ષણ પૂરું પાડનાર તરીકે ઓળખાવતી રહે છે. જ્યારે બીજું બધું જ નકામું નીવડે છે ત્યારે જખમોને રૂઝવવા માટે પ્લાસ્ટર તરીકે પૈસાને લગાડવામાં આવે છે.

પણ તેનાથી ભાગ્યે જ કોઈ ફેર પડે છે. બાળકો જે શીખવાના છે તે શીખશે જ, જ્યારે અને જેવી રીતે તેમને શીખવું હશે તેવી રીતે શીખશે – આપણા સારામાં સારા પ્રયાસો કોઈ કામના નથી.

સડબરી વૅલી પર, હું તમામ સમય આ સત્યને મૂર્તિમંત થતું જોઉં છું. તેઓ ખરેખર કેવી રીતે શીખે છે તે રહસ્યને હું ક્યારેય જાણી શક્યો નથી.

શાળા તરીકે, અમે જે જાણતા નથી તે જાણીએ છીએ એવું અમે ઠોકી બેસાડતા નથી. અમારી ભૂમિકા બાળકો તેમના પોતાના વિવિધ માર્ગ પસંદ કરે ત્યાં સુધી તેમની પડખે રહેવાની –

એકેએક બાળકની પડખે રહેવાની છે. જ્યારે માગવામાં આવે ત્યારે અમે મદદ કરીએ છીએ. જ્યારે ન માગવામાં આવે ત્યારે અમે બાજુ પર ઊભા રહીએ છીએ.

અને તેમનાં પેલાં સુંદર દિમાગોમાં અમને શું વિવિધતા જોવા મળી! પિગેટ, તમે બળીને ખાખ થઈ જશો. શીખવાના તબક્કાઓ? સમજશક્તિના સર્વસામાન્ય પગથિયાંઓ? જ્ઞાન સંપાદન કરવામાં જોવા મળતી સામાન્ય ભાતો? બકવાસ.

કોઈ બે બાળકો ક્યારેય એક રસ્તો લેતાં નથી. દૂર દૂર સુધીની થોડી સમાનતા હોય તેવાં પણ જૂજ જ હોય છે. દરેક બાળક એટલું બેજોડ, એટલું અસાધારણ છે – અમે ચકિત થઈને જોઈએ છીએ અને નમ્ર બનીએ છીએ.

બધાં જ બાળકો, બધો જ સમય શીખતાં હોય છે. જીવન તેમનો મોટામાં મોટો શિક્ષક છે. સ્ટાફમાંના બી.એ. અને એમ.એ. અને પીએચ.ડી. ધારકો તો ગૌણ અદાકારો માત્ર છે.

બાળકો શીખવા માટે તેમને યોગ્ય જણાય તેમ બીજાં બાળકો, પુસ્તકો, સાધનો અને વયસ્કોનો ઉપયોગ કરે છે. તેમનું પ્રમુખ સાધન એ તેમનું કુતૂહલ/જિજ્ઞાસા છે, જે તેમને શોધવા, પારંગત બનવા, સમજવા માટે પ્રેરે છે.

તેઓ વિશ્વને નિહાળતા શીખે છે, કારણ કે તેઓ જુએ છે અને તેઓ તેની અંદર છે, તેનો ભાગ છે. તેઓ આખો દિવસ ઓરડામાં પુરાયેલાં બેસતાં નથી.

તેઓ લોકો સાથે જોડાતાં-સંબંધિત થતાં શીખે છે, કારણ કે તેઓ આખો દિવસ લોકો સાથે, તમામ વયની વ્યક્તિઓ સાથે હોય છે.

તેઓ સમસ્યાને ઉકેલતા શીખે છે, કારણ કે તેમણે એ કરવું જ રહે છે. રાષ્ટ્રપ્રમુખ ટ્રુમેનના ટેબલ પર 'ધ બક સ્ટોપ્સ હિઅર (જવાબદારી બીજા પર ઢોળવાની વાત અહીં પૂરી થાય છે)' લખેલું છે, અને આ "હિઅર (અહીં)" એ દરેક વિદ્યાર્થીની વાત છે. બીજું કોઈ તેમને છોડાવવાનું નથી.

બાળકોને જોતાં રહેવાથી હું દરરોજ કંઈક નવું શીખું છું. ઉદાહરણ તરીકે, આ બાબત જુઓ. લોકો કહે છે, "બાળકોને તેમની પ્રવૃત્તિઓ જાતે પસંદ કરવાની છૂટ આપો, અને તેઓ હંમેશાં સૌથી ઓછા અવરોધવાળો રસ્તો પસંદ કરશે. તેઓ ક્યારેય મહેનત કરવાનું, મુશ્કેલીનો સામનો

કરવાનું ચરિત્ર વિકસાવશે જ નહીં." જ્યારે લોકો મને આવું કહે છે, ત્યારે હું હંમેશાં મારી જાતને (અને ક્યારેક મોટેથી તેમને) કહું છું, "તાજેતરમાં તમે કયાં બાળકોને જોયાં છે?"

વાસ્તવિક જીવનમાં આવું કશું જ બનતું નથી. મોટા ભાગનો સમય, બાળકો સૌથી વધુ આકરો, સૌથી વધુ અવરોધવાળો રસ્તો પસંદ કરે છે. ના, લખવામાં કોઈ ભૂલ થતી નથી. મેં લખ્યું છે, "સૌથી વધુ અવરોધવાળો રસ્તો." અને હું એમ જ કહેવા માગું છું.

આવું કેમ થાય છે તેની મને ખરેખર ખબર નથી, પરંતુ હું હરઘડી તેને બનતું જોઉં છું. એવું લાગે છે જાણે બાળકો પોતાના નબળા પાસાને એક પડકાર તરીકે જુએ છે, જેને ઉઠાવવો જ પડે એવા પડકાર તરીકે.

એટલે અનાડી બાળક આખો દિવસ રમતગમતમાં સરખું પ્રદર્શન કરવા મથ્યા કરે છે. ગણિતથી ચીઢ હોય તેવું બાળક અંકગણિત અને બીજગણિત ભણે છે. એકાંતપ્રિય બાળક હળવાભળવાની કોશિશ કરે છે, જૂથપ્રિય બાળક એકલા રહેતાં શીખે છે. દરેકની મથામણ પ્રચંડ સંઘર્ષ અને સખત દૃઢતાની ગાથા હોય છે.

પછી વાત કરીએ બધી બાબતોમાં અમુક અંશે કુશળ હોવાની. "તમારે તેમને ઘણી બધી વસ્તુઓ થોડી થોડી કરતાં શીખવાની ફરજ પાડવી જોઈએ. બાળકોને શાળામાં વિવિધ બાબતોનો પરિચય મળવો જોઈએ. જો તમે તેમને તેમના પર છોડી દો, તો તેઓ અત્યંત સંકુચિત બનશે."

આ ફરિયાદનું એકેય પાસું મને ક્યારેય બુદ્ધિગમ્ય જણાયું નથી. સૌથી પહેલાં તો, તેમાં અહંકાર/ઘમંડ છે, જાણ તમે કે હું અથવા તો નિષ્ણાતોની કોઈ સમિતિ માનવ જાણકારીના અગાધ સાગરમાંથી દરેક જણે ગ્રહણ કરવા જ જોઈએ તેવાં ટીપાંઓના યોગ્ય સંયોજનને પસંદ કરવા શક્તિમાન હોઈએ. પછી, એમાં વધુ પડતી સરળતા છે, જાણે આજે આ દેશનાં બાળકો, જે મલ્ટી-મીડિયાના હુમલાના યુગમાં જીવી રહ્યાં છે તે બાળકો, દિવસ અને રાત આપણે કલ્પી શકીએ તે કરતાં વધુ બાબતોના સંપર્કમાં નહીં આવતાં હોય. સંકુચિતતાની ફરિયાદ કરતા આ જ લોકો બીજા દિવસે વધુ પડતી બાબતોના સંપર્કમાં આવવાની અને વધુ પડતા ઉત્તેજનની ફરિયાદ કરતા જોવા મળી શકે. છેવટે, અહીં એવી ધારણા બાંધવામાં આવી છે કે સંકુચિત હોવું એટલે ખરાબ. ખરાબ કોના માટે? મોઝાર્ટ માટે ખરાબ હતું? આઇનસ્ટાઇન માટે ખરાબ હતું? વિલ્બર અને ઓર્વિલ રાઈટ માટે ખરાબ હતું? આપણા સૌથી મોટા રાષ્ટ્રીય નાયકોને તેમની એક અથવા બીજા હેતુ માટેની સમર્પિતતા માટે બિરદાવવામાં આવે છે. શું તે સર્વ-કુશળ હતા કે છે?

આ બધું જ છેવટે નમ્રતાના મુદ્દા પર પાછું ફરે છે. આપણામાંથી સૌથી વધુ ચતુર એ આપણામાંના સૌથી વધુ મૂર્ખ કરતાં માત્ર સહેજ ઓછો મૂર્ખ છે. બાળકોને તેમના પર છોડી દો.

તેઓ તેમણે જે શીખવું જોઈએ તે, અને તેથી વધુ શીખશે – જો આપણે તેમની સાથે માથાકૂટ નહીં કરીએ તો, સિવાય કે અને ત્યારે જ જ્યારે તેઓ તેમ કરવા માટે આપણને વીનવે.

૨૦

મૂલ્યાંકન

એક દિવસ હું છ વર્ષના એક બાળક સાથે દડો ઝીલવાની રમત રમતો હતો. દરેક વખતે એ જ્યારે દડો નાખે અને દરેક વખતે એ જ્યારે દડો ઝીલવાની કોશિશ કરે, ત્યારે હું તેને "પ્રોત્સાહન" આપતોઃ "સરસ"; "વાહ, ઠીક ઠીક ફેંક્યો"; "જોરદાર કોશિશ કરી". અચાનક, એણે ગુસ્સાથી મારી તરફ દડો ફેંક્યો અને જોરથી કહ્યું, "મારે તમારી સાથે નથી રમવું. તમે જૂઠું બોલો છો. હું બહુ ખરાબ રીતે દડો ફેંકું છું, એ જરાય સારું નથી અને તમે બહુ મોટા જૂઠ્ઠાડા છો."

ચોક્કસ જ એ સાચો હતો, અને હું ખોટો હતો. શાળામાં મને મળેલો એ એક બીજો મૂલ્યવાન પાઠ હતો.

સડબરી વેલીમાં કોઈ ગ્રેડ આપવામાં આવતા નથી. વિદ્યાર્થીઓ પોતાની પ્રગતિને કેવી રીતે માપવી તે જાતે નક્કી કરે છે. મોટા ભાગે, તેઓ પોતાના કામને નિષ્ઠુર ધોરણો લાગુ પાડે છે, બહારની દુનિયામાં તેઓ શોધી શકે તેવા શ્રેષ્ઠ આદર્શો સાથે સરખાવીને તેઓ પોતાના કામને માપે છે.

ગણિતના વિદ્યાર્થીઓને ખબર હોય છે ક્યારે તેઓ ગુણાકાર અને ભાગાકારમાં અને બીજા બધા દાખલા/પ્રમેયો ઉકેલવામાં પાવરધા બની ગયા; કાં તો તેમનો દાખલો સાચો હોય છે અથવા નથી હોતો. જો તેમને કશુંક ન સમજાય, તો કાં તો તેઓ જાતે મથે છે અથવા મદદ માગે છે, તેમને બરાબર ખબર પડી ગઈ છે તેવી તેમને ખબર ન પડી જાય ત્યાં સુધી. વાહનો કે સાધનોનું સમારકામ શીખતા બાળકને ઝડપથી સમજાઈ જાય છે કે તે કઈ વસ્તુ કરી શકે છે અને કઈ નહીં. જેટલી વધુ વસ્તુઓ તે બરાબર કરી શકે તેટલો તે સારો મિકેનિક બને છે; પણ તે હજી શું કરી શકતો નથી તે કહેવા માટે તેને કોઈ બહારની મદદની જરૂર નથી.

આ જ બાબત દરેક કામ/પ્રવૃત્તિને લાગુ પડે છે. કુંભારે વ્યાવસાયિકોએ બનાવેલા ઘડા જોયા હોય છે, ચિત્રકારે ચિત્રો જોયાં હોય છે, લેખકે પુસ્તકો વાંચ્યા હોય છે, અભિનેતાએ નાટકો જોયા હોય છે, સંગીતકારે રેકર્ડો અથવા કૉન્સર્ટો સાંભળી હોય છે. દરેકના મનમાં ઉત્કૃષ્ટતાનો માપદંડ હોય જ છે અને દરેક જણ કોઈ પણ પ્રકારની ભ્રમણા વગર પોતાની જાત માટેનાં લક્ષ્યો નક્કી કરી શકે છે.

સંપૂર્ણતા સાપેક્ષે સ્વ-મૂલ્યાંકનની પ્રક્રિયા ઘણી વખત પીડાદાયક રીતે હતાશાભરી હોય છે. જ્યારે તેમની અધૂરપો, અપૂરતાપણું નિર્માતાઓની સામે આવે છે ત્યારે દિવસો અને અઠવાડિયાંઓની મહેનત એક ઝાટકે બારી બહાર ફેંકાઈ જાય છે. એક કરતાં વધુ વિદ્યાર્થીઓને મેં પૂછ્યું છે, "તું શા માટે આ સુંદર ચિત્રને ફાડે છે?" જવાબ અનિવાર્યપણે આ જ હોય છે – "કારણ કે તે કદરૂપું છે."

આ હતાશા વ્યક્તિને ક્રોધ કરવા તરફ, ડર લાગે તેટલા ખરાબ મૂડથી લઈને આત્મદંડ, સ્વ-ફટકાર સુધી દોરી જઈ શકે છે. "પણ તું આ બહુ સરસ કરે છે" એવું કોઈ બીજું કહે તેનો કોઈ અર્થ હોતો નથી, ભલે ત્યારે એમ કહેનારનો અર્થ "તારી ઉંમર પ્રમાણે અને તારી આવડતના સ્તર પ્રમાણે તારું કામ સારું છે" એમ કહેવાનો હોય. તેનાથી કોઈ રાહત મળતી નથી. બાળકોના મનમાં, શરૂ કરતાં પહેલાં જ, તેઓ કઈ ઉત્કૃષ્ટતા મેળવવા માગે છે તે નક્કી હોય છે, પછી તમારા શબ્દો તેમને બોદા અને ખોટા ભાસે છે.

અમુક વખત, ક્રૂર સ્વ-મૂલ્યાંકનના કારણે ઉપજેલી હતાશા બાળકોને તેમણે ઉપાડેલું જે-તે કામ છોડી જવા પ્રેરે છે. મોટા ભાગના કિસ્સાઓમાં બાળકો પાછા ફરે છે અને ફરીથી કોશિશ કરે છે, ફરી અને ફરી કોશિશ કરે છે, ભયાનક એકનિષ્ઠ નિશ્ચયાત્મકતા સાથે કોશિશ કરે છે, "મેં બનાવેલો આ નમૂનો સારો છે" એવું જ્યાં સુધી તેઓ તમારી પાસે આવીને કહી ન શકે ત્યાં સુધી તેઓ મથતાં રહે છે.

પ્રસંગોપાત્ત, બાળકો પોતાના કામમાં સંપૂર્ણતા પ્રાપ્ત કરવા મદદ મળે તે માટે બાહ્ય ટીકા-ટિપ્પણી માગે છે. તેઓ કોઈ વિવેચકને શોધે છે અને તેની પાસેથી પ્રામાણિકતા અને સક્ષમતા ઝંખે છે. દરેક ઍપ્રન્ટિસશિપ કાર્યક્રમમાં જે બને છે તે આ છેઃ શિખાઉ વિદ્યાર્થી મૂળભૂત રીતે તાલીમ અને સતત ટિપ્પણી માટે તજજ્ઞને અરજી કરે છે.

આ આખી બાબત બાળક અને વિષયવસ્તુ પર નિર્ભર છે. ઘણા લોકોએ મારી પાસે આવીને મને કહ્યું છે, "શું તમે મારું લખાણ વાંચી જશો અને તેને સુધારવામાં મને મદદ કરશો?" મને આવું પૂછનારાં બાળકો સુશિક્ષિત અને તેજસ્વી છે. પણ પોતે કઈ વસ્તુ ખોટી કરી રહ્યાં છે તેની તેમને કેમેય સમજ નથી પડી રહી.

જ્યારે મને પૂછવામાં આવે કે મારી પાસેથી માગવામાં આવે ત્યારે મને તે સેવા આપવાનો આનંદ થાય છે. અને જ્યારે વિદ્યાર્થીઓ મને કહે કે મારી પાસેથી તેમને પૂરતું, જે જોઈતું હતું તે મળી ગયું છે, ત્યારે હું જતું કરું છું. સ્ટાફના દરેક સદસ્ય આ રીતે વર્તે છે. આ બાબત શાળામાં વણાયેલી છે.

અમે લોકોને મૂલવીશું નહીં એ સડબરી વૅલીના હાર્દમાં રહેલી નીતિ છે. અમે તેમને એકબીજા સાથે અથવા તો અમે નિશ્ચિત કરેલા કોઈ ધોરણ સાથે સરખાવતા નથી. અમારા માટે, આમ કરવું તે વિદ્યાર્થીના ગોપનીયતાના અને સ્વ-નિશ્ચયાત્મકતાના અધિકારનો ભંગ છે.

આ શાળા કોઈ મૂલવણીકારની ભૂમિકામાં નથી. જો વિદ્યાર્થીઓ કોઈકને તેમના વતી ભલામણ પત્ર લખી આપવાનું કહે તો તે બે પક્ષો વચ્ચેની અંગત બાબત છે. જો તે વ્યક્તિ આવો પત્ર લખી આપવા સહમત થાય તો તે અંગત કાગળ પર હશે, શાળાના કાગળ પર નહીં. જ્યાં સુધી સડબરી વૅલીને લાગેવળગે છે ત્યાં સુધી, દરેક જણ "બરાબર" છે.

આ નીતિના કારણે કેટલીક રમૂજભરી સમસ્યાઓ ઊભી થતી હતી અને હજી પણ ક્યારેક થાય છે. વખતોવખત ઉચ્ચતર શિક્ષણ સંસ્થાઓ અને કાર્યસ્થળોના સામાન્ય અરજીપત્રકોમાં માધ્યમિક શાળાના વિગતવાર મૂલ્યાંકન અને ભલામણો માગવામાં આવે છે. આ કિસ્સામાં અમે

કેવી રીતે કામ કરીએ છીએ તે અને અમારી નીતિ સમજાવતો એક નમ્રતાભર્યો પત્ર અમે તેમને પાઠવીએ છીએ. અમારે ત્યાં કોઈ ગ્રેડ અપાતા નથી અને કોઈ મૂલ્યાંકનો આપવામાં આવતાં નથી તે અમે બને એટલી હળવાશથી જણાવવાની કોશિશ કરીએ છીએ. દસમાંથી નવ વખત, આ નીતિને સ્વીકારી લેવામાં આવે છે, અને વિદ્યાર્થીઓને તેઓ જ્યાં હોવા જોઈએ ત્યાં છોડી દેવામાં આવે છે – તેમણે જ્યાં અરજી કરી હોય ત્યાંના પ્રવેશ અધિકારીઓ અથવા કાર્યસ્થળોના પર્સોનલ મૅનેજરો સમક્ષ તેમનો પોતાનો પક્ષ રજૂ કરવા અને તેમને સંમત કરવા માટે.

દસમાંથી એક વખત, જ્યારે આ નીતિને સ્વીકારવામાં નથી આવતી, તે જ તો જીવનને મજેદાર બનાવે છે. ક્યારેક તેઓ પોતાના કમ્પ્યૂટર પ્રોગ્રામમાં બંધ ન બેસતા હોય તેવા પ્રતિભાવની ઉપેક્ષા કરીને અમને સતત કમ્પ્યૂટરાઈઝ્ડ વિનંતીઓ મોકલવાનું ચાલુ રાખે છે. જ્યારે આવું બને, ત્યારે સતત મચ્યા રહેવું તે જ ઉપાય છે; છેવટે અમને કોઈ મનુષ્ય ન ભટકાય, જે નિર્ણય લઈ શકે તેમ હોય ત્યાં સુધી અમે કોશિશ કર્યા જ કરીએ છીએ. અમુક વખત, અમને કોઈકનો એવું કહેતો ફોન આવે છે, "તમે અમને કશુંક આપી શકો તેમ નથી – કોઈ મૌખિક મૂલ્યાંકન ફોન પર, જે કોઈ જોઈ ન શકે?" અમે તેમને ધીરજપૂર્વક સમજાવીએ છીએ કે ના, અમે નહીં આપી શકીએ.

જ્યાં સુધી અમારી જાણકારીમાં છે ત્યાં સુધી, મૂલ્યાંકનની અમારી નીતિથી ક્યારેય કોઈ વિદ્યાર્થીને તે શાળા પછી જીવનમાં આગળ વધે ત્યારે નુકસાન થયું નથી. આ નીતિના કારણે તેમના માટે બાબતો સહેજ વધુ કપરી જરૂર બને છે એની ના નહીં. પણ એ પ્રકારની પ્રતિકૂળતા માટે જ તો આ શાળા છેઃ તમારો પોતાનો રસ્તો બનાવતા શીખવું, તમારાં પોતાનાં ધોરણો નિશ્ચિત કરવાં, તમારાં પોતાનાં લક્ષ્યો પાર પાડવાં. અને ગ્રેડ-રહિત તથા મૂલ્યાંકન-રહિત નીતિની ફલશ્રુતિ રૂપે, અમને શાળામાં મળે છે વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા-રહિત વાતાવરણ અથવા તો વયસ્કોનો સ્વીકાર ઝંખતી લડાઈઓ રહિત વાતાવરણ. સડબરી વૅલી પર, લોકો તમામ સમયે એકબીજાને મદદ કરે છે. તેમની પાસે મદદ નહીં કરવાનું કોઈ કારણ હોતું નથી.

૨૧

પ્રકાશમાન માર્ગ

માર્ક ટ્વેને વીજ-આકર્ષક (વીજળી ઝીલી લેતા) સળિયા વેચનારા સેલ્સમેનની એક ખૂબ સુંદર વાર્તા કહી છે. એક ગ્રાહકને એવું ગળે ઉતારવામાં આ સેલ્સમેન સફળ રહે છે કે તેણે પોતાના ઘરના ખૂણેખૂણાને સુરક્ષિત રાખવા માટે ખૂબ બધા વિદ્યુતવાહક સળિયા ખરીદવા જોઈએ. એ પછી જ્યારે પહેલીવાર ગાજવીજ સાથે વાવાઝોડું આવે છે ત્યારે આ ગ્રાહક પોતાના જ ઘરમાં બંદી બની જાય છે. તેણે નંખાવેલા વીજ-આકર્ષક સળિયાઓ આસપાસના માઈલોના માઈલોથી તમામ વીજળીને પોતાની તરફ આકર્ષે છે અને તેનું ઘર વીજળીની પાટોથી બનેલા એક નક્કર ખોખામાં ફેરવાઈ જાય છે.

જ્યારે અમે પહેલી વખત અમારી આ શાળા ખોલી ત્યારે આ રમૂજી છતાં ક્રૂર વાર્તા અમારા માટે એક ભયાનક વાસ્તવિકતા બની ગઈ. બન્યું એવું કે સાઠના દાયકાના ઉત્તરાર્ધમાં શિક્ષણ જગતના તોફાની આકાશમાં સડબરી વેલી એક ગંજાવર વીજ-આકર્ષક સળિયો પુરવાર થઈ.

અમેરિકી સમાજ માટે એ ખળભળાટભર્યો ગાળો હતો. હારબદ્ધ ઘટેલા મોટા રાજકીય સંઘર્ષોએ દેશને વિભાજિત, ક્રોધગ્રસ્ત અને હિંસક બનાવ્યો હતો. શાળાઓ પણ આમાંથી બાકાત નહોતી.

ચારે તરફ કોઈ અસંતુષ્ટ શિક્ષકોએ અથવા તો ચળવળકારી માતાપિતાઓએ કે રાજકીય પક્ષોએ અથવા તો ક્યારેક જૂના વિદ્રોહી વિદ્યાર્થીઓએ સ્થાપેલી નવી શાળાઓ ફૂટી નીકળી હતી. ઘણી બધી શાળાઓ 'મુક્ત શાળાઓ' તરીકે ઓળખાતી હતી. થોડા સમય પછી, એ તમામ શાળાઓને 'વૈકલ્પિક શાળાઓ' તરીકેની ઓળખ આપવામાં આવી, જે શબ્દપ્રયોગ હજી પણ મુખ્ય ધારાથી બહાર કે અલગ હોય તેવી કોઈ પણ શાળાને વર્ણવવા માટે ચલણમાં છે.

સડબરી વેલી આ નવી શાળાઓ જેવા જ ઢાળમાં ઢળેલી નહોતી. ઇતિહાસ, શીખવાના સિદ્ધાન્તો અને અમેરિકી અનુભવની વિશાળ પાર્શ્વભૂમિની સાપેક્ષે અમે અમારી ફિલસૂફી અને લક્ષ્યો નિર્ધારિત કર્યાં હતાં. નિયતિનું કરવું તે 1968ના અશાંત, ખળભળાટભર્યાં વર્ષે અમે શાળા ખોલવા માટે સજ્જ હતા. વિધિની બીજી વક્રતા હતી કે આખા પૂર્વીય મેસ્સાચ્યુસેટ્સમાં કિશોરો માટે ખુલ્લી હોય તેવી એક માત્ર અને નાનાં બાળકોને લેતી હોય તેવી ખૂબ ગણતરીની શાળાઓમાંની એક વૈકલ્પિક શાળા તે સડબરી વેલી હતી.

એ વખત એવો હતો કે ઘણા બધા લોકોને ઝાઝી પીંજણ કરવાનો સમય નહોતો. અમે "વૈકલ્પિક" વીજ-આકર્ષક સળિયા હતા. બધી જ બાજુએથી પોતાનાં બાળકોને પ્રવેશ અપાવવા માટે મોટી સંખ્યામાં લોકો ધસી આવ્યા. અમે અમારા કાર્યક્રમ વિશે શું કહી રહ્યા છીએ તે ભાગ્યે જ તેમના કાન સુધી પહોંચતું હતું. પરિણામ હતું ભાખી શકાય તેવી આપત્તિ. તેમનામાંથી મોટા ભાગના ખરેખર કોઈ અલગ પ્રકારની પ્રગતિશીલ શાળા શોધતા હતા એ સ્પષ્ટ થયું. તેમને પોતાનાં બાળકો માટે સઘન માર્ગદર્શન, કાઉન્સેલિંગ આપતી હોય અને દરમ્યાનગીરી કરતી હોય તેવી કોઈ જગ્યા ઇચ્છતા હતા. અમે જે કરી રહ્યા હતા તેની સાથે એ ભાગ્યે જ સુસંગત હતું.

થોડો સમય તેમણે રાહ જોઈ. વિદ્યાર્થીઓએ પણ તેમ જ કર્યું. અમે જે પસંદગીની સ્વતંત્રતા આપતા હતા તે માત્ર એક છટકું છે, બાળકોને મોકળાશ-મુક્તિનો અહેસાસ કરાવવા માટેનો એક લોભામણો રસ્તો માત્ર છે તેની તેમને ખાતરી હતી. તેમને ખાતરી હતી કે દિશાસૂચન વિનાનાં થોડાં અઠવાડિયાંઓ પછી, છેવટે કર્મચારીઓ પોતાની સુષુપ્ત અવસ્થામાંથી જાગશે અને હળવેકથી બાળકોના ખભા પર પોતાનો હાથ મૂકીને મૃદુતાથી કહેશે, "વારુ, દીકરા, રમવા અને

જંગલી ઓટ ઉગાડવામાં તેં પૂરતાં અઠવાડિયાંઓ પસાર કરી લીધાં છે; હવે સ્થિર થવાનો અને કંઈક ઉત્પાદક કરવાનો સમય થઈ ગયો છે એવું તને નથી લાગતું? અમારી મદદ લેવાનું તને ગમશે ને?"

પણ એ દિવસ ક્યારેય આવ્યો જ નહીં. ધીમે ધીમે જ્યાં સુધી બધાંનાં મનમાં ઉઘાડ ન થયો કે અમે જે કહ્યું હતું તે જ અમારા કહેવાનો ખરેખરો મતલબ હતો ત્યાં સુધી અમે અમારી વાત પકડી રાખી. બાળકો ખરેખર પસંદગી કરવા માટે આઝાદ રહેવાનાં હતાં.

વાતાવરણ એકદમ ઉત્તેજિત થઈ ગયું. રાજકીય અખાડાઓમાં જેવી કડવાશ ઊભરતી જોવા મળે છે એવી જ કડવાશ સાથે અડધોઅડધ માતાપિતાઓ શાળાએ ઊમટી આવ્યાં. પૂરી તૈયારી અને ઊંચા સ્વરે ચાલેલી મહિનાભરની લડત પછી, શાળા દસમા ભાગની રહી ગઈ. અમે અમારું કામ ચાલુ રાખ્યું.

શાળા બાબતે, તેના જન્મ સમયે થયેલી આ લડતે, અસરકારક રીતે વીજ-આકર્ષક સળિયાઓને દૂર કરી દીધા. હવે લોકો અમે જે છીએ તેના માટે જ અમારી પાસે આવે છે. મોટા ભાગે. અમે જે નથી તેની સાથે તેઓ અમને એટલા ભેળવી દેતા નથી.

એક મિત્રે એક વાર કહ્યું હતું, "તમારી અને પ્રગતિશીલ 'મુક્ત' શાળાઓ વચ્ચેના ચોક્કસ તફાવતની મને ખબર છે."

મેં પૂછ્યું, "શું છે એ?" અલબત્ત તેને શબ્દોમાં બાંધીને કહી શકાય કે કેમ તે બાબતે મને સંશય હતો.

"તમારી શાળામાં, તમને જે ગમતું હોય તે તમે કરી શકો છો; જ્યારે અન્ય શાળાઓમાં, તમે જે કરતા હો તેને તમારે ગમાડવાનું હોય છે."

ઘણું સારી રીતે કહ્યું.

અમારા વિદ્યાર્થીઓનું મનોરંજન કરવું, તેમને "પ્રેરણા" આપવી, તેમણે જે શીખવું "જોઈએ" તે શીખવા માટે તેમને લલચાવવાને અમે ક્યારેય અમારા મિશન તરીકે જોયું નથી. અમે ક્યારેય તાળીઓના ગડગડાટ અને પ્રસન્નતાને અમારી અગ્રતા યાદીમાં ટોચનું સ્થાન આપ્યું નથી. અમારા માટે સડબરી વૅલી પર, બાળકોને વાસ્તવિકતા સામે મૂકવા, વાસ્તવિકતાનો પ્રત્યક્ષ અનુભવ કરાવવો વધુ અગત્યનું છે. શીખવા માટે અને વિકાસ માટે, રોજિંદા સંઘર્ષો, નિરાશાઓ, હતાશાઓ અને નિષ્ફળતાઓ એટલા જ અનિવાર્ય છે જેટલા અન્યોએ પ્રસન્નતા અને સંતોષને ગણ્યાં છે, તેનાથી વધુ અનિવાર્ય છે.

આ બાબતો હવે પ્રશ્નાર્થ હેઠળ નથી, વર્ષોથી નથી. દરેક જગ્યાએ, અમે તેમની પોતાની જીવનની રીત પસંદ કરવા માટે છોડી દેવાયેલાં બાળકોને તેના લાભો લણતાં જોઈએ છીએ.

હવે અમે એક નવા પ્રકારનો વીજ-આકર્ષક સળિયો છીએ; અથવા, કદાચ વધુ સારા શબ્દોમાં કહીએ તો એવી દીવાદાંડી, એવો પ્રકાશપુંજ છીએ જે ચારેબાજુથી એવા તમામને આકર્ષે છે જે તેમનાં બાળકોને અમે આપીએ છીએ તેવી આઝાદી આપવા ઇચ્છતાં હોય છે.

ભાગ – ૨

શાળાજીવન

૨૨

શાળા-સભા (સ્કૂલ મીટિંગ)

અધ્યક્ષના આદેશથી દર ગુરુવારે બપોરે બરાબર 1:00ના ટકોરે શાળા-સભા ભરાય છે. તેનું બીજું એક સત્ર ઊઘડવાની તૈયારીમાં છે.

આ સભા અમારી શાળાનું હાર્દ છે. તેના થકી જ સડબરી વૅલી ચાલે છે. શાળાના દૈનિક જીવનની તમામ સત્તા એક અને એક માત્ર તેમાંથી જ વહે છે. સભામાં મોટી અને નાની તમામ બાબતો સાથે કામ પાર પાડવામાં આવે છે. શાળાની જીવનરેખાના કેટલાક સૌથી મહત્ત્વના પ્રશ્નોનો અહીં ઉકેલ લાવવામાં આવ્યો છે.

1968માં છ કલાકથી વધુ લંબાયેલી લગાતાર બેઠકો દરમ્યાન શાળાની ન્યાયિક પ્રણાલી/વ્યવસ્થાને ઘડવામાં આવી હતી. અગિયાર વર્ષ પછી, લાંબી ચર્ચાઓ પછી આ વ્યવસ્થાને

પુનઃ આકાર આપવામાં આવ્યો અને બીજાં છ વર્ષ પછી તેમાં હજી એક બીજો બદલાવ લાવવામાં આવ્યો. આ બાબતોને આકાર આપવા પાછળ કલાકોના કલાકોનો વિચાર-વિમર્શ રહેલો છે.

અપરાધો માટેની તમામ સખત સજાઓ અહીં નક્કી કરવામાં આવે છે. તમામ ન્યાય સંબંધી બાબતોની અહીં સમીક્ષા કરવામાં આવે છે.

આ શાળા-સભા સમક્ષ શાળા માટેના નિયમોનો પ્રસ્તાવ મૂકવામાં આવે છે, અને તેને પસાર કરવામાં આવે છે. પસાર થયેલા નિયમોને શાળાની લૉ-બુકમાં નોંધવામાં આવે છે.

વખતોવખત કેટલાક વિચિત્ર નિયમો સંહિતારૂપે પોતોનો માર્ગ કરી લે છે. શરૂઆતમાં, લોકો સમગ્ર સંકુલમાં ગમે ત્યાં અને જ્યાં ત્યાં કાગળો અને કચરો ફેંકતા ફરતા હતા, અને અમે તેને ચોખ્ખું રાખવા માટે શું કરવું તેની મથામણમાં હતા. જેમ જેમ આ ચર્ચા જોર પકડતી ચાલી, તેમ તેમ એ સ્પષ્ટ થયું કે કેટલાક લોકોને અન્યો કરતાં આ બાબત ઘણી વધુ કઠતી હતી. હવે આ કચરો કરનારા બેદરકાર લોકો ચીકણા લોકોની સૌંદર્યદૃષ્ટિ માટેની રસરુચિને તાબે થાય તેવું કરવાનો કોઈ સીધો રસ્તો તો હતો નહીં. અંતે, જેકે ઉકેલ આપ્યોઃ "જેમને કચરો ફેંકવો છે, તેમને કચરો કરવા દો, જેમને એ કચરો ઉપાડવો છે એ ભલે ઉપાડે." દખલગીરી નહીં કરવાની નીતિનું આ એક આત્યંતિક સ્વરૂપ હતું. વાદવિવાદથી કંટાળેલા સભાજનોએ આ ઉકેલ સ્વીકારી લીધો અને આ નિયમ બે વર્ષ સુધી – જ્યાં સુધી બેદરકારોએ નમતું ન જોખ્યું ત્યાં સુધી – લૉ-બુકમાં ટક્યો.

શાળા-સભા સ્કૂલ કોર્પોરેશનો પણ નીમે છે. કર્મચારીઓ-સ્ટાફના કરારો માટેની વાટાઘાટો અહીં જ થાય છે. વિશેષ ખર્ચાઓને વાજબી-ગેરવાજબી ઠેરવવાનું કામ પણ અહીં જ થાય છે. અંગત છૂટછાટો મંજૂર કરવામાં કે પછી રદબાતલ કરવામાં આવે છે – અહીં આ જ શાળા-સભામાં.

કઈ બાબત અચાનક અંતવિહીન વાદવિવાદનું રૂપ લઈ લેશે તે તમે ક્યારેય કહી શકતા નથી. કેટલાક અત્યંત મહત્ત્વના મુદ્દાઓ પંદર જ મિનિટમાં પસાર થઈ જાય છે. બીજી, તમે જેને નજીવી કહી શકો તેવી બાબતો ઘણી વખત કલાકો સુધી સભાને રોકી રાખે છે.

જ્યારે ડેનિસે એક ડાઇમના દરે સીસાની પેન્સિલ વેચવા માટેની છૂટછાટ મેળવવા પ્રસ્તાવ મૂક્યો (જેમાં શાળાને તો સ્વાભાવિક રીતે, તેના નફાનો 10 ટકા હિસ્સો હરહંમેશની જેમ મળવાનો જ હતો), ત્યારે અચાનક ઊગ્ર ચર્ચા છેડાઈ પડી. શાળા પાસે 25 સેન્ટના દરે પેન્સિલ આપતું

પેન્સિલ વિતરણ મશીન હતું જ, અને અમારી પાસે પાંચ વર્ષ પૂરતો પેન્સિલનો પુરવઠો સુદ્ધાં હતો. હવે શાળા-સભા કઈ રીતે તેની પોતાની સાથે સ્પર્ધામાં ઊતરવા માટેના પ્રસ્તાવને મંજૂરી આપી શકે?

ઉકેલ માટે મહાનતમ સિદ્ધાન્તોને યાદ કરવામાં આવ્યા. મુક્ત વેપાર, સંરક્ષણવાદ, શાળાના પેન્સિલ વિતરણ યંત્રનો આખેઆખો ઇતિહાસ – પ્રશ્નનો ઉકેલ લાવતાં પહેલાં આ તમામ બાબતોને ઊંડાણપૂર્વક તપાસવામાં આવી. કોઈનેય પહેલેથી એવો અંદાજો ન હતો કે આ બાબત માટે સહેજેય ચર્ચાની જરૂર પડશે.

દરેક વિદ્યાર્થીને, ભલે તેની ઉંમર ગમે તે હોય, આ શાળા-સભામાં મત આપવાનો અધિકાર છે, એ જ રીતે દરેક સ્ટાફ સદસ્યને પણ છે. જો કે વિદ્યાર્થીઓ સ્ટાફ સદસ્યોને એક સામે સાત કે તેથી વધુના સંખ્યાબળે અતિક્રમી જાય છે, એટલે તેઓ જ ખરા અર્થમાં શાળા પર નિયંત્રણ ધરાવે છે.

જ્યારે અમે શરૂઆતમાં શાળા ખોલી, ત્યારે શાળા-સભાને કાનૂની માળખારૂપ મૂકવામાં અમારે સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. મૅસેચ્યુસેટ્સના કાયદા અનુસાર, સગીર વયનાં બાળકોને પુખ્ત વ્યક્તિ સમકક્ષ અધિકારો ન હોઈ શકે. મને હજી પણ અમારા એ બે વકીલો યાદ છે – બે પ્રોત્સાહક, હૂંફાળા, નામાંકિત માણસો – બંને જણ જાહેર સેવાનો લાંબો રેકર્ડ ધરાવતા હતા – એ બંને જણ ત્યારે ખંડમાં આમથી તેમ આંટા મારી રહ્યા હતા અને ગણગણતા હતા – "તમે ચાર વર્ષના અને આઠ વર્ષના અને બાર વર્ષનાં બાળકોને વયસ્કોની જેમ કોઈ પણ પ્રશ્ન અંગે એકસમાન રીતે પોતાનો મત આપવા દેવા માગો છો?!" તેમને એ કેમે કર્યું ગળે ઊતરતું નહોતું. છતાં તેમના સર્જનાત્મક દિમાગોએ આમ કરવા દેવા માટેનો રસ્તો શોધી કાઢ્યો ખરો.

દરેક જણ મત આપે, જો તેઓ આવે તો. હાજરી મરજિયાત છે. અવેજીને માન્ય રાખવામાં આવતી નથી. એટલે શાળામાં એ જ બને છે જે મુક્ત લોકશાહી ધરાવતી બીજી તમામ જગ્યાઓએ બનતું હોય છે. જ્યારે કોઈ પ્રશ્ન વ્યક્તિના હૃદયની નજીકનો હોય, ત્યારે તે વ્યક્તિ આવે છે, હાજર રહે છે. બાકીનો સમય, મોટા ભાગે તેમને પડી હોતી નથી.

થોડો સમય થયો એ પછી, સભામાં કોણ હાજર છે એ જોઈને મુદ્દો શું હશે એનું અનુમાન લગાવી શકાતું. જ્યારે અચાનક તમામેતમામ યુવાન રમતવીરો એક સાથે હાજર જોવા મળે, ત્યારે રસતગમતનું કોઈ નવું સાધન ખરીદવા માટેના વિશેષ ખર્ચની માગણી મુકાવાની છે એમ ખાતરીપૂર્વક કહી શકાય. જ્યારે બિલકુલ અનપેક્ષિતપણે, બાર વર્ષનાં બાળકો આવી ચઢે, ત્યારે

સમજવું કે કોઈ છૂટછાટ મેળવવા તરફ પવન વહી રહ્યો છે. અલબત્ત, કેટલાક નિયમિત રૂપે હાજર રહે છે, ભલે તેમની ઉંમર ગમે તે હોય, તેમને શાળાના સંચાલનમાં સામેલ થવું ગમતું હોય છે, જેમ દરેક શહેર/કસબામાં આવા લોકો હોય છે, તેમની જેમ સ્તો!

સભામાં કોણ કોણ હાજર છે તેના પરથી સભાનો એજન્ડા ધારવાની જરૂર નથી. સ્કૂલ-મીટિંગના રેકોર્ડ રૂપે, દર અઠવાડિયે અગાઉથી એજન્ડા પ્રિન્ટ કરવામાં આવે છે. શાળા ખૂલ્યાના થોડા વખતમાં જ આ પ્રથા શરૂ કરવામાં આવી હતી. આ રીતે, કયા મુદ્દા ચર્ચાશે તેની સૌને અગમચેતવણી મળી જાય છે.

કાર્યવાહીના ઔપચારિક નિયમો અનુસાર શાળા-સભા ચાલે છે. અધ્યક્ષ આ નિયમો જાણે છે અને જો તે ક્યાંક ચૂકે તો સભાના શિખાઉ-સાંસદો તેની વહારે ધાય છે. અધ્યક્ષની મંજૂરી મળ્યા પછી જ લોકો બોલે છે; અધ્યક્ષને સંબોધીને બોલવામાં આવે છે; એકદમ શાંત અને સભ્યતાપૂર્ણ વાતાવરણ જાળવવામાં આવે છે (જ્યારે એમ ન હોય, ત્યારે અધ્યક્ષે હસ્તક્ષેપ કરવો રહે છે). તમામ નિર્ણયો વાસ્તવમાં સીધાસાદા બહુમતથી લેવામાં આવે છે. સભા સમક્ષ મૂકવામાં આવતા પ્રત્યેક મહત્ત્વના પ્રસ્તાવને કમસે કમ સળંગ બે વખત સભામાંથી પસાર થવાનું રહે છે, જેથી લોકોને તેના વિશે વિચારવાનો પૂરતો મોકો મળી રહે.

શરૂઆતનાં થોડાં વર્ષોને બાદ કરતાં, સભાના અધ્યક્ષ પદે હંમેશાં કોઈ વિદ્યાર્થી રહ્યા છે. શાળાનું નવું વર્ષ શરૂ થાય, ત્યારે શરૂઆતની સભાઓમાંથી એકમાં તેને વાર્ષિક સત્ર માટે ચૂંટી કાઢવામાં આવે છે.

આ શાળા-સભા સુરેખપણે ચાલે છે અને ઘણા ટૂંકા સમયગાળામાં આશ્ચર્યજનક માત્રામાં વહીવટ સંબંધી કાર્યો પૂરાં કરે છે. સભા ભાગ્યે જ ક્યારેક બે કલાકથી વધુ લંબાય છે. શાળા ચલાવવા દર અઠવાડિયે આટલો સમય આપવો વધુ પડતો ન જ ગણાય. જ્યારે અમે પહેલવહેલી શરૂઆત કરી હતી, ત્યારે આ સભાઓની કડક ઔપચારિકતા સંદર્ભે ઘણી વખત બહારના લોકો અમારી પર સખત ટીકા સાથે તૂટી પડતા હતા. "તે વધુ હૂંફાળી હોવી જોઈએ, તેમાં વધુ આપ-લે થવી જોઈએ, તેમાં લાગણીઓને વહેવા માટે વધુ તક મળવી જોઈએ." કેટલાક લોકો બહુમતીના નિયમથી નારાજ હતા; તેમને લાગતું હતું કે ભાવનાત્મક જોડાણના સહૃદયતાપૂર્ણ સમય પછી, દરેક વસ્તુ સર્વાનુમતથી જ નક્કી થવી જોઈએ.

પ્રાચીન ગ્રીક સમયમાં જેનાં મૂળિયાં રહેલાં છે તેવી લોકશાહી પદ્ધતિને વળગી રહેવાની અમારી પસંદગી બાબતે સડબરી વૅલીને ક્યારેય પસ્તાવો થયો નથી. પ્રત્યક્ષ લોકશાહી અહીં અમારા માટે બહુ સારું કામ આપે છે અને અમને તેના માટે ગર્વ છે.

૨૩

જોખમો

પહેલીવાર જ્યારે એક બાર વર્ષનું બાળક બીચના વૃક્ષની ટોચે ચઢી ગયું, ત્યારે અમારાં હૃદય થંભી ગયાં હતાં. એ ત્યાં ઉપરથી, પાંદડાઓની ઘટામાંથી તેને બરાબર જોઈ પણ ન શકાય તેટલે સિત્તેર ફૂટ ઉપરથી અમને સૌને ગર્વભેર બોલાવી રહ્યો હતો. અને ત્યાં નીચે, જમીન પરના અમારા સૌની આંખો સમક્ષ પળવારમાં ઘટી શકતી દુર્ઘટનાનાં ચિત્રો પસાર થઈ રહ્યાં હતાં.

પરિસરમાં રહેલાં જોખમો વિશે ચાલેલા અનેક લાંબા વિચારવિમર્શોમાંના પહેલાની શરૂઆત આ બીચ વૃક્ષથી થઈ હતી. અમે તેના વિશે જેટલું વધુ વિચારતા ગયા, તેટલાં વધુ જોખમો અમને જડતાં ગયાં. જે જોખમો અમારા ધ્યાનમાં ન આવ્યાં, તે બાળકો લઈ આવ્યાં.

દરેક બાળકને તેઓને જ્યાં જવું હોય ત્યાં જવાની, જ્યારે જવા માગતા હોય ત્યારે જવાની છૂટ હતી. અમારું પરિસર એક મુક્ત પરિસર હતું. અમારા નસીબમાં માત્ર ચિંતા કરવાનું જ લખાયેલું હતું.

શરૂઆતમાં, અમે ભોળા અને નિર્દોષ હતા. અમે કહેતાં, “આપણું પરિસર એક ખુલ્લું પરિસર છે.” આનો અર્થ એમ થયો કે બાળકો ગમે ત્યારે પરિસરની બહાર જઈ શકે છે, તેની અમને પૂરેપૂરી સમજ હતી. અમે નાનાં હતાં ત્યારે શાળાની જેલ જેવી બંધી કે કેદને અમે કેટલું ધિક્કારતા હતા! જ્યાં સુધી અમને લાગે વળગે છે ત્યાં સુધી શાળા અને જેલ વચ્ચે કશી જ સામ્યતા નથી. સડબરી વૅલી પર, અમે દરવાજાઓ મોકળા મૂક્યા અને ચાવીઓ દૂર ફેંકી દીધી.

થોડાક મહિનાઓ ખૂબ સારા વીત્યા. પછી એક દિવસ અમે અમારા આઠ વર્ષના થોડાક નાનકાઓને ભર રસ્તા પર નૉબસ્કોટ કોર્નરથી લગભગ એકાદ માઈલ દૂર આવેલા પિઝેરિયા તરફ જતાં જોયા. આઠ વર્ષનાં બાળકો, સડક પર! ભયે અમને જકડી લીધા.

પોલીસને સુદ્ધાં અમારાથી ટેવાવામાં થોડાં વર્ષો લાગ્યાં. અમારા “ભાગેડુઓ” મળ્યા છે એવી ખબર આપતા અધિકારીઓના ફોન આવવા એ અમારા માટે સામાન્ય હતું.

પછી વારો આવ્યો “ખડકોનો.” પરિસરના એક ખૂણામાં કુદરતે વિશાળ પથ્થરો ખડકીને સુંદર જગ્યા બનાવી હતી. કેટલા સુંદર લાગતા હતા એ ખડકો – પાંચ અને છ વર્ષના ટેણિયાંઓએ તેના પર રૉક-ક્લાઇમ્બિંગ કરવાનું નક્કી ન કર્યું ત્યાં સુધી સ્તો. અચાનક એ કેટલા વિકરાળ અને અનિષ્ટકારી લાગવા માંડ્યા!

એ પછી બળજબરીપૂર્વક પોતાની તરફ અમારું ધ્યાન ખેંચનાર હતો વહેળો, એટલે કે નાનું ઝરણું. મિલ ડેમના મુખમાંથી નીકળતો એ વહેળો અમારી મિલકતની આસપાસ સર્પાકાર વીંટળાયેલો હતો – નાનો અને છીછરો હતો એ વહેળો. નાનકડા ગામડાગામની લાક્ષણિકતા સમો એ વહેળો ‘બેઇંટિંગ બુક’ કહેવાતો, સુંદર અને અત્યાકર્ષક.

આ નિર્દોષ જળસ્રોત કેટકેટલી રીતે જોખમી હતો તેનો અમને અંદોજો ન હતો. તેના પટમાં પથરાયેલા પથ્થરો લપસણા અને અસ્થિર હતા. અહીં અને ત્યાં નાના નાના ઊંડા ખાડા છુપાયેલા હતા, લગભગ બે ફૂટ જેટલા ઊંડા આ ખાડાઓમાં ચાર વર્ષનું બાળક ગળાડૂબ ભીંજાઈ જઈ શકે તેમ હતું.

અલબત્ત, જો અમુક પરિપ્રેક્ષ્યથી જોવામાં આવે તો, વાતાવરણમાં કોઈ પણ વસ્તુ, કોઈ પણ જોખમી પુરવાર થઈ શકે છે, એમ સમજાતાં અમને વાર ન લાગી. વૃક્ષો, ખડકો, મંડપો, રસ્તાઓ, ઝરણાંઓ. અમારી ભવ્ય લાગતી લૉનમાં સુદ્ધાં ઘોર ઉંદર જેવાં પ્રાણીઓનાં દર હતાં, જે બેધ્યાનપણે ચાલતા કોઈને પણ પગમાં મચકોડ લાવવા માટે પોતાની તરફ આકર્ષતા હતા.

આ બધાં જોખમો પ્રત્યે અમારું વલણ કેવું હતું તેની અમને ખબર હતી, છતાં અમારે વખતોવખત અમારી જાતને તે યાદ કરાવ્યા કરવું પડતું હતું. અમારી શાળાના હાર્દમાં બાળકો વાસ્તવિક વિશ્વની સમસ્યાઓનો સામનો કરતાં કરતાં જ નિર્ણય લેતાં શીખી શકે છે તે વિચાર રહેલો હતો. અમને લાગતું હતું કે બાળકોને જવાબદાર વ્યક્તિઓ બનાવવાનો એક માત્ર રસ્તો તેમને પોતાના ભલા માટે, તેમના પોતાના શિક્ષણ માટે અને તેમના પોતાના ભવિષ્ય માટે જવાબદારી લેવા દેવાનો છે.

કોઈ પણ ઉચ્ચ સિદ્ધાન્તની જેમ, આ સિદ્ધાન્ત પણ બહુ જલદી કસોટીની એરણે ચઢી ગયો. પરિસરમાં રહેલાં જોખમોના પ્રતાપે.

અમારે અમારા સિદ્ધાન્તોને વળગી રહેવાનું છે એવું જાણતા હોવા છતાં, અમે કલાકોના કલાકો સુધી આ બાબતો પર ચર્ચા કરી છે. મુખ્યત્વે, આમાં શાળામાંના મોટા લોકોએ સાંત્વના કે સહાનુભૂતિ મેળવવા માટે એકબીજાનો હાથ પકડી રાખવાની જ બાબત બાકી રહેતી હતી.

બાળકો માટે આ દૈનિક જોખમો પડકાર સમાં હોય છે, જેનો તેઓ ધીરજભરી નિશ્ચયાત્મકતા, એકાગ્રતા અને સૌથી વધુ તો, કાળજી સાથે સામનો કરતાં હોય છે તે પુરવાર થયું. લોકો કુદરતી રીતે જ, પોતાના ભલા કે સલામતી માટે સંરક્ષણાત્મક હોય છે, આત્મ-ઘાતી નહીં. ખરું જોખમ તો લોકોની આસપાસ બંધનો અને પ્રતિબંધોની જાળી મૂકવામાં રહેલું છે. લોકો માટે આ બંધનો/પ્રતિબંધો પોતે જ પડકારરૂપ બની જાય છે અને તેમને તોડવા લોકો માટે એટલાં અગત્યનાં બની જાય છે કે પછી અંગત સુરક્ષાની સુદ્ધાં ઉપેક્ષા કરવામાં આવે છે.

એટલે અમે જેમ બનતું હતું તેમ બનવા દીધું. અમારા હિસ્સે નાનકડા ઘાવ, કાપા-ઘસરકાં જરૂર આવ્યાં હતાં. તેમાંથી કેટલાકની ધોઈને, સાફ કરીને પાટાપિંડી કરવામાં આવી, અને બાળકો તરત પાછા બીજો પ્રયત્ન કરવા માટે દોડી ગયાં. તેમાંનાં મોટા ભાગનાઓએ આ ઘા-ઘસરકાઓની નોંધ સુદ્ધાં ન લીધી. આ રોજિંદા જીવનના સામાન્ય શારીરિક ઘસરકાઓ છે, અને સામાન્ય રીતે બાળકો એટલા તો વ્યસ્ત હોય છે કે તેમની તરફ બિલકુલ ધ્યાન આપતાં નથી. એક આઠ વર્ષનું

બાળક જ્યારે લપસણી પરથી ખોટી રીતે સરકીને પોતાનો ખભો ઘાયલ કરી બેસે છે તે અમારે ત્યાં થયેલો સૌથી ગંભીર અકસ્માત છે.

અમે પણ એક રેખા, અદૃશ્ય રેખા દોરીએ છીએ, જ્યાં સામુદાયિક અને જાહેર કાયદાઓ અનુસાર પણ રેખા દોરવામાં આવી છેઃ તળાવના કિનારા બાબતે. જળસ્રોતોને તમામ રીતે જાહેર જોખમ લેખવામાં આવે છે. તેમાં રહેલાં ભયસ્થાનો સામાન્ય રીતે છૂપાં હોય છે, અને અહીં ભાગ્યે જ ભૂલમાંથી શીખવા માટે બીજી તક મળે છે. અને વ્યાવહારિક રીતે જોઈએ તો, ન તો અમારી સામાન્ય બુદ્ધિ અને ન તો અમારો વીમો તળાવના કિનારે મુક્તપણે ફરવાની બાબતને સાંખી શકે છે.

એટલે શાળા-સભાએ આ તળાવમાં પ્રવેશવા પર, આંગળાં ભીંજવવા પૂરતા પણ નહીં, સખત પ્રતિબંધ મૂક્યો છે, સિવાય કે અમુક નિયંત્રિત પરિસ્થિતિઓમાં આમ થઈ શકે. શિયાળામાં જ્યારે તેનું પાણી થીજીને બરફ થઈ જાય છે, ત્યારે પણ તેના પર પગ મૂકવા પર પ્રતિબંધ છે.

આ બાબત પર વાદવિવાદ, વિચાર વિમર્શ પછી તેને એકીમતે સ્વીકારવામાં આવી છે. તળાવ પરના પ્રતિબંધને ક્યારેય - શાળા-સભામાં કે પછી વાસ્તવિક રીતે - પડકારવામાં આવ્યો નથી. વર્ષોના ગાળા દરમ્યાન, માત્ર ગણતરીનાં બાળકો તેમાં પગ બોળતાં જોવા મળ્યાં છે. પરવાનગી ન હોય ત્યારે ક્યારેય કોઈ પાણીમાં અથવા તો થીજેલા બરફ પર ગયું નથી.

તળાવની આજુબાજુ કોઈ વાડ કરવામાં આવી નથી.

બીચનું વૃક્ષ હજી પણ દર વર્ષે નવા વિદ્યાર્થીઓને પોતાની તરફ ખેંચી લાવે છે. દર વર્ષે, એક નવું જૂથ તેની ટોચને સર કરે છે, અને આવનારા વિદ્યાર્થીઓને આ સફળતાનાં રહસ્યો જણાવતું રહે છે.

પોલીસની જેમ જ, નોબસ્કોટ પિઝ્ઝા, અમારા જુવાનિયાઓના આવવા-જવાથી ટેવાઈ ગયું છે. આડોશપડોશ પણ તણાઈ આવતા તમામ વયનાં રખડુઓથી ટેવાઈ ગયા છે.

બાળકો અહીં જે શીખે છે તેમાં દૈનિક જોખમો સાથે કામ પાર પાડવું એ એક અગત્યનો હિસ્સો છે. અહીં સડબરી વેલી પર, બાળકો સાચુકલા, વાસ્તવિક વિશ્વમાં જીવે છે, કોઈ પણ બંધન વિના.

૨૪

ભરોસા પ્રણાલી

શાળામાં તળાવ એ એક માત્ર એવી બાબત નહોતી જે ભરોસા પ્રણાલી પર ચાલતી હોય. આખી શાળા જ એ રીતે ચાલે છે.

ઉદાહરણ તરીકે, તાળાંની વાત કરીએ. સડબરી વેલી પર, અમને તાળાંની એલર્જી છે. એકદમ શરૂઆતના દિવસોથી અમને આખી શાળામાં ક્યાંય તાળાં ખપતાં નથી એ પરંપરા ચાલી આવે છે.

શાળામાં દરેક જણ પાસે ચીજવસ્તુઓ રાખવા માટે તેમનું પોતાનું એક અંગત ખાનું છે. આ ખાનાંઓ એવા ખાનગી માળાઓ છે જેમાં તમામ પ્રકારના ખજાનાઓને સંઘરીને રાખવામાં આવે છે. આ ખાનાંઓ પર તેમના માલિક સિવાય કોઈનોય હક નથી. અને તેમના પર કોઈ તાળું નથી.

વિદ્યાર્થીઓ તેમની પોતાની હાજરીની નોંધ ચોંટાડેલા ચેક-ઇન લિસ્ટ પર રાખતા

ભાગ્યે જ આ ખાનાંઓમાંથી કશું ખોવાય છે. ક્યારેક ક્યારેક બીજી વ્યક્તિના ખાનામાં ડોકિયું કરતું કોઈક પકડાય છે, અને તેને ન્યાયની અદાલતમાં રજૂ કરવામાં આવે છે.

અંગત ખાનાંઓ/કબાટોની ખાનગીપણાને લઈને કેટલીક રમૂજી દ્વિધાઓ પણ સર્જાઈ છે. ખાનામાં કોઈ પણ પ્રકારની તાજી ખાદ્ય વાની મૂકવી નહીં એવો નિયમ છે. બન્યું એવું કે અમારાં નાકે અમને ખાતરીપૂર્વક જણાવ્યું કે આ નિયમની અવગણના થઈ રહી છે. વળી, એક વખત તો તેનો માલિક ક્યાંક બહારગામ હતો.

હવે શું કરવું? જબરજસ્ત આત્મ મંથન શરૂ થયું. શું અમારે ખાનું ખોલીને ખોરાકને દૂર કરવો જોઈએ? દિવસોના દિવસો સુધી દલીલો ચાલી. છેવટે અમારાં નાક અને ઉંદરના ડરે પ્રશ્નનો ઉકેલ આપ્યો. ખાનાંને ખોલવામાં આવ્યું અને એ વાંધાજનક ખાદ્યપદાર્થને દૂર કરવામાં આવ્યો.

આ ભરોસા પ્રણાલી એટલી તો વણાયેલી, અંદર ઊતરેલી છે કે કોઈ તેના વિશે વધુ વિચારતું જ નથી. પાકીટ, બટવો, કીમતી ચીજવસ્તુઓ સામાન્ય રીતે ખુલ્લા જ પડ્યાં હોય છે. ભાગ્યે જ તેમને કોઈ હાથ અડાડે છે.

જ્યારે આ સંહિતાને કોઈક તોડે છે, ત્યારે તેને ત્વરિત પ્રતિક્રિયા મળે છે. આવી વર્તણૂક સર્વસામાન્ય રૂપે નિંદાને પાત્ર છે એવું વ્યક્તિને સમજાય છે.

અમારામાંથી કોઈએ કદી કલ્પ્યું પણ ન હોય એટલી ઊંડે સુધી આ ભરોસા અને આદરની લાગણી સ્થાયી થયેલી છે, અને દરેક પ્રકારની વ્યક્તિને તે સ્પર્શે છે અને તે તેને પ્રતિભાવ આપે છે. અવારનવાર ચોરી કરવા માટે સજા પામેલું બાળક, એક કે બે કાયદાઓ તોડવા માટે જાણીતા એવા કિશોરો શાળાની આ ભરોસા પ્રણાલીને જબરજસ્ત રીતે સાચવે છે. એક વખત અમારે ત્યાં સત્તર વર્ષનો એવો કિશોર હતો જે પહેલા કારની ચોરી માટે સજા ગાળી ચૂક્યો હતો. પરંતુ શાળામાં, તેનાથી વધુ ભરોસાપાત્ર બીજું કોઈ નથી એવું તેના વર્તને પુરવાર કરી આપ્યું.

જો કે આ ભરોસા પ્રણાલીના હાર્દમાં પ્રમાણપત્રનો વિચાર રહેલો છે, જેની હેઠળ સેંકડો પ્રવૃત્તિઓ થાય છે.

અમારી શાળા વાપરવા માટે વિશેષ તાલીમની જરૂર પડે તેવાં સાધનો અને ઉપકરણોથી ભરચક છે. બધી જ જગ્યાએ, ડાર્કરૂમમાં, ઑફિસમાં, કમ્પ્યૂટર ખંડમાં, રસોડામાં, કાર્યશાળામાં, કળા અને કારીગરીના ખંડમાં – તમામ જગ્યાએ એવાં સાધનો છે. શાળા-સભા પાસે આ તમામ

માટે એક સામાન્ય નિયમ છેઃ કોઈ પણ વ્યક્તિ જે-તે ઉપકરણ વાપરી શકે, જો તેમને તે કેમ વાપરવું તેની ખબર હોય તો. એક વખત તેઓ તે શીખી લે, તો તેમને તે જે-તે ઉપકરણ વાપરવા માટે "પ્રમાણિત" કરવામાં આવે છે અને પછી તેઓ ઇચ્છે ત્યારે તેનો ઉપયોગ કરી શકે છે.

નિષ્ણાતો આ પ્રમાણપત્ર આપવાનું કામ કરે છે અને બીજા નિષ્ણાતો પણ નિશ્ચિત કરે છે. પ્રમાણિત વ્યક્તિઓની યાદી જાહેર કરવામાં આવે છે, જેથી તમામ લોકો તે જોઈ શકે. સૌથી જોખમી સાધનો માટે પણ આ પ્રણાલી લાગુ પડે છે. જોખમ જેટલું વધારે, પ્રમાણપત્ર આપવાની કાર્યવિધિ એટલી વધુ વિસ્તૃત; પરંતુ તે ઉંમરના કોઈ પણ જાતના ભેદભાવ વગર તમામ માટે એકસમાન છે.

આનો અર્થ એમ થયો કે અમુક મજબૂત યુવાન લોકો અમુક શક્તિશાળી, અત્યંત વિકસિત એવું ઉપકરણ વાપરી શકે. જેમ કે એક અગિયાર વર્ષનો છોકરો એકલો, જાતે ડાર્કરૂમમાં કામ કરી રહ્યો હોય. અથવા તો કોઈ બાર વર્ષનું બાળક કાર્યશાળામાં પોતાનો હાથ અજમાવી રહ્યું હોય, કે પછી નવ વર્ષનું બાળક રસોડામાં આમ કરી રહ્યું હોય. તેમની પોતાની રમતોમાં તેઓ વયસ્કોની બરાબરી કરી શકે છે તેવું પુરવાર કરવા મચી પડેલા આ જુવાનિયાઓથી વધુ કાળજીભર્યું બીજું કોઈ ન હોઈ શકે. અને કારણ કે તમામ ચીજો પ્રમાણપત્ર મેળવીને કરી શકાતી હોવાથી, અહીં કોઈએ લલચાવતા "વર્જિત ફળ"ને વાપરવા લપાઈછુપાઈને કશું કરવાની જરૂર રહેતી નથી.

એક વખત, અમે ખરેખરી કશમકશમાં ફસાયા હતા.

જ્યારે અમારી પાસે કમ્પ્યૂટર આવ્યું, ત્યારે અમારી દૃષ્ટિએ તે અત્યંત નાજુક વસ્તુ હતી. અડધી રાતે તેને હાથલારીમાં નાખીને કોઈ ચાલતું બનશે કે કેમ તેની અસહાયપણે ચિંતા કરતા રહેવાનું પોસાય તેમ ન હતું. રાત્રે આ કમ્પ્યૂટરને કબાટમાં બંધ કરીને તાળું મારવા સિવાય બીજો કોઈ જ રસ્તો નજરમાં આવતો નહોતો. તાળું અને એ પણ શાળામાં!

તેના પર ચાલેલી ચર્ચાઓ કોઈ પણ ગૂઢ અભ્યાસુનું હૃદય પીગળાવી દઈ શકે તેવી હતી. શાળાને પણ તો દરરોજ રાત્રે તાળું મારવામાં આવે છે, નથી આવતું? શાળાના દરવાજા પરનાં તાળાંને શાળામાંનાં તાળાં ન ગણી શકાય, એ તો બહારના વિશ્વ સામે રક્ષણ માટેના છે, જેને આપણી સાથે કોઈ લેવા દેવા નથી. એ જ રીતે, કમ્પ્યૂટરના કબાટ પરનું તાળું પણ, ખરેખર તો શાળામાંના લોકોને ઉદ્દેશીને નથી; એ દૃષ્ટિથી તેને જોવામાં આવે. અને તે ખરેખર એમ જ હતું... અંદરનું તાળું પરંતુ બહારના લોકો માટે.

અમે અમારું તાળું નખાવ્યું. ત્યાંથી પસાર થતું દરેક જણ તેને જોઈને નિ:સાસો નાખતું. શાળામાં, કમ્પ્યૂટર વાપરવા માટે પ્રમાણપત્ર ધરાવતી કોઈ પણ વ્યક્તિને ચાવી સુલભ રહેતી હતી.

થોડાક મહિના પછી, તેને સહેવું દરેક જણ માટે અસહ્ય થઈ પડ્યું. એટલે શાળા-સભામાં જબરજસ્ત બહુમતીથી, પોતાના અતિશય કીમતી ભંડોળમાંથી થોડાક ડોલર ખર્ચીને એક સુરક્ષા પ્રણાલી ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું. આ સુરક્ષા પ્રણાલી કમ્પ્યૂટરને પોતાના મેજ સાથે જડબેસલાક રીતે બેસાડે છે.

અત્યંત આનંદ સાથે, કબાટ પરના તાળાને દૂર કરવામાં આવ્યું.

વરસોવરસ દરમ્યાન, અહીં ચોરીના, દુશ્મનાવટના, આંતરિક અનાદરના ખૂબ જૂજ બનાવો બન્યા છે. આસાનીથી ધ્વસ્ત કરી શકાય, નુકસાન કરી શકાય એવી વપરાઈ વપરાઈને ઘસાયેલી અમારી સદી-પુરાણી ઈમારત, અમે પહેલવહેલી શાળા ખોલી તેના કરતાં આજે ઘણી વધુ સારી દેખાય છે.

અને આ સાર્વત્રિક ભરોસા પ્રણાલી, શાળાના કણેકણમાં ફેલાયેલા ભરોસા અને આંતરિક ગરિમાનું વાતાવરણ જાળવવામાં મદદરૂપ થાય છે.

૨૫

ખેલદિલીભર્યું દૃશ્ય

સપ્ટેમ્બરનો ઉજાસભર્યો દિવસ છે. શાળાનું મકાન આખું ખાલીખમ છે.

સીવણકામના ખંડની બારીઓના વિશાળ દરવાજાઓમાંથી હું બહાર નજર કરું છું. બધા લૉન પર ભેગા થયા છે, જ્યાં ઝંડો ઝબ્બે કરવાની એક મોટી રમત ચાલી રહી છે. ચીસાચીસ અને ખડખડાટ હાસ્ય સાથે બાળકો મેદાનમાં આમથી તેમ દોડી રહ્યાં છે.

એકાદ કલાક પછી એ રમત પૂરી થઈ ગઈ છે. એકલ પંડે, બેની કે ત્રણની જોડીમાં ખેલાડીઓ મકાનમાં પાછા ફરી રહ્યા છે- તરસ્યા, ભૂખ્યા અને ઉલ્લાસિત.



રમતની મુખ્ય ધ્યાનાકર્ષક પળોને આંખ આગળ ચિત્ર ખડું થઈ જાય તેવી વાતચીતમાં પુનઃ જીવવામાં આવે છે. કોઈ હાર્યું હોય એવું લાગતું નથી. બંને ટીમ જીતી હોય તેવી કોઈક રમત લાગે છે.

આ દૃશ્ય આખું વર્ષ પુનઃ પુનઃ ખડું થાય છે. પાનખરની શરૂઆતથી લઈને શિયાળામાં, વસંતમાં અને ઉનાળાની શરૂઆત સુધી ફૂટબોલ, સૉકર, સ્લેજિંગ, આઇસ હૉકી, બાસ્કેટબોલ અને બેઝબોલ વારાફરતી મેદાન પર કબજો જમાવી રાખે છે. જ્યારે કોઈક સાધન ખૂટતું હોય, જેમ કે ગોલ પોસ્ટ, ત્યારે કામચલાઉ ગોઠવણો ઊભી કરી દેવામાં આવે છે.

રમતનું નામ ભલે ગમે તે હોય, મૂળભૂત નિયમ હંમેશાં એક જ રહે છેઃ જેને પણ રમવું હોય તે દરેક જણ, રમે. વય, આવડત કે સંખ્યા ભલે ગમે તે હોય.

એટલે એક બેઝબોલ ટીમમાં પાંચ ખેલાડીઓ હોય તેમ બની શકે, અથવા પંદર ખેલાડીઓ હોય તેમ પણ બની શકે. તેમાં છ વર્ષના અને સોળ વર્ષના જોડેજોડ રમતાં હોઈ શકે. છોકરાઓ અને છોકરી એકસરખી રીતે રમવાની યોગ્યતા ધરાવે છે.

ધ્યાનપૂર્વક જુઓ, અને તમને કેટલાંક અસાધારણ દૃશ્યો જોવા મળશે.

આઠ વર્ષનો એક અનાડી બૅટિંગ કરવા માટે આવે છે. સામે બેઝ પર માણસો છે. તેના ટીમના સાથીઓ હોમ પ્લેટની આસપાસ વિખરાયેલા છે, અને ચીસો પાડીને તેને પ્રોત્સાહન આપે છે. તે બેટ વીંઝે છે. દડો પિચર અને ત્રીજા બેઝ વચ્ચે ટપકી પાડે છે. એ ધક્કામુક્કી કરીને માર્ગ કાઢે છે, ફેંકાયેલા દડાને ઝૂડે છે, સલામત રહે છે. ખૂબ આનંદ.

હવે બૅટિંગ કરવાનો વારો ટીમના સ્ટાર, એક મોટા અઢાર વર્ષના છોકરાનો છે. તે હવામાં ઊડતા દડાને મેદાનની બહાર ટોળા તરફ વીંઝે છે. એ જ વખતે એક બાર વર્ષનો છોકરો દડો નીચે આવવાની રાહ જુએ છે અને દડો તેના હાથમાંથી છટકી જાય છે. કોઈ એક શબ્દ સુદ્ધાં કહેતું નથી. બે રનનો સ્કોર.

રમત આગળ વધે છે, એક ઇનિંગ પછી બીજી ઇનિંગ. બાળકો દડા ફેંકે છે, બેટ વીંઝે છે, ભૂલો કરે છે, ભવ્ય છલાંગો લગાવે છે. તેમના બાહ્ય દેખાવ પરથી તમે ભાગ્યે જ તેમને અલગ તારવી શકો છો. અને સ્કોર? માત્ર ગણતરીના લોકો તેની નોંધ રાખે છે. 10-1 જેવો કંઈક છે.

દોઢેક કલાક પછી, સામાન્ય સહમતિથી આ રમત પૂરી થાય છે. કોઈ ઉદાસ કે ખિન્ન નથી. અહીં કોઈ આરોપ મૂકવામાં કે દોષ શોધવામાં વ્યસ્ત નથી.

પછી અચાનક એ મહાન સત્ય તમારા મનમાં ઊઘડે છેઃ લોકો અહીં મઝા કરતા હતા. તેઓ રમતને માણી રહ્યા હતા.

અને માણવાનું કામ તો તેઓ કરે જ છે, છોકરા હોય કે છોકરીઓ, મોટા કે નાના, ઊંચા કે ઠીંગણા, સારા કે ખરાબ, સૌ રમતને માણે છે.

અહીં એક પ્રકારની જોમથી ભરીભરી ઉત્તેજના વ્યાપેલી છે, સ્ફૂર્તિભરી ચાલ અને જીવંતતા છે. અને હરહંમેશ, હરહંમેશ અહીં હાજર હોય છે હાસ્ય.

સ્વાભાવિક રીતે, માત્ર બેઝબોલમાં જ નહીં, તમામ સ્પર્ધાત્મક રમતગમતમાં, શારીરિક પ્રવૃત્તિ, બહાર મેદાનમાં હોવું અને સારો સમય વ્યતીત કરવો એ જ માત્ર લક્ષ્ય હોય તેવું લાગે છે.

પાનખરની એક સવારે, આ શાળાના સ્થાપક સદસ્યોમાંના એક, મિમ્સીને અચાનક એ હકીકત ધ્યાનમાં આવે છે કે અહીં પંદર પંદર વર્ષથી કોઈ પણ પ્રકારના સંરક્ષણાત્મક સાધન વિના ટૅકલ ફૂટબોલ રમત રમાતી આવી છે. તેમને આઘાત લાગ્યો અને તે વિચલિત થઈ ગયાં. તેમને એ અત્યંત બેજવાબદારીભર્યું લાગ્યું. હાઇસ્કૂલ ફૂટબોલ રમતોમાં ગંભીર ઈજાઓ પામતાં બાળકોના સમાચારો વર્ષભર છાપાંઓમાં છવાયેલા હોય છે. કેટલીક સાર્વજનિક શાળાઓએ તો આ રમત પડતી સુદ્ધાં મૂકી દીધી હતી.

શાળા-સભા રેકોર્ડ સમક્ષ મિમ્સીએ શાળામાં આ રમત પર પ્રતિબંધ મૂકવા માટેનો પ્રસ્તાવ મૂક્યો.

એ સભા શાળાના ઇતિહાસમાં સૌથી શ્રેષ્ઠ હાજરી ધરાવતી સભાઓમાંની એક રહી. દલીલો સૌમ્ય અને કાળજીપૂર્વકના વિચાર પછી થઈ. જે લોકો ખરેખર ફૂટબોલ રમતા હતા તેમની વચ્ચે જ મુખ્ય ચર્ચા ચાલી. ધીમે ધીમે, અમારા સૌની સામે રમતના મેદાન પર ખરેખર શું બને છે તે સ્પષ્ટ થયું.

ખડતલ બાંધો ધરાવતા એક કિશોરે કહ્યું, "સડબરી વૅલીમાં સંપર્ક રમતોમાં કદી પણ કોઈને ઈજા થઈ નથી... કારણ કે કોઈને ઈજા ન પહોંચે તેની અમે કાળજી રાખીએ છીએ. તે આ રમતનો એક ભાગ જ છે. પૂરો સમય અમે તેની પ્રત્યે સભાન હોઈએ છીએ. એ ન જ થવી જોઈએ."

બીજાએ કહ્યું, "ટૅકલ ફૂટબોલની રમત એ સ્ટેટ પાર્કના રસ્તા પર ચાલવા કરતાં ઓછી જોખમી છે."

કોઈ પણ અપવાદ વિના, નાનાં બાળકોએ તેમાં પોતાની સહમતી પુરાવી. તેમનામાંના એકને પણ ક્યારેય મોટા ખેલાડીઓના ધક્કે ચઢવાનો કે આડા આવી જવાનો અનુભવ થયો નથી.

બીજા દરેક અગત્યના પ્રસ્તાવની જેમ, આ પ્રસ્તાવ પણ બે વખત રજૂ થયો, બે વખત તેની પર વાદવિવાદ થયો. જબરજસ્ત બહુમતીએ તેને નકારી કાઢ્યો. છેલ્લે જ્યારે મત લેવા માટે આ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો ત્યારે મિમ્સી જાતે પણ તેની તરફેણમાં હતાં કે કેમ તે મને યાદ નથી.

બીજા દિવસે, અમે બાસ્કેટબોલની એક રમત ધ્યાનપૂર્વક નિહાળી. આ પહેલાં કદી જેટલા ધ્યાનપૂર્વક નહોતી નિહાળી, એટલા ધ્યાનપૂર્વક. મૂળે જે આસ્ફાલ્ટનો પાર્કિંગ વિસ્તાર હતો તે કોર્ટમાં છ ફૂટિયા અને ઠીંગણાઓ એકસાથે રમી રહ્યા હતા. બાસ્કેટબોલ એક શારીરિક ચુસ્તીભરી રમત છે. આ રમત પણ તેવી જ હતી, પરંતુ આ શાળાની વિશેષતા તેમાં પ્રતિબિંબિત થતી હતી.

મોટાં બાળકો બીજાં મોટાં બાળકોને ધકેલતાં હતાં, પણ ક્યારેય નાનાંઓને અડકતાં હોય તેવું લાગતું નહોતું, નાનકાઓ એકબીજાને ધકેલતાં હતાં, અને મોટેરાઓની આસપાસ ઘૂસવા તેમનો શ્રેષ્ઠ પ્રયત્ન કરતા હતા; હાથી પરના મચ્છરોની જેમ. કોઈએ આ મચ્છરોને મસળી ન નાખ્યા. ક્યારેય નહીં.

સડબરી વૅલીમાં, રમત એ એક રમવાની ચીજ છે. અને દરેક જણ અહીં વિજેતા તરીકે પાછો આવે છે.

૨૬

સાહસ પ્રવાસ (કૅમ્પિંગ)

શાળામાં, બહારની આકર્ષક પ્રવૃત્તિઓ કમ સે કમ અંદર કરવાની પ્રવૃત્તિઓ જેટલી જ અગત્યની રહી છે. કોઈ સાધારણ મુલાકાતી પણ આ જોઈ શકે છે - બાળકોના ચહેરા પર, તેમના દેહ પર, તેમના હલનચલનમાં, તેમની શારીરિક આઝાદીમાં.

ઘણાં વર્ષો અગાઉ, પાનખરના એક દિવસે અમારામાંથી કેટલાકે વિચાર્યું, "એક પગલું વધુ આગળ ભરીએ તો? ન્યૂ હૅમ્પશાયરના વ્હાઇટ માઉન્ટેન પર એક સાહસ પ્રવાસ કરીએ તો? જ્યાં આપણે સમગ્ર સમય બહાર જ વીતાવી શકીએ." અમે બુલેટિન બોર્ડ પર એક નોટિસ મૂકી. રસ ધરાવતા પક્ષોને તેની પર સહી કરવા જણાવાયું હતું.

બહુ ઝડપથી, ત્રીસ બાળકોની યાદી બની ગઈ. અમે થોડાંક વિશાળ તંબુઓ ઉધાર લીધાં, સ્ટાફની ગાડીઓનો ઉપયોગ કરી કાફલો બનાવ્યો અને પ્રવાસ ગોઠવી કાઢ્યો. દરેક જણને શું

લાવવાનું છે તેની યાદી મળી ગઈ. જૂથના ખર્ચાઓને પહોંચી વળવા માટે દરેક વ્યક્તિ પેટે કેટલો ખર્ચ આવશે તેનો અંદાજો કાઢવામાં આવ્યો.

ઑક્ટોબર 10ના, અમે ફ્રાન્કૉનિયા સ્ટેટ પાર્ક જવા માટે ઉપડ્યા. સૌ મિજાજમાં હતા. અમે પહોંચ્યા ત્યારે કેમ્પ માટેનું મેદાન અમને ખાલી મળ્યું. કૅમ્પિંગ માટે ઑક્ટોબરના વચગાળાનાં અઠવાડિયાં સામાન્ય રીતે બહુ લોકપ્રિય નહોતાં.

અમે ડેરાતંબુ નાખ્યા, અને પગપાળા એક નાનકડા પહાડની ટોચ સર કરી આવ્યા. ટોચ પરથી દેખાતું દશ્ય આહ્લાદક હતું. પાછા નીચે ઊતરીને અમે તાપણું સળગાવ્યું, રાત્રિભોજન બનાવ્યું, ભૂતોની વાર્તાઓ કરી, અને છેવટે થાકીને લોથ થઈને પણ આનંદ સાથે સૂવા માટે પ્રયાણ કર્યું.

એ રાતે બરફ પડ્યો. થોડો નહીં, બસ પડતો જ રહ્યો, પડતો જ રહ્યો. પેદા થયેલા સ્થાનિક વંટોળના કારણે તોફાન આવ્યું, જે માત્ર જૂજ પર્વતીય સ્થળોએ જ ત્રાટક્યું. અમે જ્યાં હતા તે તેમાંનું એક હતું.

સવારના 3:00 વાગ્યે, આખા પડાવ પર લગભગ ચારેક ઇંચનો બરફનો થર હતો. એ વખતે અમારા તંબુઓમાંથી એક જમીનદોસ્ત થઈ ગયો – અંદર લોકો હતા. બહુ ભાગદોડ થઈ. દરેક જણને બહાર કાઢીને બીજી જગ્યાએ સ્થિર કરવામાં કલાકેક ગયો. અમે ઠરીને ઠીકરું થઈ ગયાં હતાં.

એ સવારે, એક ભીનુંભચ્ચ, અસ્તવ્યસ્ત જૂથ મુખ્ય પડાવના મેદાનમાં આવેલા પ્રવેશકક્ષમાં ધસી આવ્યું, અગ્નિ તેમનામાં પ્રાણ પૂરે તે લોભથી. નાસ્તો ઠંડોગાર હતો, દરેકેદરેક વસ્તુ ભીની અને થીજી ગયેલી હતી.

અમે ઝડપથી અમારો પડાવ આટોપ્યો અને ઊભી પૂંછડીએ પાછા ઘરે ભાગ્યા. બીજો પાનખરનો સાહસ-પ્રવાસ ખેડવાની હિંમત કરતાં અમને દસ વર્ષ લાગ્યાં, એ પણ માઉન્ટ મોનાડનોક પર પસંદગી ઉતારી – માત્ર એક રાતનો પડાવ, જ્યાંથી ઘરે પાછા ફરવું આસાન હોય તેવું નજીકનું સ્થળ.

આવી અમંગળ શરૂઆતથી, શું શાળાના પ્રવાસ-પ્રેમીઓ ઓઝપાઈ ગયા? જીવને સાટે, નહીં સ્તો! એ માત્ર મોસમનો સવાલ હતો. એ વસંતમાં, બીજા સાહસ-પ્રવાસની માગણી વહેલી શરૂ થઈ, આ વખતે ચાર દિવસ લાંબા પ્રવાસ માટે. દરેક જણની ફ્રાન્કૉનિયાની સ્મૃતિઓ ત્યાં સુધીમાં બાષ્પીભવન પામી હતી એવું લાગતું હતું. દ્વિધામાં હોય તેવા સ્ટાફને બાળકો કહેતાં, "એ તો બહુ મજેદાર સાહસ હતું."

એટલે અમે બીજો એક પ્રવાસ ગોઠવ્યો – જૂનના ઉત્તરાર્ધમાં, દક્ષિણ ભાગમાં આવેલા કેપ કોડ પર. અમે નિકરસન સ્ટેટ પાર્ક જવા માગતા હતા. જૂનમાં ત્યાં ક્યારેય બરફ પડતો નથી.

આ પ્રવાસ અત્યંત સફળ રહ્યો. અમે સરોવરમાં તર્યા, વગડામાં ચાલ્યા, સમુદ્ર કિનારે ગયા, રેતીના ટેકરાઓ જોયા, પ્રોવિન્સટાઉન ફર્યા.

શાળામાં એક નવી પરંપરા સ્થાપિત થઈ. દર જૂન મહિનામાં એક અઠવાડિયું કેપ કોડ પર ગાળવાની. જે પણ આવવા ઇચ્છતું હોય, તે આવે, શરત માત્ર એટલી કે તે ઘરથી દૂર તંબુમાં રહેવા અને પોતાની જાતની સારસંભાળ રાખવા તૈયાર હોય. વરસાદ હોય કે તડકો, અમે હંમેશાં જતાં, કારણ કે કોઈને વરસાદ પડે તો તેનો વાંધો હોય એવું લાગતું નહોતું. નહાવાનાં વસ્ત્રો થોડાં વધુ જલદી ભીનાં થઈ જાય, એટલું જ ને?! અને વળી ત્યારે તડકાથી ચામડી બળી જવાનું જોખમ પણ નહીં.

સાહસ-પ્રવાસો આયોજિત કરવા અને એ સાથે જોડાયેલી અન્ય બાબતોની કાળજી રાખવા શરૂઆતમાં, કેમ્પિંગ અને ટૂરિંગ કોર્પોરેશન ઊભી કરવામાં આવી હતી. સ્વાભાવિક રીતે, દલીલો વગર તો ચાલે જ કેવી રીતે? ખાસ કરીને, સાહસ પ્રવાસો વિશે.

કેપ કોડના પહેલા પ્રવાસ પછી આ બધું શરૂ થયું. રોષપૂર્વક માર્ગીએ કહ્યું, "તમે એને સાહસ-પ્રવાસ કહો છો? એ તો કોઈ વૈભવી રિસોર્ટ હૉટલમાં રહેવા જેવો વધુ હતો. મિયામી બીચ પર પણ એ બધું થઈ શકે. તરવું, ફરવું, ગરમ શાવર, ગરમાગરમ વિશાળ ભોજનો, કુંડાળામાં બેસીને વાતો કરવી. તેમાં "સાહસ-પ્રવાસ" ક્યાં આવ્યો?"

તો, દરેક જણ, ખરા અર્થમાં, ખરેખર "સાહસ-પ્રવાસ"ની વાત જ નહોતું કરી રહ્યું એવું બહાર આવ્યું. દૂરના સ્થળે સરસ મજાની રજાઓ ગાળવી તે જ લોકોના મનમાં હતું.

ખરેખરા સાહસ-પ્રવાસનો આગ્રહ રાખનારા ચીઢાયા અને દુઃભાયા. તો પણ બીજી વાર વિચાર કરતાં, તેમણે ભલે ગમે તે હોય તો પણ, આવતા વર્ષે સાથે આવવાનો નિર્ણય કર્યો. કદાચ, તેમાં મજા પણ પડે. પ્રવાસ તો જેવો હતો તેવો જ રહ્યો.

તે જેવો હતો તેવો જ રહ્યો અને વધતો ગયો. ફ્રાન્કૉનિયાની અમને કળ વળી, એટલે પ્રવાસ-શૃંખલામાં પાનખરની મોસમનો પ્રવાસ પણ ઉમેરાયો, મોનાડનોક પર, શાળા વર્ષની શરૂઆત સાચા પગલાથી કરવા માટે. અને તેના થોડાં વર્ષો પછી, શિયાળામાં અઠવાડિયું કિલિંગ્ટન, વેરમોન્ટ

પર સ્કિઇંગનો ઉમેરો પણ થયો. ત્યાં તંબુઓ નાખવાના નહોતા. પણ અમારે સૂવું તો સ્લિપિંગ બેગમાં જ પડતું.

સાહસ-પ્રવાસના ખરા પ્રેમીઓનો દિવસ પણ આવ્યો ખરો. તેમણે ભેગા થઈને હૂંફાળા મોસમમાં પીઠ પર બૅગ બાંધીને પહાડો ખૂંદવાના પ્રવાસો અને ભર શિયાળામાં ક્રોસ-કન્ટ્રી સ્કિઇંગ પ્રવાસો ગોઠવ્યા. જેમને ખરેખર પડી હતી, તેવા જૂજ સાહસ-પ્રવાસ પ્રેમીઓ માટેના ટૂંકા પ્રવાસો. વારંવાર નહીં, છતાં જ્યારે પણ તેમને જવું હોય ત્યારે અને તેઓ ગોઠવી શકે ત્યારે તેઓ જતા.

સામાન્ય પ્રવાસો સાથે સમાધાન કરી લેવામાં માર્ગીને બહુ લાંબો સમય ન લાગ્યો. છેવટે, આ સામાન્ય પ્રવાસોમાં બધા બહાર તો જાય જ છે, અને તેનું પણ કંઈક મૂલ્ય તો હતું જ. અને લોકો ત્યાં બહુ મજાનો સમય પસાર કરતા હતા અને તેમની પાયાની જરૂરિયાતો સાચવતા શીખતા હતા.

થોડા જ વખતમાં, તે પાછી નવી વસ્તુ લઈને હાજર થઈ ગઈ. તેણે પ્રસ્તાવ મૂક્યો, "અઠવાડિયા માટે દૂર જવા પૂરતા મોટા ન હોવાથી રહી ગયાની લાગણી અનુભવતાં નાનકડાં બાળકો માટે આપણે શાળાના જ પરિસરમાં તંબુઓ નાખીને રાત રહેવાનું કેમ ન ગોઠવીએ?" આ એક ઉદાત્ત ભાવનાથી પ્રેરિત વિચાર હતો. નાનકાં બાળકોએ સામૂહિક ધોરણે સહીઓ કરી.

પરિણામે, દર વર્ષે, જૂનના પ્રારંભમાં, કેપ પર ન જઈ શકે તેવા ઘણાં નાનાં બાળકો માટે શાળાના સંકુલમાં જ એક-રાતનો કૅમ્પઆઉટ થાય છે. થોડા જ વખતમાં, બાળકો એકદમ સડબરી વૅલીની શૈલીમાં કૅમ્પિંગથી ટેવાઈ જાય છે. અને થોડા વખતમાં તો તેઓ બીજાઓ સાથે દૂર જવા પૂરતાં મોટાં પણ થઈ જાય છે.

અને માર્ગીને હવે આ બાબતે ખરેખર કોઈ વાંધા રહ્યા નથી. તે એવી ગણતરી માંડે છે કે આ નાનકડાં બાળકોમાંથી કેટલાક મોટા થઈને ખરેખરા સાહસ-પ્રવાસ પ્રેમીઓ બને તેવી સંભાવનાઓ વધારવામાં તો તેણે કમસે કમ મદદ કરી જ છે.

૨૭

કમિટીઓ અને ક્લાર્કો

શાળા વહીવટના રોજિંદા મૂળભૂત કાર્યો શાળા-સભા "ક્લાર્ક" તરીકે ઓળખાતા લોકોને, અને ક્યારેક કોઈ કમિટીને વહેંચી દે છે. પાનખરમાં જ્યારે શાળા શરૂ થાય ત્યારે તેમને વર્ષમાં એક વખત ચૂંટવામાં આવે છે.

પૃથ્વી પર અમને જોઈતી કોઈ છેલ્લામાં છેલ્લી વસ્તુ હોય તો તે છે કિલ્લેબંધ અમલદારશાહી, નજર પડે ત્યાં સુધીનું બધું જમીનદોસ્ત, સપાટ ન થઈ જાય ત્યાં સુધી તે એકધારી વિકસતી જોવા મળે છે. એટલે, અમે એકદમ સડબરી વેલીની લાક્ષણિક શૈલીમાં અમારું કામકાજ ગોઠવવું શરૂ કર્યું. જ્યારે એવાં રોજિંદા કામો આવે, જે કરવાની જરૂર હોય, ત્યારે શાળા-સભા તેને સુસ્પષ્ટ કરે છે, કામનું વિવરણ બનાવે છે, અને પછી એ કામ કરવા માટે કોઈકને ચૂંટે છે. પણ જોજો, કોઈને

કાયમી ધોરણે કામ સોંપવામાં આવતું નથી, અમારામાંથી કોઈ એક – વિદ્યાર્થી અથવા સ્ટાફ – એક વર્ષ માટે એ કામ ઉપાડે છે.

ફોનના સંદેશાઓનું નિયમન કરવાની જરૂર છે? ટપાલ/મેલનું જે કરવાનું હતું તે થઈ ગયું? ઑફિસમાં જોઈતી ચીજવસ્તુઓ અપાઈ ગઈ? ફાઈલોને યોગ્ય ક્રમમાં રાખવામાં આવી છે? અમે આ બધા કામ માટે એક ઑફિસ ક્લાર્ક ઊભો કર્યો. પ્લાન્ટને ચાલુ રાખવાનો છે? મકાનોના નિભાવ-જાળવણી કામ માટે અમારી પાસે એક બિલ્ડિંગ મેઇન્ટેનન્સ ક્લાર્ક છે અને મેદાનોની જાળવણી-નિભાવ માટે ગ્રાઉન્ડ્સ ક્લાર્ક છે.

વધુ વિશાળ કામો માટે, જ્યાં ઘણા બધા હાથની અથવા તો ઘણાં બધાં મંતવ્યોની જરૂર છે, ત્યાં કમિટીઓ છેઃ એક કમિટી શાળાના હિસાબ-કિતાબ માટે છે, બીજી એક આંતરિક ડિઝાઈન માટે છે, અને એક જનસંપર્ક માટે છે.

કામનું કલેવર બદલાતાં, તેની અગત્યતા ન રહેતાં, અથવા વધુ અગત્યતા પેદા થવાની સાથે સાથે કર્લાકના હોદ્દા આવે અને જાય છે. મારા માટે, કોઈ ક્લર્કશિપને રદ કરતી શાળા-સભામાં ભાગ લેવા કરતાં વધુ સંતોષજનક હોય એવી બાબતો બહુ ઓછી છે. અમલદારશાહી પેદા નહીં કરવાની અમારી પ્રતિબદ્ધતાને એ ફરીથી દૃઢ કરે છે.

ઉદાહરણ તરીકે, શાળા દરરોજ યોગ્ય રીતે ખૂલે અને દરરોજ સાંજે યોગ્ય રીતે બંધ થાય તે સુનિશ્ચિત કરવા માટે કોઈક હોય તે હેતુથી ખોલવા અને બંધ કરવાનો ક્લાર્ક રાખવામાં આવ્યો. શાળાની તમામ ચાવીઓ પણ આ ક્લાર્કને સોંપવામાં આવી. થોડાંક વર્ષો પસાર થયાં. ખોલવા અને બંધ કરવા માટેનાં ચેકલિસ્ટ અને ચાવી-નિયમન માટે એક તદ્દન સાદી વ્યવસ્થા બનાવવામાં આવ્યાં; ચાવીઓ માટેની વ્યવસ્થા એકદમ સાદી હતી, મૂળભૂત રીતે કોની પાસે કઈ ચાવી છે એની યાદી એટલું જ. હવે કરવા માટે કંઈ ખાસ કામ બાકી રહ્યું ન હતું, એટલે આ ક્લાર્કનો હોદ્દો અદૃશ્ય થયો અને આ રોજિંદા કામોને કોઈક બીજાના કામના વિવરણમાં ઉમેરી દેવામાં આવ્યાં.

શાળા જોવા આવતા લોકોના એકધારા પ્રવાહને યોગ્ય રીતે સાચવી શકાય તે માટે એક મુલાકાતીના ક્લાર્કનો હોદ્દો રાખવામાં આવ્યો હતો. વર્ષો સુધી, તે ઘણું કામ માગી લેતો હોદ્દો રહ્યો. શાળા જોવા આવેલા મુલાકાતીઓમાં તલ્લીન થઈ ગયા વિના, કઈ રીતે બહારના લોકો માટે શાળાને વધુ ને વધુ ખુલ્લી રાખવી તે અમારે શોધવાનું હતું. એક વખત નવા આવેલા ક્લાર્કોએ આ

શોધી નાખ્યું, પછી તેમનું કામ આસાન થઈ ગયું, અતિ આસાન. એ પછી આ રોજિંદા કામોને જનસંપર્ક કમિટીને સોંપી દેવામાં આવ્યા અને આ ક્લાર્કના હોદ્દાને દૂર કરવામાં આવ્યો.

સમય જતાં નવાં કામો પણ પેદાં થયાં. ખાસ્સાં વર્ષો પછી, અમને સમજાયું કે એવા ઘણા બધા પૂર્વ-વિદ્યાર્થીઓ છે, જે સંપર્કમાં રહેવા માગે છે. તેમાંના ઘણા મુલાકાતે આવતા પણ ખરા, ત્યારે અમને આનંદ થતો. અંતે, અમને એ પ્રતીતિ થઈ કે પૂર્વ વિદ્યાર્થીઓ અને શાળા એકબીજા સાથે પ્રત્યાયનમાં રહી શકે તે માટે આપણે આ વસ્તુઓને થોડી આસાન બનાવવા કોશિશ કરવી જોઈએ. શાળા-સભાએ આ કામ કરવા માટે પૂર્વ-વિદ્યાર્થીના ક્લાર્કનું પદ ઊભું કર્યું.

ખરેખર તો, કોઈ સિદ્ધાન્તનો અતિરેક કેવી રીતે થઈ શકે તેનું આ એક સારું ઉદાહરણ છે. પૂર્વ-વિદ્યાર્થીઓ માટેનું કામકાજ સંભાળવા માટે એક ઔપચારિક શાળા-સભા અધિકારીનું પદ ઊભું કરતાં અમને કમસે કમ પાંચ વર્ષ લાગ્યાં હતાં. એ પહેલાં, અમે અનૌપચારિક રીતે આ બાબતોની કાળજી રાખવાની કોશિશ કર્યા કરતા, અથવા કોઈને પદ આપ્યા વિના એ કામ કરવાનું કહીને અર્ધ-ઔપચારિક રીતે તેમ કરતા. પોતાના તરફથી સંપર્ક જાળવી રાખવા માટે, જ્યારે કેટલાક પૂર્વ-વિદ્યાર્થીઓએ 'સડબરી વૅલીના મિત્રો' નામે એક સંગઠન બનાવ્યું, ત્યારે અમે એ લોકો તેને ચાલુ રાખી શકે છે કે કેમ તે જોવા માટે સંશયપૂર્વક રાહ જોવાનું પસંદ કર્યું. કસોટી અને પરિપક્વતા માટે લાંબો સમયગાળો રાહ જોયા પછી, છેવટે અમે કબૂલ કર્યું અને એક અધિકૃત સંપર્ક વ્યક્તિનું પદ તેના માટે ઊભું કર્યું. અમારા માટે કોઈ પણ બાબત અપરિવર્તનશીલ નથી!

કેટલીક જૂજ બાબતોમાં, અમારે કોઈ એક ક્લર્કશિપને બે ભાગમાં વહેંચવી પડી હોય તેવું પણ બન્યું છે. આમ કરવા પ્રત્યે અમને પૂરેપૂરો અણગમો છે, પણ પછી અમારે ક્લર્કશિપના બે ભાગ પાડવા કે પેલો ક્લાર્ક તણાવથી પોતે જ ચિરાઈ જાય તે બંને વચ્ચે પસંદગી કરવી રહે છે.

નામ-નોંધણી ક્લાર્કનું પદ અમારે ત્યાં સૌથી લાંબા સમય સુધી ટક્યું હતું. એક વિદ્યાર્થીને પ્રવેશ આપવા સંબંધિત તમામ બાબતોની કાળજી આ ક્લાર્કે રાખવાની રહેતી હતી. આ ક્લાર્ક ઇન્ટર્વ્યૂ માટે, સઘળા દસ્તાવેજીકરણ માટે, અને ફી મેળવવા માટે જવાબદાર રહેતો. આ આખી એક જ પ્રક્રિયા છે, અમે વિચાર્યું.

ખરેખર એવું નહોતું. એ ક્લાર્કને તરત જ એની ખબર પડી ગઈ. પ્રવેશ માટેના ઇન્ટર્વ્યૂ લેવાના કારણે, તે નવા લોકો માટે શાળા સાથેનો સૌથી પહેલો સંપર્ક બની. વારંવાર, નવા વિદ્યાર્થીઓ અને

તેમના વાલીઓ તેને એક મિત્ર ગણીને પોતાની સમસ્યાઓ, ચિંતાઓ અને પ્રશ્નો પહોંચાડવા માટે તેનો ઉપયોગ કરવાનું ચાલુ રાખતા.

પણ જ્યારે પૈસાની વાત વચ્ચે આવે છે, ત્યારે બધું જ બદલાઈ જાય છે.

પૈસા વિશે થયેલી બોલાચાલી કરતાં વધુ ઝડપથી અને વધુ સંપૂર્ણ રીતે બીજું કશું મિત્રતાઓને તોડી શકતું નથી. એક દિવસે, બે વ્યક્તિઓ હાથમાં હાથ પરોવીને ચાલતી હોય છે, બંને એકબીજાના બિરાદરો હોય છે. એ બંને વચ્ચે કોઈ બિલને લઈને ઝઘડો થાય છે, અને બીજા દિવસથી, સંભવતઃ તેઓ એકબીજાના જીવલેણ વેરીઓ બની જાય છે.

ફીની ચૂકવણી સમયસર આવી જાય તે જોવાનું કામ સંભાળતી વ્યક્તિ તરીકે, નામ-નોંધણી ક્લાર્ક એક ખુલ્લું નિશાન બની ગઈ. ગઈકાલના મિત્રતાભર્યા વિદ્યાર્થીઓ અને તેમનાં માતાપિતાઓ, આજે આસાનીથી કટ્ટર દુશ્મન તરીકે વર્તી શકે છે. એમાં બહુ ઓછી વાર લાગતી હતી. મોટા ભાગનો સમય આમ થવા માટે ચૂકવણી કરવાની બાકી છે એવું યાદ કરાવવું માત્ર પૂરતું થઈ પડતું. "પૈસા? તમે પૈસા માટે મારી પાછળ પડ્યા છો? કેવા અસંસ્કારી છો તમે! અમે વિચાર્યું હતું કે તમે એક સારી, સમજુ વ્યક્તિ છો. હવે સમજ પડી તમે કેવા છો તે."

અઢાર અઢાર વર્ષ વીત્યાં અને સ્ટીલ જેવી મજબૂત નસો ધરાવતાં એક ક્લાર્ક, છેવટે જ્યારે ભાંગી પડવાની હદે પહોંચી ગયાં ત્યારે અંતે અમારા મનમાં ઉઘાડ થયો. અમે નામ-નોંધણી ક્લાર્કનું પદ દૂર કર્યું, તથા પ્રવેશ ક્લાર્ક અને નોંધણી ક્લાર્ક એમ બે પદ નવાં ઊભાં કર્યાં. પ્રવેશ ક્લાર્ક હવે હરહંમેશ માટે 'સારી વ્યક્તિ' બની રહી શકે છે. અને નોંધણી ક્લાર્ક? નોંધણી ક્લાર્ક માથાના દુઃખાવા માટેની ગોળીઓ લેવી અને જલદી નિવૃત્તિ – આ બેમાંથી પસંદગી કરી શકે છે...

બીજી એક લાંબી ગાથા છે સફાઈ ક્લાર્કની. તેના માટે તો એક આખું પ્રકરણ ફાળવવું યોગ્ય છે.

૨૮

સાફસફાઈ

વર્ષોના સમયગાળામાં, કોઈ દુન્યવી સમસ્યાએ શાળાનો એટલો સમય નહોતો લીધો જેટલો સાફસફાઈએ લીધો હતો.

શરૂઆતથી જ, આપણી પોતાની સાફસફાઈ માટે જવાબદાર હોવું અમને સાચું લાગ્યું હતું. એ સ્વભાવની બાબત છે. આ શાળા અમારો "માળો" હતી, અને જો આપણે તેને ગંદી કરીએ, તો આપણે જ એને વ્યવસ્થિત કરવી જોઈએ.

પ્રારંભના મહિનાઓમાં અહીં હોય તેવા એક માત્ર લોકો એ સ્ટાફના સદસ્યો હતા, જે શાળાનું કામકાજ ગોઠવી રહ્યા હતા. તેનો અર્થ એમ થયો કે પોતાની અન્ય ફરજોની સાથે, આ જ સ્ટાફ નિયમિતરૂપે સાફસફાઈ પણ કરતો હતો.

પહેલી વખત જ્યારે અમે શાળા ખોલી, ત્યારે વિદ્યાર્થીઓ તરત જ વસ્તુઓ સાથે સંવાદિતામાં આવી જાય એવી અપેક્ષા તો અમે રાખી શકીએ નહીં. દરેક જણ અહીં ઠરીઠામ થઈ જાય અને સડબરી વૅલી ખરેખર શું છે તેનો તેમને ખ્યાલ આવે ત્યાં સુધીનો સમય જરૂરી હતો. તેનો અર્થ એમ થયો કે સ્ટાફે સાફસફાઈનું કામ નિયમિત ધોરણે ચાલુ રાખવું.

હું અક્ષરશઃ "નિયમિત" કહી રહ્યો છું. દરરોજ સાંજે, શાળા બંધ થયા પછી, અમે ઝાડુ અને સૂપડીઓ, પોતા અને બાલદીઓ લઈને શાળાને એક ખૂણાથી લઈને બીજા ખૂણા સુધી સાફ કરવામાં લાગી જતા, અને બહાર શાળાના મેદાનમાં કોઈ કચરો પડ્યો હોય તો તે પણ ઉઠાવતા. આ નિર્દોષ ભાસતી પ્રવૃત્તિ, જેના માટે અમને તો ઊલટાનો ગર્વ પણ અનુભવાતો હતો, તે આ વિષયને લઈને પહેલા મોટા વાદવિવાદ તરફ દોરી ગઈ.

અમારા પહેલવહેલા 'વીજ-આકર્ષક સળિયા'વાળા દિવસોમાં, ઘણા વાલીઓ/માતાપિતાઓ આ વિસ્તારની અનેક પ્રખ્યાત કૉલેજો અને વિશ્વવિદ્યાલયોના સભ્ય કે શિક્ષકો હતા. તેમને પોતાના વ્યવસાયનું ગૌરવ હતું. શિક્ષક હોવું એ તેમની નજરોમાં એક ઉદાત્ત કામ હતું.

હાથમાં પોતું પકડવા માટે તો ઘણું વધુ પડતું ઉદાત્ત.

એકે કહ્યું, "તમે વિદ્યાર્થીઓ સમક્ષ તમારું મૂલ્ય ઘટાડી રહ્યા છો. સાફસફાઈનું કામ કરીને, તમે બાળકોની નજરોમાં બૌદ્ધિક પ્રવૃત્તિનું મૂલ્ય નીચું ઉતારી રહ્યા છો."

બીજા એક જણે કહ્યું, "છોકરાઓ સામે તમે નબળા આદર્શો તરીકે રજૂ થઈ રહ્યા છો. તમારા ઉદાહરણથી તેમને પ્રેરણા મળવી જોઈએ. અમે નથી ઇચ્છતા કે અમારાં બાળકો મોટાં થઈને દરવાન બને."

"અમારાં બાળકોને શિક્ષણ આપવા પાછળ તમે વધુ સમય કેમ નથી ગાળતા તે સમજાય એવું છે," શીખવા માટે વિદ્યાર્થીની પહેલ હોય તેવી અમારી ફિલસૂફીથી નિઃસંશયપણે અધીરા થયેલા બીજાઓએ કહ્યું, "સાફસફાઈનું હલકું કામ કરવા પાછળ તમે ખૂબ બધો સમય ગાળો છો."

સાફસફાઈ માટે તેમનું સૂચન શું હશે તે હું વિચારતો હતો. આ કામ માટે માતાપિતા જાતે તો સ્વયંસેવક રૂપે આગળ નહીં જ આવે તે તો ખાતરીપૂર્વક કહી શકાય... અને પૈસા ચૂકવીને મદદ મેળવવા પૂરતા પૈસા અમારી પાસે હતા નહીં તેની તો તેમને જાણ હતી જ.

તેમના મનમાં શું છે તેની ખબર પડવામાં બહુ વાર ન લાગી. અમારા વાલીઓમાંથી ઘણા ૬0ના દાયકાના એ ખળભળાટભર્યા રાજકારણમાં સક્રિય હતા. પછાત-વંચિત લઘુમતીઓની સ્થિતિ સુધારવી તે તેમના ઉમદા હેતુઓમાંનો એક હતો. તેમનાં એ અભિયાનોના અનુભવથી, તેમણે અમારી સમસ્યા માટે સમાધાન સૂચવ્યું.

એક દિવસ તેમના એક નેતા શાળા-સભામાં આવી પહોંચ્યા, ઉશ્કેરાયેલા અને જાણે મનમાં નક્કી કરીને જ આવ્યા હોય તેમ તેમણે બોલવું શરૂ કર્યું. "સફાઈની સમસ્યાનો ઉકેલ મારી પાસે છે. જેનાથી બધાને જ ફાયદો થાય તેવો ઉકેલ. સ્ટાફે આ હલકું કામ કરવાનું બંધ કરવું જ પડશે. આપણી પાસે અહીં કોઈ ગરીબ, લઘુમતીના વિદ્યાર્થીઓ નથી. આપણે એક તીરથી બે શિકાર કરી શકીએ તેમ છીએ. શહેર મધ્યેનાં આવાં બાળકોને ટ્યુશન માટે પૂરેપૂરી શિષ્યવૃત્તિ આપવી અને બદલામાં, તેઓ સફાઈનું કામ કરી આપે."

એ સભામાં ઘણો કોલાહલ થયો.

અમારા સ્ટાફે સાફસફાઈનું કામ ચાલુ રાખ્યું, ક્યારેય નહોતી તેટલી નિશ્ચયાત્મકતા સાથે.

વિરોધ કરનારા વાલીઓ/માતાપિતા, થોડા જ વખતમાં સૂગથી મોઢું ચઢાવી શાળા છોડી ગયા.

આ તો માત્ર પહેલો વાદવિવાદ હતો. થોડાક મહિના પછી, સ્ટાફને લાગ્યું કે હવે આખી શાળા આમાં ઝુકાવે તેનો સમય પાકી ગયો છે. ઉદાહરણરૂપ સ્ટાફની કામગીરીનો યુગ છેવટે વિદ્યાર્થીઓ અને સ્ટાફ સદસ્યો સહુનું સામુદાયિક યોગદાન લાવવા માટે હતો.

અમે એક સ્વૈચ્છિક પ્રણાલી ઊભી કરવાની કોશિશ કરી, જેમાં એક સફાઈ ક્લાર્ક આ કામનું સંયોજન કરે તથા જરૂરી પુરવઠો ખરીદી લાવે તેવી ગોઠવણ કરવામાં આવી. અમારું મકાન ખરેખર ઘણું મોટું હતું, એટલે તેની સાફસફાઈ માટે ઘણી બધી કામગીરીઓનું સંયોજન કરવું પડે.

થોડાં વર્ષો સુધી, ક્લાર્કે હિંમતભેર સંઘર્ષ કર્યો. કેટલાક સ્વયંસેવકો આગળ આવ્યા, થોડો વખત હાથમાં લીધેલા કામ પાછળ મથામણ કરી, અને પછી જતા રહ્યા. દરરોજની જગ્યાએ સાફસફાઈનું કામ અઠવાડિયે એક વખત થવા માંડ્યું.

થોડા વખતમાં, દર અઠવાડિયે આખું કામ માત્ર કેટલાક દૃઢનિશ્ચયી એવા મુઠ્ઠીભર સ્ટાફ સદસ્યો અને વિદ્યાર્થીઓ જ કરી રહ્યા છે એવી તેમને ખબર પડી. જેકે કહ્યું હતું, "કચરો કરે છે, તેને કચરો કરવા દો; જેમને તે સાફ કરવો છે, તેને સાફ કરવા દો." તેનો દૃષ્ટિકોણ જાણે વેર લેતો હોય તેમ પોતાનું વર્ચસ્વ જમાવી રહ્યો હતો.

એટલે શાળા-સભામાં એક નવી ચર્ચાનો જન્મ થયો. જ્યારે બાકીનું બધું જ નિષ્ફળ જાય, ત્યારે અનિવાર્ય સેવાઓ આપવા માટે લોકશાહીઓ છેવટે શું કરે છે? તેઓ કામને ફરજિયાત બનાવે છે. સડબરી વેલીએ દલીલો અને વિચારવિમર્શ કર્યા, અંતે, નિરાશ થઈને અમે એક ફરજિયાત સફાઈ

વ્યવસ્થા ઊભી કરી. વય નિરપેક્ષ રીતે, દરેક જણે એક સત્ર પૂરતું આ કામ ફરજિયાત કરવાનું રહેશે.

સફાઈ ક્લાર્કોનું કામ હવે બેવડું મુશ્કેલ બન્યું: પહેલું, તેમણે કામ માટે યોગ્ય આયોજન કરવું પડતું હતું, અને બીજું, જેમને આ કામ ફરજિયાતપણે સોંપાયેલું છે તેવા કામદારો પાસેથી સંતોષકારક પરિણામો મેળવવા. ફરજિયાત ભરતી કરાયેલા માણસો, છેવટે તો, કુખ્યાત કામચોરો હોય છે. અમે પણ આ નિયમમાં અપવાદરૂપ નહોતા.

થોડાંક વર્ષો આમ પસાર થયાં. થોડાક ક્લાર્કો ભસ્મીભૂત થયા. શાળા ગંદી દેખાવા માંડી.

સાફસફાઈની બાબત ફરીથી શાળા-સભામાં ચર્ચા માટે આવી. અત્યાર સુધીમાં હેરી, જે આરંભનાં વર્ષોમાં શાળાના ઉત્સાહી આદર્શવાદીઓમાંનો એક હતો, તેણે ફરજિયાત સફાઈ કામને નાબૂદ કરવાનું ધ્યેય બનાવી લીધું હતું.

"આપણે ઈમાનદારીપૂર્વક કામ થાય તેવું ઇચ્છીએ છીએ," તેણે દલીલ કરતાં કહ્યું, "તો પછી આપણે તેના માટે ઈમાનદારીપૂર્વક મહેનતાણું આપવું જોઈએ. ચાલો આપણે શાળામાંથી જ મહેનતાણું ચૂકવીને સફાઈસેવકો મેળવવાની એક વ્યવસ્થા ગોઠવીએ. વધારાના પૈસાની જરૂર હોય તેવા પૂરતા વિદ્યાર્થીઓ મળી આવશે."

ઘણા લોકોને, આ વિચાર બિલકુલ યોગ્ય ન લાગ્યો. દરેક જણે સામે ચાલીને જે કામ કરવું જોઈએ તેના માટે કમ્યૂનિટી શા માટે પૈસા ચૂકવે? પણ બાકીનું બધું જ નિષ્ફળ નીવડ્યું હતું. હેરીનો પ્રસ્તાવ શાળા-સભામાં પાસ થઈ ગયો, અને તેને આ વિચાર અમલમાં મૂકવા માટે સફાઈ ક્લાર્ક તરીકે નીમવામાં આવ્યો. સાથે નાનું પણ પૂરતું બજેટ આપવામાં આવ્યું.

તે ઉત્સાહભેર પોતાના કામમાં મચી પડ્યો. થોડા જ વખતમાં હેરીની સફાઈ સેવા પાસે એક "ઑફિસ" (એક ખંડના ખૂણામાં આવેલું એક મેજ) હતી, વિગતવાર એવી હિસાબ-કિતાબ વ્યવસ્થા (થયેલા કામ માટે તે દરેક વ્યક્તિને એક વિધિસરનું કાગળ આપતો, જે મંજૂરીઓ અને કાયદેસર બાબતોથી પૂર્ણ રહેતું), નાનાં-મોટાં કામોનું જટીલ સમયપત્રક, અને એક તાલીમ સેવા હતી.

આ તાલીમ સેવા તેના માટે ગર્વ અને આનંદનો વિષય હતી. તેણે એકથી વધુ વખત વ્યાવસાયિક સફાઈ જૂથો સાથે કામ કરીને પોતાનું ગુજરાન રળ્યું હતું, અને આ વ્યવસાયની અનેક તરકીબો તેણે હસ્તગત કરી હતી. તેના દરેક નવા "કર્મચારી"એ તેને ઝાડુ મારવાના કે

પોતું કરવાના કામ પર રાખવામાં આવે તે પહેલાં કાળજીપૂર્વકની દેખરેખ હેઠળનાં તાલીમ સત્રોમાં ભાગ લેવાનો રહેતો.

એ એક જબરજસ્ત પ્રયોગ હતો. એક માત્ર મુશ્કેલી એ હતી કે તે સફળ ન થયો.

માત્ર ફરજિયાતપણે ભરતી કરાયેલા લોકો જ ક્યારેક કામમાંથી જીવ ચોરાવે છે એવું નથી. કોઈ ખાસ ચાલકબળ વગર, રોજેરોજ કંટાળાજનક કામ કરતા પૈસા આપીને કામે રખાયેલા લોકો પણ હંમેશાં પોતાનું 100% આપતા નથી...

શાળા ધીમે ધીમે પાછી ગંદી થવા માંડી. ફરીથી શાળા-સભામાં.

અંતે, વાત આ હદ સુધી પહોંચી ગઈ હતી એ જોઈને દરેક જણને થોડી કે વધુ શરમિંદગી અનુભવાઈ. છેવટે તો એ સૌની શાળા હતી, અને અમને સહુને લાગ્યું કે આપણે બસ પુરજોશથી કામે લાગી જવું જોઈએ અને તેને સ્વચ્છ રાખવી જોઈએ.

આમાં ઉતાર ચઢાવ આવ્યા, દરેક વખતે શાળા-સભામાં કલાકોની દલીલો-ચર્ચા અને આત્મમંથન થયું. અંતે, લોકો મિજાજથી આગળ આવ્યા અને અમારી સ્વ-ગરિમા જાળવવા કટિબદ્ધ બન્યા.

અત્યાર સુધીમાં, સ્વૈચ્છિક પ્રણાલી એક અંતરંગ પરંપરા બની ગઈ છે. પ્રસંગોપાત્ત, મોટા પાયા પર ભારે સફાઈકામ માટે, અમે વિશેષ શનિ-રવિવારના સફાઈ યજ્ઞો ગોઠવીએ છીએ, જેમાં વાલીઓને પણ આમંત્રણ હોય છે. તેમાંના ઘણા નિયમિતરૂપે આવે છે. શિક્ષણવિદ્ પણ આજકાલ આવતા થઈ ગયા છે. સમય બદલાયો છે.

ક્લાર્કના હોદ્દા પણ બદલાય છે. શાળા-સભાએ સફાઈ ક્લાર્કના પદને નાબૂદ કર્યું છે. આમ પણ એ પદ બહુ લોકપ્રિય નહોતું.

તેના બદલે, સ્વયંસેવી સફાઈ યજ્ઞ ગોઠવવાનું કામ 'સૌંદર્ય તથા શાળા-ઉપયોગ'ની કમિટીને સોંપી દેવામાં આવ્યું છે. તે એટલું બધું વધુ છાજે તેવું અને સુરુચિપૂર્ણ ભાસે છે!

૨૯

ચમત્કારિક બજેટ

સફાઈકામ એક જ એવી વસ્તુ નહોતી કે જેના માટે અમારી પાસે પૈસા નહોતા. આરંભથી ખાલી તિજોરીઓ જ સડબરી વેલીની સમસ્ત મૂડી રહી છે.

ઠેઠ 1966માં, જ્યારે અમે અમારા વિચારોને અમલમાં મૂકવા પહેલીવાર તૈયાર થયા, ત્યારે અમે શિક્ષણ ક્ષેત્રના જાણકાર લોકોને પૂછ્યું હતું, "એક શાળા શરૂ કરવા માટે, તમારા મતે અમને કેટલા રૂપિયાની જરૂર પડશે?" જવાબ મળ્યો, "ઓછામાં ઓછા 250,000 ડૉલર." અમને મળેલો લઘુત્તમ રકમનો એ જવાબ હતો. જ્યાં સુધી અમને લાગે વળગે છે ત્યાં સુધી, તે 250,00,000 ડૉલર પણ હોઈ શકે છે.

અંગત શાખને તેની પૂરી મર્યાદા સુધી ખેંચ્યા પછી, સ્થાપકો પાસે તમામ વસ્તુ માટે કુલ મળીને 40,000 ડૉલર હતા. અમે તેનાથી કામ ચલાવવા માટે કૃતનિશ્ચયી હતા.

એક વર્ષની શોધખોળના અંતે, અમને એક દસ એકરનું પરિસર અને સદી-પુરાણા નેથાનિયલ બૉડિચ એસ્ટેટનાં મકાનો 80,000 ડૉલરમાં મળ્યાં, જેમાં માત્ર 20,000 ડૉલર શરૂઆતમાં આપવાના હતા અને બાકીનું ગિરવે મૂકવાનું હતું. અમારી મુખ્ય જરૂરિયાત તેમાં સચવાઈ ગઈ, અને તે પણ અડધા ભંડોળમાં. બાકીનું ભંડોળ મુખ્ય મકાનના સમારકામ પાછળ, તેને મકાન-સંહિતાનાં ધોરણો અનુસારનું બનાવવા, રાચરચીલાં પાછળ, પુરવઠો ખરીદવામાં અને શાળાનો પ્રચાર-પ્રસાર કરવામાં વપરાયું. શાળા ખૂલી, ત્યાં સુધીમાં અમે પાયમાલ થઈ ગયા હતા.

અમને આટલી વાજબી કિંમતે જગ્યા કેવી રીતે મળી તેની તમને કદાચ નવાઈ લાગતી હશે. કશું વાંધાજનક તો નથી ને તે શોધવા અમે પણ જોરદાર રીતે મચી પડ્યા હતા, પણ અમારી તમામ તપાસોમાં તે દોષમુક્ત મળી હતી.

અમે કબજો લીધો તેના થોડાં અઠવાડિયાં પછી, એમ શા માટે થયું તેની અમને ખબર પડી. પરિસરમાં એક તળાવ અને માટીનો મિલ ડેમ હતો – તાજેતરમાં જ ઈજનેરોની ટુકડીએ આ ડેમને વપરાશ માટે ગેરલાયક ઠેરવ્યો હતો! દસ્તાવેજ અનુસાર, માલિક તરીકે, અમારે આ ડેમને વાપરવાલાયક બનાવવો પડે. અમારી પહેલાંના માલિકો, આ કામ ટાળવા માટે જ મિલકત ખાલી કરી ગયા હતા.

સમારકામનો સારામાં સારો અંદાજો 50,000 ડૉલરનો બેસતો હતો. જ્યાં સુધી અમારા સારા મિત્ર માલ સ્ટાકર અમારી વહારે ન ધાયા, ત્યાં સુધી અમારી ઉદ્યોગસાહસિકતા જાણે વિનાશના માર્ગે જતી લાગી. સ્ટાકર એ વખતના ફ્રામિંગહામના સૌથી પ્રખ્યાત કોન્ટ્રાક્ટરોમાંના એક હતા. તેમણે કહ્યું, "હું મારા પોતાના માણસો આ કામમાં જોતરીશ અને આપણે થોડાક હજારમાં આ કામ કરી લઈશું." માલ વચનના પાક્કા હતા. ચાર હજાર ડૉલરમાં કામ થઈ ગયું. અમે તેમના કાયમના ઋણી છીએ.

કહેવાની જરૂર નથી કે આવી શરૂઆતે અમારા માટે કરકસરની અને બજેટ સંબંધી નિયંત્રણોની જરૂરિયાતનો અનિવાર્ય બનાવી દીધી. કોઈ પણ ખર્ચ, ભલે તે ગમે એટલો નાનો કેમ ન હોય, અમારી કાળજીપૂર્વકની સમીક્ષામાંથી બચી શકતો નથી. અમને ખરેખર જરૂર હોય તેવી વસ્તુઓ કેટલી જૂજ છે, સારી ખરીદી કેવી રીતે કરવી, વપરાયેલાં સાધનો/ઉપકરણો કેવી રીતે શોધવા, અને કેવી રીતે ઘણી બધી વસ્તુઓ મફતમાં મેળવવી તે અમે ઝડપથી શીખી લીધું. સૌથી વધુ તો, કઈ રીતે કોઈ વસ્તુ વિના ચલાવી લેવું અને કઈ રીતે તેની અવેજીમાં બીજું કશુંક વાપરવું તે અમે શીખ્યા. સડબરી વેલી પર જરૂરિયાતની જનની હંમેશાં પોતાની શોધખોળો સાથે અપરંપાર રહે છે.

અમારી વિચારધારાના કારણે આ સ્થિતિ હતી તેથી પણ વધુ જટીલ બની. શરૂઆતમાં, અમારામાંથી કેટલાક અમે શાળા અંગે કામ કરવું શરૂ કર્યું તે પહેલાં સફળ 'અનુદાન મેળવી આપનારા' તરીકે રહી ચૂક્યા હતા તે છતાં (અથવા તો કદાચ તેથી જ) અમે અમારા બળ પર જ, કોઈ પણ પ્રકારની સરકારી અથવા સંસ્થાપન અનુદાન વિના, શાળા ચલાવવા મક્કમ હતા. અમે સ્વેચ્છાએ આપેલી ભેટો સ્વીકારીશું, પણ અમારું લક્ષ્ય તો શાળાને માત્ર શિક્ષણની આવક પર જ નભાવવાનું હતું.

એટલું જાણે પૂરતું ન હોય તેમ, અમે દુનિયાને એ બતાવવા માટે મક્કમ હતા કે આર્થિક રીતે સદ્ધર એવા વર્ગો માટેની વિશિષ્ટ, ઊંચી ફી રાખતી ખાનગી શાળા બન્યા વિના પણ અમે સફળ થઈ શકીએ છીએ. તેનો અર્થ એમ થયો કે એક સિદ્ધાન્ત તરીકે, શિક્ષણ ફી ઘણી ઓછી રાખવી. શિક્ષણ ફીનું યોગ્ય ધોરણ નક્કી કરવા માટે, અમે સાર્વજનિક શાળાઓના વિદ્યાર્થી દીઠ ખર્ચ તરફ નજર દોડાવી, અને એટલું ધોરણ અથવા તેથી નીચું ધોરણ જાળવી રાખવાનું નક્કી કર્યું. એ રીતે, બાળકોને સડબરી વેલીમાં મોકલવાનો ખર્ચ તેમને સ્થાનિક સાર્વજનિક શાળાઓમાં મોકલવા કરતાં કોઈ રીતે વધારે આવશે નહીં. જો અમે સફળ રહીશું, તો અમે જે કરીએ છીએ તે કરવું સાર્વજનિક શાળાઓ માટે પણ અશક્ય નથી, તે તેઓ પણ જોઈ શકશે.

એટલે અમે જરૂર કરતાં ઓછી મૂડી સાથે, અનુદાન-રહિત, અને કૃત્રિમ રીતે મંદ આવક સાથે શરૂઆત કરી.

દર વર્ષે, શાળા-સભા વાર્ષિક અંદાજપત્ર પર કામ કરે છે, જે વસંતના પ્રારંભમાં શરૂ થાય છે. તેની કાર્યપદ્ધતિ સાદી અને સંપૂર્ણ છે. નાણાકીય/આર્થિક ભાષામાં તેને 'શૂન્ય-આધારિત બજેટિંગ' કહેવામાં આવે છે. તમામ ક્લાર્ક, કમિટી અને કૉર્પોરેશનો પોતાની તમામ પ્રવૃત્તિને અતથી ઇતિ સુધી કાળજીપૂર્વક તપાસે છે, અને તેઓ આવતા વર્ષમાં શું કરવા માગે છે તે નક્કી કરે છે. પછી તે કરવા માટે કેટલો ખર્ચ થશે તેની ગણતરી કરે છે, અને પોતાની દરખાસ્તો શાળા-સભાને સુપરત કરે છે.

કેટલીક બજેટ-સભાઓમાં આ દરખાસ્તોની કાળજીપૂર્વક સમીક્ષા કરવામાં આવે છે. સભા ચાલતી હોય તે દરમ્યાન આ દરખાસ્તોમાંના ખર્ચને વધારવાનું ક્વચિત જ બને છે. એ જ રીતે, થોડાં વર્ષોના અનુભવ પછી, આ દરખાસ્તોમાં કાપ મૂકવો પડે તેવું પણ ભાગ્યે જ બને છે.

આ આખી કાર્યવાહી લગભગ છ અઠવાડિયાં જેટલો સમય લે છે, અને હવે થોડા વખતથી તે કોઈ પણ વિઘ્ન વિના ચાલે છે. તેનાં પરિણામો જોવાલાયક હોય છે.

ઉદાહરણ તરીકે, 1969-1984ના પંદર વર્ષના ગાળામાં, યુનાઈટેડ સ્ટેટ્સમાં જીવનખર્ચનો આંક લગભગ ત્રણગણો થયો છે. દેશભરમાં શાળા ખર્ચ સરેરાશ લગભગ ચારગણો થયો છે.

સડબરી વેલીમાં, આ જ ગાળામાં, સંચાલન બજેટ લગભગ બમણું થયું છે, અને તેની સાથે શિક્ષણ ફી પણ બમણી થઈ છે. જેમ વખત જતો ગયો, તેમ અમારી શિક્ષણ ફી સાર્વજનિક શાળાના વિદ્યાર્થી દીઠ ખર્ચ કરતાં પણ વધુ નીચી ગઈ છે. તે ખાનગી શાળાઓની શિક્ષણ ફી કરતાં સરેરાશ એક તૃતીયાંશ જેટલી છે.

ખર્ચ માટેની તમામ અરજી તરફ શાળા-સભા કાયમી ધોરણે કડક દૃષ્ટિ રાખે છે. વ્યાવહારિક ધોરણે આનો અર્થ શું થાય તે કદાચ આ એક ઉદાહરણથી સમજાશે.

આ શાળાની ઈમારત જૂના વિશાળ પથ્થરોથી બનેલી છે, જેને તેલ સળગાવીને પાણી ગરમ કરવાની પ્રણાલી થકી ગરમ રાખવામાં આવે છે. ઓછામાં ઓછા ખર્ચે ઈમારતને ગરમ રાખવી તે હંમેશાં અમારી મુખ્ય અગ્રિમતા રહી છે.

1969-1984નો ગાળો ઘણું સૂચવી જાય છે. આ ગાળામાં OPEC, વિવિધ તેલ પ્રતિબંધો અને જાતજાતની ઊર્જા કટોકટીઓના પરિણામે, તેલની કિંમતોમાં છ ગણો વધારો થયો. અમારા માટે, તેનો અર્થ હતો ઈમારતને ગરમ રાખવાના ખર્ચને નીચો રાખવા માટે જુદા જુદા રસ્તાની અવિરત શોધ.

બીજા બધાએ જેમ કરવાનું હતું તેમ, અમે પણ થર્મોસ્ટેટ્સને 70 ડિગ્રીથી 65 ડિગ્રી પર ગોઠવ્યા, અને પછી જ્યારે અમને લાગ્યું કે 63 ડિગ્રી પર પણ અમે બધા પૂરતી આરામદાયક રીતે રહી શકીએ છીએ ત્યારે અમે તેને 63 ડિગ્રી પર મૂક્યું. (આખરે તો અમે, અમારામાંથી મોટા ભાગના, ખડતલ ન્યૂ ઇંગ્લેન્ડર્સ હતા.)

અમે હૂંફાળા મોસમની લાંબી રજાઓ પર કાપ મૂક્યો અને ક્રિસમસ-નવા વર્ષના ગાળામાં બે અઠવાડિયાં અને ફેબ્રુઆરીમાં એક અઠવાડિયું શાળા બંધ રાખી.

અમે સ્વચાલિત થર્મોસ્ટેટ ખરીદ્યા, જે દરરોજ રાત્રે અને શનિ-રવિના આપમેળે તાપમાનને નીચું રાખતા હતા.

અમે ઈમારતને અવાહક બનાવી, વધુ ને વધુ અવાહક બનાવી.

અમે અત્યાધુનિક ઊર્જા-કાર્યક્ષમ તેલના ચૂલા ખરીદ્યા. અને આ પ્રણાલીને હંમેશાં એકદમ સંતોષપ્રદ સ્થિતિમાં જાળવી.

આ તમામના સહિયારા પરિણામ રૂપે, એ પંદર વર્ષના ગાળામાં, અમારો તેલનો ખર્ચ બમણાથી સહેજ વધારે જેટલો જ વધ્યો હતો.

ખર્ચના તમામ ક્ષેત્રોમાં, આ વાર્તા એકધારી પુનરાવર્તિત થાય છે.

એવું નથી કે અમે ક્યારેય પૈસા ખર્ચતા નથી. જરૂર હોય ત્યારે અમે પૈસા ખર્ચીએ જ છીએ, અને પૈસા બચાવવા માટે કોઈ ખર્ચ કરવાનો હોય તો તે કરવામાં અમે સહેજે અચકાતા નથી.

જ્યારે અમે શાળાનો પ્રારંભ કર્યો, ત્યારે લોકોએ અમને કહ્યું હતું, "જ્યાં સુધી શિસ્ત અને કાર્યક્રમને લાગેવળગે છે ત્યાં સુધી, તમે કદાચ એક લોકતાંત્રિક શાળા ચલાવવામાં સફળ રહો તેમ બની શકે, પણ નાણાકીય રીતે તે કદી સફળ નહીં રહે. દરેક જણને પૈસાની બાબતમાં મત આપવાનો અધિકાર આપો, અને થોડા વખતમાં તમે જમીનદોસ્ત હશો."

એ લોકો કેટલા ખોટા હતા. દરેક જણ, મોટા અને નાના, આ શાળાને સફળ થતી જોવા અને તેને દર વર્ષે અને આવનારાં તમામ વર્ષોમાં નાણાકીય રીતે સ્થિર રહેતી જોવા માટે એકસમાન નિશ્ચયાત્મકતા ધરાવે છે. મને એવી બીજી કોઈ બાબત ધ્યાનમાં નથી આવતી જેના અંગે શાળામાં આટલી સહમતી હોય.

દરેક પરંપરા પાસે, તેની ચમત્કારિક ભલાઈની દંતકથાઓ હોય છે. ધર્મ, પ્રાચીન ઇતિહાસ, બાળકોની પરીકથાઓ - તમામમાં દીવા, ગુફાઓ, પથ્થર અને એવા બીજા અસંભવિત સ્રોતોમાંથી ચમત્કારિક રીતે જરૂરિયાતોની પૂર્તિ થયાની ગાથાઓ છે.

સડબરી વૅલીમાં, અમારી પણ એક પરંપરા છે. દર વર્ષે, અમે એક ચમત્કારિક બજેટ પ્રગટ થતું જોઈએ છીએ, જેમાં અમારી તમામ જરૂરિયાતો એ વખતે હાથવગા એવા સ્રોતો દ્વારા પૂરી થાય છે.

પણ અહીં જો કોઈ સૌથી મોટો ચમત્કાર હોય, તો તે અમારો સ્ટાફ છે.

૩૦

સ્ટાફ

શાળાના પહેલા વર્ષ દરમ્યાન બાર વ્યક્તિઓએ કોઈ મહેનતાણા વિના પૂરો સમય પોતાની સેવાઓ આપી. એક કે બે નહીં, પૂરી બાર વ્યક્તિઓએ.

એ વર્ષ પહેલાં અમારામાંથી મોટા ભાગના એકબીજાને જાણતા નહોતા. અમે કોઈ રાજકીય ચળવળમાં એકબીજાના બિરાદરો નહોતા, કે ન તો કોઈ સામાજિક સમુદાયમાં સોબતીઓ હતા. અમે ભેગા તાણી લાવનાર તત્ત્વ હતું આ શાળાના શૈક્ષણિક આદર્શો પ્રત્યેનું અમારું એકસમાન સમર્પણ.

સડબરી વૅલીના સૌથી પ્રારંભિક સંસ્થાપકોએ 1967માં કમ્યૂનિટી સમક્ષ સડબરી વૅલીનો વિચાર જાહેરમાં મૂક્યો. આગળ આવવા અને આ શાળામાં કામ કરવાના વિચારને અજમાવી જોવાની જાહેરાતના પ્રતિભાવમાં તમામ ક્ષેત્રોમાંથી આવતા સોથી વધુ વયસ્કોએ અરજીઓ કરી.

તેમાંથી ડઝન વર્ષભર ટક્યા. પ્રારંભથી જ, અહીં પગાર માટે પૈસાની કોઈ જોગવાઈ નહીં હોય તે વિશે અમારા મનમાં કોઈ જ શંકા નહોતી.

પ્રથમ વર્ષ દરમ્યાન, સ્ટાફ માટે આદર્શો નક્કી હતા, જે ત્યારથી અત્યાર સુધી ટક્યા છે.

સૌથી પહેલી વાત હતી આ જૂથને કરવામાં આવતું સંબોધન, "સ્ટાફ." અમે લંબાણપૂર્વક આ અંગે વાતચીત કરી. શાળાઓમાં શિક્ષકો, વહીવટી કર્મચારીઓ, નિભાવ-જાળવણીના કર્મચારીઓ, સચિવો, દરવાનો, અને એમ બીજા ઘણા હોય છે. શિક્ષણ જગતમાં આ રીતે ઠસોઠસ પદવીઓ અને તેનો ભવ્ય ચડતો-ઊતરતો ક્રમ હોય છે.

સામાન્ય સંગઠન ચાર્ટને અમે સૌએ એક સૂરે નકાર્યો. જ્યાં સુધી અમને લાગે વળગે છે ત્યાં સુધી, અમારા માટે કામ માટે એક માત્ર વિવરણ આ હતું: "જોઈએ છે: એવા લોકો જે સડબરી વૅલીની વિભાવના પ્રત્યે પ્રતિબદ્ધ હોય અને જે આ વિભાવનાને વાસ્તવ રૂપ આપવા માટે જે કંઈ જરૂરી હોય તે બધું જ કરવા તૈયાર હોય." આમાં બધું જ આવી ગયું. અમે આ શાળાનો 'સ્ટાફ' હતા, એક અને તમામ, અમારી મૂળભૂત કામગીરીમાં કોઈ તફાવત નહોતો.

અહીં હાજરી પુરાવવા માટે કોઈ ઘડિયાળો નહોતી. અમે વહેલા આવતા, શાળા બંધ થાય ત્યાં સુધી રોકાતા, અને એ પછી જે પણ કરવાનું હોય તે પૂરું કરતા. શરૂઆતમાં, દરરોજ સાંજે આખા દિવસની સમસ્યાઓ અને તેને પ્રતિભાવ આપવાની અમારી ક્ષમતા બાબતે ચર્ચા કરવા માટે અમે સ્ટાફની મીટિંગ ભરતા. પછીથી, અમે જ્યારે મળવું પડે તેમ હોય ત્યારે, અઠવાડિયામાં એક કે બે વખત મળતા, અને એ પછી મહિનામાં એક કે બે વખત મળતા થયા.

અમે સાફસફાઈનું કામ કર્યું, જેથી વિદ્યાર્થી સામે ઉદાહરણ ઊભું થાય અને પાછળથી તેઓ પણ તેમાં જોડાય. અમે ખરીદીનું કામ, સુથારીકામ, મેદાનનાં કામો કરનાર, વહીવટી સચિવ, અધ્યાપકો, શિક્ષકો હતા. કંઈ પણ અને તમામ.

અમે વિદ્યાર્થીઓને જ્યાં સુધી માગવામાં ન આવે ત્યાં સુધી, નહીં "આપવાનું" શીખ્યા. અમે પાછળ રહેવાનું અને દરેક વિદ્યાર્થીના આંતરિક વિકાસમાં દખલગીરી નહીં કરવાનું શીખ્યા, ભલે તેમની ઉંમર અથવા વિકાસના તબક્કા ગમે તે હોય. આ સૌથી અઘરો પાઠ હતો, જે સૌથી વધુ સ્વ-શિસ્ત માગી લેતો હતો, અને હજી પણ સ્ટાફના નવા સદસ્યો પાસે માગે છે. સ્થાપકોમાંનાં એક, હન્ના ગ્રીનબર્ગ તેને આ રીતે વર્ણવે છે:

કશું ન કરવાની કળા

"તમે ક્યાં કામ કરો છો?"

"સડબરી વૅલી સ્કૂલમાં."

"તમે ત્યાં શું કરો છો?"

"કશું જ નહીં."

સડબરી વૅલીમાં કશું જ નહીં કરવું તે ઘણી વધુ ઊર્જા અને શિસ્ત, તથા વર્ષોનો અનુભવ માગી લે છે. દર વર્ષે હું તેમાં વધુ ને વધુ સારી થતી જાઉં છું. આમ કરવા જતાં હું અને અન્યો અમારી અંદર ઊઠતી આંતરિક ખેંચતાણ સાથે કેવો સંઘર્ષ કરીએ છીએ તે હું રમૂજપૂર્વક જોઉં છું, કારણ કે ખેંચતાણ તો અનિવાર્યપણે ઊઠવાની જ. આ ખેંચતાણ હોય છે લોકો માટે કશુંક કરવાની, તેમની સાથે તમારું જ્ઞાન વહેંચવાની તથા તમે મહામહેનતે મેળવેલા શાણપણને આપવાની ઇચ્છા, તથા બાળકો તેમના પોતાના ઉત્સાહ અને તેમની પોતાની ગતિ મુજબ જ શીખે છે તે અંગેની સ્પષ્ટ સમજણ વચ્ચે. તેમણે પોતાની ઇચ્છા મુજબ આપણો ઉપયોગ કરવાનો છે, આપણી ઇચ્છા મુજબ નહીં. જ્યારે પૂછવામાં આવે ત્યારે આપણે હાજર રહેવાનું છે, આપણે નક્કી કરીએ કે આપણે હાજર રહેવું જોઈએ ત્યારે નહીં.

તમામ સંસ્કૃતિઓમાં અને જગ્યાઓમાં વયસ્ક વ્યક્તિઓ, બાળકોની આસપાસ શીખવવા, પ્રેરણા આપવા અને સલાહ આપવા જેવી તમામ કુદરતી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતી જોવા મળે છે. આ પ્રવૃત્તિઓ વિના, દરેક પેઢીએ બધું જ નવેસરથી શોધવાનું થાય, પૈડાથી માંડીને દસ આદેશો સુધી, ધાતુકામથી લઈને ખેતીકામ સુધી. ઘરમાં, સમાજમાં, કાર્યસ્થળે અને શાળામાં પણ માણસ પોતાનાથી નાનાઓને પોતાનું જ્ઞાન પેઢી દર પેઢી આપતો રહે છે. કમનસીબે, આજની શાળાઓ દરેક વિદ્યાર્થીને માર્ગદર્શન આપવાનો જેટલો વધુ પ્રયત્ન કરે છે, તેટલું વધુ તેઓ બાળકોને નુકસાન પહોંચાડે છે. આ નિવેદન સ્પષ્ટતા માગી લે છે, કારણ કે મેં જે હમણાં જ કહ્યું, ચોક્કસપણે કહું તો, આ વિશ્વમાં કેવી રીતે પ્રવેશવું અને કેવી રીતે તેમાં ઉપયોગી બનવું તે શીખવામાં વયસ્કો હંમેશાં બાળકોને મદદ કરે છે – તેનાથી તે વિરુદ્ધનું જણાય છે. વર્ષો દરમ્યાન ખૂબ ધીમેથી અને વેદનાસહ હું જે શીખી છું તે એ છે કે કોઈ વયસ્કો કદી પણ વિચારી ન શકે અથવા કલ્પના સુદ્ધાં ન કરી શકે તે રીતે બાળકો તેમના પોતાના માટેના અગત્યના નિર્ણયો લેતાં હોય છે...

એટલે હું મારી જાતને કશું જ ન કરવાનું શીખવી રહી છું, અને હું જેટલું વધુ સારી રીતે તે કરી શકું છું, એટલું મારું કામ વધુ સારું બને છે. મહેરબાની કરીને એવું તારણ ન કાઢશો કે તો પછી અહીં સ્ટાફનું હોવું નકામું છે. તમે કદાચ એમ વિચારતા હો તેમ બને કે આ શાળાને મહદ્ અંશે બાળકો જાતે જ ચલાવે છે, તો પછી માત્ર બેસી રહેવા માટે અને કશું જ નહીં કરવા માટે આટલા બધા સ્ટાફને રાખવાની શું જરૂર? સત્ય એ છે કે આ શાળાને અને તેના વિદ્યાર્થીઓને અમારી જરૂર છે. શાળાને એક સંસ્થાના રૂપમાં અને વિદ્યાર્થીઓને વ્યક્તિઓના રૂપમાં પોષવા અને તેમની સારસંભાળ રાખવા માટે અમે અહીં છીએ.

ખાલી સમય પસાર કરવાને બદલે ખરેખર તમારી જિંદગી જીવવી, એટલે કે સ્વનિર્દેશન અથવા તમારો પોતાનો માર્ગ પ્રકાશિત કરવાની પ્રક્રિયા આમ તો કુદરતી-સ્વાભાવિક છે, પરંતુ આપણી સંસ્કૃતિમાં ઉછરતાં બાળકો માટે તે સ્વયં-સ્પષ્ટ નથી. મનની એ અવસ્થા સુધી પહોંચવા માટે તેમને એક પરિવાર જેવા વાતાવરણની જરૂર પડે છે, વિભક્ત પરિવાર કરતાં ઘણા વધુ વિસ્તૃત એવા પરિવારના વાતાવરણની જરૂર પડે છે, જે સહાયરૂપ હોય અને સલામતી અર્પતો હોય. ધ્યાન આપવા અને કાળજી લેવાની સાથે સાથે આ સ્ટાફ દિશાસૂચન ન કરતો હોવાથી અને કશાની ફરજ ન પાડતો હોવાથી, બાળકોને તેમનો પોતાનો આંતરિક અવાજ સાંભળવાની હિંમત અને પ્રેરણા આપે છે. કોઈ પણ બીજા વયસ્કની જેમ અમે તેમને માર્ગદર્શન આપવા માટે સક્ષમ છીએ તેની તેમને ખબર છે, પણ તેમ કરવાનો અમારો ઇનકાર એ શીખવવા સંબંધિત સક્રિયરૂપે વપરાતું સાધન માત્ર છે. તેના થકી અમે તેમને માત્ર તેમની પોતાની જાતને સાંભળવા-અનુસરવાનું શીખવીએ છીએ, અન્યોને નહીં, કારણ કે બીજાઓ તેમના વિશે જાણતા હોય તો પણ વધુમાં વધુ તેઓ તેમના વિશે માત્ર અડધી હકીકતો જ જાણતા હોય છે.

વિદ્યાર્થીઓએ શું કરવું તે નહીં કહેવાની અમારી નીતિને એ લોકો કશાકના અભાવ અથવા ખાલીપણા તરીકે જોતા નથી. તેના બદલે અમારા માર્ગદર્શન હેઠળ નહીં, પરંતુ અમારી કાળજી અને સહાયરૂપ થવાની ભાવના હેઠળ તેમનો પોતાનો રસ્તો જાતે બનાવવા માટે તે પ્રેરણારૂપ કે ચાલકબળ બને છે. કારણ કે તેઓ પોતાના માટે અને પોતાની જાતે જે કરે છે તે કરવા માટે મહેનત અને હિંમતની જરૂર પડે છે. અલગતાના શૂન્યાવકાશમાં તે કરી શકાતું નથી, પણ એક મહત્ત્વના અને જટીલ સમુદાયમાં જ તે થઈ શકે છે, જેને આ સ્ટાફ સ્થિરતા બક્ષે છે અને કાયમી ધોરણે જાળવે છે.

પહેલા વર્ષના અંત સુધીમાં, ઉનાળા અને પાનખરની ઉઝરડાભરી લડતોમાંથી બહાર નીકળતાં સુધીમાં અમે રીઢા અનુભવી બની ચૂક્યા હતા.

અમે #2 વર્ષ વિશે ચર્ચા કરવા એકઠાં થયાં, એ બાબતના આનંદ-ગૌરવ સાથે કે આ ચર્ચા કરવા માટે અમે અને આ શાળા બંને અહીં હજુ પણ મોજૂદ હતાં. વર્ષ અગાઉ હતા તેથી વધુ પૈસા અત્યારે અમારી પાસે નહોતા.

એક જણે કહ્યું, "આપણે પગાર વિના વધુ એક વર્ષ કામ કરી શકીએ, બસ."

"ના," કોઈકે ધ્યાન દોર્યું, "પહેલા વર્ષ માટે એ એક અદ્ભુત પગલું હતું. બીજા વર્ષે તે વાસી પીણાં જેવું લાગશે."

તે સાચા હતા તેની અમને ખબર હતી. લોકોને ગમે ત્યારે માગી શકાય એવી મફત મદદની ટેવ પાડવામાં કોઈ ભલીવાર નહોતો. અમે સહુ શ્રમની ગરિમામાં અને લોકો જેટલું રળ્યું હોય તેટલું મહેનતાણું તેમને ચૂકવાવું જોઈએ એ સિદ્ધાન્તમાં માનતા હતા.

આ દ્વિધાનો કોઈ ઉકેલ હોય તેવું લાગતું નહોતું. અમને માફકસરનો પગાર ચૂકવાવો જોઈએ તે સાચું હતું, પણ અમને ચૂકવવા માટે કોઈ પૈસા હતા જ નહીં.

પ્રેરણાની એક ક્ષણે અચાનક તેનો ઉકેલ જડ્યો.

માફકસરના પગાર સાથે એક કરાર હેઠળ અમને નોકરીએ રાખવામાં આવશે, પણ શાળા તેને ચૂકવવાને બદલે, તેટલા પૈસા માટે અમારી દેવાદાર રહેશે. સામાન્ય કરજ રૂપે નહીં – એનાથી તો શાળાની શાખ ઝડપભેર નષ્ટ થઈ જાય – પરંતુ એક શરતી કરજના રૂપમાં, જ્યારે શાળા પાસે ખર્ચ ઉપરાંત સિલકમાં કંઈ બચે તેવો દિવસ આવે ત્યારે જ તેણે આ કરજ ચૂકવવાનું રહેશે.

આ હતી અમારો "પગાર ભંડોળ યોજના." તેને યોગ્ય કાનૂની શબ્દોમાં મૂકવા માટે કોઈ મધ્યકાલીન ફિલસૂફનું હૃદય પીગળી જાય એવા પ્રયાસની જરૂર પડી. પરંતુ તેને વ્યવહારમાં મૂકવી, તદ્દન સરળ હતીઃ જ્યારે તમામ અનિવાર્યતાઓ માટે કરવામાં આવતા ખર્ચ પછી, જે કંઈ બચે તે રોકડ રકમ સ્ટાફને વિતરિત થાય. ચૂકવાયેલી આ રોકડ રકમ અને કરાર મુજબના પગાર વચ્ચે જેટલો તફાવત હોય તેટલું કરજ શાળાએ સ્ટાફને અનિશ્ચિત ભવિષ્યમાં ચૂકવવાનું રહે.

બીજા વર્ષમાં, પૂરા સમયની સેવાઓ માટે ચૂકવવામાં આવેલી રકમ અમુક સો ડૉલર હતી, આખા વર્ષ માટે. પંદરમા વર્ષ સુધીમાં, કરકસરભર્યા બજેટે પૂરા સમયની સેવાઓ માટે ચૂકવાતી રોકડ રકમને 12,000 ડૉલર સુધી પહોંચાડી. ત્યારથી આ રકમ સતત વધતી રહી છે.

જ્યારે 1975માં, પહેલી વખત ન્યૂ ઇંગ્લેન્ડ અસોસિએશન ઑફ સ્કૂલ્સ ઍન્ડ કૉલેજિસની ઓળખ કમિટીએ સડબરી વૅલીની મુલાકાત લીધી, ત્યારે અમે શું કરી રહ્યા છીએ તે સમજવા માટે તેમણે ખાસ્સો પ્રયત્ન કરવો પડ્યો. કમિટીના તમામ સદસ્યો અન્ય ખ્યાતનામ ખાનગી શાળાઓના શિક્ષણવિદ્ હતા. તેમણે જે જોયું તેને સમજવા માટે તેમના અનુભવે તેમને બહુ થોડા તૈયાર કર્યા હતા.

શરૂઆતથી જ ઓળખ પ્રાપ્ત કરવી અમારા માટે અગત્યની રહી હતી. અમારા પોતાના બળબૂતા પર અમે સફળ થઈએ એટલું જ નહીં, પણ શિક્ષણ જગત તરફથી એક "કાયદેસર"ના સાહસ તરીકે અમને સ્વીકૃતિ પણ મળે એવું અમે ઇચ્છતા હતા.

આ અસોસિએશન અમારી તરફ નજર કરે તે માટે અમે સખત મહેનત કરી. સૌથી પહેલાં, તેમણે અમારી ઔપચારિક વિનંતીઓને અવગણી, અને અન્ય વૈકલ્પિક શાળાઓની જેમ, થોડા વખતમાં અમે પણ અદૃશ્ય થઈ જઈશું એવું ધાર્યું. પણ અમે અમારી વિનંતીને વળગી રહ્યા, અને અંતે તેમણે આવવું પડ્યું.

એક સવારે હું આ મુલાકાતે આવેલી કમિટીના અધ્યક્ષને લઈને મુખ્ય મકાન તરફ ચાલી રહ્યો હતો. તેમણે અમારા સુંદર મજાની જૂની ઈમારત તરફ નજર કરી અને તેને એક નિષ્ણાત શાળા વ્યવસ્થાપકની નજરથી જોતાં પૂછ્યું, "તમે કઈ રીતે આ જૂના મકાનને સંભાળો છો? સ્લેટનું આ છાપરું એકલું જ સારી સ્થિતિમાં રાખવું હોય તો ઘણી મોટી રકમ લાગે."

"અમે મક્કમ છીએ," મેં જવાબ આપતાં કહ્યું, "આ શાળાને ચાલુ રાખવા માટે જે કંઈ પણ કરવું પડે તે તમામ કરવા માટે અમે મક્કમ છીએ."

"પણ તેના માટે પૈસા ક્યાંથી આવે છે?"

"સ્ટાફના પગારમાંથી," મેં જવાબ આપ્યો. "શાળાની જરૂરિયાતો પહેલા ક્રમમાં આવે છે. જે બાકી બચે તે સ્ટાફને મળે છે. આ બાબતે અમે સહુ એક મતના છીએ."

"અહીં જ તમારી અને અમારી વચ્ચે તફાવત છે," તેમણે સહેજ ઉદાસીનતાભર્યા અવાજે કહ્યું, "અમારી શાળામાં, સ્ટાફની જરૂરિયાતો પહેલી આવે, પછી ભલે ગમે તે થઈ જાય. ચાહે છાપરું બેસી જાય કે પછી ઇમારત તળિયે બેસી જાય – એ મારી સમસ્યા છે. સડબરી વૅલીનો સ્ટાફ જે પ્રકારે સંસ્થા પ્રત્યે પ્રતિબદ્ધતા ધરાવે છે તે સંપૂર્ણપણે બેજોડ છે."

આ કમિટીએ સર્વાનુમતે અમને સંપૂર્ણ ઓળખ આપવાની ભલામણ કરી હતી.

તમામ કામ સાથે, મહેનતાણાની તમામ મુશ્કેલીઓ સાથે, તમામ અનિશ્ચિતતાઓ સાથે, વર્ષો વીતવા છતાં પણ આ સ્ટાફ નોંધપાત્ર રીતે સ્થિર રહ્યો છે, અને સાથે સાથે તેમાં નવું લોહી ઉમેરાવાથી વધુ સારો પણ બન્યો છે.

તમે પૂછી શકો, "અનિશ્ચિતતા? શેની અનિશ્ચિતતા?"

સડબરી વૅલીમાં કોઈનો કાર્યકાળ નિશ્ચિત હોતો નથી. શાળા-સભા શાળા ચલાવવાની તેની ફરજોના ભાગ રૂપે સ્ટાફને કામ પર રાખે છે. દર વર્ષે, વસંતમાં, આવતા વર્ષના સ્ટાફ માટે ચૂંટણી યોજવામાં આવે છે. સેવા આપવા માગતા દરેક જણે પોતાના નામની ઉમેદવારી નોંધાવવી રહે છે.

શાળા-સભા શાળાની સ્ટાફની આવશ્યકતાની બાબતે લંબાણપૂર્વક વાદવિવાદ કરે છે અને એક પછી એક દરેક ઉમેદવારને ચર્ચે છે. ચૂંટણીના દિવસે, શાળામાંના દરેક જણને ગુપ્ત મતપત્ર દ્વારા મત આપવાની તક મળે છે.

તે અમને સૌને સાવચેત રાખે છે.

પ્રસંગોપાત્ત, કોઈકને કાઢી નાખવામાં આવે છે. ઘણી વખત, નવી અરજીઓને મત દ્વારા સ્વીકારવામાં આવે છે. સ્ટાફમાં જૂનું લોહી અને નવું લોહી સરસ રીતે ભળે છે.

લગભગ બે દાયકા પછી, મૂળ ડઝનમાંના છ હજી પણ સ્ટાફના સદસ્યો છે. એક નિવૃત્ત થઈ ચૂક્યા છે, બેને મત દ્વારા દૂર કરવામાં આવ્યા છે, અને ત્રણ બીજી કોઈક જગ્યાએ સેવાઓ આપવા જતા રહ્યા છે.

ભિન્ન ભિન્ન પ્રકારની પ્રતિભાઓ અને પાર્શ્વભૂમિ ધરાવતા જૂથ હોવા બદલ અમે નસીબદાર છીએ. આ શાળા કરતાં પાંચ ગણા કદની શાળાને પણ ન્યાય આપી શકે તેવી ભિન્નતા આ સ્ટાફમાં છે. અહીં પીએચ.ડી.ના પદવીધારકો છે અને હાઇસ્કૂલ સ્નાતકો છે, કળાકારો અને બુદ્ધિજીવીઓ છે, વ્યાવસાયિકો અને કારીગરો છે. તેમાં ઘરડાઓ છે અને જુવાનિયા છે, પુરુષો અને મહિલાઓ છે. અમારા સ્ટાફમાં અમારા કેટલાક સ્નાતકો સુદ્ધાં છે, જે સ્ટાફ તરીકે શાળામાં પાછા ફર્યા છે.

આજે અમે 1968માં હતા તેની જેમ જ, કોઈ રાજકીય, ધાર્મિક સંગઠન નથી, અથવા તો કોઈ સામાજિક બિરાદરો નથી. અમારી વચ્ચેનો સામાન્ય નાતો એ જ છે જે હંમેશાં રહ્યો છેઃ સડબરી વૅલીને ફૂલતીફાલતી જોવાની પ્રતિબદ્ધતા.

૩૧

નાનાં બાળકો

ઑફિસનો ફોન રણકે છે. આઠ વર્ષની ડેબી ફોન ઉપાડીને જવાબ આપે છે: "સડબરી વૅલી સ્કૂલ; હું તમારી શું મદદ કરી શકું?" બીજા છેડો એકાદ ક્ષણ પૂરતો મૌન રહે છે. પછી ફોન કરનાર, ખચકાતાં ખચકાતાં પોતે શાળા અંગે જાણવા માગે છે તેમ જણાવે છે. ડેબી કહે છે, "મહેરબાની કરીને એકાદ મિનિટ થોભો, હું તમને મદદ કરી શકે એવા કોઈકને ફોન આપું છું." પળવારમાં તે એક સ્ટાફના સદસ્યને શોધી કાઢે છે અને તેમને ફોન આપે છે. ફોન પૂરો થયો. પણ એક પણ શબ્દની આપ-લે થતાં પહેલાં, આ ફોન કરનારી વ્યક્તિને અમારા વિશે આટલી ખબર તો પડી જ ચૂકી છે: સડબરી વૅલીમાં, તમામ લોકોને એકસરખું સ્થાન આપવામાં આવે છે, નાનાં લોકોને સુદ્ધાં.



માર્ગારેટ સાથે છ વર્ષના ચાર બાળકો રસોડામાં કૂકી બનાવી રહ્યાં છે. ધીમે ધીમે, સહેજ પણ નમતું જોખ્યા વિના, કૂકી પૂર્ણતા તરફ અને રસોડું અસ્તવ્યસ્તતા તરફ આગળ ધપી રહ્યાં હતાં.

"ચાલો, હવે આ જગ્યા સાફ કરી નાખીએ," માર્ગારેટ દઢ અવાજે કહે છે. તેમનો નૌસેનાનો અનુભવ ચોક્કસ જ કંઈ નકામો જવાનો નહોતો.

દરેક જણ જોડાય છે. ઍલિસ સિન્ક પાસે એક ખુરશી તાણી લાવે છે, તેની પર ઊભી થાય છે, અને મૉલી તેને જેમ જેમ વાસણો આપતી જાય તેમ તેમ તેને માંજતી જાય છે. જૅકબ અને ઍરિક ટેબલ સાફ કરવામાં અને ફરસ વાળવામાં લાગી ગયા છે.

"ત્યાં પેલો ખૂણો જુઓ!" માર્ગારેટ ઊંચે અવાજે કહે છે. તેઓ બાકી બચેલી સાધનસામગ્રી પાછી ગોઠવી રહ્યાં છે. ઍરિક ઉતાવળે એ ગંદા ખૂણા તરફ ડગ માંડે છે, જૅકબ પોતું-બાલદી લઈને પાછળ પાછળ જાય છે.

20 મિનિટ પછી, કૂકી બની ગયા છે અને રસોડું પણ સાફ થઈ ગયું છે. આખા સાહસમાં દરેક જણે પોતાનો ભાગ ભજવ્યો છે. નાનાં બાળકોની "નાજુકાઈ"ને ગણકારીને કોઈ છૂટછાટો આપવામાં આવી નથી.

વયસ્કો અને આઠ વર્ષનાં બાળકો બાજુબાજુમાં ઇલેક્ટ્રિક ટાઇપરાઇટર વાપરે છે – જો (આ વયસ્કોને પણ લાગુ પડે છે) - તેમણે તેને કેવી રીતે વાપરવું તે શીખી લીધું હોય અને તે વાપરવા માટે પ્રમાણપત્ર મેળવ્યું હોય. દસ વર્ષનાં બાળકો કાષ્ઠકામનાં ઓજારો વાપરે છે. નવ વર્ષનાં બાળકો ચાક પર માટલાં કે ઘડા બનાવે છે. દરેક વયના વિદ્યાર્થીઓ ચાલીને નોબસ્કૉટ પિઝ્ઝા, અથવા સ્ટેટ પાર્ક, અથવા ગોલ્ફ કોર્સ પ્રો શૉપ જાય છે.

પ્રવર્તમાન શૈક્ષણિક આડંબરી ભાષાના વ્યાપક પ્રભાવ હેઠળ, વર્ષો સુધી, અમે આ પ્રશ્ન બાબતે મથામણ કરી છે, પ્રશ્ન છે "શું નાનાં બાળકોને વિશિષ્ટ વ્યવહાર-વર્તનની જરૂર નથી હોતી?" તેઓ શાળા-સભાના પૂરેપૂરા સદસ્યો હતા, તેમને મત આપવાનો અધિકાર હતો, બીજા દરેક જણની જેમ તેઓ પણ એ જ નિયમોને આધીન હતા. પણ શું તેઓ કોઈક રીતે સહેજ વિશિષ્ટ પણ નહોતા? શું તેમને સહેજ વધુ કાળજીની જરૂર નહોતી?

આ પ્રશ્ન પર શાળા-સભાએ કલાકો કાઢ્યા છે, અમુક વર્ષો સુધી તેને છોડી દીધો છે, ફરીથી તેના પર ચર્ચા કરી છે, ફરી છોડી દીધો છે, અને વળી ફરીથી તેના પર મહેનત કરી છે. પણ અમે ગમે તેટલી કોશિશ કરીએ તો પણ, કોઈ એક વય સાથે બીજી વય કરતાં જુદી રીતે વર્તવાનો

રસ્તો અમે શોધી શક્યા નથી. અમારા સિદ્ધાન્તો તેની તરફ આંખ આડા કાન કરી શકે તેમ નથી, અને અમારા શાળાજીવનની વાસ્તવિકતાઓ તેને સમર્થન આપતી નથી.

અલબત્ત, સૌથી નાના અને સૌથી મોટા વિદ્યાર્થીઓ વચ્ચેના તફાવતના પુરાવાઓ અમને દરરોજ મળે છે તે હકીકત છે. એકંદરે, સૌથી નાના વિદ્યાર્થીઓ ઘણા વધુ સ્વતંત્ર, ઘણા વધુ સ્રોત ધરાવનારા, વધુ કલ્પનાશીલ, મહેનતુ, વ્યસ્ત હોય છે. ખાસ કરીને, જો તમે તેમને અમારે ત્યાં પ્રમાણમાં મોટી ઉંમરે આવ્યા હોય એવા મોટા વિદ્યાર્થીઓ સાથે સરખાવો તો આ તફાવત ખાસ જણાશે.

નાનાં ભૂલકાંઓ પાસે ક્યારેય સમય હોતો જ નથી. તેઓ એટલા વ્યસ્ત હોય છે કે તેમની પાસે વાત કરવા, ખાવા, એક જગ્યાએ ઠરીને બેસવાનો સમય જ હોતો નથી. તેઓ ક્યારેય ચાલતાં નથી, હંમેશાં દોડે છે. તેઓ થાકતાં નથી. ઘરે પહોંચે ત્યાં સુધી થાકતાં નથી.

તેઓ વયસ્કો સાથે સીધેસીધી આંખ મિલાવીને, ખુલ્લાશપૂર્વક વાત કરે છે, ક્યારેય સંકોચાતાં કે ખચકાતાં નથી. તેઓ વિનયી, આત્મવિશ્વાસુ અને સ્પષ્ટ હોય છે. શાળાની મુલાકાતે પહેલી વખત આવતા મોટા લોકોને તેઓ જે જોઈ રહ્યા છે તેને સાચું માનવામાં હંમેશાં મુશ્કેલી પડે છે.

"આ વિદ્યાર્થીઓની બાબતમાં તમે જરૂર મલાઈ તારવી લીધી લાગે છે," તેઓ કહે છે, "એ લોકો તમામ કેટલા તેજસ્વી, કેટલા જીવંત છે." અમે અમારી પ્રવેશની ખુલ્લી નીતિ તેમને સમજાવીએ છીએ. કોઈ પણ આવી શકે છે. કોઈ પણ આવે છે. સામાન્ય રીતે, અમે ઘણું કરીને જૂઠું બોલી રહ્યા છીએ એવું તેમને લાગે છે. આ રીતે વર્તતાં બાળકો "કોઈ પણ" તો ન જ હોઈ શકે.

તમામ બાબતોમાંથી નાનાં બાળકોની સૌથી મજાની વાત એ તેઓ બીજા બધા માટે જે કરે છે તે છે.

પોન્સ દ લિઓને પોતાનું આખું જીવન યુવાનીના ફુવારાને શોધવામાં ગાળી નાખ્યું. તેમણે એવું કરવાની જરૂર જ નહોતી. તેમણે બાળકો સાથે માત્ર થોડો સમય ગાળવાની જરૂર હતી.

નાનાં બાળકો સૌથી ચીડચીડિયા વયસ્કમાં ફરીથી ચેતનનો સંચાર કરી શકે છે, અથવા સૌથી વાંકા-વિચિત્ર એવા કિશોરના ચહેરા પર સ્મિત લાવી શકે છે.

શાળામાં, તેઓ કિશોરોને પોતાનાં ઊર્જા અને જોશની નોંધ લેવા માટે મજબૂર કરે છે. તેમને નડીને નહીં, પરંતુ માત્ર જ્યાં ત્યાં મોજૂદ રહીને. થોડા વખત પછી, નવા આવેલા કિશોરો નાનાં બાળકોને વાંચી સંભળાવતા, તેમની સાથે કામ કરતા, તેમની સાથે રમતા જોઈ શકાય છે. જૂના મોટા વિદ્યાર્થીઓ માટે તો આ પ્રકારનો વ્યવહાર સામાન્ય છે.

વિન્ની-ધ-પૂહ એ અત્યાર સુધી લખાયેલાં સૌથી લોકપ્રિય બાળ-પુસ્તકોમાંનું એક છે. પોતાની આત્મકથામાં, તેના લેખક, એ. એ. મિલ્ન કહે છે કે તેમણે એ પહેલાં કે એ પછી ક્યારેય બાળ-પુસ્તક લખ્યું નહોતું, પણ માત્ર ગમ્મત ખાતર, પોતે એમાંથી કંઈક વધારાના પૈસા કમાઈ શકે છે કે કેમ તે જોવા માટે તેમણે આ પુસ્તક લખ્યું. ખાસ નાનાં બાળકો માટે વિશિષ્ટ શૈલીમાં લખવાના તેઓ અનુભવી નહોતા, એટલે તેમણે તેમના વાચકો મનોરંજન ઇચ્છતા વયસ્કો હોય એમ જ ધારીને તેને લખ્યું.

આ પુસ્તકને તત્કાળ સફળતા મળી અને તે સર્વકાલીન બેસ્ટ-સેલર રહ્યું. હું આઠ વર્ષનો હતો ત્યારે પહેલી વખત વાંચ્યા પછી હું હજી પણ દર થોડાં વર્ષે તેને ફરી ફરીને વાંચું છું. તે મારી અંદરના બાળકને સ્પર્શે છે, જેમ તે બાળકોમાંના વયસ્કને સ્પર્શે છે.

સડબરી વેલી, મારા ખ્યાલથી, શાળાઓમાં વિન્ની-ધ-પૂહ છે, જ્યાં અમે નાનાં ભૂલકાંઓ સાથે વયસ્કોની જેમ વર્તીએ છીએ. અને આ શાળાનું વાતાવરણ અમારા માટે, શિખરથી ઊતરતા વયસ્કો માટે, અમારામાંના બાળકને દરરોજ રિચાર્જ કરવાનું શક્ય બનાવે છે.

૩૨

"સારાં બાળકો" અને "સમસ્યા પેદાં કરનારાં બાળકો"

મોટા વિદ્યાર્થીઓની વળી જુદી જ વાર્તા છે. તે અમારા સુધી ભિન્ન ભિન્ન રીતે પહોંચે છે, અને તેઓ જાત જાતના પડકારોની હાર ઊભી કરે છે.

તેમાંના કેટલાક શરૂઆતથી આ જ શાળામાં રહ્યા હતા. અન્ય, કદાચ મોટા ભાગના, અન્ય શાળાઓમાંથી અમારે ત્યાં મોકલવામાં આવ્યા હતા. સામાન્ય રીતે આ બીજી શાળાઓમાંથી આવેલા વિદ્યાર્થીઓના બે ભાગ પાડી શકાયઃ એવા જે બીજી જગ્યાએ સફળ ("A" વિદ્યાર્થીઓ) હતા, પણ ખુશ નહોતા, અને એવા જે તેમની જૂની શાળાઓ સાથે યુદ્ધે ચઢ્યા હતા ("સમસ્યા પેદા કરનારા વિદ્યાર્થીઓ)." ક્યારેક, કોઈક એવું પણ હોય છે જે આ બંને હોય.

આ બંનેમાંથી કયા પ્રકારનાને તમે પસંદ કરશો? અનુભવથી અમે કેટલાક વિચિત્ર પાઠ શીખ્યા છીએ.

સોળ વર્ષની વયે, દુનિયાથી વિમુખ એવો સૅમ સડબરી વૅલી આવ્યો. એકાદ વર્ષ તેણે સિગારેટના ધુમાડામાં ક્રિયારહિત બેઠાં બેઠાં ગાળ્યું. કયા પ્રકારની શાળા તેને સ્વીકારશે તે તેને જાણતા લોકો માટે નવાઈનો વિષય હતો.

થોડા સમય પછી, તે પોતાની અંદર સ્થિર થયો અને તેણે પોતાના જીવનને આકાર આપવો શરૂ કર્યો. તેના બીજા વર્ષના અંતે, તે સ્નાતક થઈ ચૂક્યો હતો અને કૉલેજ માટે જતો રહ્યો હતો. ઉપરાઉપરી અનેક સાહસો પછી, જેમાં અમુક સમય તે દુર્લભ રત્નોને આયાત કરનાર પણ રહ્યો, છેવટે તેણે પોતાની કૉલેજ પૂરી કરી અને સ્કૂલ ઑફ કિરોપ્રૅક્ટિક મેડિસિનના પગથિયે પહોંચ્યો. હવે તે ધમધમતી ખાનગી પ્રૅક્ટિસ ધરાવતો એક અત્યંત સફળ કિરોપ્રૅક્ટર (કરોડની કસરતથી રોગનો ઉપચાર કરનાર) છે.

સડબરી વૅલી પહેલાં દરેક શાળા માટે સૅમ ખરાબ સમાચારનો પર્યાય હતો. અમારી સાથે, તેના પ્રથમ વર્ષ દરમ્યાન સુદ્ધાં, તે હંમેશાં ખુશમિજાજી રહ્યો હતો. જેમ જેમ તેની આંખોની ચમક પાછી ફરી, તેમ તેમ તેણે શાળામાં જીવન સુધારવાના તથા અન્ય વિદ્યાર્થીઓને ગોઠવાવામાં મદદરૂપ થવાના તમામ પ્રકારના રસ્તા શોધી કાઢ્યા.

ચૌદ વર્ષનો રોબર્ટ સખત હારીથાકી ગયેલો કિશોર હતો. દારૂડિયા, હંમેશાં સત્તાધિકારીઓ સાથે ઘર્ષણમાં રહેતા રૉબર્ટને જાણનાર દરેક વ્યક્તિ તેનું જીવન દયાજનક રહેશે અને તે અકાળ મૃત્યુ પામશે એવું ભાખતી હતી.

તે અમારી સાથે ચાર વર્ષ રહ્યો, ધીમે ધીમે તેણે પોતાની જિંદગીને ફરીથી ઘડી. વર્ષો વીતતાં ગયાં તેમ, તે બોલતાં અને પોતાની જાતને અભિવ્યક્ત કરતાં શીખ્યો, ક્યારેક ક્યારેક તો ખાસ્સા લંબાણપૂર્વક તે આમ કરતો. તેણે વાંચવું, રમવું શરૂ કર્યું અને પોતાના ભવિષ્ય અંગે સારું અનુભવવા લાગ્યો. ધીમે ધીમે, પોતાના શરીર પર ઓછામાં ઓછો ત્રાસ ગુજારવાનું અને છેવટે પોતાના સ્વાસ્થ્યને પોષવાનું તે શીખ્યો.

અહીં વિદાય લેતા સુધીમાં, રૉબર્ટે સેવાની કારકિર્દી પર, ખાસ કરીને પૅરામેડિકલ (અર્ધતબીબી) ક્ષેત્રમાં સેવાની કારકિર્દી પર પોતાની પસંદગી ઉતારી. ખાસ્સી તાલીમ પછી, તે

પૅરામેડિક બચાવ ટુકડીનો વડો બન્યો. પાછળથી, તેણે નર્સિંગ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો અને સત્તાવાર નર્સ બન્યો.

શાળામાં, રૉબર્ટ હંમેશાં ખુશમિજાજી, હંમેશાં નિખાલસ રહેતો હતો. જેમ જેમ વર્ષો વિતતાં ગયાં તેમ, શરૂઆતનો અત્યંત અતડો રૉબર્ટ મિલનસાર અને મિત્રતાભર્યો બન્યો. તેણે ક્યારેય અમારા માટે કોઈ મુશ્કેલી પેદા કરી નહોતી.

એક પછી એક વર્ષો દરમ્યાન આવતો રહે છેઃ સમાજનો કાટમાળ, એવાં બાળકો જેમના માટે દરેકેદરેક જણે આશા મૂકી દીધી છે. ગાડી-ચોરો, તોફાનીઓ, વ્યસનીઓ, દારૂડિયાઓ, શાળા પ્રત્યે તીવ્ર અણગમો કે અભાવ ધરાવનારા, તમામ પ્રકારના અસામાજિક બાળકો, જેમને કાં તો તેમની જૂની શાળાએ કાઢી મૂક્યાં છે અથવા તો તેમણે જાતે શાળામાં જવાનો જ ઇનકાર કરી દીધો છે. સડબરી વૅલીમાં આ તમામ સાથે સમાન વ્યવહાર કરવામાં આવે છે. તેઓ પોતાની આઝાદી પાછી મેળવે છે અને પોતાના ભાવિને નિયંત્રિત કરવાની અદ્‌ભુત જવાબદારી પણ મેળવે છે. અહીં તેમને પકડી રાખનારું કે રોકનારું કોઈ નથી.

થોડા જ વખતમાં, આ સંદેશો તેમની અંદર ઊતરવા માંડે છે. આઝાદી, મોકળાશભર્યું વાતાવરણ, સાર્વત્રિક મિત્રતા, વય-મિશ્રણ – આ બધું જ ભેગું થઈને તેમને વાસ્તવિકતા તરફ પાછા ફરવામાં મદદ કરે છે. જ્યારે આ શાળા શરૂ થઈ ત્યારે આ પ્રક્રિયા ખાસ્સો લાંબો સમય લેતી હતી, ઘણી વખત એક કે બે વર્ષ. પણ જેમ જેમ વર્ષો પસાર થતાં ગયાં તેમ તેમ, પેઢી દર પેઢીના અહીંના જૂના કિશોરો આ સંદેશો પ્રસરાવતાં ગયા, અને એ રીતે નવા વિદ્યાર્થીઓને તે પહોંચાડવામાં નિમિત્તરૂપ બનતા ગયા. હવે, સ્વ-શોધનની પ્રક્રિયા ઘણી જલદી શરૂ થાય છે અને ઝડપી રહે છે.

અમારી પાસે આવેલા વિદ્યાર્થીઓમાં સૌથી આત્યંતિક ઉદાહરણ રૂપ કોઈ હોય તો તે સ્ટેલા હતી. ચૌદ વર્ષની વય સુધીમાં તે પોતાની શાળામાં એટલો ઉધામાત મચાવી ચૂકી હતી કે તેના કસબાની શાળા-સમિતિએ તેને સડબરી વૅલીમાં મૂકવા માટે તેની ફી ભરવાની તૈયારી બતાવી, ભલે પછી તે ત્યાંના કાયદાની વિરુદ્ધ કેમ ન હોય. અલબત્ત તેઓ તેનાથી બહુ ઝડપથી પીછો છોડાવી ન શક્યા. દર વર્ષે તેના કસબામાંથી એક પ્રતિનિધિમંડળ અમારી મુલાકાતે આવે છે – અમારું અસ્તિત્વ હજી પણ છે કે કેમ અને સ્ટેલા હજી પણ શાળાએ આવે છે કે કેમ તે તપાસવા માટે.

થોડો સમય લાગ્યો, પણ બહુ લાંબો વખત જાય તે પહેલાં તેણે પોતાની જાતનો સામનો કર્યો. અહીંથી તે વિદાય થઈ ત્યારે તે કૉલેજમાં ઑનર્સ સ્નાતક, મનોચિકિત્સામાં એમ.એ. અને સફળ વાર્તાલેખિકા બનવા તરફના પોતાના રસ્તા પર પ્રયાણ કરી ચૂકી હતી.

અમારા માટે, આ સ્ટેલાઓ, રૉબર્ટો અને સૅમો એક ભાત(તરાહ)નો હિસ્સો છે. શાળાના બહુ શરૂઆતના દિવસોની એક ઘટના યાદ કરું તો, એક વખત શાળા-સભા દરમ્યાન "A" પ્રકારના વિદ્યાર્થીઓની એક ટુકડીએ કડવાશ સાથે બીજાઓની ફરિયાદ કરવી શરૂ કરી. તેમનું કહેવું હતું કે બીજા વિદ્યાર્થીઓ નબળા કે ખરાબ નાગરિકો છે, તે શાળામાં ન હોવા જોઈએ. "અમે શાળા-સભાઓમાં આવીએ છીએ, શક્ય એવી દરેક રીતે મદદ કરીએ છીએ; તમને જોઈએ તે પ્રકારના વિદ્યાર્થીઓ અમે છીએ. જ્યારે બાકીના તમામ દિવસ આળસુવેડા કરીને અયોગ્ય વર્તન કરે છે અને નાગરિકની તમામ ફરજોથી દૂર રહે છે." મને યાદ છે, મેં ઊંડો શ્વાસ લઈને અને સહેજ લાગણી સાથે તેમને કહ્યું હતુંઃ "એ 'ખરાબ છોકરાઓ' આ શાળાને તમારાથી વધુ સારી રીતે જાણે છે. તેઓ પોતાની જિંદગી સાથે બાથ ભીડી રહ્યા છે, અને અત્યારે એટલું કરવું પૂરતું કામ છે. તમે સહુ દરેક જણને ખુશ રાખવાની કોશિશમાં એટલા વ્યસ્ત છો કે તમે હજી તમારી જાતને જાણવાની શરૂઆત સુદ્ધાં કરી નથી."

હકીકત એ છે કે "સમસ્યારૂપ ગણાતા વિદ્યાર્થીઓએ" સડબરી વૅલીમાં અદ્‌ભુત દેખાવ કર્યો છે, લગભગ કોઈ પણ અપવાદ વિના, અને હંમેશાં, જો તેમનાં માતાપિતાનું સમર્થન તેમને મળ્યું હોય તો. તેનું કારણ પ્રમાણમાં એકદમ સાદું છેઃ સમસ્યારૂપ ગણાતા બાળક હોવું એ હકીકત પોતે જ એની નિશાની છે કે તેમણે હજી લડત પડતી મૂકી નથી, તેઓ હજી હારી ગયા નથી. ભલે લોકો આ બાળકોને તોડી પાડવાના, તેમને સુધારવાના, તેમને એક સામાન્ય બીબામાં ઢાળવાના ગમે એટલા પ્રયત્નો કરે, તેમણે સંઘર્ષ કરવો ચાલુ રાખ્યો છે અને હાર સ્વીકારી લીધી નથી. તેમનામાં હિંમત અને જુસ્સો હોય છે. સાચું, તેમની ઊર્જા ઘણી વખત આત્મ-વિનાશક પ્રવૃત્તિઓમાં રોકાયેલી હોય છે; પણ આ જ ઊર્જા જ્યારે દમનકારી વિશ્વ સામે લડવામાંથી એક વાર મુક્ત થાય છે, ત્યારે તે ત્વરિતપણે તેમના પોતાના આંતરિક વિશ્વને ઘડવા તરફ, અને એક વધુ સારા સમાજને ઘડવા તરફ સુદ્ધાં દોરી શકાય છે. એક પછી એક, આ વિદ્યાર્થીઓએ શાળામાં જીવનની ગુણવત્તા સુધારવામાં ઘણું યોગદાન આપ્યું છે.

અફસોસ! "A" વિદ્યાર્થીઓને વધુ કપરા સમયમાંથી ગુજરવું પડે છે. એ લોકો પોતાના શિક્ષકોને ખુશ રાખવાથી એટલા ટેવાઈ ગયા હોય છે કે અહીં જ્યારે તેઓ સૌથી પહેલી વખત

આવે ત્યારે તેમને દૂરસુદૂર સુધી કંઈ સૂઝ પડતી નથી. તે વિચારતા રહે છે, "અહીં કોને ખુશ રાખવાના?" ઘણી વખત તેઓ સ્ટાફને, જેને તેઓ તેમના જૂના શાળા-શિક્ષકોની જેમ જુએ છે તેમને, ખુશ કરવાની કોશિશ કરે છે. સફળતા મળતી નથી. અહીં સ્ટાફ સોનેરી તારા આપતો નથી. તો અહીંથી ક્યાં જવું? કોને ખુશ કરવા?

તેમની અહીં ગોઠવાવાની પ્રક્રિયા પીડાદાયક રહે છે. શાળામાં બીજા દરેક પણ હોશિયાર, સાવધાન, હાજર જવાબી છે એવી શોધથી પણ આ પ્રક્રિયા આસાન બનતી નથી. "વર્ગના સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થી" બનવાના સંઘર્ષનો સડબરી વેલીમાં કોઈ અર્થ નથી, એવું કોઈ માળખું જ અહીં નથી.

"સમસ્યા પેદાં કરનારાં" નહીં, પણ આ બાળકો ખરેખર સમાજનો ભોગ બન્યાં હોય છે. વર્ષો સુધી બાહ્ય સત્તાધિકારીઓને અનુકૂળ થયા કરવામાં તેઓ પોતાની જાત સાથેનો સંપર્ક ગુમાવી બેસે છે. તેમની આંખોમાંથી ચમક જતી રહે છે અને તેમના અંતરાત્મામાંથી હાસ્ય જતું રહે છે.

સાચું કે તેઓ કશો વિનાશ સર્જતા નથી, પણ કશું ઊભું કેવી રીતે કરવું તે પણ ક્યાં જાણે છે. તેમને આઝાદી ભયાનક લાગે છે. તેમને શું કરવું તે કહેવા માટે અહીં કોઈ છે જ નહીં.

તેનો "ઉપચાર" મુશ્કેલ છે, અને સમય માગી લે છે. તે હંમેશાં કારગત રહેતો નથી. ઘણી વખત વિપુલ માત્રામાં કંટાળો એ શ્રેષ્ઠ દવા હોય છે. તેમની પ્રવૃત્તિઓ આયોજિત કરી આપે તેવા કોઈ કાર્યક્રમ નિર્દેશક ન હોવાથી, આ વિદ્યાર્થીઓ ઘણી વખત ઊંડી નિષ્ક્રિયતાની અવસ્થામાં ધકેલાઈ જાય છે. નિરપવાદ રીતે, અમે તેમને કહીએ છીએ કે જ્યારે તેમનો કંટાળો અસહ્ય બનશે, ત્યારે તેઓ પોતાની જાતને પૂરેપૂરી ઉત્કટતાથી પ્રવૃત્તિમાં જોતરી દેશે, તેમનું પોતાનું માળખું રચવા માટે. વહેલું કે મોડું, આમ થાય જ છે, પણ આ બિચારા "સારાં બાળકો"એ પોતાની જૂની આજ્ઞાંકિતતા માટે શું કિંમત ચૂકવવી પડે છે!

પોતાની શાળા કારકિર્દીની શરૂઆતથી જ જે કિશોરો સડબરી વેલીમાં રહ્યા છે, તે આ બંનેમાંથી એક પણ જૂથમાં નથી આવતા. તેઓ નસીબદાર છે, અને તમે તે તેમના ચહેરા પર તત્કાળ જોઈ શકો છો. તેઓ પોતાની જાત સાથે અને તેમની આસપાસના વાતાવરણ સાથે સુમેળમાં હોય છે, પોતાનાં ધ્યેય પરથી દૃષ્ટિ હટાવ્યા વિના તેઓ જીવનના ઉતાર-ચઢાવનો સામનો કરી શકે છે.

એક રીતે, અમે ક્યારેય જીતી શકતા નથી. એક બાજુ, લોકો અમારા વિદ્યાર્થીઓને જુએ છે અને કહે છે, "તમે મલાઈ તારવી લીધી છે. આ બાળકો માટે આ પ્રકારનું સ્વાતંત્ર્ય કામ કરે છે એમાં કોઈ નવાઈ નથી. સરેરાશ બાળક માટે તે નકામું રહે." બીજી બાજુ, લોકો અમારી પ્રવેશ માટેની ખુલ્લી નીતિને અને અમે લીધેલાં કેટલાંક બાળકોને જુએ છે, અને કહે છે, "આ શાળા તો 'અસ્વીકૃત બાળકો' માટે છે. સામાન્ય બાળકો માટે તે સહેજ પણ યોગ્ય નથી." મલાઈ, કચરો, સરેરાશ...

અમે જીતી શકીએ નહીં, પણ સામાન્ય રીતે અમે જીતીએ છીએ. દરેક જણને સમાન રીતે, પોતાના બોજાને ઉઠાવતાં જવાબદાર વ્યક્તિઓ તરીકે જોવાના કારણે જ એ શક્ય બને છે. અહીં કોઈ છૂપા નુસખા, કોઈ ઉપચાર સંબંધિત ચાલકીભરી યુક્તિ, કોઈ ચમત્કારિક તકનીક નથી. જીવનનો સામનો કરવા માટે દરેક જણ પાસે પોતાની અંદર જોઈતા સ્રોતો હોય જ છે. સડબરી વેલીમાં, તેઓ તેને શોધવા અને તેનો ઉપયોગ કરવા મુક્ત હોય છે.

૩૩

માતાપિતા/વાલીઓ

મોટા ભાગની શાળાઓ માટે માતાપિતાઓ ઉપદ્રવ સમાં હોય છે. એ લોકો ફરિયાદ કરે છે, ટીકા કરે છે, સમય લે છે અને સૌથી ખરાબ તો, તેઓ તેમનાં બાળકોના શિક્ષણમાં દખલગીરી કરે છે.

સડબરી વેલીમાં, પ્રારંભથી જ, વાલીઓને સમગ્ર તસવીરનું એક અવિભાજ્ય અંગ માનવામાં આવે છે. અમને લાગ્યું કે જો અમારે સફળ થવું હોય તો વિદ્યાર્થીઓના પરિવારોનો સંપૂર્ણ સાથ-સહકાર અમારે મેળવવો જ રહ્યો. સૌ પ્રથમ તો, શિક્ષણ એ પ્રાથમિક રૂપે માતાપિતાની જવાબદારી છે. તેઓ જ બાળકોને આ વિશ્વમાં લાવે છે, એટલે સ્વતંત્રતાની અવસ્થા સુધી તેમને ઉછેરવા એ તેમની પવિત્ર જવાબદારી છે. માતાપિતાને આ કામમાં મદદ કરવા માટે શાળાઓને

અસ્તિત્વમાં લાવવામાં આવી છે, તેમને આ કામમાંથી બાકાત કરવા માટે નહીં. કમ સે કમ આ દેશમાં, જ્યાં વ્યક્તિગત સ્વાતંત્ર્ય સંરક્ષિત છે, ત્યાં તો આવું જ હોવું ઘટે.

વળી, બાળકોનું પારિવારિક જીવન અને ઉછેર તેમના આંતરિક સ્વ સાથે સંવાદિતામાં હોય તો અને તો જ બાળકો ખરા અર્થમાં સમગ્ર વ્યક્તિઓ બની શકે છે. પેઢીઓ વચ્ચેનો સંઘર્ષ ભલે વ્યાપક હોય, પણ એમ તો કેન્સર અને હૃદયરોગ પણ વ્યાપક છે, તેથી કંઈ કોઈ વ્યક્તિ આ બાબતોને ઇચ્છનીય ગણાવતી નથી.

બીજી પણ વિચારવાલાયક બાબતો છે. માતાપિતાઓ શિક્ષણ માટેના પૈસા ભરવાની જવાબદારી લે છે, અને આપણે ત્યાં 1776ની ક્રાંતિને બળ આપતી પેલી કહેવત છેઃ પ્રતિનિધિત્વ નહીં તો કરવેરા નહીં. તેઓ દરરોજ પોતાનાં બાળકોને શાળાએ મૂકવા-લેવા આવે છે – અમારી શાળા આવાસીય શાળા નથી, અહીં કોઈ રહેતું નથી – એટલે અમે તેમને શાળા વતી દરરોજ એક મોટું કામ કરવાનું કહી રહ્યા છીએ.

તમે જે પણ રીતે જુઓ, વાલીઓ અમારી પડખે, સાથોસાથ ઊભેલાં દેખાશે, અમારા સહાયક મિત્રો તરીકે, મદદગાર સાથીઓ તરીકે. અમે તેમને એ જ રીતે જોઈએ છીએ, અને એ ધ્યાનમાં રાખીને જ અમે આ શાળા ઊભી કરી છે.

વાલીઓ 'ધ સડબરી વેલી સ્કૂલ, ઇનકોર્પોરેશન'ના મતનો અધિકાર ધરાવનારા સદસ્યો છે. (જેમ વિદ્યાર્થીઓ અને સ્ટાફ છે તેમ સ્તો.) હું "સદસ્યો" શબ્દ વાપરું છું, કારણ કે આ શાળા એક બિન-નફાકારક કોર્પોરેશન છે અને તેથી તેના શેરધારકો ન હોઈ શકે; તેના બદલે, આ કોર્પોરેશનના સદસ્યો તેને ચલાવે છે.

આ સદસ્યતાને "સભા (ઍસેમ્બલી)" કહેવામાં આવે છે. તે વર્ષમાં એક વખત મળે છે અને તમામ મુખ્ય નીતિઓ નક્કી કરે છે. તેમાં શાળાની શિક્ષણ ફીના દરો અને શાળા-સભાએ પ્રસ્તાવિત કરેલા બજેટની આખરી મંજૂરી સામેલ છે. એક વખત મુખ્ય નીતિઓ નક્કી થઈ જાય, પછી શાળા-સભા આખું વર્ષ દૈનિક ધોરણે શાળાને ચલાવે છે.

શાળામાં માતાપિતાઓ કાનૂની અધિકારો ઉપરાંત ઘણા વધુ અધિકારો ધરાવે છે. તેમને જ્યારે પણ ઇચ્છા થાય ત્યારે તેઓ શાળાની મુલાકાતે આવી શકે છે, શીખવવામાં મદદ કરી શકે છે અને અન્ય કામકાજોમાં પણ જોડાઈ શકે છે. શાળામાં વર્ષમાં અનેક વખત મોટા સામાજિક કાર્યક્રમો હોય છે – જેમ કે સહિયારું રાત્રિભોજન, પિકનિક, હરાજીઓ, નૃત્યમેળા, વગેરે – બીજા દરેક જણની સાથે વાલીઓ પણ આમાં ભાગ લે છે.

શાળા વાલીઓ સાથે જે ઘનિષ્ટ નાતો ઇચ્છે છે તેની શરૂઆત પ્રવેશ માટેના ઇન્ટર્વ્યૂથી જ થઈ જાય છે. અઢાર વર્ષથી ઓછી ઉંમરના તમામ વિદ્યાર્થીઓ માટે, ઇન્ટર્વ્યૂમાં તેમનાં માતા કે પિતા આવે – જો શક્ય હોય તો માતાપિતા બંને આવે તેવો અમે આગ્રહ રાખીએ છીએ. પ્રારંભથી જ, તેમનાં બાળકોને શિક્ષણ પૂરું પાડવાના કામમાં અનિવાર્ય સહયોગીઓના રૂપમાં તેમને ગણવામાં આવે છે.

હકીકતમાં, આ ઇન્ટર્વ્યૂઓના મુખ્ય ઉદ્દેશોમાંનો એક, માતાપિતાને પૂરતી સમજણ આપવાનો હોય છે. અમારો ઇન્ટર્વ્યૂ મુખ્યત્વે ગાળવા-ચાળવા માટેનું અથવા તો પસંદગી કરવા માટેનું સાધન નથી. તેના બદલે, અમે આ સમય – ઘણી વખત તો કલાકોના કલાકો સુધી - વાલીઓને અમારી ફિલસૂફી અને વાસ્તવિક અમલ સમજાવવામાં, તેમના પ્રશ્નોના જવાબ આપવામાં અને સંબંધ માટે પાયો નાખવાનું કામ કરવામાં ગાળીએ છીએ.

અમારા સ્ટાફના મૂળ બાર જણમાંથી, છ અહીં ભણતાં બાળકોનાં માતાપિતા હતાં. અમારે ત્યાં ભાગ્યે જ એવા કોઈ સ્ટાફ સદસ્યો હોય છે, જેમનાં બાળકો અન્ય કોઈ શાળામાં જતાં હોય.

વર્ષોના ગાળા દરમ્યાન, કેટલાક વાલીઓ સડબરી વૅલી સાથે એટલી હદે જોડાયેલા રહ્યા કે તેઓએ પણ છેવટે સ્ટાફ તરીકે જોડાવા માટે ચૂંટણી લડવાનું પસંદ કર્યું.

આખા ચિત્રમાં માતાપિતાનો સમાવેશ કરવાથી, શાળામાં કમ્યૂનિટીનો ભાવ પેદા કરવામાં ઘણી મદદ મળી છે. ધીમે ધીમે પૂર્વ મેસેચ્યુસેટ્સના ચાર ખૂણાઓમાંથી આવતી અજાણી વ્યક્તિઓ એકબીજાને જાણવા લાગે છે, એકબીજાની સરખી રસરુચિઓ ઓળખે છે, અને એકબીજાની હાજરીને માણવા માંડે છે.

સડબરી વૅલીમાં, દરેક દિવસ પરિવારનો દિવસ છે. અમારા માટે બીજી કોઈ રીત અપનાવવી સંભવ નથી.

૩૪

મુલાકાતીઓ

દરેક દિવસ મુલાકાતીનો દિવસ પણ હોય છે. અથવા અમુક અમુક વખતે તો એવું લાગે જ છે.

60ના દાયકાના પ્રારંભમાં મેં જ્યારે શાળાઓ બાબતે મારી શોધખોળ શરૂ કરી, ત્યારે ચાલુ સત્રમાં મુલાકાત લેવી તદ્દન અસંભવ બનાવતી હોય તેવી શાળાઓની સંખ્યા જોઈને હું ચોંકી ગયો. ખરું, મને આઘાત મારા ભોળપણના કારણે લાગ્યો હતો. પોતાના કામમાં બહારના લોકોનો રસ વધારવામાં શિક્ષણવિદોને આનંદ થશે એવું હું વિચારતો હતો. પણ બન્યું એવું કે, કહેવાતી "મુક્ત શાળાઓ"એ સુદ્ધાં બહારના લોકો માટે વાસ્તવમાં તેમના તમામ દરવાજા બંધ રાખ્યા હતા.

અમે બહારના વિશાળ સમુદાય માટે, સડબરી વૅલીને જેટલી બની શકે એટલી ખુલ્લી રાખવા દૃઢનિશ્ચયી હતા. અમે શું કરી રહ્યા છીએ તે લોકો જુએ, અમારી સાથે દલીલ કરે એવું અમે

ઇચ્છતા હતા. કદાચ આમ કરતાં છેવટે તેઓ અમારી સાથે સહમત થાય. અનન્ય કે અજોડ બની રહેવામાં અમને કોઈ રસ નહોતો. અમારા કાર્યક્રમની બીજી જેટલી નકલો અને વિભિન્ન પ્રકારો અસ્તિત્વમાં આવતા, અમને તેટલો જ વધુ આનંદ થતો.

અમારા માટે, બહારના લોકોની મુલાકાત, અમે વિચારી શકીએ તેવો, જનસંપર્કનો સૌથી શ્રેષ્ઠ રસ્તો હતો. કહેવત છે ને, "નજરે જોયું તે સાચું." જોવાથી માન્યામાં આવે છે, અને અમે આવા માનનારા ઊભા કરવા માગતા હતા.

હવે, તેના વિશે બિલકુલ ગેરસમજ કરશો નહીં: મુલાકાતીઓ માટે સડબરી વેલીની મુલાકાત કોઈ સરળ અનુભવ હોતો નથી.

તેમણે શાળા વિશે કંઈક એવું સાંભળ્યું હોય છે જે કંઈક "જુદું" હોય છે, તેથી જ તેઓ મુલાકાત લેવાનું નક્કી કરે છે. અને એ જ જોવાની અપેક્ષા રાખે છે.

મુશ્કેલી એ છે કે, તમામ વ્યક્તિ માટે કોઈ શબ્દનો અર્થ હંમેશાં એકસમાન જ નથી હોતો. અમારા માટે, "શાળા" એટલે સડબરી વેલી. જ્યારે મોટા ભાગના લોકો માટે, શાળા શબ્દ એક સમગ્ર ચિત્ર રજૂ કરે છે – વર્ગખંડ, બેઠકો, વર્ગમાં બેઠેલાં બાળકો અને શિક્ષકો, જમવાનો ખંડ, ઘંટ, વગેરે વગેરે.

એટલે જ્યારે મુલાકાતીઓ સડબરી વેલીની વાહન પાર્ક કરવાની જગ્યાએ પહોંચે છે, ત્યારે તેમને સૌથી પહેલી જે વસ્તુ જોવા મળે છે તે હોય છે સમગ્ર જગ્યામાં ફેલાયેલાં બાળકો - દોડતાં, રમતાં બાળકો.

તેઓ વિચારે છે, "આપણે રિસેસમાં આવ્યા હોઈએ તેવું લાગે છે."

તેઓ મુખ્ય મકાન તરફ આગળ વધે છે અને કાર્યાલય વિશે પૂછે છે. દસમાંથી નવ વખત, કોઈક નાનકો વિદ્યાર્થી તેમનું અભિવાદન કરે છે અને તેમને કાર્યાલય સુધી લઈ આવે છે.

તેઓ કહે છે, "વાહ, મજાનો નાનો બાળક છે, ઉંમરના પ્રમાણમાં ઘણો સમજણો લાગે છે. અહીંનાં વધુ અસાધારણ એવાં બાળકોમાંનો એક હોવો જોઈએ."

કાર્યાલયમાં, કોઈ પુખ્ત વયની વ્યક્તિ હોય પણ ખરી અને ન પણ હોય. લોકો આવન-જાવન કરતા હોય છે. દસ વર્ષનાં ત્રણ ટાબરિયાં એક ટાઇપરાઇટર પર મંડ્યા છે, કોઈક સ્વતંત્ર રચના ટાઇપ કરવા માટે.

તેઓ વિચારે છે, "અહીં બધું કોના હસ્તે છે?"

છેવટે, એ દિવસ માટે મુલાકાતીઓનો હવાલો સંભાળનાર વ્યક્તિ સાથે તેમનો સંપર્ક થાય છે. તે એક વયસ્ક વ્યક્તિ છે. હાશ. છેવટે તેમને લાયકાત ધરાવતી કોઈક વ્યક્તિ તો મળી.

જો કે, એક ટૂંકી મુલાકાતમાં, સડબરી વેલીને સમજવી સહેજ મુશ્કેલ તો છે. આપણામાંથી મોટા ભાગના, જે ત્યાં છે તેનાથી નિરપેક્ષ આપણે જે જોવા ઇચ્છતા હોઈએ તે જ જોઈએ છીએ. જ્યારે આપણે વિચિત્ર વાતાવરણમાં હોઈએ છીએ, ત્યારે આપણે તેને આપણા સંદર્ભોના માળખામાં બંધ બેસાડવા લાગીએ છીએ, અને ક્યારેક તેથી પણ વધુ આગળ લઈ જઈએ છીએ. આમ થવાને નિવારી શકાતું નથી.

"પ્રારંભિક પરિચય" આપ્યા પછી, મુલાકાતીઓને શાળામાં ફરવા માટે એકલા છોડી દેવામાં આવે છે. સામાન્ય બુદ્ધિ અને મૂળભૂત સૌજન્યતા લોકો સાથેની તેમની વાતચીતને દોરશે એવું માનવામાં આવે છે.

મોટા ભાગના મુલાકાતીઓનું આવવું અમારા માટે આનંદની વાત હોય છે, ભલે તેઓ ગમે તેટલા મૂંઝાયેલા કેમ ન લાગતા હોય. ક્યારેક, કોઈ અવિવેકીજન પણ આવી ચઢે છે.

"તું કયા ધોરણમાં ભણે છે?" શ્રીમાન ઉદ્ધત એક નવ વર્ષના બાળકને પૂછે છે.

"કોઈ ધોરણમાં નહીં."

"તું શું ભણે છે?"

"કશું જ નહીં."

"તને વાંચતા આવડે છે?"

"હા."

"તારે સમાજશાસ્ત્ર ભણવું જોઈએ એવું તને નથી લાગતું?"

નાખુશીભર્યું મૌન છવાઈ જાય છે. આ માણસ કોણ છે?

"જો તું ભણીશ નહીં તો કૉલેજમાં પ્રવેશ કઈ રીતે મેળવીશ?"

નવ વર્ષના બાળક પાસે આનો કોઈ તૈયાર જવાબ હોતો નથી. શ્રીમાન ઉદ્ધત પોતાનું ભાષણ ચાલુ કરે છે. બાળક તેમની સાથેની વાતચીત પડતી મૂકે છે અને કોણે આ ચક્રમને શાળામાં આવવા દીધા એ વિચારતાં વિચારતાં પાછું પોતાની પ્રવૃત્તિમાં પરોવાઈ જાય છે.

મેં ડઝનેક વખત આ પ્રકારના સંવાદ સાંભળ્યા છે. જ્યારે આવું થતું ત્યારે અમે ગુસ્સાથી તરડાઈ જતા. પણ હવે નહીં. ગુસ્સાનું સ્થાન અસ્થાયી તિરસ્કાર અને ખભા ઉલાળવાએ લઈ લીધું છે.

કેટલાક મુલાકાતીઓ શાળામાં હવાની તાજી લહેરખી લઈ આવે છે. તેઓ ઝડપથી તાલ મેળવે છે, ઝડપથી જતું કરે છે, અને પોતાની જાતને ખરેખર તેમનો આ અનુભવ માણવા દે છે.

વખતોવખત પ્રવેશ ઇન્ટર્વ્યૂ વખતે અમને આવું કોઈક મળે છે, જેની સાથે નીચેનો સંવાદ થાય છે:

અમે પૂછીએ છીએ, "તમે આ શાળા વિશે પહેલી વખત ક્યાંથી સાંભળ્યું ?"

"અરે, વર્ષો અગાઉ હું અહીં એક મુલાકાતી તરીકે આવ્યો હતો. શાળા જોવા આવેલા શિક્ષણ(બી.એડ.)ના વર્ગમાં હું પણ સામેલ હતો."

"આટલો બધો વખત તમને અમે યાદ રહ્યા ?"

"એ મુલાકાત મારા માટે બહુ સરસ રહી હતી. ત્યારથી આ જગ્યા રહી રહીને મારા મનમાં રમ્યા કરે છે. એટલે જ્યારે મારું બાળક શાળામાં દાખલ થવાની ઉંમરે પહોંચ્યું, ત્યારે તો મારે પાછું આવવું જ પડે ને!"

અન્ય કેટલીક વખત, લોકો સ્વૈચ્છિક ધોરણે પોતાની સેવાઓ આપવા માટે, અથવા સ્ટાફમાં આવવા માટે ચૂંટણી લડવા સુદ્ધાં આવે છે.

સ્ટાફ માટેના ગંભીર ઉમેદવારોને, જો તેમણે સામેથી જ ન સૂચવ્યું હોય તો અમારા દ્વારા, અહીં વધુ સમય ગાળવા માટે સામાન્ય રીતે આમંત્રિત કરવામાં આવે છે. આના માટે તેમણે લાંબું રોકાણ કરવું પડે છે, જે કેટલાંક અઠવાડિયાં અથવા તેથી પણ વધુ સમય હોઈ શકે છે.

એક દિવસથી લાંબી એવી તમામ મુલાકાતોને શાળા-સભા દ્વારા નિશ્ચિત કરવામાં આવે છે, જેના માટે શાળા-સભાની મંજૂરી જરૂરી છે. સામાન્ય રીતે તેમને મંજૂર રાખવામાં આવે છે. થોડો વખત રોકાનારા મુલાકાતીઓ સાથે મોટા ભાગની બાબતોમાં શાળા-સમુદાયના સભ્યોની જેમ

વર્તવામાં આવે છે. તેઓ મુક્તપણે હરેફરે છે, વાતચીત કરે છે, રમે છે, ભણાવે છે, કામમાં મદદ કરે છે. અમને જાણવામાં તેમને, અથવા તો તેમને જાણવામાં અમને વધુ સમય લાગતો નથી.

સ્ટાફના દરેક નવા સદસ્યે આમાંથી પસાર થવું રહે છે. શાળાને અમુક તીવ્રતાથી અનુભવ્યા વિના, મોટા ભાગના લોકો એ પ્રતિબદ્ધતાની કલ્પના પણ નથી કરી શકતા, જે અહીં કામ કરવા માટે જરૂરી હોય છે.

વળી, ક્યારેક ક્યારેક અહીં લાંબું રોકાણ કરતા મુલાકાતીઓ જબરજસ્ત જાડી બુદ્ધિના નીકળે છે. તે મને એવા બ્રિટિશ વસાહતીઓની યાદ અપાવે છે જે પોતાના સુંદર મજાનાં વસ્ત્રોમાં સજ્જ થઈને, આફ્રિકાના ઉષ્ણકટિબંધ વિસ્તારનાં મેદાનોની વચ્ચોવચ ચા પીવા બેસે છે. સ્વાભાવિક રીતે, એ લોકોમાં આટલી જ સમજણ છે.

આવા એક ભાઈએ મને કહ્યું હતું, "હું એક સારો શિક્ષક છું. બાળકોને હું તરત જીતી લઈશ, જેમ હું હંમેશાં જીતું છું તેમ." સમાચાર બૉર્ડ પર અગાઉથી જાહેરાત કરીને, તેણે બાળકો માટે મનોરંજનની એક વિસ્તૃત શ્રેણી શરૂ કરી. આ ભાઈ કૃત્રિમ રીતે પેદા કરેલા ઉત્સાહ અને ઉત્તેજનાથી ભરપૂર હતા, જે બાળકોને આકર્ષી શકે તે પ્રકારના હતા. આ પ્રકારની કોઈ વ્યક્તિને અમારાં બાળકોમાંથી કોઈ મળ્યું હોય એ વાતને વર્ષો થઈ ચૂક્યાં હતાં. કેટલાંક માટે, આ તદ્દન નવો અનુભવ હતો. પરિસરમાં એક નવા પ્રકારની પ્રજાતિએ દેખા દીધી હતી.

પહેલા સત્ર માટે થોડાંક બાળકો આગળ આવ્યાં. શ્રીમાન પંડિતે એકદમ આનંદપૂર્વક કહ્યું, "હું તમને એક બહુ જ સરસ નવી રમત બતાવવાનો છું." સ્વાભાવિક રીતે, આ એક એવી રમત હતી જે "શૈક્ષણિક" લાભ થાય એ રીતે બનાવવામાં આવી હતી; આ કિસ્સામાં, એ લાભ અંકગણિત સંબંધિત હતો. આ માણસ થોડા વખતમાં અમારો સાથી બનવાનો છે એ વિચારે કાંપતાં કાંપતાં, અમારામાંથી થોડાક સ્ટાફ સદસ્યો તેને આમ કરતાં કમકમાટીપૂર્વક જોઈ રહ્યા. અમને ચિંતા થઈ, "આ બાળકો ચોક્કસ આનાથી ભરમાઈ જવાનાં છે. આ પ્રકારની વ્યક્તિઓ સાથે કેમ કામ પાર પાડવું તેની તેમને ખબર જ નથી."

અઠવાડિયા પછી, તે કંટાળીને ભાગી ગયો. અહીં તેની કદર ન થઈ. બાળકોને થોડા જ વખતમાં સમજાઈ ગયું કે તેમની સામે ખોટો ડોળ કરવામાં આવતો હતો. તેનાથી મને અમારા સૌથી મોટા દીકરા સાથેનો બહુ પહેલાંનો મારો એક અનુભવ યાદ આવી ગયો. એ વખતે તે ત્રણ વર્ષનો હતો. મને લાગ્યું કે હું તેને ગાજર ખાવા માટે લલચાવી શકું તેમ છું. મેં એક ગાજર ઉપાડ્યું અને બહુ ભૂખ લાગી હોય તેમ, જીભ અને હોઠથી કચર કચર અવાજ કરતાં કરતાં તેને ખાવાનું

શરૂ કર્યું. મેં કહ્યું, "વાહ, આ ખરેખર ખૂબ સરસ છે." તેણે કહ્યું, "મને ગાજર ગમતાં નથી." બસ વાત પૂરી.

બાળકો આપણે વિચારીએ છીએ તેના કરતાં ઘણા વધુ બુદ્ધિશાળી હોય છે.

આપણા વયસ્કોમાંથી ઘણા કરતાં, ઘણી રીતે, ઘણા વધુ બુદ્ધિશાળી.

સડબરી વૅલીમાં, તેમને સ્વ-ભાવ વિકસાવવાની તક મળે છે. અમારા મોટા ભાગના વિદ્યાર્થીઓ, ભાવનાત્મક રીતે અથવા તો શારીરિક રીતે, નાજુક નથી.

એટલે અહીં મુલાકાતીઓને હંમેશાં આવકારવામાં આવે છે, અને અમારા રોજિંદા જીવન પર તેમની અસરોની ચિંતા અમને હવે થતી નથી. ક્યારેક ક્યારેક આવી ચઢતા અવિવેકીઓને જતા રહેવા માટે કહેવામાં આવે છે. કેટલાક સારા લોકો હંમેશ માટે પણ રોકાઈ જાય છે.

૩૫

સૌને માટે સ્વાતંત્ર્ય અને ન્યાય

કોઈ પણ સમાજમાં ન્યાય સ્થાપિત કરવો અઘરો છે. શાળાઓમાં આમ કરવું ઘણી વાર અસંભવ હોય છે.

હું એ પ્રસંગ ક્યારેય નહીં ભૂલું - હું અગિયાર વર્ષનો હતો અને બીજગણિતના વર્ગમાં બેઠો હતો. કંટાળો અને ઊંઘ આવતી રોકવા મથી રહ્યો હતો. જાગતાં રહેવા માટે મેં હાથ ઉપર કરી આળસ મરડી. કમનસીબે, મારા ધ્યાન બહાર, એ જ વખતે અમારા શિક્ષક – એક કઠોર, શિસ્તપ્રિય શિક્ષક – વર્ગ સામે ગુસ્સાથી ભાષણ ઝાડી રહ્યા હતા અને તેમણે બસ એ જ વખતે બરાડીને પૂછ્યું હતું, "તો તમારામાંથી કોણ છે એ ડાહ્યો છોકરો?" મારા આળસમાં ઉપર તણાયેલા હાથના કારણે એવું લાગ્યું જાણે હું મારી જાતને આગળ ધરી રહ્યો છું. પરિણામે શાળાના સમય પછી ત્રણ દિવસ સુધી રોકાવાની સજા મળી.

આપણામાંથી મોટા ભાગના આવા અનુભવો ધરાવતા હશે. શાળાનાં બાર વર્ષો દરમ્યાન, શિક્ષકો અને વહીવટી અધિકારીઓની આપખુદ સત્તાથી હું હંમેશાં ડરતો રહ્યો, જેમાં કોઈ અપીલને ભાગ્યે જ અવકાશ હતો. એટલે શાળામાં અમે સૌ એ વાતે દૃઢનિશ્ચયી હતા કે સડબરી વેલી અલગ હશે.

અને તે અલગ છે.

જ્યારે આ શાળા સૌ પ્રથમ વખત ખૂલી ત્યારે તેમાં ન્યાયપૂર્વકની વ્યવસ્થા જાળવવા માટેની પ્રણાલી કેવી રીતે ઊભી કરવી તે અંગે કોઈને કશી ખબર નહોતી. અમે જાણતા હોઈએ તેવી, આ સમસ્યાને સફળ રીતે ઉકેલનારી એક માત્ર શાળા એ.એસ. નીલની સમરહિલ લાગતી હતી, જ્યાં તેઓ પોતાના ઝઘડાઓને તેમની કમ્યૂનિટી સભામાં ઉકેલે છે.

એટલે અમે શાળા-સભામાં આ બાબતોની કાળજી લેવાનો પ્રયાસ કર્યો. જાહેરાતો અને ઘોષણા પછી, એજન્ડામાં બીજી બાબત "ફરિયાદ સત્ર" રહેતી, જ્યાં સમસ્યાઓ સાથે કામ પાર પાડવાનું રહેતું.

અનુમાનિત હતું તેમ, જેમ જેમ અઠવાડિયાંઓ પસાર થતાં ગયાં, આ ફરિયાદ સત્રો વધુ ને વધુ લાંબા બનતાં ગયાં. થોડા જ વખતમાં, તેમણે બાકીના તમામ કામકાજને હાંસિયામાં ધકેલી દીધું. અમારી સભાઓ ત્રણ-ત્રણ, ચાર-ચાર કલાક ચાલતી, અને વળી પાછી અઠવાડિયે બે કે તેથી વધુ સભાઓ ગોઠવવી પડતી. આ વિદ્યાર્થીએ શું કર્યું, અથવા પેલાં બાળકોએ જે કર્યું હોઈ શકે, અથવા પેલી વ્યક્તિએ આવું કરશે એમ કહ્યું હતું જેવી ફરિયાદોની અંતહીન હારમાળા સાંભળવામાં જ અમારો મોટા ભાગનો સમય ખવાઈ જતો.

અમે ગુમાવેલા સમય કરતાં પણ વધુ ખરાબ અમે અનુભવેલી હતાશા હતી. અમે ન્યાયી રહેવાની કોશિશ કરીએ છીએ, પણ રહી શકીએ છીએ ખરા? ફરિયાદ સત્રો, આરોપો અને પ્રતિ-આરોપોથી ઊભરાતાં હતાં, જે ઘણા ભાગે આવેશમય અને અમારી સામું ચિત્ર ખડું થઈ જાય એવાં ચિત્રાત્મક રહેતાં. અમને આ બાબતોનાં મૂળ સુધી પહોંચ્યાની લાગણી ભાગ્યે જ થતી, સિવાય કે અમે તેની પાછળ અતિશય સમય આપીએ. શાળાના પ્રારંભિક વર્ષના પાનખરમાં, જ્યારે શાળાએ કપરા સમયમાંથી ગુજરવાનું આવ્યું ત્યારે તો તેની પરાકાષ્ઠા આવી ગઈ. એ વખતે બાબતોને ઉકેલવામાં આ સત્ર સતત ત્રણ નક્કર દિવસો ચાલ્યું!

કંઈક તો કરવું જ પડે તેમ હતું. થોડો સમય, અમે આગળ કેવી રીતે વધવું તેનું માર્ગદર્શન આપતો કોઈ સંકેત શોધતા રહ્યા. કોઈ જ સંતોષજનક આદર્શ દેખાતો નહોતો.

અંતે અમારા મનમાં ઉઘાડ થયો કે અમારી સમસ્યા બીજા કોઈ પણ સમુદાયની સમસ્યા જેવી જ તો છે. અને સમાજે હજારો વર્ષો અને અમાપ બુદ્ધિ શક્તિ ખર્ચીને તેના ઉકેલ માટેની પ્રણાલી શોધી છે. ફરિયાદોને ન્યાયપૂર્ણ રીતે ઉકેલવા માટે, અલગ અલગ સંસ્કૃતિઓમાં સદીઓના સમયગાળા દરમ્યાન કાયદાશાસ્ત્રની વ્યવસ્થાઓ વિકસાવવામાં આવી છે.

અમે અમારી રાષ્ટ્રીય પરંપરા તરફ બારીકાઈથી જોયું અને તેની મહત્ત્વની લાક્ષણિકતાઓનો અભ્યાસ કર્યો. થોડા જ સમયમાં, અમે અમારી શાળાની ન્યાય પ્રણાલી માટેના ઘટકો એકઠા કરી લીધા.

સંક્ષિપ્તમાં, આ ઘટકો એકદમ સાદા છેઃ તમામ આરોપની સંપૂર્ણ અને તટસ્થ તપાસ થવી જોઈએ, જેમાં આક્ષેપો ચોક્કસ હોવા જોઈએ જેમ કે દરેક આક્ષેપ અનુસાર કયો નિયમ તોડવામાં આવ્યો હતો; આરોપીના અધિકારો સંપૂર્ણ રીતે સુરક્ષિત રહે તે રીતે અને પુરાવાના નિયમો માટેના આદર સાથે પંચ સમક્ષ ન્યાયપૂર્ણ સુનાવણી થવી જોઈએ; તથા દંડ નક્કી કરવા માટે પણ એક ન્યાયપૂર્ણ પ્રણાલી હોવી જોઈએ. આ તમામ બાબતો થકી આપણા દેશના દરેક વયસ્ક નાગરિક તેમના જે અંગત અધિકારોને માણે છે તે શાળામાં પણ સંરક્ષિત થવા જોઈએ, ભલે સુપ્રીમ કોર્ટ એમ કહેતી હોય કે યુનાઈટેડ સ્ટેટ્સનું બંધારણ સગીર વયની વ્યક્તિઓને આ અધિકારો આપતું નથી.

અમારા પહેલા વર્ષના શિયાળાના પ્રારંભમાં આ ન્યાય પ્રણાલી ઊભી કરવામાં આવી. આ સમગ્ર કામ શાળા-સભાની દેખરેખ હેઠળ થયું. વર્ષો દરમ્યાન, તેમાં બદલાવો અને સુધારાઓ થયા છે, પણ તેની મૂળભૂત રૂપરેખા સ્થાયી રહી છે.

સડબરી વેલીની ન્યાય પ્રણાલી અમારા માટે ગૌરવ અને આનંદનો વિષય છે. તે સુરેખપણે ચાલે છે, વર્ષે સોથી વધુ ફરિયાદો સારી રીતે નિવારે છે, ક્યારેક ક્યારેક અઠવાડિયાની દસ કે વીસ ફરિયાદોનો નિકાલ કોઈ પણ પ્રકારની રુકાવટ વિના કરે છે – વર્ષોથી. શાળા સમુદાયના કોઈ પણ સદસ્યે ભાગ્યે જ તેના ન્યાયીપણા અંગે કોઈ ટીકા કરી છે.

આ પ્રણાલીનું હાર્દ એ જૂથ છે જે તપાસ કરે છે. તેને ન્યાય સમિતિ કહેવામાં આવે છે. તેમાં તમામ વયનાં બાળકો પોતાની સેવા આપે છે, આખી શાળાનું પ્રતિનિધિત્વ જેમાં છે તેવા આ જૂથની પસંદગી ચિઠ્ઠી નાખીને કરવામાં આવે છે, અને દરેક સભામાં તેમની સાથે કોઈ પણ એક

સ્ટાફ સદસ્ય પણ જોડાય છે. તેનું અધ્યક્ષ પદ શાળા-સભા દ્વારા વર્ષમાં ચાર વખત ચૂંટવામાં આવતા ન્યાય કલાર્ક લે છે.

આ ન્યાય સમિતિ અઠવાડિયામાં અમુક વખત મળે છે. કોઈક નિયમ તોડવામાં આવ્યો છે એવો આક્ષેપ કરતી કોઈકની લેખિત ફરિયાદના આધારે તેનું કામ શરૂ થાય છે.

ખુલ્લા હોય તેવા દરેક માર્ગનો ઉપયોગ કરીને, આ ન્યાય સમિતિ ફરિયાદ અંગે તપાસ કરે છે. શું ઘટ્યું હતું તે અંગે પોતાના શ્રેષ્ઠ તારણ પર પહોંચે ત્યાં સુધી તે સાક્ષીઓને બોલાવતી રહે છે, જુબાનીમાં આવતી પરસ્પર વિરોધી બાબતોને ગાળતી-ચાળતી રહે છે.

દરેક જણ આ પ્રક્રિયાના હિસ્સો હોવાથી, સડબરી વેલીમાં ન્યાય પર સૌનો અધિકાર છે. આનાં વ્યાવહારિક પરિણામો મળે છે, જેને દરરોજ જોઈ શકાય છે. લોકો ભાગ્યે જ ન્યાય સમિતિ સમક્ષ ખોટું બોલે છે, અલબત્ત તેઓ શું બન્યું હતું તેના એકદમ અલગ અલગ વર્ણનો આપી શકે છે. મોટા ભાગનો સમય, દરેક જણ તેમાં સહકાર આપે છે.

બાળકોએ જે રીતે સમાજની જરૂરિયાતો અને અંગત બાબતોને જુદી રાખતાં શીખી લીધું છે તે સૌથી રસપ્રદ છે. દરેક જણને ખબર છે કે એક સંસ્થા તરીકે શાળાનું સંચાલન, શાળા-સભાએ પસાર કરેલા નિયમોના સામાન્ય અનુપાલન પર નિર્ભર છે . આ તેની ધંધાકીય બાજુ થઈ. વ્યક્તિગત ધોરણે તેનો અર્થ એમ થયો કે તેમણે સૌએ કાયદાના પાલન માટે મદદરૂપ થવું પડશે, ન્યાયપૂર્ણ ચુકાદા આપવા પડશે અને યથાતથ જુબાનીઓ આપવી પડશે, ભલે પછી તેમાં તેમનો કોઈ મિત્ર કેમ ન સામેલ હોય. સત્તાવાર ન્યાયની પ્રક્રિયા પૂરી થતાં અંગત બાજુ આગળ આવે છે. કોઈ અડચણ વિના, પહેલાં જેવી જ મિત્રતા સાધી લેવામાં આવે છે.

ફરી ને ફરી, મેં અનેક વાર ગાઢ મિત્રોને ન્યાય સમિતિમાં કોઈ બાબતે કડવાશપૂર્વક ટકરાતા જોયા છે. પણ જેવા એ સત્રમાંથી બહાર આવતા, કે તરત સાથે રમવા કે કામ કરવા લાગતા, જાણે કશું બન્યું જ ન હોય. નવા વિદ્યાર્થીઓ માટે, ખાસ કરીને અન્ય શાળાઓમાંથી આવેલા વિદ્યાર્થીઓ માટે, સડબરી વેલીનો આ હિસ્સો પચાવવો સૌથી અઘરો રહેતો. તેઓ શાળામાં "અમારા વિરુદ્ધ તેઓ"ની માનસિકતાથી ટેવાઈ ગયા હોય છે, જ્યાં સાથી વિદ્યાર્થી સામે જુબાની આપનાર "ચુગલીખોર" છે. ક્યારેક, નવા વિદ્યાર્થીને ગોઠવાવામાં થોડો સમય લાગે છે, પણ છેવટે, તેઓ તમામ આ કરી શકે છે. એના સિવાય બીજું કશું થઈ શકે તેમ જ હોતું નથી.

શાળાની બોલીમાં, ન્યાય સમિતિ સમક્ષ મૂકવાની ફરિયાદ લખવાની ક્રિયાને "કોઈકને ઉપર લાવવું" કહેવામાં આવે છે. આ શબ્દપ્રયોગ કઈ રીતે અસ્તિત્વમાં આવ્યો તે અમને કોઈને યાદ નથી, અલબત્ત તે માટે ઘણી બધી વાયકાઓ છે. ન્યાય સમિતિ જ્યારે હંમેશાં બીજા માળ પર

મળતી હતી અને તેની સમક્ષ હાજર થવા માટે લોકોને ઉપર બોલાવવામાં આવતા હતા, તે દિવસોથી આ શબ્દપ્રયોગ ચલણમાં આવ્યો છે એવું કેટલાક ધારે છે.

થોડા વખત પહેલાં, પાંચ વર્ષનો એક છોકરો નવા આવેલા બીજા એક છોકરાને કહી રહ્યો હતો, "જો તું આમ કરવાનું બંધ નહીં કરે તો, હું તને ઉપર લઈ આવીશ." તેને હાજર જવાબ મળ્યો, "તો હું તરત પાછો નીચે ઊતરી આવીશ."

શાળાના નિરક્ષર વિદ્યાર્થીઓએ પોતાની ફરિયાદ લખાવવા માટે લહિયો રોકવો પડે છે, જે તેમના બોલ્યા મુજબ લખી આપે. બાહ્ય વિશ્વમાંથી પણ આ પ્રથા લુપ્ત થવાને હજી ઘણી વાર છે. સામાન્ય રીતે, મોટા વિદ્યાર્થીઓ મદદ કરે છે, પણ સ્ટાફ તો હંમેશાં તેમની સેવામાં હાજર હોય જ છે.

પ્રસંગોપાત્ત, કોઈ ન્યાય સંબંધિત સાધનોનો અંગત સ્વાર્થ સાધવા માટે દુરુપયોગ કરવાની કોશિશ કરે છે. કોઈ એક વ્યક્તિ સામે ફરિયાદોનો ખડકલો દાખલ કરાવીને તેઓ આમ કરવા જાય છે – આમ કરવાને પજવણી કહેવામાં આવે છે. ખરેખર શું ચાલી રહ્યું છે તે કળવામાં ન્યાય સમિતિને બહુ વાર લાગતી નથી. કોઈ વિદ્યાર્થીને વારંવાર "ઉપર લાવવાની" ઘટના પાછળ માત્ર બે જ કારણો હોઈ શકે: કાં તો વિદ્યાર્થી અત્યંત તોફાની છે, અથવા તો વિદ્યાર્થીને પજવવામાં આવી રહ્યો છે. પોતાના સાથી વિદ્યાર્થીઓને પજવતા વિદ્યાર્થીઓ સાથે ન્યાય સમિતિ કડક વલણ અપનાવે છે.

કેટલીક વખત, કોઈ પ્રકારની બોલાચાલી અથવા રમતના ભારે તણાવમાં થયેલી ગરમાગરમી આવીને ફરિયાદ દાખલ કરે છે. પણ તપાસ શરૂ થાય ત્યાં સુધીમાં દરેક જણ ઠંડું પડી ગયું હોય છે. ત્યારે ન્યાય સમિતિ આવી બાબતોમાં આસાનીથી સમાધાન કરાવી શકે છે, અથવા ફરિયાદને રદ કરી શકે છે. ઘણી વખત, ફરિયાદ લખવાની હોવાથી તે પૂરી થાય તે પહેલાં જ, બધાં શાંત થઈ જાય છે. આવો એક દાખલો મેં તાજેતરમાં જ નોંધ્યો છે, જે બિલકુલ વિશિષ્ટ નથી:

"જ્યારે તમે નાના હતા..."

એક સત્યકથા

"તમે અમને એક ફરિયાદ લખવામાં મદદ કરશો?"

ઑફિસની બહાર સોફા પર બેઠો બેઠો હું ભરબપોરે દિવાસ્વપ્નમાં ખોવાયેલો હતો ત્યારે આ પ્રશ્ને મને ચમકાવી મૂક્યો. મારી પાસે ઍવરી (9 વર્ષ) અને શારોન (7

વર્ષ) ઊભાં હતાં, અને ખચકાટ સાથે મને તાકી રહ્યાં હતાં. "કદાચ આપણે માર્ગને શોધવાં જોઈએ."

મેં પળભર તેમની સામે જોયું. પછી પૂછ્યું, "શેના માટે?" જવાબ મળ્યો, "સ્કિપ (13) અને માઈકલ (8) શાંતિ ખંડમાં અમારી પ્રવૃત્તિઓમાં ખલેલ પહોંચાડતા હતા." આળસભર્યો હું વિચારતો હતો કે શાંતિ ખંડમાં પ્રવૃત્તિ કરવા બદલ મારે તેમની સામે વળતી ફરિયાદ દાખલ કરવી કે નહીં, પણ મેં જવાબ આપ્યો, "ચોક્કસ." અને અમે ખાલી ઑફિસ તરફ કૂચ કરી.

ત્યારે બપોરના 1:30 થયા હતા. શબ્દાર્થમાં તમામ સ્ટાફ ફરીથી સુસજ્જ કરાવેલા સ્ટિરિઓ ખંડમાં બંધ હતો, જ્યાં સવારના 11:00 વાગ્યાથી આ ખંડના ભવિષ્યના ઉપયોગો નક્કી કરવા માટે રસ ધરાવતા વિદ્યાર્થીઓ સાથે તેમની મીટિંગ ચાલી રહી હતી. તેની સરખામણીમાં મારા હાથ પરનું કામ મને નજીવું લાગ્યું. તેમ છતાં, હાથમાં પેન લઈને, હું ઑફિસના ટેબલ પર બેઠો, જેથી હું બની શકે એટલો અધિકૃત લાગું. ઍવરી મારી જમણી બાજુ નજીકમાં ઊભો રહ્યો, શારોન મારી ડાબી બાજુએ ટેબલની ધાર પર ઝૂકીને ઊભી રહી, બંને જણ મારી દરેકેદરેક હરકતને અને લખાતા પ્રત્યેક શબ્દને જોતાં હતાં. આ એક ગંભીર કામ હતું.

મારી સામે ફરિયાદ-પત્રક હતું, હું ઍવરી સામે ફર્યો અને પૂછ્યું, "શરૂઆતથી આરંભ કરો. એકદમ શરૂઆતથી."

"મારે કદાચ તેમને અપશબ્દો નહોતા કહેવા જોઈતા," ઍવરીએ કહ્યું, "તે કદાચ ખોટું હતું."

"શરૂઆતથી વાત કર. શું થયું હતું?"

"હું અને જિમ (8) ગમાણમાં એકલા રમી રહ્યાં હતાં. સ્કિપ અને માઈકલ અંદર આવ્યા અને ડેનિસ(12)ને ચિઢવવા લાગ્યા."

મેં પૂછ્યું, "ત્યાં ડેનિસ પણ હતો?"

"તે આવ્યો હતો. તેના પછી એ લોકો આવ્યા. ડેનિસને બચાવવા માટે મેં તેમને ગાળો આપી. મેં તેને મદદ કરવા માટે એમ કર્યું હતું."

ડેનિસને ઍવરીના સંરક્ષણની શું જરૂર પડી તે વિચારતાં વિચારતાં, મેં તેને પોતાની વાત આગળ ધપાવવા કહ્યું.

"પછી તેમણે અમારો પીછો કર્યો. સ્કિપે મારી ટોપી લઈ લીધી, અને અમે ગમાણની બહાર દોડી ગયાં. હું, ડેનિયલ (7) અને જિમ બચીને ભાગી છૂટ્યાં."

ફરી એક વખત આખી વાત નવેસરથી લખતાં, મેં પૂછ્યું, "ડેનિયલ પણ ત્યાં હતો?"

"ડેનિસ, માઈકલ અને સ્કિપે અમારો પીછો કર્યો. મારી ટોપી ઉઠાવીને હું બચીને ભાગી ગયો, પણ પછી સ્કિપે મને પકડી પાડ્યો, અને મને પાછો ગમાણમાં લઈ આવ્યો, પણ અમે બધા ભાગી ગયા - ."

જે કંઈ બન્યું હતું તેની સમજણમાં હું કોઈ કડી ચૂકી રહ્યો છું એવું લાગતાં, મેં તેને અટકાવ્યો, "એક મિનિટ, જો તું ડેનિસને બચાવી રહ્યો હતો, તો તેણે શા માટે તારો પીછો પકડ્યો?"

મલકાતાં મલકાતાં ઍવરીએ કહ્યું, "મને ખબર નથી." અત્યાર સુધીમાં તે ઉત્તેજિત થઈને વર્ણન કરવામાં લીન થઈ ગયો હતો. તેની આંખો ચમકી રહી હતી. તેના માટે હવે રોકાવું શક્ય નહોતું.

"પછી અમે મુખ્ય મકાન તરફ દોડવાની કોશિશ કરી અને તેમણે જિમને રમતગમતનાં સાધનોના કબાટમાં પૂરી દીધો અને ડેનિયલ દોડી આવ્યો અને મને કહ્યું, એટલે હું જિમને છોડાવવા ગયો. મેં તેમને એવું માનવા દીધું કે હું તેમને તેને પૂરવામાં મદદ કરી રહ્યો છું, પણ હું ખરેખર એમ નહોતો કરી રહ્યો અને એ ભાગી ગયો અને હું અંદર રહી ગયો પણ પછી હું બહાર આવી ગયો -."

આ ક્ષણે શાંત અને ખુશહાલ દેખાતો જિમ ઑફિસમાં દાખલ થયો અને શારોનની બાજુમાં ઊભો રહ્યો. મને એ હમણાં જ કોઈ ભયાનક અનુભવમાંથી પસાર થયો હોય એવું સહેજ પણ ન લાગ્યું.

ઍવરી તો તેની વાતમાં ગુલતાન હતો. હું તેની તરફ ફર્યો અને પૂછ્યું, "તને મજા આવી હતી?" તેણે મુક્તપણે હસતાં હસતાં કહ્યું, "હા." મેં જિમને પૂછ્યું, "અને તને?" "હા. મારે કોઈ ફરિયાદ લખાવવી નથી."

ઍવરીએ વિરોધ નોંધાવ્યો, "પણ તેમણે આપણી પ્રવૃત્તિમાં ખલેલ પહોંચાડી હતી."

"કઈ પ્રવૃત્તિ?" મેં પૂછ્યું.

"જાદુનો ખેલ."

એ દિવસે કોઈ જાદુના ખેલ હોય તેવું મારી જાણમાં નહોતું. હું આખી વાતમાં વચ્ચે પડી રહ્યો છું એવું જાણવા છતાં, મેં નિર્દોષતાપૂર્વક પૂછ્યું, "કયો જાદુનો ખેલ?"

ઍવરીએ જવાબ આપ્યો, "શારોન અને સિન્ડી(7)નો."

ત્યાં સુધીમાં ખુશાખુશાલ ડેનિયલ પણ અમારી સાથે જોડાઈ ગયો હતો. અત્યાર સુધી મૂક રહીને સમગ્ર વાતનું નિરીક્ષણ કરતી શારોને પોતાનું નામ પડતાં સાબદાં થઈને કહ્યું, "અમે તેમને ખંડમાંથી કાઢી મૂકવાની કોશિશ કરી, પણ તેઓ ન ગયા." તેણે ઉત્તેજના સાથે ઉમેર્યું, "પછી અમે તેમને ધક્કો માર્યો." ઍવરીએ ટાપશી પુરાવી, "અને મેં તેમને ત્યાંથી કાઢવાની કોશિશ કરી." ડેનિયલ હસતો હતો. જિમ શાંત હતો.

જિમે પૂછ્યું, "શું હું આ ફરિયાદ ફાડી નાખી શકું?"

શારોને દાંત કાઢ્યાં. ડેનિયલ હસ્યો. મેં ઍવરીને પૂછ્યું, "જો ફરિયાદ રહેવા દઈશું તો શું થશે?"

તેણે શાળાની ન્યાય પ્રણાલીની અસરકારકતામાં પૂરો વિશ્વાસ દર્શાવતાં કહ્યું, "તેઓ એમ કરવાનું બંધ કરી દેશે."

"તું ઇચ્છે છે કે તેઓ એમ કરવાનું બંધ કરી દે?" મેં પૂછ્યું.

"ના," તેણે ખડખડાટ હાસ્ય સાથે જવાબ આપ્યો.

જિમે ફરિયાદ ફાડી નાખી. તેને ઊંડો સંતોષ થયો. પછી ઍવરી જવા માટે પગલાં ભરતો હોય તેમ મારી તરફ ફર્યો, ફાટફાટ થતાં હાસ્ય સાથે મને પૂછ્યું, "જ્યારે તમે નાના હતા, ત્યારે તમે આવાં તોફાનો કર્યાં હતાં?"

શાળાની ન્યાય પ્રણાલી સ્થાપિત થઈ ત્યારથી અત્યાર સુધીમાં, શાળા-સભાએ માત્ર એક વિદ્યાર્થીને તેની ખરાબ વર્તણૂક બદલ નિષ્કાસન આપ્યું છે. આ પ્રણાલીની સફળતા અંગે બીજા કોઈ આંકડા આથી વધુ બોલકાં થઈને નહીં કહી શકે. હકીકત એ છે કે, સડબરી વૅલીમાં દરેક જણને ન્યાયનો અધિકાર મળે છે. અહીં કોઈ અધિકારીઓથી ડરતું નથી, કોઈને વયસ્કો, અથવા શિક્ષકો, કે બીજા કોઈનો પણ ડર નથી. શાળા સમુદાયના સમોવડિયા સદસ્યો તરીકે, લોકો અહીં

એકબીજાની આંખોમાં આંખો નાખીને વાત કરે છે. દરેક જણને એવો વિશ્વાસ અને ખાતરી છે કે અહીં આઝાદી ન્યાય વ્યવસ્થા દ્વારા સંરક્ષિત છે, એવી ન્યાય વ્યવસ્થા જે વય, જાતિ અને મોભા તરફ આંધળી છે. શાળા સાથે સંકળાયેલા હોવા બદલ અન્ય કોઈ બાબતે મને આટલું બધું ગૌરવ અનુભવાતું નથી.

૩૬

સમગ્ર બાબતનું હાર્દ

જેટલું કહેવાનું હતું તે તમામ કહેવાઈ ગયા પછી, તમામ શબ્દો વંચાઈ ગયા પછી અને તમામ ચિત્રોનો અભ્યાસ થઈ ગયા પછી પણ, એક પ્રશ્ન હજી પણ ઊભો રહે છે: સડબરી વેલી ખરેખર કેવી છે? ત્યાં કેવું અનુભવાય છે? ત્યાં ખરેખર શું થાય છે?

સૌથી સામાન્ય અવલોકનકારને પણ પહેલી જ નજરે ઘણી બધી વસ્તુઓ દેખાય છે. અહીં જ્યાં જુઓ ત્યાં બાળકો જ બાળકો છે. આ એ "કાયમી રિસેસ"વાળી છાપ છે, જે અમને ઘણી વખત સાંભળવા મળે છે. અહીં બાળકો મુક્ત, પ્રવૃત્તિમય, ઘોંઘાટિયાં, ખુશમિજાજી અને પ્રફુલ્લિત જણાય છે.

અહીંનું વાતાવરણ, આ શાળાની જગ્યા આ છાપોને વધુ સુદૃઢ બનાવે છે. આ શાળા એક જૂની જાગીરનાં મેદાનોમાં આવેલી છે, આંતરવિગ્રહ પૂરો થયો તે ગાળામાં બંધાયેલી છે. ઇમારતનો મોટો

ભાગ હજી પણ એ જ જૂનું બાંધકામ ધરાવે છે. તેની દીવાલો ગ્રેનાઈટની છે, જેને સાલેમ ઍન્ડ રોડ પરની સ્થાનિક ફ્રામિંગહામ ખાણમાંથી લાવવામાં આવ્યો હતો, હવે આ ખાણ લાંબા સમયથી બંધ થઈ ચૂકી છે. આ વિસ્તારોમાં ગ્રેનાઈટની ઈમારતો ભાગ્યે જ જોવા મળે છે, અને તે અસામાન્ય મજબૂતાઈની અસર ઊભી કરે છે – એવી અસર જે શાળાના આત્મામાં ઊંડે સુધી પહોંચે છે.

અહીંના ઘાસ, વૃક્ષો, ઝાડીઝાંખરાં, જંગલી ફૂલો, તળાવ, ચક્કી બંધ, ગમાણ અને તબેલાઓ – આ બધું જ ગ્રામીણ સૌંદર્યનું ચિત્ર ઊભું કરે છે. આમ તો, ફ્રામિંગહામ એક ધાંધલધમાલભર્યું નગર છે, મોટા મોટા ઉદ્યોગો, વાણિજ્ય, વિશાળ શૉપિંગ મૉલો, રહેવાસી કૉલોનીઓ, ધોરી માર્ગો અને જકાતનાકા – આ તમામ શહેરી અને અને અર્ધશહેરી જીવન સાથે સંકળાયેલી બાબતો છે. આ વાસ્તવિકતા શાળા પર ઘુમરાયા કરે છે, તેને વીંટળાયેલી રહે છે; પણ આ શાળા નગરના એ ખૂણામાં આવેલી છે, જેને નૈસર્ગિક સૌંદર્ય માણવા માટે કાળજીપૂર્વક સંરક્ષિત રાખવામાં આવ્યો છે. શાળાની અડોઅડ એક સ્ટેટ પાર્ક આવેલો છે, અને તેવી જ રીતે નજીકમાં ચિરકાળ માટે સંરક્ષિત એવી ભૂમિનો એક વિશાળ ભાગ આવેલો છે; આ બધું શાળાના સ્વાભાવિક કુદરતી સૌંદર્યમાં વધારો કરે છે.

અલબત્ત, અમે કોઈ ઈંગ્લિશ રાજભવન અથવા ન્યૂપોર્ટ હવેલીમાં નથી. ઉમરાવ વર્ગની ભવ્યતાને કાયમ રાખવા માટે કાળજીપૂર્વક સાચવવામાં આવ્યું હોય તેવું કોઈ ભભકાદાર સંપત્તિનું વાતાવરણ અહીં નથી. મેસ્સાચ્યુસેટ્સનો પ્રખ્યાત નાવિક, નૅથેનિયલ બૉવડિચ, જેનાં કોષ્ટકો અને માર્ગદર્શિકાઓ હજી પણ નાવિકોની દંતકથાઓનો હિસ્સો છે, તે એક અદનો માણસ હતો. તેની આ જાગીર વવાતું-લણાતું ખેતર હતી, કોઈ સમૃદ્ધજનના એકાંતવાસનું સ્થળ નહોતી. આ જગ્યા સારી રીતે વયોવૃદ્ધ થઈ છે, પણ તે એક સામાન્ય કામદારની જેમ વૃદ્ધત્વ પામી છે, કોઈ રાજકુમારની જેમ નહીં. સામાન્ય વપરાશને કારણે થયેલા ઘસારાનાં ચિહ્નો તેમાં અનિવાર્યપણે જોવા મળે છે: દીવાલો અને છતમાં તિરાડો, ટઢતડકાથી ગ્રસ્ત સ્લેટ્સ – એવી વસ્તુઓ જેને સારી જાળવણીથી પણ સાચવી શકાતી નથી, જેમ વૃદ્ધની કરચલીવાળી ચામડીને કોઈ ક્રીમ અને મલમથી જાળવી શકાતી નથી. આ મકાન ગરિમાપૂર્વક વૃદ્ધ થયું છે, પણ વૃદ્ધ તો થયું જ છે, અને ચારેતરફ વપરાશનું, લોકો વાસ્તવિક દુનિયામાં જીવતા હોય તેવા ઉપયોગનું વાતાવરણ પ્રસરેલું છે.

વળી આ અસરને અહીંનું રાચરચીલું વધુ ઘેરી બનાવે છે, અહીંનું તમામ ફર્નિચર તદ્દન મૂળભૂત જરૂરિયાતનું અને ઘર-જેવું છેઃ ટેબલો, ખુરશીઓ, સોફા, આરામખુરશી – એવી તમામ વસ્તુઓ જે ઘરમાં હોય તેવું ધારવામાં આવે છે. અને એ બધું જ વપરાશમાં આવેલું છે, સારી રીતે વપરાયેલું છે, અમે તેને કાં તો ખરીદીને લાવ્યા છીએ અથવા અમને કોઈકે આપ્યું છે. એટલે અહીં પણ ફરી માનવીય ઉપયોગની નિશાનીઓ જોવા મળે છે. આ તમામના પરિણામે, શાળામાં અમે જેટલા લોકો પોતાનો સમય વીતાવીએ છીએ તેમનામાં આ બાહ્ય ચીજવસ્તુ અને વાતાવરણ બે તદ્દન ભિન્ન અને પરસ્પર પૂરક એવી લાગણીઓ જન્માવે છેઃ સહજતા, કારણ કે અમે અમારી આસપાસની ચીજવસ્તુઓને વાપરવા બાબતે સહજ છીએ, જેને રોજિંદી માનવસર્જિત વસ્તુઓ તરીકે વાપરવામાં આવે છે, કારણ કે એ એના માટે જ છે; અને કાળજી, કારણ કે અમે કેટલું ધ્યાન રાખીને તેમનો ઉપયોગ કરીએ છીએ તેની પર જ અમને કેટલો સમય તે વાપરવા મળશે તેનો આધાર રહેલો છે તે અમે જોઈ શકીએ છીએ.

સહજતા અને કાળજી, સડબરી વૅલીના હૉલમાર્ક છે. અહીં લોકો રાહતમાં હોય છે, ખિન્ન અથવા તણાવગ્રસ્ત અથવા ચિંતાગ્રસ્ત નહીં. ભમરો સહજ સ્થિતિમાં હોય છે, તણાયેલી હોતી નથી. આંખો નિરભ્ર હોય છે, કશાકથી ઘેરાયેલી નહીં. લોકો ભાગ્યે જ આંખો મેળવવાનું ટાળે છે. અને દરેકેદરેક જણ કાળજી રાખે છે. તેઓ અન્યો માટે કાળજી અનુભવે છે – પોતાના મિત્રો પ્રત્યે, તેમના સાથી વિદ્યાર્થીઓ, સ્ટાફ, વાલીઓ, મુલાકાતીઓ પ્રત્યે. કોને જરૂર છે તેની ચિંતા કર્યા વિના, ચપટીમાં દરેકજણ મદદ માટે હાજર થઈ જાય છે. તેઓ શાળા માટે, તેને જીવતી અને ચાલુ

સ્થિતિમાં રાખવા બાબતે, તેને તેમની જરૂરિયાતો પૂરી કરવામાં મદદરૂપ થવા બાબતે કાળજી અનુભવે છે.

શાળામાં આવતી કોઈ પણ વ્યક્તિને આ લાગણીઓ સ્પર્શ્યા વિના રહેતી નથી. તે ચારેબાજુ ફેલાયેલી છે, તમને તે તરત જ ઊડીને આંખે વળગે છે.

દરેક બાબતમાં, સ્થગિત સમયની માનસિક સ્થિતિનો ભાવ તરવરે છે. અહીં લોકો ઉતાવળ કરતાં દેખાય છે, પણ તે ઉત્કટતાપૂર્વક કશાકમાં પરોવાયેલા હોવાને કારણે, ઝડપ કરવાની લાયમાં નહીં. અહીં થોડીક ઘડિયાળો છે, પણ પસાર થતા સમયની યાદ અપાવવા માટે નહીં.

લોકો વહેલા અથવા મોડા, આવી અને જઈ શકે છે. આસપાસ કોઈ ન હોય તેવા સમયે આવવા માગતા હોય તો તેમને શાળાની ચાવી મળી જાય છે, આ જગ્યા તેમના માટે જે ખજાનો બની ચૂકી છે તે ખજાનાની ચાવી. દરેક ચાવી ભરોસાનો જે ભાવ દર્શાવે છે તેના વિશે વિચારવાની કોઈને ફુરસદ નથી.

અહીં ચારેબાજુ, દરેક જગ્યાએ ભરોસો પણ છે, અને તેને ચારેબાજુ જોઈ શકાય છે. અંગત માલસામાન ખુલ્લો પડ્યો હોય છે, દરવાજા પર તાળાં નથી હોતાં, સાધનો-ઉપકરણો સંરક્ષણરહિત અને તમામ માટે ઉપલબ્ધ હોય છે. કેવી ગાંડીઘેલી છે આ જગ્યા, અમારી સડબરી વૅલી! ખુલ્લો પ્રવેશ – દરેક જણ આવી શકે છે. અને શાળાનો ઉંબરો ઓળંગી, અંદર આવતાં તેની હૂંફ અને ભરોસાનો તત્કાળ હિસ્સો બની શકે છે.

આ શાળા એક રહેવાસી શાળા કે નજીકનો સંબંધ ધરાવતા જૂથનો ભાગ ન હોવા છતાં, અનેક રીતે, તે એક કમ્યૂનિટી છે. તેના સદસ્યો દૂર દૂરથી આવે છે – એકબીજા માટે અજાણ્યા તરીકે. તેઓ મિત્રો તરીકે રહે છે. ધીમે ધીમે, તેમના પોતાના સમય અનુસાર, અમારા તરફથી કોઈ પણ ઘોંચપરોણા અથવા તો પ્રોત્સાહન વિના, વાલીઓ એકબીજાને જાણતાં થાય છે અને મિત્રતાઓ બંધાય છે. બાળકો શાળાના સમય પછી પણ એકબીજાનો સાથ ઝંખે છે, તેમની વચ્ચે એવો નાતો બંધાય છે જે તેમનામાંના ઘણા માટે જીવનભરનો રહે છે.

આ શાળા ઘણુંખરું એક ગામ જેવી છે – ભૂત અને ભવિષ્યના ગામ જેવી. મુક્તપણે સંબંધોની ગાંઠો બંધાય છે, દરેક જણ ગતિવાન છે, પણ મૂળિયાં ઊંડાં છે, જે આપણે જીવીએ ત્યાં સુધી આપણને પોષે છે. પાંચ-દસ-પંદર વર્ષ પછી સ્નાતકો પાછા આવે છે, હંમેશાં ઘર જેવું જ અનુભવે

છે, હંમેશાં હૂંફાળો આવકાર પામે છે. તેઓ અમારો હિસ્સો બની રહેવા ઝંખે છે, અને અમે તેમની પાસે એ જ ઇચ્છીએ છીએ. એમાં કશું જ કઢંગુ કે વિચિત્ર નથી.

શાળાના રહેવાસીઓની સહિયારી ચેતનામાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય એકસાથે ભળી જાય છે. બાળકો બહુ જૂનાં પરાક્રમોની વાતો સાંભળે છે, અને પછી એક દિવસ એ પરાક્રમો કરનારો નાયક મુલાકાતે આવે છે અને સીધો તેમના હૃદયમાં ઊતરી જાય છે. "તમે ફલાણા ફલાણા છો, જેના વિશે માર્ગે અમને આટલી બધી વાતો કહી હતી તે?" તેઓ સાથે બેસે છે, જૂની સ્મૃતિઓ સાટે વર્તમાનની વાર્તાઓ મેળવે છે, પછી છૂટા પડે છે, તેમના કુદરતી પ્રવાહમાં મુક્તપણે આગળ વધે છે.

છતાં, આ શાળાનો હિસ્સો બનવા માટે વ્યક્તિએ પોતાના સત્ત્વનું કશું જ બદલવું જરૂરી નથી. કોઈ વફાદારી માગવામાં આવતી નથી, કશું અનુસરવાનું કહેવામાં આવતું નથી, સાર્વજનિક જરૂરિયાતો માટે અંગત સ્વપ્નોનું સમર્પણ માગવામાં આવતું નથી. મુક્ત-આઝાદ લોકો, જ્યારે એકબીજા સાથે સ્વેચ્છાએ સંકળાય, અને તેમને પોતાના સાથીઓના સમર્થન અને આદર સાથે પોતાનાં અંગત ધ્યેય પ્રાપ્ત કરવાની તક મળે, તો તેઓ બીજા કોઈ પણ મનુષ્યે અત્યાર સુધીમાં જાણી હોય તેટલી મજબૂત વફાદારી અને મિત્રતાનો નાતો રચે છે – સડબરી વૅલી તેની જીવંત સાબિતી છે. વ્યંજન-વિધિ એકદમ સાદી છેઃ એક ભાગ આઝાદી, એક ભાગ ગરિમા, એક ભાગ જવાબદારી, એક ભાગ સમર્થન/મદદ, સાથે મેળવો અને તૈયાર થાય ત્યાં સુધી ઠરવા દો. કોઈ પણ રસોઇયો આની નકલ કરી શકે છે અને એટલી જ સફળતા મેળવી શકે છે.

હવે તમે આ શાળાને વધુ સારી રીતે અનુભવી શકો છો?

પશ્ચાત્‌કથન

પુડિંગની સાબિતી

દરેક જણ માટે, છેવટે સડબરી વૅલી છોડીને જવાનો અને આપબળે દુનિયામાં પગ મૂકવાનો સમય આવે છે. તેમના જીવનમાં આગળ જે કંઈ પણ બને છે તે તેમનાં શાળાનાં વર્ષોની અસરકારકતા તરફ ઇશારો કરે છે.

ઘણા વિદ્યાર્થીઓ તેઓ છેવટે જ્યારે વિદાય થાય ત્યારે પોતાના હાથમાં હાઈસ્કૂલ ડિપ્લોમા ઇચ્છતા હતા. ડિપ્લોમા કેવી રીતે આપવો તે અંગે નિર્ણય કરતાં અમને શાળા ખોલ્યા પછી લગભગ એકાદ વર્ષથી વધુ સમય લાગ્યો.

સામાન્ય માપદંડોના આધારે અમે ડિપ્લોમા આપી શકીએ તેમ નહોતા, જેમ કેઃ ગ્રેડ, અભ્યાસક્રમો, અભ્યાસક્રમ પૂરો કર્યાનંર પ્રમાણપત્ર, પાઠ્યક્રમ માટે ગાળેલાં સફળ વર્ષો. અહીં આ પ્રકારની "સિદ્ધિઓ" માગવામાં આવતી નથી; આના કોઈ ચોક્કસ જૂથનું શાળા કે વિદ્યાર્થીઓ, બેમાંથી કોઈને મન કોઈ ખાસ મૂલ્ય નથી.

ડિપ્લોમાનો વિચાર જ અમને અમારા આદર્શોથી વિરુદ્ધનો લાગતો હતો. ડિપ્લોમા એટલે શાળા તરફથી અપાયેલું અધિકૃત પ્રમાણીકરણઃ શું તે કોઈક પ્રકારનું મૂલ્યાંકન જ ન થયું? – અમે જે ટાળવા ઇચ્છતા હતા તે જ બાબત ન થઈ?

છેવટે એક સંતોષકારક ઉકેલ અમને મળ્યો. કેન્દ્રીય વિચાર બહુ સાદો હતોઃ વિશ્વને એવા વિદ્યાર્થીઓ આપવા જે એક મુક્ત સમાજમાં જીવનના પડકારો જવાબદારીપૂર્વક ઉઠાવી શકવા સમર્થ હોય, તે અમારું મુખ્ય ધ્યેય છે. ડિપ્લોમા આપવા માટે, અમે આ ધ્યેયને સંસ્થાગત રૂપ આપ્યું.

સ્નાતક પદવીનું ઔપચારિક પ્રમાણપત્ર ઝંખતા વિદ્યાર્થીઓએ શાળા-સમુદાય સમક્ષ આગળ આવીને તેઓ વિશાળ સમુદાયમાં એક જવાબદાર નાગરિક બનવા તૈયાર છે એ વિચારને પુરવાર કરવાનો રહેતો. તેમણે પોતાના સાથીઓ અને સહાધ્યાયીઓ સમક્ષ એવી રજૂઆત કરવાની રહેતી જે તેમને સમજણપૂર્વકની અને ખાતરી આપતી લાગે. આવું તેઓ કેવી રીતે કરે છે તે તેમના પર નિર્ભર છે; તેઓ પોતાના વિચારોને ગોઠવવા માટે જોઈએ તે પ્રકારની મદદ માગી શકે છે.

એક વખત તેઓ પોતાની રજૂઆત પૂરી કરી લે, પછી તેમને સાંભળવા એકઠા થયેલા સભાજનો તેમને પડકારી શકે છે. આ ચર્ચાઓ જુસ્સાભરી બની શકે છે. જ્યારે આ સત્ર પૂરું થાય ત્યારે, જો વિદ્યાર્થીઓ હજી પણ તેની રજૂઆતને માન્ય ગણતા હોય, તો તેઓ ડિપ્લોમા માટે અરજી કરી શકે છે.

આ માટે શાળાએ સ્વીકૃતિનો મત આપવાનો હોય છે. શું આ કોઈક પ્રકારનું મૂલ્યાંકન છે? ખરેખર છે જ. તે એવું મૂલ્યાંકન છે જેની માગણી વિદ્યાર્થીએ જાતે સ્પષ્ટપણે કરી છે, અને તે એવી બાબત છે જેની સાથે કામ પાર પાડવા અમે તૈયાર છીએ.

ડિપ્લોમાની પ્રક્રિયા કઠિન છે. શરૂઆતના થોડા પ્રયત્નો નિહાળ્યા પછી, સ્ટાફના ઘણા સદસ્યોએ એકબીજાને કહ્યું હતું, "એમાંથી પસાર થવું મારા માટે ફરજિયાત નથી, તેનો મને આનંદ છે." કેટલાક વિદ્યાર્થીઓએ સોળ વર્ષ જેટલી નાની વયે આ પડકાર ઉઠાવ્યો હતો, પણ મોટા ભાગે સત્તર અને અઢાર વર્ષના વિદ્યાર્થીઓ તે માટે પ્રયાસ કરે છે. આટલાં બધાં વર્ષોમાં, ફક્ત એક જણે સૌને છેતરીને રસ્તો કરી લેવાની કોશિશ કરી હતી. શાળાએ તે ન થવા દીધું અને તેણે ડિપ્લોમા વગર જવું પડ્યું. દસ વર્ષ પછી, એ વખતે તેની પોતાની જાતને મૂર્ખ બનાવવાની કોશિશમાં સફળ ન થવા દેવા બદલ તેણે અમારો આભાર માન્યો.

અનેક વિદ્યાર્થીઓ ડિપ્લોમા લીધા વગર દુનિયામાં પ્રવેશે છે. અમારા માટે, તેનાથી ભાગ્યે જ કંઈ ફેર પડે છે. મહત્ત્વના એ આંતરિક સ્રોતો છે જે તેમણે શાળામાં તેમણે વીતાવેલા સમય દરમ્યાન પોતાની જાતને અર્થપૂર્ણ જીવન માટે તૈયાર કરવા અંકે કર્યા હોય.

અલબત્ત, અત્યાર સુધીમાં હવે શાળા પાસે પોતાના પૂર્વ વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિઓની વિગતો છે.

ઘણા કૉલેજનો અભ્યાસ કરવા માટે અને અન્ય કેટલાક વધુ ઉચ્ચ તાલીમ મેળવવા માટે ગયા હતા. કૉલેજમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા અમારા એક પણ વિદ્યાર્થી ક્યારેય અસફળ રહ્યા નથી; મોટા ભાગનાએ પોતાની પ્રથમ પસંદગીની કૉલેજમાં પ્રવેશ મેળવ્યો છે. અમે ધાર્યું હતું એ પ્રમાણે, જ્યાં સુધી કૉલેજના પ્રવેશ અધિકારીઓને લાગે વળગે છે ત્યાં સુધી, તેમણે આ વિદ્યાર્થીઓના અ-રૂઢિગત શાળાજીવનને ત્રાસદાયક ગણવાને બદલે કીમતી ગણ્યું હતું. વિદ્યાર્થીઓ પાસે ડિપ્લોમા હોય કે ન હોય, બંને પરિસ્થિતિમાં આ સાચું ઠર્યું છે.

અન્ય કેટલાક વિદ્યાર્થીઓએ શાળા પછી સીધું ધંધામાં ઝુકાવ્યું હતું. તેમણે તમામ પ્રકારનાં કામોમાં સિદ્ધિ મેળવી છે, થોડાંક કામો ગણાવીએ તોઃ વહીવટદારો, ઓટોમિકેનિકો, સંગીતકારો, કારીગરો, વેચાણ કરનારા, ટેક્નિશનો, ડિઝાઇનરો. જે વિદ્યાર્થીઓએ વધુ શાળા-શિક્ષણ મેળવ્યું, તેમણે પણ અત્યંત વિવિધ પ્રકારના વ્યવસાયો અપનાવ્યા. આમાંથી કશું જ અમને ચકિત કરતું નથી.

લૅન્ડસ્કેપિંગમાં નિપુણતા ધરાવતા અમારા કોઈ જૂના સ્નાતકને કામ કરવા માટે અમારા ઘરે અથવા શાળામાં આવવાનું કહેતાં; અથવા અમારો એક સ્નાતક, જે કિરોપ્રૅક્ટર (કરોડની કસરતથી ઉપચાર કરનાર) છે, તેની પાસેથી સારવાર માટે સમય મેળવતાં અત્યંત સંતોષ થાય છે. કદાચ આજના દિવસોમાં તો અમારામાંથી કોઈકને અંતિમવિધિ તજજ્ઞની સેવાની જરૂર સુદ્ધાં પડી શકે તેમ છે.

જૂના વિદ્યાર્થીઓ જીવનમાં આગળ વધતાં જાય ત્યારે પણ તેમનામાં એકંદરે અહંકારનો અભાવ એ શાળાએ આપેલા વારસાની એક લાક્ષણિક બાજુ છે. પ્રવૃત્તિઓને ચઢતી કે ઊતરતીના દરજ્જામાં ન જોવાય, તેવી કોઈ છાપ ન પડે, તેની શાળાએ હંમેશાં કાળજી રાખી છે. અહીં કોઈ "ચીલા" નથી, કોઈ કહેતું નથી કે કૉલેજની તૈયારી એ સર્વશ્રેષ્ઠ છે, ધંધાની તાલીમ એ એક પાયરી નીચું છે, કે વ્યાવસાયિક તાલીમ માત્ર મૂરખાઓ માટે છે. શાળાની દરેકેદરેક બાબત

અમારી માન્યતાને અભિવ્યક્ત કરે છે કે કોઈ પણ રસરુચિ મહેનત કરવાયોગ્ય છે, જો તેને સ્વેચ્છાએ, દબાણ વિના અને સાચી આંતરિક ઇચ્છાથી દોરવાઈને પસંદ કરવામાં આવી હોય. અમે માત્ર ઉપરછલ્લી રસરુચિ અને ઊંડી રસરુચિ વચ્ચે ભેદ પાડીએ છીએ, "સારી" અને "ખરાબ" વચ્ચે નહીં.

આના પરિણામે, શાળામાં દરેકજણ સુમેળપૂર્વક રહે છે ભલે પછી તે ગમે તે કેમ ન કરતા હોય. આ અભિગમ અમારા વિદ્યાર્થીઓમાં જીવનભર રહે છે. તેમને અન્યો સાથે સાહજિક બનાવે છે, ભલે તેમણે ગમે તે માર્ગ પસંદ કેમ ન કર્યો હોય.

અમારા પૂર્વ વિદ્યાર્થીઓ ઉપર અભ્યાસો કરવામાં આવ્યા છે, અને જેમ જેમ વર્ષો પસાર થશે, તેમ હજી પણ વધુ અભ્યાસ હાથ ધરાશે. તેમાં દર્શાવ્યા પ્રમાણે, અમારા પૂર્વ વિદ્યાર્થીઓ એકંદરે સ્વતંત્ર, 'સ્વ'નું ભાન ધરાવતા અખંડિત લોકો છે, જે તેમને જીવનમાં હેતુ આપે છે.

તેમને સૌને એકસાથે પરોવી રાખતો તાર એ પ્રતીતિ છે કે તેમનાં વિકાસનાં વર્ષો તેમની પાસેથી છીનવી લેવામાં આવ્યાં નહોતાં. સડબરી વૅલીમાં તેમણે પોતાના બાળપણને ઇચ્છયું ત્યાં સુધી જીવંત રાખ્યું, અને તેનાથી અદ્દભુત ભાત વણી, જે માત્ર બાળકો જ સર્જી શકે છે. અમે તેમને આપેલી સૌથી મોટી ભેટ તેઓ જેવાં હતાં, તેવાં તેમને રહેવા દેવામાં આવ્યાં તે હતી. જે ખરેખર તેમનું પોતાનું છે તે એમની પાસેથી ઝૂંટવી ન લઈને, અમે તે દરેકને "મદદગાર" લોકોનું આખું સૈન્ય કરી શકે તે કરતાં ઘણી વધુ મદદ કરી હતી.

પોતાનું બાળપણ અમારી સાથે ગાળનાર આજના યુવાનોને અપાયેલો, અમારો આ વારસો છે.

નોંધ:

સંબંધિત વ્યક્તિઓની અંગતતા જાળવવા માટે, આ પુસ્તકમાં ઉલ્લેખિત સડબરી વૅલીના તમામ વિદ્યાર્થીઓનાં નામ બદલવામાં આવ્યાં છે.



સમરહિલ



મૂળ લેખક: એ.એસ.નીલ
પૃષ્ઠ: ૩૮૪, કિંમત: રૂ.૩૨૫

શું તમે આવી શાળાની કલ્પના કરી શકો છો?

- જેમાં બાળકોને વર્ગોમાં જવું ફરજીયાત ન હોય
- જ્યાં બાળકો જે કરવું હોય તે કરવા સ્વતંત્ર હોય
- જ્યાં બાળકો ઉપર કોઈ પણ પ્રકારની શિસ્ત થોપાતી ન હોય
- જ્યાં બાળકો જાતે જ નિયમો બનાવી તેનું પાલન કરતાં હોય
- જ્યાં નિયમો તોડનાર માટે દંડ પણ બાળકો જાતે જ નક્કી કરતાં હોય

માનો કે ન માનો- આવી શાળા વિશ્વમાં અસ્તિત્વ ધરાવે છે-અને તેનું નામ છે સમરહિલ. જેના સ્થાપક અને આ પુસ્તકના લેખક, એ. એસ. નીલને વિશ્વના સૌથી મોખરાના ૧૦ કેળવણીકારોમાંથી એક ગણવામાં આવે છે.

"વિશ્વનાં બધા ગુનાઓ, નફરત, બધા યુદ્ધોનાં મૂળમાં છેવટે નાખુશી છે. આ નાખુશી કેવી રીતે ઉદભવે છે, તે કેવી રીતે મનુષ્યોનું જીવન બરબાદ કરી નાખે છે, અને બાળકોનો ઉછેર કેવી રીતે કરવો જોઈએ, જેથી આ નાખુશી ઉદભવે જ નહિ- આ બાબતો દર્શાવવાનો આ પુસ્તકનો પ્રયત્ન છે." - એ. એસ. નીલ

જેઓ બાળકોને સાચો પ્રેમ અને સાચી કેળવણી આપવા ઈચ્છે છે તેવા સૌ શિક્ષકો, કેળવણીકારો અને વાલીઓને આ પુસ્તક જરૂર વિચારતા કરી મુકશે.

ઓએસિસ સેલ્ફ—લીડરશિપ એજ્યુકેશન ફૉર કૉમ્યૂનિટી ડેવલપમેન્ટ, વડોદરા

પ્રાપ્તિસ્થાન: "મૈત્રીઘર", ૨૦૧, શાલીન એપાર્ટમેન્ટ, ૫૨, હરિભક્તિ કોલોની,
રેસકોર્સ, વડોદરા - ૩૯૦ ૦૦૭.ટેલિફેક્સ નં. +૯૧-૨૬૫-૨૩૨૧૭૨૮.
Email: info@oasiswebsite.com, Website: www.oasiswebsite.com

ઓએસિસનાં પ્રકાશનો

નામ	લેખક	કિંમત
[illegible] સારેગમપધનિ	સંજીવ શાહ	૫૦૦.૦૦
[illegible] પ્રભાતનો કલરવ	સંજીવ શાહ	૨૦૦.૦૦
[illegible] પ્રેમ ને [illegible] આશીર્વાદ!	સંજીવ શાહ	૧૩૦.૦૦
[illegible] જિંદગી	સંજીવ શાહ	૧૬૪.૦૦
[illegible] એટલે શીખવું	સંજીવ શાહ	૩૦૦.૦૦
[illegible]	ડૉ. બર્ની એસ. સીગલ	૩૨૫.૦૦
[illegible] અને ચમત્કાર :	[illegible]	૬૦૦.૦૦
[illegible] આઝાદ!	સંજીવ શાહ	૨૦૦.૦૦
[illegible]	સંજીવ શાહ	૬૦.૦૦
[illegible]	સંજીવ શાહ	૭૦.૦૦
[illegible]	સંજીવ શાહ	૧૫૦.૦૦
[illegible]	સંજીવ શાહ	૧૨૦.૦૦
[illegible] જિંદગી!	સંજીવ શાહ	૫૦.૦૦
[illegible]	संजीव शाह	५०.००
What Then Must We Do?	*Leo Tolstoy*	*70.00*
[illegible] ગમવા લાગ્યો!	સંજીવ શાહ	૨૦.૦૦
[illegible] ગમવા લાગ્યા!	સંજીવ શાહ	૨૦.૦૦
[illegible] ભેટ - ૧	સંજીવ શાહ	૧૫.૦૦
[illegible] ભેટ - ૨	સંજીવ શાહ	૨૦.૦૦
[illegible] ભેટ	સંજીવ શાહ	૩૬.૦૦
[illegible] ભેટ	સંજીવ શાહ	૨૦.૦૦
[illegible] ભેટ	સંજીવ શાહ	૩૬.૦૦
[illegible] ભેટ	સંજીવ શાહ	૧૦.૦૦
[illegible] ભેટ	સંજીવ શાહ	૧૦.૦૦
[illegible] ભેટ	સંજીવ શાહ	૨૦.૦૦
[illegible] ભેટ	સંજીવ શાહ	૧૭.૦૦
[illegible] ભેટ	સંજીવ શાહ	૨૦.૦૦
[illegible] ભેટ	સંજીવ શાહ	૨૫.૦૦
[illegible] ભેટ	સંજીવ શાહ	૧૦.૦૦
[illegible] ભેટ	સંજીવ શાહ	૧૫.૦૦
[illegible] ભેટ	સંજીવ શાહ	૧૪૦.૦૦
[illegible] ભેટ	સંજીવ શાહ	૩૦.૦૦

નામ	લેખક	કિંમત
૩૩. પ્રૌઢાવસ્થાની ભેટ	સંજીવ શાહ	૨૫.૦૦
૩૪. જિંદગી	સંજીવ શાહ	૧૫૦.૦૦
૩૫. *The Gift of Life*	*Sanjiv Shah*	*25.00*
૩૬. *The Gift of Family*	*Sanjiv Shah*	*20.00*
૩૭. *The Gift of Prosperity*	*Sanjiv Shah*	*12.00*
૩૮. *The Gift of Success*	*Sanjiv Shah*	*12.00*
૩૯. *The Gift of Leadership*	*Sanjiv Shah*	*45.00*
૪૦. *The Gift of Peace Pilgrim*		*15.00*
૪૧. વારિસ- રણમાં ખીલેલું પુષ્પ	અનુ. શમા કટારિયા	૧૮.૦૦
૪૨. દાદીમા *MBBS!*	સં. પલ્લવી રાઉલજી	૨૦.૦૦
૪૩. વેદના / ગુસ્સો / ડિપ્રેશન / અપરાધભાવ એટલે...	સંજીવ શાહ	૧૨.૦૦
૪૪. સુખ / દુઃખ / ઈર્ષ્યા / લોભ એટલે...	સંજીવ શાહ	૨૪.૦૦
૪૫. વિચારવું એટલે...	સંજીવ શાહ	૧૦.૦૦
૪૬. સિદ્ધાન્તો એટલે...	સંજીવ શાહ	૧૦.૦૦
૪૭. સમસ્યા એટલે...	સંજીવ શાહ	૧૦.૦૦
૪૮. શીખવું એટલે...	સંજીવ શાહ	૧૦.૦૦
૪૯. ધ્યેય એટલે...	સંજીવ શાહ	૬.૦૦
૫૦. આત્મવિશ્વાસ એટલે...	સંજીવ શાહ	૬.૦૦
૫૧. ચારિત્ર્ય એટલે...	સંજીવ શાહ	૬.૦૦
૫૨. પરિપક્વતા એટલે...	સંજીવ શાહ	૬.૦૦
૫૩. જીવન મુશ્કેલ છે	સંજીવ શાહ	૮.૦૦
૫૪. મારું જીવન મારી જ જવાબદારી છે	સંજીવ શાહ	૮.૦૦
૫૫. જે દુભવે છે, તે શીખવે છે	સંજીવ શાહ	૮.૦૦
૫૬. પ્રેમ એ લાગણી નથી, કર્મ છે	સંજીવ શાહ	૮.૦૦
૫૭. મારી દૃષ્ટિ જ મારું ચારિત્ર્ય	સંજીવ શાહ	૬.૦૦
૫૮. સાચી સફળતા, સાચું જીવવામાં	સંજીવ શાહ	૬.૦૦
૫૯. વાવીએ તેવું લણીએ	સંજીવ શાહ	૬.૦૦
૬૦. મારી ભાષા જ મારું શીલ	સંજીવ શાહ	૬.૦૦
૬૧. હૃદયવલોણું: સ્વ-ઘડતર	સંજીવ શાહ	૧૨.૦૦
૬૨. હૃદયવલોણું: સંબંધ-ઘડતર	સંજીવ શાહ	૧૨.૦૦
૬૩. *An Oasis of Thoughts - Love /Life / Friendship / Character*		*48.00*
૬૪. શીખતાં શીખવતાં	સંજીવ શાહ	૬૪.૦૦

પ્રાપ્તિ સ્થાન:
ઓએસિસ
"મૈત્રીઘર", 201, શાલીન એપાર્ટમેન્ટ, 52, હરિભક્તિ કોલોની, રેસકોર્સ, વડોદરા - 390 007.
ટેલિ. નં.: +91-265-2321728 • e-mail: theoasisshop@yahoo.co.in